સરકારશ્રીના ધ્યાનમાં આવેલ છે કે કેટલાક જીલ્લાઓમાં જમીન મહેસુલ સંહિતાની કલમ ૭૩-અ ના નિયંત્રણવાળી જમીનો જ્યારે જમીન સંપાદન ધારા હેઠળ સંપાદિત થાય છે ત્યારે તેનું વળતર નવી શરતની જમીનોના ધોરણે ઓછું આકારાય છે. સરકારશ્રી આથી સ્પષ્ટતા કરે છે કે જમીન મહેસુલ સંહિતાની કલમ- ૭૩- અ ના નિયંત્રણ હેઠળની બધી જમીનો નવી શરતની જમીનો ગણવાની નથી. ~~કલમ-૭૩-~~અ ના નિયંત્રણ હેઠળની જમીનો પૈકી જે જમીનો તા. ૧-૩-૬૭ ના ઠરાવ અન્વયે કે અન્ય જમીન સુધારણા ધારાઓ નીચે જમીન ધારણકર્તાને '' નવી શરતે '' અપાઇ હોય તેને જ નવી શરતની ગણવાની છે અને જમીન સંપાદન ધારા હેઠળ સંપાદિત થતી આવી જમીનોનું જ નવી શરતના ધોરણે વળતર આકારવાનું રહે છે. પણ જે જમીનો ખાતેદારો અગાઉ જુની શરતે ધારણ કરતા હતા તે જમીન ફક્ત ૭૩-અ નું નિયંત્રણ લાગુ પડવાથી નવી શરતની બની જતી નથી. આવી જમીનો પર તેની તબદીલી પુરતું જ સરકારનું નિયંત્રણ છે. તબદીલીના વ્યવહારમાં સરકારનો પ્રીમીયમનો હક્ક રહેતો નથી. આથી આવી જમીનો સામાન્ય રીતે ઓળખાતી '' નવી શરતની જમીન '' નથી. સર્વે કલેક્ટરશ્રીઓને આથી સ્પષ્ટતા કરવાની કે આવી જમીનો જેને ફક્ત ૭૩-અ નું નિયંત્રણ લાગુ પડતું હોય તે જમીન સંપાદન ધારા હેઠળ સંપાદિત થાય ત્યારે તેનું વળતર જુની શરતની જમીનોના ધોરણે પુરેપુરું આકારવું અને ખાતેદારોને ચુકવવું.

(૨) સઘળા કલેક્ટરશ્રીઓને સરકારની આ સુચના સંબંધિત અધિકારીઓના લક્ષમાં લાવવા તથા વળતર ઓછું આકારાયું હોય તેવા

૨...

કિસ્સાઓ બન્યા હોય તો સરકારમાં વિગતે દરખાસ્ત કરવા વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

હ.વ. પટેલ,
સેકશન અધિકારી.
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર,

પ્રતિ,

મંત્રીશ્રી ( મહેસુલ) ના અંગત સચિવશ્રી,
સચિવશ્રીના અંગત સચિવશ્રી,
ખાસ સચિવશ્રી અને જમીન સુધારણા કમિશ્નરશ્રી,
મહેસુલ વિભાગ, ગાંધીનગર.
ખાસ સચિવશ્રી, મહેસુલ વિભાગ, બહુમાળી મકાન,
લાલદરવાજા, અમદાવાદ.
સેટલમેન્ટ કમિશનરશ્રી અને ડાયરેકટર ઓફ લેન્ડ રેકોર્ડ્સ,
ગુજરાત રાજ્ય,અમદાવાદ.
સંયુકત સચિવશ્રી ( તપાસણી ) મહેસુલ વિભાગ.
નાયબ સચિવશ્રી ( જનરલ ) મહેસુલ વિભાગ,
સઘળા કલેકટરશ્રીઓ,
સઘળા જમીન સંપાદન અધિકારીશ્રીઓ,
મહેસુલ વિભાગની એલ.એ. ડીવીઝનની શાખાઓ,
સીલેકટ ફાઇલ.

જમીન મહેસૂલ સંહિતાની કલમ ૭૩-અ

આદિવાસીઓની જમીનની તબદીલી પરના નિયંત્રણો-અમલીકરણ અને જમીનની તબદીલીની પૂર્વ મંજૂરી અંગે સૂચનાઓ.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
પરિપત્ર ક્રમાંક: અદજ-૧૦૭૭/એમઆર-૨૪૫-જ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૩-૧-૧૯૭૮.

પરિપત્ર :-

આદિવાસીઓએ ધારણ કરેલ જમીનો તેમના પાસેથી છીનવાઇ ન જાય તે આશયથી સરકારે જમીન મહેસૂલ સંહિતાની કલમ ૭૩-અ, ના સંદર્ભમાં સરકારી જાહેરનામા ક્રમાંક: એલએનડી-૩૯૬૧/૪૧૫૦૯-જ તા. ૪-૪-૬૧ થી આવી જમીનોની તબદીલી કલેકટરશ્રીની પૂર્વ મંજૂરી સિવાય ન કરી શકાય તેવું નિયંત્રણ મુકેલ છે. ૭૩-અ ની આ જોગવાઇના અમલીકરણમાં પડતી મુશ્કેલીઓ તથા અર્થઘટનના પ્રશ્નો અંગે સરકાર સમક્ષ વિવિધ રજૂઆતો થયેલ છે. આ રજૂઆત પરત્વે સરકારે વિચારણા કરેલ છે અને તેના સંદર્ભમાં નીચે પ્રમાણેની માર્ગદર્શક સૂચનાઓ આથી બહાર પાડવામાં આવે છે :-

આદિવાસી-આદિવાસી વચ્ચે જમીનની તબદીલીના કેસોમાં પૂર્વ મંજૂરી આપવા બાબત.

કલમ ૭૩-અ નો મુખ્ય ઉદ્દેશ આદિવાસીઓનું શોષણ બિનઆદિવાસીઓ ન થાય અને તેમની જમીનો ઓછી કિંમતે પડાવી લેવામાં ન આવે તે છે. આ સંદર્ભમાં આદિવાસી-આદિવાસી વચ્ચે જમીનની તબદીલીમાં મંજૂરી આપવા માટે વિવેકપૂર્ણ વલણ અખત્યાર કરવામાં આવે તે ઇચ્છનીય છે.

સરકારશ્રીએ આથી ઠરાવેલ છે કે નીચેના કોઇપણ એક સંજોગમાં આદિવાસી આદિવાસી વચ્ચેની જમીનની તબદીલીના કેસોમાં મંજૂરી આપવાનું ધોરણ રાખવું

:૧: જમીન વેચાણ રાખનાર આદિવાસી બજાર કિંમતે જમીન ખરીદતો હોવો જોઇએ

વેચાણનો હેતુ શુધ્ધ હોવો જોઇએ

:૩: દેવાના કારણે કે અન્ય કારણોસર વેચાણ લાચારીથી ન થતું

:૪: જમીન વેચનાર આદિવાસી જમીન વિહોણો બનતો હોવો ન જોઇએ અથવા તો આજીવિકાના અન્ય પૂરતાં સાધનો હોવા જોઇએ

:૫: આજીવિકાના વધુ સારા સાધન મળતાં આદિવાસી ગામ છોડી કાયમ વસવાટ માટે જતો હોય તે કારણસર.

:૬: ખાતેદાર આદિવાસી વૃધ્ધ અથવા અશક્ત હોવાને કારણે ખેતી કરી શકે તેમ ન હોય તેવા સંજોગોમાં.

જમીન વેચાણ રાખનાર બિન આદિવાસીએ નીચે જણાવેલ બન્ને શરતો પરિપૂર્ણ કરવાની રહેશે :-

:૧: જમીન વેચાણ રાખનાર પાસે ધારણક્ષમ ક્ષેત્ર કરતાં જમીન વધતી ન હોવી જોઇએ એટલે જીરાયત ૧૬ એકરથી વધુ

:૨: જમીન ખરીદનાર જાતે ખેતી માટે જમીન ખરીદતાં હોવા જોઇએ

આદિવાસી- આદિવાસી વચ્ચે જમીનની તબદીલીના પુર્વ મંજૂરીના કેસોમાં કલેકટરશ્રીએ

. દરેક કેસ ઉપર પ્રમાણે તપાસી મંજૂરી આપવા અંગે નિર્ણય લેવો. દરેક કેસના સંજોગો તપાસી જમીન વેચાણ રાખનાર આદિવાસીથી જમીન વેચનાર આદિવાસીનું કોઇ રીતે શોષણ થતું નથી તે અંગે સંતોષ થયે મંજૂરી આપવા નિર્ણય લેવો. આવી પરવાનગી આપતી વેળાએ પણ ખાસ લક્ષમાં લેવાનું થશે કે સધ્ધર આદિવાસી દ્વારા આવી તબદીલીથી નાના આદિવાસીનું શોષણ થતું નથી, અને વધતા નથી.

ઉપરોક્ત શરતોનું પાલન થતું ન હોય પણ કેસના ખાસ સંજોગો જોતાં મંજૂરી આપવાનું જરૂરી જણાતું હોય તેવા કેસોમાં કલેકટરશ્રીએ સરકારશ્રી સમક્ષ વિગતો સહિત રજૂઆત કરી હુકમો મેળવવાના રહેશે.

૩. આદિવાસી-બિન આદિવાસી વચ્ચે જમીનની તબદીલીના કેસમાં પૂર્વ મંજૂરી આપવા બાબત.

આવી જમીનની ખરીદી લોકોઉપયોગી કાર્ય માટે બિનખેતી તરીકે [illegible], હોય તો જ પરવાનગી અંગે વિચારણા કરવાની થાય અને જે કેસોમાં મંજૂરી આપવાનું યોગ્ય જણાતું હોય તેવા કેસોમાં કલેકટરશ્રીએ પુરી વિગત સહિત સરકારશ્રીમાં દરખાસ્ત કરી હુકમો મેળવવા. જ્યારે આપવાનું યોગ્ય જણાતું ન હોય તેવા કેસોમાં નામંજૂરીના હુકમો કલેકટરે તેમના અધિકારો હેઠળ કરવા.

૪. ૭૩-અ ના અમલીકરણના અર્થઘટનના કેસો

૭૩-અ હેઠળ આદિવાસીઓની જમીનની તબદીલી પર નિયંત્રણ મુકાયેલ છે. આવી તબદીલીમાં ક્યા પ્રકારના કેસોનો સમાવેશ થાય તે અંગે અર્થઘટનના પ્રશ્નો અમલીકરણ દરમ્યાન ઉભા થયેલ છે. કલેકટરશ્રીઓએ રજૂ કરેલ તથા તે અંગેની સરકારની સ્પષ્ટતા નીચે પ્રમાણે છે :-

| ક્રમાંક | કલેક્ટરશ્રીઓએ રજુ કરેલ મુદ્દાની વિગત. | સરકારની સ્પષ્ટતા. |
| --- | --- | --- |
| ૧ | વહેંચણીના કેસોને કલમ ૭૩-અ લાગુ પડે કે કેમ ? | કૌટુંબિક વહેંચણીથી થતી જમીનની તબદીલીના કિસ્સાઓનો ૭૩-અ હેઠળ સમાવેશ કરવો નહિ. |
| | આદિવાસીઓની કેટલીક જાતિઓમાં રિવાજ મુજબ છોકરીને ભરણપોષણ માટે જમીન મળે છે અને તેવા કિસ્સાઓમાં જમાઈના નામે જમીનની તબદીલી થાય છે. આવા કેસોમાં શી કાર્યવાહી કરવી ? | જે જાતિઓમાં આવા રિવાજ હોય તેવા કિસ્સાઓમાં તબદીલીની મંજુરી આપવી. |
| 3. | આદિવાસીઓમાં કુટુંબમાં મોટા ભાઈના નામે જમીન રહેતી હોઈ આવા કિસ્સાઓમાં ભાઈના નામે પાછળથી જમીનની તબદીલીની કાર્યવાહી થાય તેવા કિસ્સાઓમાં શી કાર્યવાહી કરવી. | આવા કિસ્સાઓમાં સગપણ અંગે ખાત્રી કરી જરૂરી મંજુરી આપવી. |
| ૪. | કેટલાક કિસ્સાઓમાં જમીનનો અદલો બદલો આદિવાસીઓ કરે છે. આવા કેસોમાં શી કાર્યવાહી કરવી ? | આવા કેસોમાં જમીનનો ખરેખર અદલો બદલો થયો છે અને છુપું વેચાણ નથી તેની સંપૂર્ણ ખાત્રી કરી મંજુરી આપવી અને આ અદલો બદલો એક જ કક્ષાના આદિવાસી વચ્ચે જ હોવો જોઈએ અને સરખી કિંમતની જમીન હોવી જોઈએ. સદ્ધર આદિવાસી અને નબળા આદિવાસી વચ્ચે અદલા બદલા ન કરવા જોઈએ. |
| | જાહેર સંસ્થાઓના નામે જમીનની તબદીલીના કેસોમાં શી કાર્યવાહી કરવી. | આવા કેસોમાં મંજુરી આપવા અંગે દરેક કેસ કલેક્ટરશ્રીએ ગુણવત્તા પર તપાસવો અને સરકારી પરિપત્ર ક્રમાંક: નસજ-૧૦૭૧/ઝ તારીખ ૧૬-૪-૭૧ના મુદ્દા ૨ અને ૩ અનુસાર અનુક્રમે મંજુરી આપવા સરકારમાં દરખાસ્ત કરવા કાર્યવાહી કરવી. |
| ૬ | જમીનની તબદીલી બિનખેતી ઉપયોગ અંગે થતી હોય તેવા કેસોમાં ૭૩-અ નું નિયંત્રણ લાગુ પડે કે કેમ ? | આવા કેસોમાં પણ ૭૩-અ નું નિયંત્રણ લાગુ પડે. રહેઠાણની મુશ્કેલી દૂર કરવા ઘર બાંધવા આદિવાસીઓની જમીનની તબદીલી અંદરો અંદર થતી હોય તેવા કિસ્સાઓમાં ઉદાર વલણ અપનાવવું. બાકીના કેસોમાં ગુણદોષ આધારે ચકાસણી કરવી. |
| ૭. | સ્થાપિત ગામતળમાં આદિવાસીની માલિકીના પ્લોટોની તબદીલીના કેસોમાં ૭૩-અ લાગુ પડે કે કેમ ? | આવા કેસોમાં ૭૩-અ લાગુ પડે. |

| | | |
|---|---|---|
| ૮. | ગણોતધારા અન્વયે તારીખ ૪-૪-૬૧ થી જે આદિવાસીઓની જમીનમાં ગણોતીયાના ગણોતહક્ક ઉભા થયા છે તેવા કેસોમાં ૭૩-અ હેઠળ કાર્યવાહી કરવી કે કેમ ? | તા. ૪-૪-૬૧ ના જાહેરનામા બાદ ઉભા થયેલ ગણોત હક્કોમાં ૭૩-અ લાગુ પડશે. |

૫. સર્વે કલેકટરશ્રીઓને ૭૩-અ હેઠળ જમીનની તબદીલીના પુર્વ મંજુરીના કેસોમાં ઉપરોકત સુચનાઓ લક્ષમાં લઇ કાર્યવાહી કરવા તથા લાગતા વળગતા સર્વે અધિકારીઓના ધ્યાન પર આ સુચનાઓ લાવવા વિનંતિ કરવામાં આવે છે. ૭૩-અ હેઠળ જમીનની તબદીલીના નિયંત્રણ તથા ઉક્ત સુચનાઓના સંદર્ભમાં કોઇ કિસ્સામાં ખાસ કારણોસર જુદુ ધોરણ અપનાવવું જરૂરી જણાતું હોય અથવા અન્ય કોઇ સુચનો હોય તો તે અંગે સરકારશ્રીમાં વિગતવાર દરખાસ્ત કરવા સર્વે કલેકટરશ્રીઓએ યોગ્ય કાર્યવાહી કરવા વિનંતિ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મા. ત્રિ. જોષી.
નાયબ સચિવ
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

LABOUR, SOCIAL WELFARE AND TRIBAL DEVELOPMENT DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar.

8th MAY, 1978.

NO. KH-SH-473- TAP-1076-833- Rm1: The following Notification of the Government of India, Minister of Law, Justice and Company Affairs, Legislative Department. New Delhi. No.GSR-797 (E), dated the 31st December, 1977 is hereby republished :-

MINISTRY OF LAW, JUSTICE AND COMPANY AFFAIRS

( Legislative Department)

Notification

New Delhi, the 31st December,1977.

G.S.R. 797 (E) :- The following Order made by the President is published for general information :-

C. O. 109

THE SCHEDULED AREAS ( STATES OF BIHAR, GUJARAT, MADHYA PRADESH AND ORISSA ) ORDER, 1977.

In exercise of the powers conferred by sub-paragraph (2) of paragraph 6 of the Fifth Schedule to the Constitution of India, the President hereby rescinds the Scheduled Areas ( Part A States) Order, 1950, in so far as it relates to the areas now comprised in the States of Bihar, Gujarat, Madhya Pradesh and Orissa, and the Scheduled Areas ( Part B States) Order, 1950, in so far as it relates to the areas now comprised in the State of Madhya Pradesh and in consultation with the Governors of the States concerned, is pleased to make the following Order, namely :-

1. (1) This Order may be called the Scheduled Area ( States of Bihar, Gujarat, Madhya Pradesh and Orissa ) Order, 1977

(2) It shall come into force at once.

2. The areas specified below are hereby redefined to be the Schedule Areas within the States of Bihar, Gujarat, Madhya Pradesh and Orissa :-

GUJARAT

1. Uchchhal, Vyara, Mahuwa, Mandvi, Nizar, Songadh, Valod, Mangrol and Bardoli talukas in Surat district.
2. Dediapada, Saghera, Valia, Nandod and Jhagadia talukas in Bharuch district.
3. Dangs district and talukas.
4. Bansda, Dharampur, Chikhali, Pardi and Umbergaon talukas in Valsad district.
5. Jhalod, Dahod, Santrampur, Limkheda and Deogarh Baria talukas in Panchmahals district.
6. Chhotaudepur and Naswadi talukas and Tilakwada mahal in Vadodara district.
7. Khedbrahma, Bhiloda and Meghraj talukas and Vijaynagar mahal in Sabarkantha district.

જમીન મહેસુલ સંહિતાની કલમ-૭૩ /અ.

આદિવાસીઓની જમીનની તબદીલી પરના નિયંત્રણો-અમલીકરણ અને જમીનની તબદીલીની પૂર્વ મંજુરી અંગેની સુચના સંબંધમાં કેટલીક સ્પષ્ટતાઓ..

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ન. અદજ-૧૦૭૭/એમઆર-૨૪૫૬-જ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૦-૧૧-૧૯૯૮.

વંચાણમાં લીધો :-
સરકારી પરિપત્ર ક્રમાંક : અદજ-૧૦૭૭/એમઆર-૨૪૫૬-જ,
તા. ૨૩-૧-૧૯૯૮..

પરિપત્ર:-

લેન્ડ રેવન્યુ કોડની કલમ ૭૩-અ ના નિયંત્રણ હેઠળની જમીનોની તબદીલીના વ્યવહારોમાં મંજુરી આપવા અંગે સરકારશ્રીએ પરિપત્ર ક્રમાંક :અદજ-૧૦૭૭-એમઆર-૨૪૫૬-જ, તારીખ, ૨૩-૧-૯૮ અન્વયે માર્ગદર્શક સુચનાઓ બહાર પાડી છે. આ માર્ગદર્શક સુચનાઓના સંદર્ભમાં કેટલાક કલેકટરશ્રીઓ તરફથી કેટલાક મુદ્દાઓ અંગે સ્પષ્ટતા માંગવામાં આવેલ છે કલેકટરશ્રીઓ તરફથી ઉભા કરેલ મુદ્દાઓ અને તેની અંગેની સ્પષ્ટતા નીચે મુજબ છે.

| કયા મુદ્દા પર સ્પષ્ટતા માંગેલ છે. | સ્પષ્ટતા |
| --- | --- |
| સરકારશ્રીના તા. ૨૩-૧-૯૮ના પરિપત્રની સુચનાઓ પૂર્વ મંજુરીના કેસોમાં લાગુ પડે છે. જ્યારે તબદીલીના ઘણા કેસો એવા છે જેમાં ૭૩-અ હેઠળ પૂર્વ મંજુરી મેળવાઇ નથી આવા કેસો પશ્ચાતવર્તી મંજુરી આપી નિયમબધ્ધ કરવા કોઇ હુકમો નથી તો આ અંગે સ્પષ્ટતા કરવામાં આવે. | સરકારશ્રીના તારીખ ૨૩-૧-૯૮ ના પરિપત્ર અન્વયેની સુચનાઓ લે. રે. કોડની કલમ-૭૩/અ-હેઠળના પૂર્વ મંજુરીના કેસોને જ લાગુ પડે છે. લે. રે. કોડની કલમ ૭૩-અ ની ભંગ થયો હોય તેવા કેસોમાં પશ્ચાતવર્તી મંજુરી આપવાની પ્રશ્ન વિચારણા હેઠળ છે. |
| ૨. જે કેસોમાં બીન આદિવાસીને જમીન તબદીલ થયેલ હોય અને મુળ આદિવાસી જમીનનો કબજો પરત મેળવવા ખુશી ન હોય તેવા કેસોમાં જમીન ખાલસા કરી તારીખ. ૧-૩-૬૦ ના ઠરાવ ક્રમાંક :એલએનડી-૩૯૬૦-એ૧, પ્રમાણે નિકાલ કરી શકાય કે કેમ? | આવા કેસોમાં મુળ કબજેદાર આદિવાસીને જમીનની કબજો પરત મેળવવા સમજાવવા પુરતા પ્રયત્નો કરવા અને છતાં સંમત ન હોય તો જમીનનો નિકાલ સરકારી પડતર જમીનની સોંપણીના નિયમોનુસાર કરવો. |
| ૩. તા. ૬-૧-૯૮ના પરિપત્ર ક્રમાંક : અદજ-૧૦૭૭-એમઆર-૩૦૪૧-જ પરત્વે કેટલાક પ્રકારના કેસો મુલત્વી રાખવા સુચના અપાયેલ છે. પણ આ કેસો ક્યા તબક્કે સ્થગિત કરવા તેની [illegible] નથી. જે કરવામાં આવે. | તા. ૨૩-૧-૯૮ના પરિપત્ર અન્વયેની માર્ગદર્શક સુચનાઓ લક્ષમાં લેતાં મુલત્વી રાખવાના કેસોની સંખ્યા ઘણી જુજ રહેશે. વળી તા. ૬-૧-૯૮ ના પરિપત્ર અન્વયેની સુચના પ્રમાણે મુલત્વી રાખવાના કેસોમાં તપાસ કરવી પણ આખરી આદેશો જેવા કે [illegible] રદ કરવું, મુળ માલિકને જમીન સોંપવાના હુકમો ન કરવા તેવી સ્પષ્ટ સુચના અપાયેલ છે. એટલે આ આખરી હુકમોના તબક્કે લાવી કેસની કાર્યવાહી મુલત્વી રાખવાની થાય. |

| | |
|---|---|
| ૪. તા. ૨૩-૧-૭૮ના પરિપત્ર અન્વયે મંજુરી આપવાના કેસોમાં મંજુરી પ્રાંત અધિકારી આપી શકે કે કલેક્ટરશ્રીએ આપવાની રહે છે. | તા. ૧૩-૪-૭૧ ના ક્રમાંક :નશજ-૧૦૭૧-ઝ, અન્વયે કરવામાં આવેલ [illegible]તાનુસાર કલેક્ટરશ્રી જરૂરી અધિકારી પ્રાંત અધિકારીશ્રીને તેમના કાર્યક્ષેત્ર માટે આપી શકે છે. |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(૨.મ. શાહ)
નાયબ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
અંગત સચિવશ્રી, મહેસુલ મંત્રીશ્રી,
અંગત સચિવશ્રી, મંત્રીશ્રી ( આદિવાસી કલ્યાણ)
સચિવશ્રી, મહેસુલ વિભાગ,
સચિવશ્રી, મજુર સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગ,
ખાસ સચિવશ્રી અને જમીન સુધારણા કમિશ્નર, મહેસુલ વિભાગ, ગાંધીનગર,
સેટલમેન્ટ કમિશ્નર અને જમીન રેકર્ડ નિયામકશ્રી, અમદાવાદ,
ખાસ સચિવશ્રી, મહેસુલ વિભાગ, અમદાવાદ,
તપાસણી કમિશ્નરશ્રી અને સચિવ, મહેસુલ વિભાગ,
મદદનીશ જમીન સુધારણા નિયામકશ્રી,
ખાસ મામલતદારશ્રી, મહેસુલ વિભાગ,
નાયબ નિયામકશ્રી, સ્ટેટેસ્ટીકલ સેલ, મહેસુલ વિભાગ,
સર્વે કલેક્ટરશ્રી
સર્વે ડેપ્યુટી કલેકટરશ્રીઓ,
સર્વે ડેપ્યુટી કલેકટરશ્રીઓ (એલએનડી-૫)
મહેસુલ વિભાગની જમીન અને જમીન સુધારણા ધારાઓને લગતી સર્વે શાખાઓ. (અ, લ, ક, જ, ય, એએલસી, ગ)
સીલેક્ટ ફાઇલ. ( શાખા, સેકશન અધિકારી, મદદનીશ)

**જમીન મહેસુલ સંહિતાની કલમ ૭૩-અ અને ૭૯-અ હેઠળ આદિવાસીને જમીન પરત આપવાની સાથે સાથે નાણાકીય મદદ આપવા બાબત.**

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:અદજ/૧૦૭૮/૭
સચિવાલય, ગાંધીનગર,
તા.૧-૧૨-૭૮.

પ રિ પ ત્ર :-

આદિવાસી પેટા યોજના હેઠળની એલ.એન.ડી.પ યોજનાની સફળતા અંગે ઉપસચિવશ્રી, જમીન સુધારણા મારફત સરકારશ્રીએ સ્થળ નિરીક્ષણ કરેલ ત્યારે રાજપીપળા મુકામે યોજાયેલ મિટિંગમાં મદદનીશ કલેકટરશ્રીએ રજુઆત કરેલ કે મુળ આદિવાસીને જમીન પરત કરાય છે પણ આદિવાસી પાસે જમીન ખેડવાના સાધનો ન હોવાથી જમીનની ફરી ફરી તબદીલી થતી રહે છે, એટલે આવા કેસોમાં જમીનનો કબજો પરત થયા બાદ જે તે ધારણ કરનાર આદિવાસીને યોજનાની જોગવાઇ મુજબ ખેતીના સાધનો તથા નાણાકીય મદદ સમયસર આપવામાં આવે તે જરુરી છે, જેથી આદિવાસી જમીન જાતે ખેડવા સમર્થ બને અને ગેરકાયદેસર તબદીલીઓ થતી અટકે.

૨. મદદનીશ કલેકટરશ્રીએ રજુ કરેલ ઉપરના મુદ્દા અંગે પ્રોજેકટ એડમીનીસ્ટ્રેટરશ્રીને મંતવ્ય જણાવવા વિનંતી કરતા તેઓશ્રીને જણાવેલ કે આદિવાસી પેટા યોજના નીચે આદિવાસી જમીન ધારણ કરનારને બળદ-ગાડા, બિયારણ, દવાઓ અન્ય સાધનો વગેરેની સહાય કરવાની જોગવાઇ છે એટલે જે કિસ્સામાં જમીન મહેસુલ સંહિતાની કલમ ૭૩-અ અને ૭૯-અ હેઠળ મૂળ આદિવાસીને જમીનુ પરત કરવાના હુકમો થાય ત્યારે તેવા હુકમોની નકલ જાણ તથા જરુરી કાર્યવાહી માટે પ્રોજેકટ એડમીનીસ્ટ્રેટરને મોકલવામાં આવે તો જરુરીયાતવાળા આદિવાસીને આદિવાસી પેટા યોજના હેઠળ નિયમ પ્રમાણે મદદ પહોંચાડી શકાય.

૩. આથી સર્વે કલેકટરશ્રીઓને જણાવવામાં આવે છે કે જમીન મહેસુલ સંહિતાની કલમ ૭૩-અ અને ૭૯-અ હેઠળ મૂળ આદિવાસી ધારણ કરનારને જમીન પરત કરવાના હુકમો સંબંધિત મહેસુલ અધિકારી કરે ત્યારે તે હુકમોની નકલ સંબંધિત પ્રોજેકટ એડમીનીસ્ટ્રેટરને તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને મોકલવા તેવી દરેક અધિકારીશ્રીને સુચના આપવામાં આવે.

૪. સર્વે પ્રોજેકટ એડમીનીસ્ટ્રેટરશ્રીઓ અને જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓને આવા હુકમની નકલ મળયે જરુરીયાતવાળા આદિવાસીઓને આદિવાસી પેટા-યોજના હેઠળ જરુરી સહાય અને સાધનો નિયમ પ્રમાણે પૂરા પાડવા યોગ્ય કાર્યવાહી કરવા આથી વિનંતી કરવામાં આવે છે.

૫. આ હુકમો મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની તા.૮-૧૧-૭૮ના રોજ આ વિભાગની ફાઈલ નં.અદજ/૧૦૭૮/ળ, ઉપર સંમતિ લઈ બહાર પાડેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર.સી.જોષી
ઉપસચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત-સ

નકલ રવાના :-

સર્વે કલેકટરશ્રીઓ,
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
સર્વે પ્રોજેકટ એડમીનીસ્ટ્રેટરશ્રીઓ, આદિવાસી પેટા યોજના
ખાસ સચિવશ્રી અને જમીન સુધારણા કમિશ્નરશ્રી, સચિવાલય, ગાંધીનગર.
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, આર-૧, સચિવાલય, ગાંધીનગર.
સીલેકટ ફાઈલ.

જમીન મહેસૂલ સંહિતાની કલમ-૭૩-ક બાબત.

આદિજાતીના લોકોએ ધારણ કરેલી જમીનની તબદીલી.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર નં. અદજ-૧૦૭૯-૨૬૪૫-જ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ ૧૯-૧૦-૭૯.

વંચાણમાં લીધા:-

૧. સરકારી જાહેરનામું ક્રમાંક: એલએનડી-૩૯૬૧-૪૧૫૦૯-ગ, તા. ૪-૪-૬૧.
૨. ઠરાવ ક્રમાંક: એલએનડી-૩૯૬૧/૪૧૫૦૯/ગ, તા. ૫-૪-૧૯૬૧.
૩. પરીપત્ર ક્રમાંક: એલએનડી-૩૯૬૧-૬૨૫૧૭/જી, તા. ૨૪-૮-૧૯૬૨.
૪. ઠરાવ ક્રમાંક: જમન-૩૭૬૬-૧૦૦૩૩૨/અ, તા. ૧૬/૧૭-૧૧-૬૬
૫. પરીપત્ર ક્રમાંક: નશધ-૩૯૭૦-૯૫૫૦૫/ક/૪૩૬, તા. ૨૦-૯-૭૦
૬. પત્ર ક્રમાંક: નશધ-૨૪૭૦-૧૦૪૩૯૦૪, તા. ૨૭-૧૦-૭૦.
૭. પરીપત્ર ક્રમાંક: નશધ-૧૦૭૧-જ, તા. ૧૬-૪-૭૧
૮. પત્ર ક્રમાંક: એનટીએલ-૨૪૭૧-૧૨૫૬૦૬-ઝેડ, તા. ૯-૧૧-૭૧.
૯. પરીપત્ર ક્રમાંક: એટીએલ/૧૦૭૧/૧૪૧૫૨૯/ઝેડ, તા. ૨૨-૧૨-૭૧
૧૦. ઠરાવ ક્રમાંક: જમન-૩૯૭૧/૧૪૧૭૪૩/અ, તા. ૨૫-૧-૭૨
૧૧. પરીપત્ર ક્રમાંક: એસ. ૩૦/૧૧૦૭૧/એલ, તા. ૨૬-૯-૭૨
૧૨. પરીપત્ર ક્રમાંક: એટીએલ-૧૦૭૩-૭૭૧૯૮-ઝેડ તા. ૧૧-૭-૭૩
૧૩. પરીપત્ર ક્રમાંક: એટીએલ-૧૦૭૪-૩૫૦૯૫-ઝેડ, તા. ૧૭-૬-૭૪
૧૪. પરીપત્ર ક્રમાંક: એટીએલ-૧૦૭૪-૭૧૯૩૭-ઝેડ, ૩-૭-૭૪
૧૫. પરીપત્ર ક્રમાંક: એટીએલ-૧૦૭૪-૭૧૯૩૭/ઝેડ, તા. ૨૫-૭-૭૪
૧૬. પરીપત્ર ક્રમાંક: એટીએલ-૧૦૭૫-૪૩૬૯૮-ઝેડ, તા. ૧-૭-૭૫
૧૭. ઠરાવ ક્રમાંક: એટીએલ-૧૦૭૫-૧૧૩૦૮-૫-ઝેડ, તા. ૩-૭-૭૬
૧૮. સુધારા ક્રમાંક: એટીએલ-૧૦૭૫-૧૧૩૦૮-ઝેડ, તા. ૩૦-૭-૧૯૭૬
૧૯. પરીપત્ર ક્રમાંક: એટીએલ-૬૧૮૮-ઝેડ, તા. ૮-૬-૭૭
૨૦. પત્ર ક્રમાંક: અદજ-૧૦૭૭-૩૫૧૯-જ, તા. ૧-૯-૭૭
૨૧. પરીપત્ર ક્રમાંક: અદજ-૧૯૭૭-૬૧૧૭૮-જ, તા. ૨-૧-૧૯૭૮
૨૨. પરીપત્ર ક્રમાંક: અદજ-૧૦૭૭-એમ. આર. ૩૦૪૧-જ, તા. ૬-૧-૭૮
૨૩. પરીપત્ર ક્રમાંક: અદજ-૧૦૭૭-૯૫૦૮૪-જ, તા. ૯-૧-૭૮
૨૪. પરીપત્ર ક્રમાંક: અદજ-૧૦૭૭-એમ.આર.-૨૪૫૬-જ, તા. ૨૩-૧-૭૮
૨૫. પરીપત્ર ક્રમાંક: અદજ-૧૦૭૮-ઇએસ-૨૪૩૮૦-જ, તા. ૯-૮-૭૮.

૨૬. પરીપત્ર ક્રમાંક :અદજ-૧૦૭૭-એમ.આર.૨૪૫૯-ળ, તા.૩૦-૧૧-૯૮
૨૭. પરીપત્ર ક્રમાંક :અદજ-૧૦૯૮-ળ, તા. ૧-૧૨-૯૮..

પ રિ પ ત્ર
-:-:-:-:-

મુંબઇ જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ ની કલમ-૭૩-ક, ગુજરાત રાજયના અનુસૂચિત વિસ્તારોમાં જયાં મુળ સર્વે સેટલમેન્ટ દાખલ કર્યુ નથી અને સરકારનું જાહેરનામું ક્રમાંક :એલએનડી-૩૯૬૧-૪૧૫૦૯-જી, તા.૪-૪-૧૯૬૧ : પ્રસિદ્ધ થયા પહેલાં આ કલમની જોગવાઇઓ પાડેલ નથી તે પ્રદેશ અથવા ગામને લાગુ પડે છે. સદરહુ કલમ તેમજ ઉપરોકત જાહેરનામાંની જોગવાઇ અનુસાર કલેકટરની પૂર્વ મંજુરી સિવાય, અનુસૂચિત જનજાતિનો સભ્ય, એનેક્ષ ૨-૧ માં જણાવેલા વિસ્તારો માંથી જયાં મૂળ સર્વે અને સેટલમેન્ટ થયું ન હોય તેવા વિસ્તારોમાં આવેલી પોતાની જમીન તબદીલ કરી શકશે નહીં.

(૨) રાજય સરકાર રાજયપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને એવા પ્રદેશ અથવા ગામના કોઇ ભાગને અનુસૂચિત જનજાતીની કોઇ વ્યકિતને અથવા વ્યકિતઓના વર્ગ સિવાયનાને કલમ-૭૩-ક ના અમલમાંથી માફી આપી શકે છે.

(૩) આદીવાસી આદીવાસી વચ્ચે જમીનની તબદીલીના પૂર્વ મંજુરીના કેસોમાં કલેકટરોએ દરેક કેસ, ઉપર પ્રમાણે તપાસી મંજુરી આપવા અંગે યોગ્ય નિર્ણય લેવો. દરેક કેસના સંજોગો તપાસી જમીન વેચાણ રાખનાર આદીવાસી તરફથી જમીન વેચનાર આદીવાસીનું કોઇ રીતે શોષણ થતું નથી. તે અંગે સંતોષ થયે મંજુરી આપવા નિર્ણય લેવો. પરવાનગી આપતી વેળાએ પણ ખાસ લક્ષમાં લેવાનું થશે કે સધ્ધર આદીવાસી દ્વારા આ વી તબદીલોથી નાના આદીવાસીઓનું શોષણ થતું નથી. અને તેવો શકયતા નથી. ફકરા-૨૧ માં જણાવ્યા મુજબ શરતોનું પાલન થતું ન હોય પણ કેસના ખાસ સંજોગો જોતાં મંજુરી આપવાનું જરૂરી જણાતું હોય તેવા કેસોમાં કલેકટરોએ સરકાર સમક્ષ વિગતો સાથેની રજુઆત કરી હુકમો મેળવવાના રહેશે.

(૪) આદીવાસી-બીન આદીવાસી વચ્ચે જમીનની તબદીલીના કેસમાં પૂર્વ મંજુરી આપવા બાબતમાં આવી જમીનની ખરીદી લોકોપયોગી કાર્ય માટે બીન ખેતી તરીકે વાપરવાની હોય તો જ પરવાનગી અંગે વિચારણા કરવાની થાય અને જે કેસોમાં મંજુરી આપવાનું યોગ્ય જણાતું હોય તેવા કેસોમાં કલેકટરશ્રીએ પુરી વિગત સહિત સરકારમાં દરખાસ્ત કરી હુકમો મેળવવા. જયારે મંજુરી આપવાનું યોગ્ય જણાતું ન હોય તેવા કેસોમાં નામંજુરીના હુકમો કલેકટરે તેમના અધિકારો હેઠળ કરવા.

(૫) જે કેસોમાં બીન આદીવાસીઓને જમીન તબદીલ થયેલ હોય અને મુળ આદીવાસી જમીનોની કબજો પરત મેળવવા ખુશી ન હોય તેવા કેસોમાં મુળકબજેદાર આદીવાસીઓને જમીનની કબજો પરત મેળવવા સમજાવવા પુરતા પ્રયત્નો કરવા અને છતાં સંમત ન હોય તો જમીન [illegible] ખાલસા કરી જમીનની નિકાલ સરકારી પડતર જમીનની સુચિઓના નિયમોનુસાર કરવો.

(૬) જે વિસ્તારો એનેક્ષર-૧ માં દર્શાવેલ છે તે વિસ્તારોના આદીવાસીઓની જમીનોની ગેરકાયદેસર તબદીલી અંગેની હકક પત્રકમાંની નોંધો મંજુર થાય તે અંગે કલેકટરશ્રીએ લાગતા વળગતા અધિકારીઓને સુચના આપવી તેમજ જો આવી નોંધો મંજુર થઇ ગઇ હોય તો તે જમીન મહેસુલ નિયમ ૧૦૮:૬: હેઠળ ફેર વિચારણામાં લેવા માટે જરૂરી દરખાસ્ત ખાસ સચિવશ્રી, (અપીલસ) મહેસુલ વિભાગ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદને મોકલવી.

(૭) આ ઉપરાંત ગેર કાયદેસર તબદીલી માટેના પગલાં લઇ જમીનો પાછી આદીવાસીઓને અપાય તેવી જ તજવીજ કરવી. તલાટીઓને પણ ખાસ સુચના આપવી કે આવી જમીનોની નોંધો પ્રમાણિત ન થવા દે અને દસ્તાવેજથી વ્યવહારો થાય તો તેની તાત્કાલીક જાણ સબ [illegible] રજીસ્ટાર, મામલતદારને કરે તેવી પણ વ્યવસ્થા કરવી.

(૮) આ હુકમોના અમલમાં સરળતા અને એકસુત્રતા જળવાય તે માટે કેસોના નિકાલ કરવાના અધિકારો એનેક્ષર-૨ માં જણાવ્યા મુજબ આપવામાં આવે છે.

(૯) ઘણા કેસોમાં કલેકટરો જમીન મહેસુલ કાયદાની કલમ-૭૩-ક વિરૂધ્ધ થયેલી જમીનની તબદીલીના કેસોમાં પક્ષકારોને સાંભળ્યા પછી થયેલ વેચાણ અમાન્ય Void ગણી અને અનુસુચિત જનજાતિના ખાતેદાર પાસેથી જમીન ખરીદનાર ઇસમને કાઢી મુકવાના હુકમો જમીન મહેસુલ કાયદાની કલમ-૭૩-ક હેઠળ કરવામાં આવે છે. ગેરકાયદેસર ખરીદી કરનારે કરેલ અપીલ પણ રદ કરવામાં આવે છે. આવી જમીની કલેકટરો અનુસુચિત જનજાતિના ખાતેદારોને [illegible] કબજા હકક રૂ. ૧/ :એક: થી નવી અને અવિભાજ્ય શરતે રીગ્રાન્ટ કરવાના હુકમો કરે છે. પરંતુ મામલતદારો અનુસુચિત જનજાતિના ખાતેદારોને આવી જમીનોની કબજો સોંપતા નથી. અને ગેરકાયદે જમીન ખરીદી કરનારાઓ સાથે મળી જઇને તેમની વચ્ચે અથડામણી કરાવી તેવા ખાતેદારો સામે ચેપ્ટર કેસોની કાર્યવાહી હાથ ધરાય છે. ઘણા કેસોમાં અનુસુચિત જનજાતિના ખાતેદારોને પકડવામાં આવે છે અને વોરંટ કાઢી જેલમાં પણ મોકલવામાં આવે છે. આવા કીસ્સાઓમાં

મામલતદારો ખૂબ જ સાવચેતી, કુશળતાપૂર્વક અને તદ્દન બીનપક્ષીય વલણ અપનાવે તેવી કલેક્ટરોએ તેમને સુચના આપવી. અને જમીન મહેસુલ સંહિતાની કલમ-૭૩-ક હેઠળ જમીન પાછી સોંપવાના કેસો કે જેમાં અનુસૂચિત જનજાતિના કાયદેસરના કબજેદાર હોય તેઓને કોઇ હેરાનગતિ ન થાય તેવી રીતે આવા કેસો ચલાવી સાચા હક્કદારને કબજો સોંપાવવા સુધીની કાર્યવાહી કરવા માટેની સુચના આપવી.

(૧૦) જે જમીનનો અનુસૂચિત જનજાતિના સભ્યોને કબજો આપવાનો [illegible]

થાય ત્યારે તેમજ અનુસૂચિત જનજાતિના સભ્યો વચ્ચેના વેચાણ થયેલ હોય તેવા કેસોમાં પણ તેમની પાસેથી કબજા હક્ક લીધા સિવાય કબજો સોંપવો.

(૧૧) નવી શરતનો ભંગ, સનદ શરતનો ભંગ તથા સરકારી લેણાંની વસુલાત પેટે જપ્ત થતા, ખાતેદાર મહેસુલના ભરવાને કારણે અથવા જમીન પરત સોંપવા :સરેન્ડર: ને કારણે ખાલસા કરેલી અથવા સરકાર પ્રાપ્ત થયેલી જમીન, જો તેના મુળ કબજેદારને નિયમ મુજબ પાછી આપવાની થતી ના હોય અને જો તેની સરકારી જમીન તરીકે નિકાલ કરવાનો હોય તો તેવી જમીનનો નિકાલ સરકારી પડતર જમીનના નિકાલ અંગેના હુકમમાં દર્શાવેલ અગ્રતાક્રમ, વગેરે મુજબ પરંતુ બજાર ભાવની કિંમતે નિકાલ કરવો.

(૧૨) કેટલાક કીસ્સાઓમાં એક અનુસૂચિત જનજાતિના સભ્ય આવી જનજાતિના સભ્યને નવી શરતની જમીન ગેરકાયદેસર વેચે છે, અને આ શરત ભંગ બદલ આવી જમીન ખાલસા કરવાપાત્ર થાય છે. અને જો મુળ ધારણ કરનાર રીગ્રાંટ માટે લાયક ન હોય તો તેની નિકાલ ખાલસા થયા બાદ સરકારી પડતર જમીનના નિકાલ અંગેના હુકમમાં જણાવ્યા મુજબ અગ્રતાક્રમે જ થતી હોવાથી આવા ગેરકાયદેસર પણ શુધ્ધબુધ્ધિથી વેચાણ રાખનારને અગ્રતાક્રમમાં જમીન ના પણ મળે તેવી શક્યતા ઉભી થાય છે. આવા કીસ્સાઓમાં શુધ્ધબુધ્ધિથી નવી શરતની જમીનને વેચાણ રાખી હોય તેવા અનુસૂચિત જનજાતિના :મેમ્બર ઓફ શિડ્યુલ ટ્રાઇબ: શખ્સોને હેરાન ન થવું પડે તે હેતુથી જે તે ગેરકાયદેસર જમીન ખરીદનાર શખ્સને અગ્રતાક્રમ વગેરે લક્ષમાં ન લેતા સરકારી પડતર જમીનના નિકાલ અંગેના હુકમોની જોગવાઇઓ મુજબ જમીન આપી દેવી અને જમીનની સાદી બજાર કીંમત લેવી.

(૧૩) એનેક્ષર-૧ માં જણાવેલ વિસ્તારમાં રહેતા આદિવાસીઓએ ધારણ કરેલી જમીનની આવી હરરાજીમાં આદિવાસીઓ જે ભાગ લઈ શકે બીન આદિવાસીને હરરાજીમાં ભાગ લેતાં કલેક્ટરશ્રી રોકી શકે છે.

(૧૪) જમીન વિકાસ બેંકની બાકી વસૂલાતો માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૭૩-ક ના નિયંત્રણવાળી જમીનો જરૂર જણાય તો સહકારી લેણાની વસૂલાતો માટે જાહેર હરરાજીમાં મુકી શકાય; આ પ્રકારની હરરાજી સક્ષમ અધિકારી તરફે કલેક્ટર મંજૂર રાખી શકે અને સ્વીકારી શકે.

(૧૫) લેન્ડ રેવન્યુ કોડની કલમ-૭૩-ક હેઠળના પરવાનગી, તબદીલી તથા શરત ભંગના કેસોનું વર્ગીકરણ ''ખ-૧'' વર્ગમાં કરવું.

(૧૬) સરકાર તરફથી અન્ય સુચનાઓ આપવામાં ન આવે ત્યાં સુધી એનેક્ષર-૩ માં જણાવેલ પ્રકારના પ્રકરણોમાં સંબંધીત અધિકારીઓએ આદિવાસી-આદિવાસી વચ્ચે થયેલ વેચાણના વહેવારોમાં વિગતવાર તપાસ કરવી પણ તે અંગે આખરી આદેશ જેવા કે વેચાણ રદ કરવું અને મુળ માલીકને જમીન સોંપવાના હુકમો કરવા કે તેવી આખરી કાર્યવાહી હાથ ન ધરવી.

(૧૭) જમીન મહેસુલ સંહિતાની કલમ-૭૩-ક ના નિયંત્રણ હેઠળની બધી જમીનો નવી શરતની જમીનો ગણવાની નથી. કલમ-૭૩-ક ના નિયંત્રણ હેઠળની જમીનો પૈકી જે જમીનો સરકારી પડતર જમીનોના નિકાલ અંગેના હુકમો અન્વયે કે અન્ય જમીન સુધારણા ધારાઓ નીચે જમીન ધારણ કર્તાને ''નવી શરતે'' અપાઇ હોય તેને જ નવી શરતની ગણવાની છે અને જમીન સંપાદન ધારા હેઠળ સંપાદિત થતી આવી જમીનોનું જ નવી શરતના ધોરણે વળતર આકારવાનું રહે છે, પણ જે જમીનો ખાતેદારો અગાઉ જુની શરતે ધારણ કરતા હતા તે જમીન કલમ-૭૩-ક નું નિયંત્રણ લાગુ પડવાથી નવી શરતની બની જતી નથી. આવી જમીનો પર તેની તબદીલી પૂરતું જ સરકારનું નિયંત્રણ છે. તબદીલીના વ્યવહારમાં સરકારની પ્રિમીયમની હક્ક રહેતો નથી. આથી આવી જમીનો સામાન્ય રીતે ઓળખાતી ''નવી શરતની જમીન'' નથી; આવી જમીનો જેને કલમ-૭૩-ક નું નિયંત્રણ લાગુ પડતું હોય તે જમીન, જમીન સંપાદન ધારા હેઠળ સંપાદીત થાય ત્યારે તેનું વળતર જુની શરતની જમીનોના ધોરણે પૂરેપૂરું આકારવું અને ખાતેદારોને ચુકવવું.

(૧૮) આ કલમનો મુખ્ય ઉદ્દેશ આદિવાસીઓનું શોષણ બિન આદિવાસીઓ દ્વારા ન થાય અને તેમની જમીનો બીજી કોમને પડાવી લેવામાં ન આવે તે છે. આ માટે વિવેકપૂર્ણ વલણ અખત્યાર કરી, એનેક્ષર-૪ માં જણાવેલ કોઇ પણ એક સંજોગોમાં આદિવાસી- આદિવાસી- વચ્ચેની જમીનની તબદીલીના કેસોમાં પૂર્વ મંજૂરી આપવાનું ધોરણ રાખવું આવા કેસોમાં જમીન વેચાણ રાખનાર આદિવાસીએ પેરા ૧૮માં જણાવેલ બન્ને શરતો પરફોર્મ કરવાની રહેશે.

(૧૯) જમીન વેચાણ રાખનાર આદિવાસીએ નીચે જણાવેલ બંને શરતો પરીપૂર્ણ કરવાની રહેશે.

૧. જમીન વેચાણ રાખનાર પાસે પોષણક્ષમ ક્ષેત્ર કરતાં જમીન વધતી ન હોવી જોઇએ. એટલે જીરાયત – ૧૬ એકરથી વધુ.

૨. જમીન ખરીદનાર જાતે ખેતી માટે જમીન ખરીદતાં હોવા જોઇએ.

૨૦. જમીન મહેસુલ સંહિતાની કલમ–૭૩–ક ના અમલ બાબતમાં બાકી ધોરનારો '' વરતદાન'' x શરતી વેચાણની પધ્ધતિ અપનાવી x(Varatdan)
x અને તેથી કરીને જમીનનો કબજો ફેરબદલીથી તેઓ લઇ લે છે.
જોગવાઈઓનું ઉલ્લંઘન કરવાનો પ્રયત્ન કરે છે. આ પ્રમાણે થયેલ ફેરબદલી એ આ કલમની જોગવાઇઓનો ભંગ થાય છે. જેથી આવા કેસોમાં જમીન મહેસુલ સંહિતાની કલમ–૭૯–ક હેઠળ કાર્યવાહી કરવી.

૨૧. કલેક્ટરોને આથી સૂચના આપવામાં આવે છે કે જે કોઇ વ્યક્તિ કોઈ પણ જમીન ઉપર ગેરકાયદેસર કબજો ધરાવતી હોય ત્યારે જમીન મહેસુલ અધિનિયમની કલમ–૨૦૨ મુજબ સંક્ષિપ્ત તપાસ કરીને જમીન ઉપરથી કાઢી મુકવાની કાર્યવાહી ન કરતાં, પહેલા તેમના કૃત્યના બચાવની બાબતમાં તેમને હકીકત, દલીલો રજૂ કરવા દેવી અને તે લક્ષમાં લેવી.

૨૨. આ કલમ હેઠળ આદિવાસીઓની જમીનની તબદીલીમાં નીચેના કેસોનો સમાવેશ કરવો નહીં.

૧. કોર્ટના હુકમોથી થતી જમીનની તબદીલીના કિસ્સાઓનો ૭૩–ક હેઠળ સમાવેશ કરવો નહીં.

૨. આદિવાસીઓની કેટલીક જાતીઓમાં રીવાજ મુજબ છોકરીને ભરણપોષણ માટે જમીન મળે છે અને તેવા કીસ્સાઓમાં જમાઇના નામે જમીનની તબદીલી થાય તેવા કીસ્સાઓમાં જે જાતિઓમાં આવા રીવાજ હોય તેમાં તબદીલીની મંજુરી આપવી.

૩. આદિવાસીઓમાં કુટુંબમાં મોટાભાઇના નામે જમીન રહેતી હોઇ આવા કીસ્સાઓમાં નાના ભાઇઓના નામે પાછળથી જમીન તબદીલી બાબતે સગપણ અંગે ખાત્રી કરી જરુરી મંજુરી આપવી.

૪. જમીનની અદલો બદલો આદિવાસીઓ કરે તેવા કેસોમાં જમીનની ખરેખર અદલો બદલો થયો છે અને છુપુ વેચાણ નથી તેની સંપૂર્ણ ખાત્રી કરી મંજુરી આપવી અને આ અદલો બદલો એક જ કક્ષાના આદિવાસી વચ્ચે જ હોવો જોઇએ અને સરખી કિંમતની x જમીન હોવી જોઇએ. સધ્ધર આદિવાસી અને નબળા આદિવાસી વચ્ચે અદલા બદલી ન થવી જોઇએ.

૫. જાહેર સંસ્થાઓના નામે, જમીનની તબદીલીના કેસોમાં મંજુરી આપવા અંગે દરેક કેસ કલેકટરે ગુણવત્તા પર તપાસવા. અને એનેક્ષર-૨ ના મુદ્દા-૨ અને ૩ અનુસાર અનુક્રમે મંજુરી આપવા સરકારમાં દરખાસ્ત કરવા કાર્યવાહી કરવી.

૬. જમીનની તબદીલી બીન ખેતી ઉપયોગ અંગે થતી હોય તેવા કેસોમાં પણ -૭૩-ક નું નિયંત્રણ લાગુ પડે. રહેઠાણની મુશ્કેલી દૂર કરવા ઘર બાંધવા આદીવાસીઓની જમીનની તબદીલી અંદરો અંદર થતી હોય તેવા કીસ્સાઓમાં ઉદાર વલણ અપનાવવું. બાકીના કેસોમાં ગુણદોષ આધારે ચકાસણી કરવી.

૭. સ્થાપિત ગામતળમાં આદીવાસીની માલીકીના પ્લોટોની તબદીલીના કેસોમાં ૭૩-ક લાગુ પડશે.

૮. ગણોતધારા અન્વયે તા. ૪-૪-૬૧ થી જે આદીવાસીઓની જમીનમાં ગણોતીયાના ગણોતહકક ઉભા થયા છે તેવા કેસોમાં ૭૩-ક લાગુ પડશે.

૯. સરકારી પડતર જમીનની વહેંચણી અંગેના હુકમ એ વહીવટી હુકમ છે. જયારે અનુસુચિત જનજાતિ એ ભારતના બંધારણ હેઠળ જાહેર થઇ છે. એટલે જે જાતિ અનુસુચિત જનજાતિમાં ગણાતી ના હોય તેમને જમીન મહેસુલ સંહિતાની કલમ-૭૩-ક ની જોગવાઇ લાગુ ન પડે.

૨૩. સર્વે કલેકટરશ્રીઓએ કલમ-૭૩-ક હેઠળ જમીનની તબદીલીના કેસોમાં ઉપરોકત સુચનાઓ લક્ષમાં લઇ, કોઇ કીસ્સાઓમાં ખાસ કારણોસર જુદુ ધોરણ અપનાવવું જરૂરી હોય અથવા અન્ય કોઇ સુચની હોય તો તે અંગે સરકારશ્રીમાં વિગતવાર દરખાસ્ત કરવા યોગ્ય કાર્યવાહી કરવી.

૨૪. સર્વે કલેકટરશ્રીઓને આથી જણાવવામાં આવે છે કે જમીન મહેસુલ સંહિતાની કલમ-૭૩-ક અને ૭૯-ક હેઠળ મુળ આદીવાસી ધારણ કરનારને જમીન પરત કરવાના હુકમો સંબંધીત મહેસુલ અધિકારી કરે ત્યારે તે હુકમોની નકલ સંબંધીત પ્રોજેકટ એડમીનીસ્ટ્રેટરશ્રીને તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રીને મોકલવી.

૨૫. સર્વે પ્રોજેકટ એડમીનીસ્ટ્રેટરશ્રીઓ અને જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓને આવા હુકમના નકલ મળયે જરૂરીયાતવાળા આદીવાસીઓને આદીવાસી પેટા યોજના હેઠળ જરૂરી સહાય અને સાધનો નિયમ પ્રમાણે પુરા પાડવા યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવે છે.

૨૬. આ હુકમો સરકારના અગાઉના આ વિષયના ઉપર દર્શાવેલ તમામ હુકમોનું સંકલન કરીને બહાર પાડવામાં આવેલા છે, જ્યાં નાણાં તથા મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગોની મંજૂરાની જરૂર હતી ત્યાં આ વિભાગની ફાઇલો ઉપર મંજૂરી લેવામાં આવેલી હોવાથી ઉપરના મથાળે દર્શાવેલ તમામ હુકમોને બદલે આ હુકમ મુજબ રાજ્યમાં અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ર.છ.જોષી,<br>
ઉપસચિવ,<br>
મહેસૂલ વિભાગ,<br>
ગુજરાત સરકાર.

પ્રતિ,

ખાસ સચિવશ્રી, અને જમીન સુધારણા કમિશ્નરશ્રી, મહેસૂલ વિભાગ, ગાંધીનગર,<br>
ખાસ સચિવશ્રી, મહેસૂલ વિભાગ, અમદાવાદ,<br>
સેંટલ.કમિશ્નર અને જ.દ.નિયા.શ્રી, અમદાવાદ,<br>
મહેસૂલ :તપાસણી કમિશ્નરશ્રી અને હોદ્દાની રુએ સચિવશ્રી, મહેસૂલ વિભાગ,<br>
મદદનીશ, જમીન સુધારણા નિયામકશ્રી, મહેસૂલ વિભાગ,<br>
ખાસ મામલતદારશ્રી, મહેસૂલ વિભાગ,<br>
નાયબ નિયામકશ્રી, સ્ટેસ્ટીકલ સેલ, મહેસૂલ વિભાગ,<br>
સર્વે કલેકટરશ્રીઓ,<br>
સર્વે ડેપ્યુટી કલેકટરશ્રીઓ (એલ.એન.ઓ. )<br>
મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગ (૨.૧ શાખા)<br>
મહેસૂલ વિભાગનો જમીન અને જમીન સુધારણા ધારાઓને લગતી<br>
સર્વે શાખાઓ તથા તપાસણી શાખા.<br>
સીલેકટ ફાઇલ.

:સરકાર: પરિપત્ર ક્રમાંક :અદભ/૧૦૭૯/૨૬૫૫/જ,

તા. ૧૯-૧૦-૭૯ નું બીડાણ:

એનેક્ષ-૧.

-:-:-

ભારતના બંધારણના પરિશિષ્ટ-૬ ના પેરા :૧: હેઠળ ગુજરાતના જાહેર થયેલ અનુસૂચિત વિસ્તારો.

| અ.નં. | જીલ્લો/ તાલુકો | અનુસૂચિત વિસ્તાર મહાલ અથવા તાલુકો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ડાંગ | ડાંગ |
| ૨. | સુરત | ૧. ઉચ્છલ મહાલ<br>૨. વ્યારા<br>૩. વાંકળટપ્પા માંગરોળ - તાલુકાનો નાનછલ વિસ્તાર<br>૪. સોનગઢ તાલુકો<br>૫. નિઝર મહાલનો અમુક ભાગ |
| ૩: | વલસાડ જીલ્લો | ૧. ઉમરગામ<br>૨. ધરમપુર<br>૩. વાંસદા તાલુકો |
| ૪: | ભરૂચ જીલ્લો | ૧. નાંદોદ<br>૨.- ઝગડીયા<br>૩. ડેડીયાપાડા<br>૪. વાલીયામહાલ<br>૫. સાગબારા મહાલ |
| ૫: | વડોદરા | ૧. નસવાડીના ગઢ બોરીયાદ એસ્ટેટના ગામડાઓ<br>૨. છોટાઉદેપુર |
| ૬: | પંચમહાલ | ૧. દેવગઢબારીયા<br>૨. લીમખેડા<br>૩. સંતરામપુર સ્ટેટના ગામડાઓ ઝાલોદ તાલુકામાં સમાવેશ થાય છે તે. |
| ૭: | સાબરકાંઠા | ૧: વિજયનગર<br>૨: ખેડબ્રહ્મા<br>૩: ભીલોડા<br>૪: મેઘરજ |

:સરકારી પરિપત્ર ક્રમાંક :અદજ/૧૦૭૯/૨૬૪૫ -જ,

તા. ૧૯-૧૦-૭૯ નું બીડાણ:

એનેક્ષ-૨

જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩-ક હેઠળના નિયંત્રણવાળી જમીનોની તબદીલી માટે પરવાનગી આપવાના અધિકારો.

| અ.નં. | કેસોનો પ્રકાર | નિકાલ કરવાની સત્તા |
| --- | --- | --- |
| ૧. | ૭૩-ક ના નિયંત્રણવાળી જમીન ખેતી માટે આદિવાસી કે હરિજનને તબદીલ કરવાના કેસો. | કલેકટરોને /આ અધિકારી પ્રાંત અધિકારીને તેમના કાર્યક્ષેત્ર માટે કલેકટર આપી શકે. |
| ૨. | ૭૩-ક ના નિયંત્રણવાળી જમીન ખેતી માટે બીન આદિવાસી કે બીન હરિજન કે વ્યકિત કે સંસ્થાને તબદીલ કરવાના કેસો. | સરકારમાં મંજુરી માટે વિગતો તથા અભિપ્રાય સાથે રજુ કરી હુકમો મેળવી કલેકટરે નિકાલ કરવો. |
| ૩: | ૭૩-ક ના નિયંત્રણવાળી જમીન બીન ખેતી માટે કોઇ પણ વ્યકિત કે સંસ્થાને તબદીલ કરવાના કેસો. | સરકારમાં મંજુરી માટે વિગતો તથા અભિપ્રાય સાથે રજુ કરી મેળવી કલેકટરે નિકાલ કરવો. |

(સરકારી પરિપત્ર ક્રમાંક : અદજ/ ૧૦૭૯/૨૬૪૫

તા. ૧૯-૧૦-૭૯ -સાથેનું જોડાણ.

અનેક્ષ-૩

જમીન મહેસૂલ સંહિતાની કલમ-૭૩-ક હેઠળ આખરી કાર્યવાહી કે આદેશ ન કરવા તેવા પ્રકારના પ્રકરણોની યાદી.

-:-:-:-:-:-:-:-:-:- --:-:-:-:-:-:-:-:-:-:-

૧. આદિવાસીઓએ જમીનની તબદીલી પોતાના વારસોમાં કરી હોય.

૨. આદિવાસી કોમના રીત રિવાજ મુજબ પોતાની દીકરી કે જમાઈને જમીનની તબદીલી કરી હોય.

૩. આદિવાસીઓએ તે જ ગામના અથવા પાંચ માઇલના વિસ્તારમાં વસતા ખેતી કરતા બીજા આદીવાસીને જમીનની તબદીલી કરી હોય.

૪. આદિવાસી મોટાભાઈના નામથી બીજા ભાઈઓના નામે જમીનની તબદીલી કરવામાં આવી હોય.

૫. જાહેર સંસ્થાઓને તબદીલી કરવામાં આવી હોય અથવા તો જમીનનો ઉપયોગ બીન ખેતીના કામ માટે કરવામાં આવતો હોય.

સરકારી પરિપત્ર ક્રમાંક:અદજ-૧૦૭૯-૨૬૪૫-ઝ

તા. ૧૯-૧૦-૭૯ સાથેનું બીડાણ)

## એનેક્ષર-૪

૧. જમીન વેચાણ રાખનાર આદિવાસી બજાર કિંમતે જમીન ખરીદતો હોવો જોઈએ.

૨. વેચાણનો હેતુ શુદ્ધ હોવો જોઈએ.

૩. દેવાના કારણે કે અન્ય કારણોસર વેચાણ લાચારીથી ન થયું હોવું જોઈએ.

૪. જમીન વેચનાર આદિવાસી જમીન વિહોણા બનતો હોવો ન જોઈએ અથવા તો આજીવિકાના અન્ય પૂરતા સાધનો હોવા જોઈએ.

૫. આજીવિકાના વધુ સારા સાધન મળતાં આદિવાસી ગામ છોડી અન્ય સ્થળે કાયમ વસવાટ માટે જતો હોય તે કારણસર

૬. ખાતેદાર આદિવાસી વૃદ્ધ અથવા અશક્ત હોવાને કારણે ખેતી ખેતી કરી શકે તેમ ન હોય તેવા સંજોગોમાં.

Extra No. 89 REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXI] MONDAY, SEPTEMBER 15, 1980/BHADRA 24, 1902

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

# PART IX

**Acts of the Gujarat Legislature and Ordinances promulgated and Regulations made by the Governor.**

મુખ્ય મંત્રીશ્રી, માધવસિંહ એફ. સોલંકીએ તા. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૮૦ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે ;—

**Gujarat Bill No. 43 of 1980.**

# THE BOMBAY LAND REVENUE (GUJARAT SECOND AMENDMENT) BILL, 1980.

## *A BILL*

*further to amend the Bombay Land Revenue Code, 1879.*

**સન ૧૯૮૦નું ગુજરાત વિધેયક ક્રમાંક ૪૩.**

## મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક, ૧૯૮૦.

**'મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯' વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી ભારતના ગણરાજ્યના એકત્રીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

**૧.** (૧) આ અધિનિયમ 'મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ, ૧૯૮૦' કહેવાશે.

(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે.

)ન ૧૮૭૯ નો મુંબઈ નો પમો.

**સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમમાં નવી કલમો ૭૩-કક, ૭૩-કખ, ૭૩-કગ અને ૭૩-કઘ દાખલ કરવા બાબત.**

**૨.** 'મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯' (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૭૩-ક પછી, નીચેની કલમો દાખલ કરવી :—

**આદિવાસીઓનાં ખાતાં આદિવાસીઓ અથવા બિન-આદિવાસીઓને નામે કરવા ઉપર નિયંત્રણ.**

"૭૩ કક. (૧) કલમ ૭૩માં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ અનુસૂચિત આદિજાતિની વ્યકિત (જેનો આ કલમમાં અને કલમ ૭૩-કખ માં હવે પછી, "આદિવાસી" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)નું ખાતું, કલેકટરની પૂર્વ મંજૂરી સિવાય કોઈ વ્યકિતના નામે કરી શકાશે નહિ.

(૨) કલેકટરની પૂર્વમંજૂરીથી ઠરાવવામાં આવે તે સંજોગોમાં અને તે શરતોને અધીન રહીને, પેટા-કલમ (૧) હેઠળ આપી શકાશે.

(૩) (ક) કોઈ આદિવાસી પેટા-કલમ (૧)નું ઉલ્લંઘન કરીને, તેના ખાતાનો કબજો અન્ય આદિવાસીને નામે કરે, ત્યારે નામે કરી આપનાર આદિવાસી અથવા તેનો હિત-ઉત્તરાધિકારી, એવી રીતે નામે કરી આપ્યાનાં બે વર્ષની અંદર કલેકટરને અરજી કરી શકશે કે એવા ખાતાનો કબજો તેને પાછો સોંપી દેવામાં આવે અને તેમ થયે, કલેકટર, યથાપ્રસંગ, નામફેરથી લેનારને અથવા તેના હિત-ઉત્તરાધિકારીને ખાતાનો કબજો રાખવાનો તેનો હક શા માટે લઈ લેવો ન જોઈએ તેનું કારણ દર્શાવવા માટે ઠરાવેલા નમૂનામાં નોટિસ આપ્યા પછી અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી એમ જાહેર કરી શકશે કે નામફેરથી લેનાર અથવા તેના હિત-ઉત્તરાધિકારી ખાતાનો કબજો રાખવા માટે હકદાર રહેશે નહિ અને નામે કરી આપનારે નામે કરી આપ્યાની તરત જ પહેલાં જે શરતોએ ખાતું ધરાવ્યું હોય તે જ શરતોએ અને રાજય સરકારે કરેલા નિયમો અનુસાર એવા ખાતાને લગતી જમીન મહેસૂલની બાકી-રકમ ભરવાની જુમ્મેદારી તે સ્વીકારે તેને અધીન રહીને, યથાપ્રસંગ, નામે કરી આપનાર આદિવાસીને અથવા તેના હિત-ઉત્તરાધિકારીને ખાતું પાછું સોંપવું અને, યથાપ્રસંગ, નામફેરથી લેનાર અથવા તેના હિત-ઉત્તરાધિકારી અનધિકૃત રીતે ખાતાનો ભોગવટો કરે છે એમ ગણાશે :

પરંતુ, યથાપ્રસંગ, નામે કરી આપનાર આદિવાસી અથવા તેના હિત-ઉત્તરાધિકારી ઠરાવેલી મુદતની અંદર એવા ખાતાનો કબજો પાછો લઈ લેવાનું સ્વીકારે નહિ અથવા સ્વીકારવાની લેખિત ના પાડે, તો અવી જાહેરાત રદબાતલ થયેલી ગણાશે.

(ખ) (૧) કલમ ૭૩-કની પેટા-કલમ (૧) અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદાનું ઉલ્લંઘન કરીને, કોઈ આદિવાસીએ પોતાનું ખાતું, સન ૧૯૬૧ના એપ્રિલ મહિનાની જથી તારીખે શરૂ થતી અને 'મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ, ૧૯૮૦'ની તરત જ પહેલાંના દિવસે પૂરી થતી મુદત દરમિયાન કોઈપણ સમયે અન્ય આદિવાસીને નામે કરી આપ્યુ હોય અને

(૨) નામફેરથી લેનાર આદિવાસી અથવા તેના હિત-ઉત્તરાધિકારીને કલમ ૭૯-ક હેઠળ એવા ખાતા માંથી કાઢી મૂકવામાં આવ્યો ન હોય,

ત્યારે ખાતાનું નામફેર કલમ ૭૩-ક હેઠળ કલેકટરની પૂર્વમંજૂરીથી તે કરી આપવામાં આવ્યા હોય તેમ માન્ય ગણાશે.

સન ૧૯૮૦ નો ગુજરાતના

(૪) કોઈ આદિવાસી—

(ક) આ કલમની પેટા-કલમ (૧)નું અથવા કલમ ૭૩-કની પેટા-કલમ (૧)નું અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાનું ઉલ્લંઘન કરીને, પોતાનું ખાતું, 'મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ, ૧૯૮૦'ના આરંભની તારીખે (જેનો આ કલમમાં હવે પછી, "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે તારીખે) અથવા તે પછી કોઈપણ સમયે કોઈ આદિવાસી સિવાયની કોઈ વ્યકિત (આ કલમમાં અને કલમ ૭૩-કખમાં હવે પછી "બિન આદિવાસી" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ને નામે કરે, ત્યારે; અથવા

સન ૧૯૮૦ ના ગુજરાતના

(ખ) કલમ ૭૩-કની પેટા-કલમ (૧)નું અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાના ઉલ્લંઘન કરીને, સદરહુ તારીખ પહેલાં કોઈપણ સમયે કોઈ બિન-આદિવાસીને તેણે પોતાનું ખાતું નામે કરી આપ્યું હોય, ત્યારે

કલેકટરે, તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકુર હોય તે છતાં, કોઈપણ સમયે પોતાની મેળે અથવા સદરહુ તારીખ અથવા એવી રીતે નામ કરી આપ્યાની તારીખ, એ બેમાંથી જે મોડી હોય તે તારીખથી ત્રણ વર્ષની અંદર કોઈપણ સમયે નામે કરી આપનાર આદિવાસીએ અથવા તેના હિત-ઉત્તરાધિકારીએ કરેલી અરજી ઉપરથી, યથાપ્રસંગ, નામફેરથી લેનાર અથવા તેના હિત-ઉત્તરાધિકારીને ખાતું નામે કરી આપ્યાનું શા માટે રદબાતલ જાહેર કરવું ન જોઈએ તેનું કારણ દર્શાવવા માટેની નોટિસ આપ્યા પછી અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી એવું ખાતું નામે કરી આપ્યાનું રદબાતલ છે એમ જાહેર કરશે અને તેમ થયે, તે ખાતું, તેના ઉપર કોઈ ઊભો પાક હોય, તો તે સહિત, તમામ બોજાઓથી મુક્ત રાજ્ય સરકારમાં નિહિત થશે.

(૫) પેટા-કલમ (૪) હેઠળ કોઈ ખાતું રાજ્ય સરકારમાં નિહિત થાય અને નામે કરી આપનાર આદિવાસીએ તે ખાતું નામે કરી આપ્યાની તરત જ પહેલાં ખેતીના હેતુઓ માટે એવું ખાતું આકારવામાં અથવા ધરાવવામાં આવ્યું હોય, ત્યારે કલેકટર, કલમો ૭૯-ક અને ૨૦૨ હેઠળ જરૂરી પગલાં લીધા પછી, યથાપ્રસંગ, નામે કરી આપનાર આદિવાસી અથવા તેના હિત-ઉત્તરાધિકારીને નોટિસ આપશે અને તેમાં તેને એમ ફરમાવશે કે અવી નોટિસ મળ્યાની તારીખથી નેવું દિવસની અંદર તેણે લેખિતમાં જાણ કરવી કે તે, ખાતું ખરીદવા અને તેની જાતે ખેતી કરવા ખુશી છે કે કેમ અને એવી રીતે નામે કરી આપનાર આદિવાસી અથવા તેના હિત-ઉત્તરાધિકારી ખાતું ખરીદવા માટે સંમત થાય અને તેની જાતે ખેતી કરવાનું માથે લે, તો ઠરાવેલ ખાતાની કિંમત આપવામાં આવ્યે, તે તેને આપી શકાશે.

(૬) નેવું દિવસની સદરહુ મુદતની અંદર નામે કરી આપનાર અથવા તેના હિત-ઉત્તરાધિકારી ખાતું ખરીદવા અને તેની જાતે ખેતી કરવા માટે પોતે ખુશી હોવાની જાણ ન કરે અથવા કલેકટર નિર્દિષ્ટ કરે તેવી મુદતની અંદર ખાતાની કિંમત ન આપે, તો તે જ ગામમાં અથવા તે ગામથી ઠરાવવામાં આવે તેટલા અંતરે આવેલા અન્ય કોઈ ગામમાં રહેતા અન્ય કોઈ આદિવાસીને પેટા-કલમ (૫)માં નિર્દિષ્ટ કરવામાં આવી હોય તેવી ખાતાની કિંમત આપવા સહિતની તેની તેજ શરતોએ ખાતું આપવામાં આવશે અને જો એવી રીતે તે ખુશી ન હોય, તો ઠરાવવામાં આવે તેવી ખાતાની કિંમતે અને તેવી શરતોને અધીન રહીને, ઠરાવવામાં આવે તે અગ્રતાક્રમમાં અન્ય વર્ગની વ્યકિતઓને તે આપવામાં આવશે.

(૭) પેટા-કલમ (૧)નું ઉલ્લંઘન કરીને, કોઈ ખાતું બિન-આદિવાસીને નામે કરી આપ્યું હોય, ત્યારે એવો બિન-આદિવાસી જેને તે અધીન હોય તેવી અન્ય કોઈ જમ્મેદારીને બાધ આવ્યા વિના ખાતાની કિંમતથી ત્રણ ગણી કિંમત કરતાં વધુ ન હોય તેટલો દંડ રાજ્ય સરકારને ભરવા જવાબદાર રહેશે, એવા દંડ અને કિંમતનો નિર્ણય કલેક્ટર કરશે અને એવો નિર્ણય આખરી રહેશે :

પરંતુ એવો કોઈ દંડ નાખતાં પહેલાં, બિન-આદિવાસીને સુનાવણીની વાજબી તક આપવામાં આવશે.

(૮) પેટા-કલમ (૭) હેઠળ ભરવાનો દંડ, કલેક્ટરે નિર્દિષ્ટ કરેલા સમયમાં ભરવામાં ન આવે, તો તે જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

**સ્પષ્ટીકરણ.**—આ કલમના હેતુઓ માટે,—

(૧) "ઠરાવેલું" એટલે કલમ ૨૧૪ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(૨) "અનુસૂચિત આદિજાતિઓ" એટલે સંવિધાનની કલમ ૩૪૨ હેઠળ ગુજરાત રાજ્યના સંબંધમાં અનુસૂચિત આદિજાતિઓ તરીકે ગણાતી હોય તેવી આદિજાતિઓ અથવા આદિજાતિ કોમો અથવા એવી આદિજાતિઓ અથવા આદિજાતિ કોમોમાંના ભાગો અથવા જૂથો;

સન ૧૯૪૮નો મુંબઈનો ૬૭મો.

(૩) "જાતે ખેતી કરવી" એ શબ્દોનો અર્થ, 'મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮'ની કલમ ૨ના ખંડ (૬)માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

**રાજ્ય સરકાર અને અમુક સંસ્થાઓની તરફેણમાં પોતાનું ખાતું ગીરો મૂકવાનો ખાતેદારનો હક.**

સન ૧૮૮૩નો ૧૯મો. સન ૧૮૮૪નો ૧૨મો. અને ૧૯૨૮નો મુંબઈનો ૩જો.

૭૩-કખ. કલમ ૭૩માં અથવા કલમ ૭૩-કકની પેટા-કલમ (૧)માં અથવા સત્તા-પ્રકાર સાથે કાયદેસર રીતે જોડેલી કોઈ શરતમાં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ કલમ ૫૬માં જણાવેલી જોગવાઈઓને અધીન રહીને, કોઈ ખાતેદાર ગુજરાત રાજ્યમાં અમલમાં હોય તેવા, 'જમીન સુધારણા લોન અધિનિયમ, ૧૮૮૩', 'ખેડૂતોને લોન આપવા બાબતના અધિનિયમ, ૧૮૮૪' અથવા 'મુંબઈના બિન-ખેડૂતોને લોન આપવા બાબતના અધિનિયમ, ૧૯૨૮' હેઠળ રાજ્ય સરકારે તેને ધીરેલી લોનના અવેજમાં રાજ્ય સરકારની તરફેણમાં અથવા કોઈ બેન્ક અથવા સહકારી મંડળીની તરફેણમાં પોતાના ખાતામાંના પોતાનાં હિત ગીરો મૂકે અથવા તેના ઉપર બોજો ઊભો કરે તે કાયદેસર ગણાશે અને જે શરતોએ એવી લોન આપવામાં આવી હોય તે શરતો અનુસાર એવી લોન ચૂકવવામાં તે કસૂર કરે તે પ્રસંગે, યથાપ્રસંગ, રાજ્ય સરકાર, બેન્ક અથવા સહકારી મંડળી લઈ શકે તેવા અન્ય કોઈ ઉપાયને બાધ આવ્યા વિના, યથાપ્રસંગ, રાજ્ય સરકાર, બેન્ક અથવા સહકારી મંડળી ખાતામાંનું તેનું હિત જપ્ત કરાવે અને વેચાવે અને તેની આવકનો એવી લોનની ચુકવણી કરવામાં ઉપયોગ કરાવે તે કાયદેસર ગણાશે :

પરંતુ એવો ખાતેદાર કોઈ આદિવાસી હોય, તો ખાતામાંનું તેનું હિત, કલેક્ટરની પૂર્વમંજૂરી વિના કોઈ બિન-આદિવાસીને વેચી શકાશે નહિ.

**સ્પષ્ટીકરણ.**—આ કલમના હેતુઓ માટે, "બેન્ક" એટલે—

સન ૧૯૫૫નો ૨૩મો.

(૧) 'સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા અધિનિયમ, ૧૯૫૫' હેઠળ રચાયેલી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા;

સન ૧૯૫૯નો ૩૮મો.

(૨) 'સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (સહાયક બેન્ક) અધિનિયમ, ૧૯૫૯'ની કલમ ૨ના ખંડ (ક)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઈ સહાયક બેન્ક;

(૩) 'બેન્કિંગ કંપની (અન્ડરટેકિંગ સંપાદન અને તબદીલી) અધિનિયમ, ૧૯૭૦'ની કલમ ૨ના ખંડ (ઘ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઈ તત્સમાન નવી બેન્ક; સન ૧૯૭૦નો ૫મો.

(૪) 'કૃષિ નાણાંવ્યવસ્થા અને વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૬૩' હેઠળ સ્થપાયેલ કૃષિ નાણાંવ્યવસ્થા અને વિકાસ કોર્પોરેશન. સન ૧૯૬૩નો ૧૦મો.

**સિવિલ કોર્ટોની હકૂમત ઉપર પ્રતિબંધ**

૭૩-કગ. (૧) કલમ ૭૩-ક અથવા કલમ ૭૩-કક અથવા કલમ ૭૩-કખ થી અથવા તે હેઠળ જે પ્રશ્નની પતાવટ, નિર્ણય અથવા નિકાલ કલેકટરે કરવાનો હોય તેવા કોઈ પ્રશ્નની પતાવટ, નિર્ણય અથવા નિકાલ કરવાની કોઈ સિવિલ કોર્ટને હકૂમત રહેશે નહિ.

(૨) કલેકટરે કલમ ૭૩-ક અથવા કલમ ૭૩-કક અથવા કલમ ૭૩-કખ હેઠળ કરેલા કોઈ હુકમ સામે કોઈ સિવિલ કોર્ટમાં અથવા ફોજદારી કોર્ટમાં વાંધો ઉઠાવી શકાશે નહિ.

**સ્પષ્ટીકરણ**.—આ કલમના હેતુ માટે, કોઈ સિવિલ કોર્ટમાં 'મામલતદાર કોર્ટ અધિનિયમ, ૧૯૦૬' હેઠળ, કોઈ મામલતદારની કોર્ટનો સમાવેશ થશે. સન ૧૯૦૬નો મુંબઈનો ૨જો.

**દસ્તાવેજોના રજિસ્ટ્રેશન ઉપર નિયંત્રણ.**

૭૩-ક ઘ. (૧) 'રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮'માં ગમે તે મજકૂર હોય તે છતાં,— સન ૧૯૦૮નો ૧૬મો.

(ક) અનુસૂચિત આદિજાતિઓ પૈકી કોઈપણ આદિજાતિની વ્યક્તિનું ખાતું બીજાને (કલમ ૭૩-કખ હેઠળ ગીરો થતો ન હોય કે બોજો ઊભો થતો ન હોય તે રીતે) નામે કરવાને લગતો કોઈ દસ્તાવેજ 'રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮' હેઠળ નિમાયેલ કોઈ રજિસ્ટર કરનાર અધિકારીથી 'મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ, ૧૯૮૦'ના આરંભની તારીખે (જેનો આ કલમમાં આમાં હવે પછી, "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે તારીખે) અથવા તે પછી રજિસ્ટર કરી શકાશે નહિ, સિવાય કે દસ્તાવેજ રજૂ કરનાર વ્યક્તિ, નામે કરી આપનારે ઠરાવેલા નમૂનામાં કરેલો એકરાર પૂરો પાડે કે કલમ ૭૩-ક અથવા કલમ ૭૩-કક હેઠળ કલેકટરની પૂર્વ મંજૂરીથી ખાતું બીજાને નામે કરવામાં આવ્યું છે અને એવા એકરારની ઠરાવેલી રીતે ખરાઈ કરવાની રહેશે; સન ૧૯૦૮નો ૧૬મો. સન ૧૯૮૦નો ગુજરાતનો

(ખ) ખંડ (ક)માં ઉલ્લેખેલ અનુસૂચિત આદિજાતિઓ પૈકી કોઈપણ આદિજાતિની વ્યકિતનું ખાતું નામે કરવાને લગતો જે કોઈ દસ્તાવેજ સદરહુ તારીખે અથવા તે પછી, રજિસ્ટર કરવામાં આવ્યો હોય તે દસ્તાવેજ એવા રજિસ્ટ્રેશનના સમયથી જ અસરકારક થશે અને અમલમાં આવશે.

(૨) સદરહુ તારીખ પહેલાં કરવામાં આવેલ, પણ સદરહુ તારીખ પછી રજિસ્ટ્રેશન માટે રજૂ કરવામાં આવેલ કોઈપણ અનુસૂચિત આદિજાતિની વ્યકિતઓનાં ખાતાં બીજાને નામે કરવાના દસ્તાવેજોને આ કલમમાંનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ.

**સ્પષ્ટીકરણ**.—આ કલમમાં, "ઠરાવેલું" અને "અનુસૂચિત આદિજાતિઓ" એ શબ્દપ્રયોગોનો અર્થ, કલમ ૭૩-કકના સ્પષ્ટીકરણના અનુક્રમે ખંડો (૧) અને (૨)માં સદરહુ શબ્દપ્રયોગોનો જે અર્થ થાય છે તે જ થશે.".

**૩.** મુખ્ય અધિનિયમની કલમ ૭૯-કમાં,

(૧) ખંડ (ખ)માં, "કલમ ૭૩-ક" એ શબ્દ, આંકડા અને અક્ષરોને બદલે, "કલમ ૭૩-ક અથવા કલમ ૭૩-કક અથવા કલમ ૭૩-કખ" એ શબ્દો, આંકડા અને અક્ષરો મૂકવા; **સન ૧૮૭૯ના મુંબઈના ૫મા અધિનિયમની કલમ ૭૯-કનો સુધારો.**

(૨) નીચેનો પરંતુક અંતે ઉમેરવો:—

"પરંતુ નામે કરી આપનાર આદિવાસી, કલમ ૭૩-કકની પેટા-કલમ (૩)ના ખંડ (ક) હેઠળની અરજી, કબજો પાછો મેળવવા માટે તે ખંડમાં નિર્દિષ્ટ કરેલ સમયમાં કરે નહિ, તો આ કલમ લાગુ પડશે નહિ.".

**૪.** મુખ્ય અધિનિયમની કલમ ૨૧૪ની પેટા-કલમ (૨)માં, ખંડ (ઝઝ)ને ખંડ (ઝ-૧) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલ ખંડ (ઝ-૧) પછી, નીચેના ખંડો દાખલ કરવા :— **સન ૧૮૭૯ના મુંબઈના ૫મા અધિનિયમની કલમ ૨૧૪નો સુધારો.**

"(ઝ-૨) કલેકટરે નામફેરથી લેનારને અથવા તેના હિત—ઉત્તરાધિકારીને કાઢી આપવાની નોટિસનો નમૂનો ઠરાવવા બાબત, કલમ ૭૩-કકની પેટા-કલમ (૩) હેઠળ નામે કરી આપનાર આદિવાસીને પાછા સોંપેલા ખાતાના સંબંધમાં, જમીન મહેસૂલની બાકી ભરવાની જવાબદારીને લગતા નિયમો કરવા બાબત અને નામે કરી આપનાર આદિવાસીએ સદરહુ પેટા-કલમ (૩)ના પરંતુક હેઠળ તેને પાછું સોંપેલ ખાતું કેટલી મુદતમાં સ્વીકારી લેવું જોઈએ તે ઠરાવવા બાબત

(ઝ-૩) જે સંજોગોમાં અને જે શરતોને અધીન રહીને, પેટા-કલમ (૨) હેઠળ કલેકટરની પૂર્વ-મંજૂરી આપવામાં આવશે તે સંજોગો અને શરતો, પેટા-કલમ (૫) હેઠળ ખાતાની જે ભોગવટા કિંમત; ભર્યે ખાતું આપવામાં આવશે તે ભોગવટા કિંમત અને જે અંતરની અંદર બીજું કોઈ ગામ આવેલું હોય તે અંતર અને જે અગ્રતાક્રમમાં, જે ભોગવટા કિંમતે અને જે શરતોને અધીન રહીને કલમ ૭૩-કકની પેટા-કલમ (૬) હેઠળ વ્યકિતઓના અન્ય વર્ગોને ખાતું આપવામાં આવશે તે ઠરાવવા બાબત;

(ઝ-૪) કલમ ૭૩-કઘની પેટા-કલમ (૧)ના ખંડ (ક) હેઠળ નામે કરી આપનારે કરવાના એકરારનો નમૂનો અને આવા એકરારની ખરાઈ કરવાની રીત બાબત.".

**૫.** અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલા અધિનિયમો, આથી, તેના કોલમ ૩માં નિર્દિષ્ટ કરેલી રીતે અને તેટલે સુધી સુધારવામાં આવે છે :— **અમુક અધિનિયમોના સુધારા.**

## અનુસૂચિ

(જુઓ કલમ ૫)

| અનુક્રમાંક | અધિનિયમો | સુધારા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮નો મુંબઈનો ૬૭મો). | (૧) કલમ ૪-ખમાં, "કોઈ જમીનનો" એ શબ્દો પછી, "('મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯'ની કલમ ૭૩-કક હેઠળ કલેકટરની પૂર્વ મંજૂરીથી ઊભો કરેલ ગણોત વહીવટ સિવાયનો)" એ કૌંસ, શબ્દો, આંકડા અને અક્ષરો દાખલ કરવા. |
| | | (૨) કલમ ૮૮-ગ પછી, નીચેની કલમ દાખલ કરવી:- |
| | **અમુક ગણોતિયાઓના જમીન ખરીદવાના હકને બાધ.** | "૮૮-ગગ. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ અનુસૂચિત આદિજાતિનો ન હોય તેવો કોઈ ગણોતિયો, 'મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, |

**સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો.**

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| | **સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો. સન ૧૯૮૦નો ગુજરાતનો.** | ૧૮૭૯'ની કલમ ૭૩-કક હેઠળ કલેક્ટરની પૂર્વ મંજૂરીથી તેને પટે આપેલી કોઈ જમીન, 'મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ, ૧૯૮૦'ના આરંભ પછી, આ અધિનિયમ હેઠળ જમીનના માલિક પાસેથી ખરીદવાને હકદાર રહેશે નહિ.<br><br>**સ્પષ્ટીકરણ.**—આ કલમના હેતુ માટે "અનુસૂચિત આદિજાતિઓ" એટલે સંવિધાનની કલમ ૩૪૨ હેઠળ ગુજરાત રાજ્યના સંબંધમાં, અનુસૂચિત આદિજાતિઓ તરીકે ગણાતી હોય તેવી આદિજાતિઓ અથવા આદિજાતિ કોમો અથવા એવી આદિજાતિઓ અથવા આદિજાતિ કોમોમાંના ભાગો અથવા જૂથો." |
| ૨. | મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ વિસ્તાર) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮નો મુંબઈનો ૯૯મો). | (૧) કલમ ૯માં, "કોઈ જમીનનો" એ શબ્દો પછી, "('મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯'ની કલમ ૭૩-કક હેઠળ કલેક્ટરની પૂર્વમંજૂરીથી ગ્રેમો કરેલ ગણોતવહીવટ સિવાયનો)" એ કૌંસ, શબ્દો, આંકડા અને અક્ષરો દાખલ કરવા.<br><br>(૨) કલમ ૧૩૦ પછી, નીચેની કલમ દાખલ કરવી:— |

**અમુક ગણોતિયાઓનો જમીન ખરીદવાના હકને બાધ.**

**સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો. સન ૧૯૮૦નો ગુજરાતનો.**

"૧૩૦-ક. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ અનુસૂચિત આદિજાતિનો ન હોય તેવો કોઈ ગણોતિયો, 'મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯'ની કલમ ૭૩-કક હેઠળ કલેક્ટરની પૂર્વ મંજૂરીથી તેને પટે આપેલી કોઈ જમીન, 'મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ, ૧૯૮૦'ના આરંભ પછી, આ અધિનિયમ હેઠળ જમીન માલિક પાસેથી ખરીદવાને હકદાર રહેશે નહિ.

**સ્પષ્ટીકરણ.**—આ કલમના હેતુ માટે "અનુસૂચિત આદિજાતિઓ" એટલે સંવિધાનની કલમ ૩૪૨ હેઠળ ગુજરાત રાજ્યના સંબંધમાં, અનુસૂચિત આદિજાતિઓ તરીકે ગણાતી હોય તેવી આદિજાતિઓ અથવા આદિજાતિ કોમો અથવા એવી આદિજાતિઓ અથવા આદિજાતિ કોમોમાંના ભાગો અથવા જૂથો.".

## ઉદ્દેશો અને કારણો

'મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯'ની કલમ ૭૩ની જોગવાઈઓ અનુસાર ખાતાં સામાન્ય રીતે વારસાગત હોય છે અને બીજાના નામે કરી શકાય છે. પરંતુ જ્યાં મૂળ સરવે અને સેટલમેન્ટ દાખલ કરવામાં આવેલ ન હોય તેવા કોઈ પ્રદેશ અથવા ગામને, અધિનિયમની કલમ ૭૩-ક લાગુ પાડવાનું જાહેર કરવાની સત્તા સદરહુ કલમ ૭૩-ક હેઠળ સરકાર હસ્તક રહેલી છે અને એવી જાહેરાત કરવામાં આવતાં, આવા પ્રદેશ કે ગામમાંના ખાતા કલેકટરની પૂર્વ મંજૂરી વિના બીજાને નામે કરી શકાતાં નથી. આમ ઉકત કલમ ૭૩-ક મર્યાદિત પ્રમાણમાં લાગુ પડતી હોવાને કારણે, તે કલમમાં જણાવેલ વિદ્યમાન નિયંત્રણ, અનુસૂચિત આદિજાતિઓની વ્યકિતઓને શોષણમાંથી રક્ષણ આપવામાં અપૂરતું જણાયું છે. અનુસૂચિત આદિજાતિઓની વ્યકિતઓની આર્થિક ઉન્નતિ માટે અને આવી વ્યકિતઓના થતા શોષણ સામે રક્ષણ આપવાની જોગવાઈ કરવા માટે, અનુસૂચિત આદિજાતિની વ્યકિત (જેનો આમાં હવે પછી, "આદિવાસી" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)નું ખાતું બીજાને નામે કરવા ઉપર પ્રતિબંધ મૂકવાનું, આદિવાસીએ ખાતું બીજા આદિવાસીને નામે કર્યું હોય, ત્યારે તેને તેનો કબજો પાછો સોંપવાની જોગવાઈ કરવાનું, સન ૧૯૬૧ના એપ્રિલ મહિનાની ૪થી તારીખે શરૂ થતી અને 'મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ, ૧૯૮૦'ના આરંભની તારીખની તરત પહેલાંના દિવસે પૂરી થતી મુદત દરમિયાન આદિવાસીઓએ બીજા આદિવાસીઓને નામે કરેલાં ખાતાંઓના નામફેર કાયદેસર ઠરાવવાનું અને આદિવાસીઓએ આદિવાસીઓ સિવાયની અન્ય વ્યકિતઓને નામે કરી આપેલાં ખાતાં રદબાતલ ઠરાવવાનું અને જે આદિવાસીઓએ આવાં ખાતાં બીજાને નામે કર્યાં હોય તેઓને તે પાછાં આપી શકાય તે માટે આવાં ખાતાં રાજ્ય સરકારમાં નિહિત કરવાની જોગવાઈ કરવાનું જરૂરી જણાય છે. મુખ્યત્વે ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા માટે આ વિધેયકથી સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

૨. વિધેયકની કલમો અંગેની નીચેની નોંધોમાં વિધેયકની અગત્યની જોગવાઈઓ સમજાવવામાં આવી છે:—

કલમ ૨.—આ કલમથી, સદરહુ અધિનિયમમાં નવી કલમો ૭૩-કક, ૭૩-કખ, ૭૩-કગ અને ૭૩-કઘ દાખલ કરવા ધાર્યું છે.

(૧) કોઈ આદિવાસીએ ધરાવેલ ખાતાં કલેકટરની પૂર્વમંજૂરી સિવાય બીજી કોઈ વ્યકિતને નામે કરવા ઉપર કલમ ૭૩-કકથી પ્રતિબંધ મૂકવા ધાર્યું છે. ઉપર્યુકત પ્રતિબંધનું ઉલ્લંઘન કરીને ખાતાંનો કબજો અન્ય આદિવાસીઓને નામે કરવામાં આવ્યો હોય, ત્યારે આદિવાસીઓને આવો કબજો પાછો સોંપવા માટે જોગવાઈ કરવામાં આવી છે, કલમ ૭૩-કનું ઉલ્લંઘન કરીને આદિવાસીઓએ બીજા આદિવાસીઓને અગાઉ કરી આપેલ ખાતાંના નામફેર કાયદેસર ઠરાવવા ધાર્યું છે. કલમ ૭૩-કનું અથવા ઉપર્યુકત પ્રતિબંધનું ઉલ્લંઘન કરીને, બિન-આદિજાતિઓની તરફેણમાં કરવામાં આવેલાં ખાતાંનાં નામફેરની બાબતમાં, એવાં ખાતાં રાજ્યમાં નિહિત થાય તે માટે અને બીજા નામે કરી આપનાર આદિવાસીઓને અથવા અન્ય વ્યકિતઓને તે ખાતાં ફરીથી આપવા માટે જોગવાઈ કરવામાં આવી છે.

(૨) નવી કલમ ૭૩-કઘથી, કોઈ ખાતેદાર તેને ધીરેલી લોનના અવેજમાં રાજ્ય સરકારની અને અમુક નાણાકીય સંસ્થાઓની તરફેણમાં તેના ખાતાંમાંનું તેનું હિત ગીરો મૂકી શકે અથવા તેના ઉપર બોજો ઉભો કરી શકે તેમ છે અને કસૂર થાય તે પ્રસંગે, યથાપ્રસંગ, રાજ્ય સરકારને અથવા નાણાકીય સંસ્થાને, ખાતામાંના ખાતેદારનું હિત જપ્ત કરાવવાની અને વસૂલાત માટે તે વેચવાની પરવાનગી એ શરતે આપવામાં આવી છે કે ખાતેદાર આદિવાસી હોય, ત્યારે કલેકટરની પૂર્વમંજૂરી વિના બિન-આદિવાસીને હિત વેચી શકાશે નહિ.

IX-Extra—89-2

(ઘ) સદરહુ કલમ ૭૩-કકની પેટા-કલમ (૬)થી, રાજ્ય સરકારને નીચેની સત્તા મળે છે :—

(૧) ગામના જે અંતરે બીજું કોઈ ગામ સદરહુ પેટા-કલમ (૬)ના હેતુ માટે આવેલું હોવું જોઈએ તે અંતર ઠરાવવાની;

(૨) જે અગ્રતાક્રમમાં, જે ભોગવટા કિંમતે અને જે શરતોએ ખાતું અન્ય વર્ગની વ્યક્તિઓને આપવામાં આવશે તે ઠરાવવાની.

(૨) આ કલમથી, અધિનિયમમાં દાખલ કરવા ધારેલી નવી કલમ ૭૩-ક ઘની પેટા-કલમ (૧) ના ખંડ (ક) થી, રાજ્ય સરકારને નામે કરી આપનારે જે નમૂનામાં એકરાર કરવો જોઈએ તે નમૂનો અને જે રીતે આવા એકરારની ખરાઈ કરવી જોઈશે તે રીત ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૪.**—આ કલમથી, કલમ ૨૧૪ની પેટા-કલમ (૨) માં દાખલ કરવા ધારેલા ખંડો (ઝ-૨), (ઝ-૩) અને (ઝ-૪)થી, રાજ્ય સરકારને, નવી કલમો ૭૩-કક અને ૭૩-કઘના સંબંધમાં નિયમો કરવાની સત્તા મળે છે.

ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૩જી સપ્ટેમ્બર ૧૯૮૦. (સહી) માધવસિંહ એફ. સોલંકી.

દ્વિજેન દેસાઈ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગાંધીનગર,
તા. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૮૦.

શિક્ષણ મંત્રીશ્રી, પ્રબોધ રાવલે તા. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૮૦ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિદ્ધ કરવામાં આવે છે :—

**Gujarat Bill No. 44 of 1980.**

**THE GUJARAT UNIVERSITY LAWS (AMENDMENT) BILL, 1980.**

*A BILL*

*to provide for amendment of certain provisions of Acts relating to certain Universities in the State.*

**સન ૧૯૮૦નું ગુજરાત વિધેયક ક્રમાંક—૪૪.**

**ગુજરાત યુનિવર્સિટી કાયદા (સુધારા) વિધેયક, ૧૯૮૦.**

**રાજ્યમાં કેટલીક યુનિવર્સિટીઓને લગતા અધિનિયમોની કેટલીક જોગવાઈઓ સુધારવા માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.**

આથી ભારતના ગણરાજ્યના એકત્રીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

**ટૂંકી સંજ્ઞા.** ૧. આ અધિનિયમ 'ગુજરાત યુનિવર્સિટી કાયદા (સુધારા) અધિનિયમ, ૧૯૮૦' કહેવાશે.

**રાજ્યમાંની કેટલીક યુનિવર્સિટીઓને લગતા અધિનિયમોની અમુક જોગવાઈઓ સુધારવા બાબત.** ૨. આ અધિનિયમને જોડેલી અનુસૂચિના બીજા કોલમમાં નિર્દિષ્ટ કરેલા અધિનિયમો પૈકી દરેક અધિનિયમ, તેના ત્રીજા કોલમમાં તેની સામે નિર્દિષ્ટ કરેલ હોય તે રીતે અને તેટલે સુધી સુધારવામાં આવશે :—

**અનુસૂચિ**

(જુઓ કલમ ૨)

| અનુક્રમાંક | ટૂંકી સંજ્ઞા | કેટલે સુધી સુધાર્યો તે |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો વડોદરા અધિનિયમ ૧૭). | કલમ ૫૪-ક પછી, નીચેની નવી કલમ દાખલ કરવી :—<br>**અધિકારીઓ અને કર્મચારીઓ રાજ્ય-સેવકો ગણાશે.** "૫૪-કક. યુનિવર્સિટીના દરેક અધિકારી અને કર્મચારી, 'ભારતના ફોજદારી અધિનિયમ'ની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે.<br>સ્પષ્ટીકરણ :—આ કલમના હેતુઓ માટે, જેની નિમણૂક યુનિવર્સિટીએ નિર્દિષ્ટ મુદત માટે અથવા યુનિવર્સિટીના નિર્દિષ્ટ કામ માટે કરી હોય અથવા કરેલા કોઈ કામ માટે જેને યુનિવર્સિટી ફંડમાંથી વળતર ભથ્થાં અથવા ફી તરીકે કશું મહેનતાણું મળતું હોય તે વ્યકિત, આવી નિમણૂક અથવા કાર્ય સાથે સંકળાયેલ ફરજો તથા કાર્યો તે બજાવતી હોય, ત્યારે અને તેની બજવણી સંબંધી તમામ બાબતો સંબંધમાં યુનિવર્સિટીના અધિકારી અથવા કર્મચારી છે તેમ ગણાશે.". |

| ૧ | ૨ | | ૩ |
|---|---|---|---|
| ૨. | ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો મુંબઈનો ૫૦મો). | કલમ ૫૧-ક પછી, નીચેની નવી કલમ દાખલ કરવી:— | |
| | | **અધિકારીઓ અને કર્મચારીઓ રાજ્ય સેવકો ગણાશે.** | "૫૧-કક. યુનિવર્સિટીના દરેક અધિકારી અને કર્મચારી, 'ભારતના ફોજદારી અધિનિયમ'ની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે.<br><br>સ્પષ્ટીકરણ :—આ કલમના હેતુઓ માટે, જેની નિમણૂક યુનિવર્સિટીએ નિર્દિષ્ટ મુદત માટે અથવા યુનિવર્સિટીના નિર્દિષ્ટ કામ માટે કરી હોય અથવા કરેલા કોઈ કામ માટે જેને યુનિવર્સિટી ફંડમાંથી વળતર-ભથ્થાં અથવા ફી તરીકે કશું મહેનતાણું મળતું હોય તે વ્યકિત, આવી નિમણૂક અથવા કાર્ય સાથે સંકળાયેલ ફરજો તથા કાર્યો તે બજાવતી હોય, ત્યારે અને તેની બજવણી સંબંધી તમામ બાબતો સંબંધમાં યુનિવર્સિટીના અધિકારી અથવા કર્મચારી છે તેમ ગણાશે.". |
| ૩. | સરદાર પટેલ યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫નો મુંબઈનો ૪૦મો). | કલમ ૫૬ પછી, નીચેની નવી કલમ દાખલ કરવી :— | |
| | | **અધિકારીઓ અને કર્મચારીઓ રાજ્ય સેવકો ગણાશે.** | "૫૬-ક. યુનિવર્સિટીના દરેક અધિકારી અને કર્મચારી, 'ભારતના ફોજદારી અધિનિયમ'ની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે.<br><br>સ્પષ્ટીકરણ :—આ કલમના હેતુઓ માટે, જેની નિમણૂક યુનિવર્સિટીએ નિર્દિષ્ટ મુદત માટે અથવા યુનિવર્સિટીના નિર્દિષ્ટ કામ માટે કરી હોય અથવા કરેલા કોઈ કામ માટે જેને યુનિવર્સિટી ફંડમાંથી વળતર ભથ્થાં અથવા ફી તરીકે કશું મહેનતાણું મળતું હોય તે વ્યકિત, આવી નિમણૂક અથવા કાર્ય સાથે સંકળાયેલ ફરજો તથા કાર્યો તે બજાવતી હોય, ત્યારે અને તેની બજવણી સંબંધી તમામ બાબતો સંબંધમાં યુનિવર્સિટીના અધિકારી અથવા કર્મચારી છે તેમ ગણાશે.". |

| ૧ | ૨ | | ૩ |
|---|---|---|---|
| ૪. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫ (સન ૧૯૬૫નો ગુજરાતનો ૩૮મો). | કલમ ૫૨ પછી, | | નીચેની નવી કલમ દાખલ કરવી :— |
| | | અધિકારીઓ અને કર્મચારીઓ રાજ્ય સેવકો ગણાશે. | "૫૨-ક. યુનિવર્સિટીના દરેક અધિકારી અને કર્મચારી, 'ભારતના ફોજદારી અધિનિયમ'ની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે.<br><br>સ્પષ્ટીકરણ:—આ કલમના હેતુઓ માટે, જેની નિમણૂક યુનિવર્સિટીએ નિર્દિષ્ટ મુદત માટે અથવા યુનિવર્સિટીના નિર્દિષ્ટ કામ માટે કરી હોય અથવા કરેલા કોઈ કામ માટે જેને યુનિવર્સિટી ફંડમાંથી વળતર ભથ્થાં અથવા ફી તરીકે કશું મહેનતાણું મળતું હોય તે વ્યક્તિ, આવી નિમણૂક અથવા કાર્ય સાથે સંકળાયેલ ફરજો તથા કાર્યો તે બજાવતી હોય, ત્યારે અને તેની બજવણી સંબંધી તમામ બાબતો સંબંધમાં યુનિવર્સિટીના અધિકારી અથવા કર્મચારી છે તેમ ગણાશે.". |
| ૫. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫ (સન ૧૯૬૫નો ગુજરાતનો ૩૯મો). | કલમ ૫૨ પછી, | | નીચેની નવી કલમ દાખલ કરવી :— |
| | | અધિકારીઓ અને કર્મચારીઓ રાજ્ય સેવકો ગણાશે. | "૫૨-ક. યુનિવર્સિટીના દરેક અધિકારી અને કર્મચારી, 'ભારતના ફોજદરી અધિનિયમ'ની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે.<br><br>સ્પષ્ટીકરણ:—આ કલમના હેતુઓ માટે, જેની નિમણૂક યુનિવર્સિટીએ નિર્દિષ્ટ મુદત માટે અથવા યુનિવર્સિટીના નિર્દિષ્ટ કામ માટે કરી હોય અથવા કરેલા કોઈ કામ માટે જેને યુનિવર્સિટી ફંડમાંથી વળતર ભથ્થાં અથવા ફી તરીકે કશું મહેનતાણું મળતું હોય તે વ્યક્તિ, આવી નિમણૂક અથવા કાર્ય સાથે સંકળાયેલ ફરજો તથા કાર્યો તે બજાવતી હોય, ત્યારે અને તેની બજવણી સંબંધી તમામ બાબતો સંબંધમાં યુનિવર્સિટીના અધિકારી અથવા કર્મચારી છે તેમ ગણાશે.". |

| ૧ | ૨ | | ૩ |
|---|---|---|---|
| ૬. | ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫ (સન ૧૯૬૫નો ગુજરાતનો ૪૦મો). | | કલમ ૪૫ પછી, નીચેની નવી કલમ દાખલ કરવી :— |
| | | અધિકારીઓ અને કર્મચારીઓ રાજ્ય સેવકો ગણાશે. | "૪૫–ક. યુનિવર્સિટીના દરેક અધિકારી અને કર્મચારી, 'ભારતના ફોજદારી અધિનિયમ'ની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે. |
| | | | સ્પષ્ટીકરણ :—આ કલમનાં હેતુઓ માટે જેની નિમણૂક યુનિવર્સિટીએ નિર્દિષ્ટ મુદત માટે અથવા યુનિવર્સિટીના નિર્દિષ્ટ કામ માટે કરી હોય અથવા કરેલા કોઈ કામ માટે જેને યુનિવર્સિટી ફંડમાંથી વળતર ભથ્થાં અથવા ફી તરીકે કશું મહેનતાણું મળતું હોય તે વ્યકિત, આવી નિમણૂક અથવા કાર્ય સાથે સંકળાયેલ ફરજો તથા કાર્યો તે બજાવતી હોય, ત્યારે અને તેની બજવણી સંબંધી તમામ બાબતો સંબંધમાં યુનિવર્સિટીના અધિકારી અથવા કર્મચારી છે તેમ ગણાશે.". |
| ૭. | ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૬૯નો ગુજરાતનો ૧૩મો). | | કલમ ૪૨ પછી, નીચેની નવી કલમ દાખલ કરવી :— |
| | | અધિકારીઓ અને કર્મચારીઓ રાજ્ય સેવકો ગણાશે. | "૪૨–ક. યુનિવર્સિટીના દરેક અધિકારી અને કર્મચારી, 'ભારતના ફોજદારી અધિનિયમ'ની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવક ગણાશે. |
| | | | સ્પષ્ટીકરણ :—આ કલમના હેતુઓ માટે જેની નિમણૂક યુનિવર્સિટીએ નિર્દિષ્ટ મુદત માટે અથવા યુનિવર્સિટીના નિર્દિષ્ટ કામ માટે કરી હોય અથવા કરેલા કોઈ કામ માટે જેને યુનિવર્સિટી ફંડમાંથી વળતર ભથ્થાં અથવા ફી તરીકે કશું મહેનતાણું મળતું હોય તે વ્યકિત, આવી નિમણૂક અથવા કાર્ય સાથે સંકળાયેલ ફરજો તથા કાર્યો તે બજાવતી હોય, ત્યારે અને તેની બજવણી સંબંધી તમામ બાબતો સંબંધમાં યુનિવર્સિટીના અધિકારી અથવા કર્મચારી છે તેમ ગણાશે.". |

## ઉદ્દેશો અને કારણો

યુનિવર્સિટીના અધિકારીઓ અને કર્મચારીઓ 'ભારતના ફોજદારી અધિનિયમ'ની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવકો ગણાશે તેવી મતલબની 'ભાવનગર યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૭૮'ની કલમ ૫૯માં સમાવિષ્ટ કરેલી જોગવાઈ જેવી જોગવાઈ રાજ્યના જુદા જુદા યુનિવર્સિટી અધિનિયમોમાં ન હોવાને કારણે, કોઈપણ ગેરરીતિ આચરવામાં સંડોવાયેલ કોઈપણ પરિક્ષક, પેપર કાઢનાર અથવા મોડરેટર સામે યોગ્ય પગલાં લેવાનું શકય નથી. રાજ્યના જુદા જુદા યુનિવર્સિટી અધિનિયમોમાં આવી જોગવાઈ સમાવિષ્ટ કરવાનું જરૂરી જણાય છે, જેથી આવી વ્યકિતઓ સામે યોગ્ય પગલાં લઈ શકાય. આ વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા માટે જુદા જુદા યુનિવર્સિટી અધિનિયમો સુધારવા ધાર્યું છે.

તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૮૦. (સહી) પ્રબોધ રાવળ.

દ્વિજેન દેસાઈ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગાંધીનગર,
તા. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૮૦.

IX—Extra—89-3

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

જમીન મહેસૂલ સંહિતાની કલમ -૭૩-એ નીચે પરવાનગી મેળવ્યા વગર આદિવાસી/ આદિવાસી વચ્ચે જમીનની તબદીલીના કેસો બાબત.

---

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક :- અદજ-૧૦૭૭-એમઆર-૩૦૪૧-ઝ.
સચિવાલય,ગાંધીનગર.
તા. ૧૩ -૧૧-૧૯૮૦.

વાંચ્યા લીધો:- પરિપત્ર ક્રમાંક :-અદજ-૧૦૭૭-એમઆર-૩૦૪૧-ઝ,
તારીખ ૬-૧-૭૮.

## -: પ રિ પ ત્ર :-

[illegible] ૭૭-એમઆર-૩૦૪૧-ઝ, તારીખ ૬-૧-૭૮ અન્વયે આદિવાસી/ આદિવાસી વચ્ચે થયેલ ૭૩ એ. હેઠળના ભંગના કેસોમાં વિગતવાર તપાસની કાર્યવાહી કરવા પણ આખરી હુકમો ન કરવા સૂચના આપવામા આવેલ છે. ૭૩-એ ની જોગવાઈમા સુધારો કરતું વિધેયક ક્રમાંક :-૪૩ ક જે ગુજરાત સરકારના અસાધારણ ગેઝેટ મા ભાગ -૫ માં પાના ૨૪-૧ થી ૨૪-૧૫ પર તા. ૧૫-૯-૮૦ ના પ્રકાશીત થએલ છે , તે વિધાનસભાએ સપ્ટેમ્બર-૧૯૮૦ મા પસાર કરેલ છે. આ વિધેયક કાયદો બનતાં કલમ ૭૩-એ-એ-૩(બી) મુજબ તા.૪-૪-૬૧ થી કાયદો અમલમા આવે તે તારીખ સુધીનાં આદિવાસી/ આદિવાસી વચ્ચેના ૭૩ એ ના ભંગના કેસો નિયમબધ્ધ થઇ જશે. આ સંદર્ભમાં ઉપરોકત હુકમોમા ફેરફાર કરી આથી બધા કલેકટરશ્રીઓને સૂચના આપવામા આવે છે કે આદિવાસી/ આદિવાસી વચ્ચેના ૭૩ એ ના ભંગના કેસો પર કોઇ કાર્યવાહી ન કરવી અને તે જેમ છે તેમ સ્થગિત રાખવા. જો આવા કોઈ કોર્ટના કેસમા/હુકમો હોય તો જિલ્લા સરકારી વકીલશ્રીની સલાહ મુજબ કાર્યવાહી કરવી અને જરુર જણાયે સરકારના હુકમો મેળવવા.

૨ આદિવાસી/ આદિવાસી વચ્ચેના ૭૩ -એ ના ભંગના કેસો સ્થગીત

..૨

થતાં જે કેસોમાં તબદીલી બિનઆદિવાસીની તરફેણમાં થયેલ છે તેવા કેસો આખરી કરવા પર લક્ષ કેન્દ્રી ત કરવા સબંધી ત અધિકારીઓને કલેકટરશ્રીઓએ જરુરી સૂચના આપવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( હ.વ. પટેલ)
સેકશન અધિકારી,
મહેસૂલ વિભાગ,ગુજરાત સરકાર.

નકલ રવાના:-
બધા કલેકટરશ્રીઓ,
ક. કલેકટરશ્રી એલ.એન.ડી-૬(૭૩-અ) રાજપીપલા- હિંમતનગર.

ખાસ સચિવશ્રી, (વિવાદ) મહેસૂલ વિભાગ, અમદાવાદ

જમીન સુધારણા કમિશ્નરશ્રી, મહેસૂલ વિભાગ, ગાંધીનગર.

ના. નિયામકશ્રી, (સ્ટે.સેલ) મહેસૂલ વિભાગ, ગાંધીનગર

અ, જ.ય, ગ, લ, છ, અનેતપાસણી શાખા, મહેસૂલ વિભાગ,

વિશિષ્ટ ફાઇલ ( શાખા, મદદનીશ, સેકશન અધિકારી )

Extra No. 59 REGISTERED NO. LI/59/GNR/2

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXII] FRIDAY, DECEMBER 26, 1980/PAUSA 5, 1902

Separate paging is given to this Part in order that it may be filed as a separate Compilation.

# PART IV

of the Gujarat Legislature and Ordinances promulgated and Regulations made by the Government.

The following Act of the Gujarat Legislature having been assented to by the President on the 20th December, 1980 is hereby published for general information.

J. P. VASAVADA,

Joint Secretary to the Government of Gujarat,
Legal Department.

## GUJARAT ACT NO. 37 OF 1980.

(First published, after having received the assent of the President in the "*Gujarat Government Gazette*" on the 26th December, 1980).

An Act further to amend the Bombay Land Revenue Code, 1879.

It is hereby enacted in the Thirty-first Year of the Republic of India as follows :—

1. (*1*) This Act may be called the Bombay Land Revenue (Gujarat Second Amendment) Act, 1980. Short title and commencement.

(*2*) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

Insertion of new sections 73AA, 73AB, 73AC and 73AD in Bom. V of 1879.

2. In the Bombay Land Revenue Code, 1879 (hereinafter referred to as "the principal Act"), after section 73A, the following sections shall be inserted, namely:— Bom. V of 1879.

Restriction on transfer of occupancies of tribals to tribals or non-tribals.

"73AA. *(1)* Notwithstanding anything contained in section 73, an occupancy of a person belonging to any of the Scheduled Tribes (hereafter in this section and in section 73AB referred to as "the tribal") shall not be transferred to any person without the previous sanction of the Collector.

*(2)* The previous sanction of the Collector under sub-section *(1)* may be given in such circumstances and subject to such conditions as may be prescribed.

*(3)* *(a)* Where tribal transfers the possession of his occupancy to another tribal in contravention of sub-section *(1)*, the tribal transferor or his successor in interest may, within two years of such transfer, apply to the Collector that the possession of such occupancy may be restored to him and thereupon the Collector shall, after issuing a notice to the transferee or his successor in interest, as the case may be, in the prescribed form to show cause why he should not be [illegible] entitled to retain possession of the occupancy and after holding such inquiry he deems fit, declare that the transferee or his successor in interest shall n[illegible] entitled to retain possession of the occupancy and that the occupancy shal[illegible] restored to the tribal transferor or his successor in interest, as the case may [illegible] on the same terms and conditions on which the transferor held it immediatel[illegible] before the transfer and subject to his acceptance of the liability for payment of arrears of land revenue in respect of such occupancy in accordance with the rules made by the State Government and that the transferee or his successor in intere[illegible] as the case may be, shall be deemed to be unauthorisedly occupying the occ[illegible]pancy:

Provided that such declaration shall stand revoked if the tribal transferor, or as the case may be, his successor in interest fails or refuses in writing to accept the restoration of the possession of such occupancy within the prescribed period.

*(b)* Where—

*(i)* a tribal in contravention of sub-section *(1)* of section 73A or [illegible] other law for the time being in force has transferred his occupancy to [illegible] tribal at any time during the period commencing on the 4th April, 1[illegible] ending on the day immediately before the date of commencemen[illegible] Bombay Land Revenue (Gujarat Second Amendment) Act, 1980, an[illegible]

*(ii)* the tribal transferee or his successor in interest has not been evi[illegible] such occupancy under section 79A.

the transfer of occupancy shall be valid, as if it were made with th[illegible] sanction of the Collector under section 73A.

(4) Where a tribal—

(a) in contravention of sub-section (1) of this section, or of sub-section (1) of section 73A, or of any other law for the time being in force, transfers his occupancy to any person other than a tribal (hereafter in this section and in section 73AB referred to as "the non-tribal") at any time on or after the date of commencement of the Bombay Land Revenue (Gujarat Second Amendment) Act, 1980 (hereinafter in this section referred to as "the said date"); or

Guj. 37 of 1980.

(b) in contravention of sub-section (1) of section 73A or of any other law for the time being in force has transferred his occupancy to a non-tribal at any time before the said date,

The Collector shall, notwithstanding anything contained in any law for the time being in force, either *suo-motu* at any time, or on an application made by the tribal transferor or his successor-in interest at any time within three years from the said date or the date of such transfer, whichever is later, after issuing a notice to the transferee or his successor in-interest, as the case may be, to show cause why the transfer should not be declared void and after making such inquiry as he thinks fit, declare the transfer of such occupancy to be void and thereupon the occupancy together with the standing crops thereon, if any, shall vest in the State Government free from all encumbrances.

(5) Where an occupancy is vested in the State Government under sub-section (4) and such occupancy was assessed or held for the purposes of agriculture immediately before its transfer by the tribal transferor, the Collector shall, after taking necessary action under sections 79A and 202, give notice to the tribal transferor or his successor in interest, as the case may be, requiring him to state in writing within ninety days from the date of receipt of such notice whether he is willing to purchase the occupancy and cultivate it personally, and if such tribal transferor or his successor in-interest agrees to purchase the occupancy and undertakes to cultivate it personally, it may be granted to him on payment of the prescribed occupancy price.

(6) If within the said period of ninety days the transferor or his successor in interest does not intimate his willingness to purchase the occupancy and to cultivate it personally, or fails to pay the occupancy price within such period as may be specified by the Collector, the occupancy shall be granted to any other tribal residing in the same village or in any other village situated within such distance from the village as may be prescribed, on the same conditions, including the payment of the occupancy price, as are specified in sub-section (5), and if he is not so willing, it shall be granted to other classes of persons in such order of priority, at such occupancy price and subject to such conditions as may be prescribed.

(7) Where any occupancy is transferred to a non-tribal in contravention of sub-section (1), such non-tribal shall, without prejudice to any other liability to which he may be subject, be liable to pay to the State Government, a penalty not

exceeding three times the value of the occupancy, such penalty and value to be determined by the Collector, and such determination shall be final :

Provided that before levying any such penalty, the non-tribal shall be given a reasonable opportunity of being heard.

(8) The penalty payable under sub-section (7) shall, if it is not paid within the time specified by the Collector, be recoverable as an arrear of land revenue.

*Explanation.*—For the purposes of this section,—

(i) "prescribed" means prescribed by rules made under section 214;

(ii) "Scheduled Tribes" means such tribes or tribal communities or parts of or groups within such tribes or tribal communities as are deemed to be Scheduled Tribes in relation to the State of Gujarat under article 342 of the Constitution;

(iii) "to cultivate personally" shall have the meaning assigned to it in clause (6) of section 2 of the Bombay Tenancy and Agricultural Lands Act, 1948. Bom. LXVI ...

Right of occupant to mortgage his occupancy in favour of State Government and certain institutions.

73AB. Notwithstanding anything contained in section 73 or in sub-section (1) of section 73AA or in any condition lawfully annexed to the tenure, but subject to the provisions contained in section 56, it shall be lawful for an occupant to mortgage, or create a charge on his interest, in his occupancy in favour of the State Government in consideration of a loan advanced to him by the State Government under the Land Improvement Loans Act, 1883, the Agriculturists Loans Act, 1884, or the Bombay Non-Agriculturists' Loans Act, 1928 as in force in the State of Gujarat or in favour of a bank or a cooperative society, and without prejudice to any other remedy open to the State Government, bank or cooperative society, as the case may be, in the event of his making default in the payment of such loan in accordance with the terms on which such loan was granted, it shall be lawful for the State Government, bank or co-operative society, as the case may be, to cause his interest in the occupancy to be attached and sold and the proceeds to be applied in payment of such loan : 19 of 1883. 12 of 1884. Bom. III of 1928.

Provided that if such occupant is a tribal his interest in the occupancy shall not be sold to a non-tribal without the previous sanction of the Collector.

*Explanations.*—For the purposes of this section "bank" means—

(i) the State Bank of India constituted under the State Bank of India Act, 1955; 23 of 1955.

(ii) any subsidiary bank as defined in clause (k) of section 2 of the State Bank of India (Subsidiary Banks) Act, 1959; 38 of 1959.

(iii) any corresponding new bank as defined in clause (d) of section 2 of the Banking Companies (Acquisition and Transfer of Undertakings) Act, 1970; 5 of 1970.

(iv) the Agricultural Refinance and Development Corporation established
10 of 1963. under the Agricultural Refinance and Development Corporation Act, 1963.

73AC. (1) No civil court shall have jurisdiction to settle, decide or deal with any question which is by or under section 73-A or section 73AA or section 73AB required to be settled, decided or dealt with by the Collector nor shall the civil court have jurisdiction to entertain any suit or application for grant of injunction (whether temporary or permanent) in relation to such question. Bar of jurisdiction of Civil Courts.

(2) No order of the Collector made under section 73-A or section 73AA or section 73AB shall be called in question in any civil or criminal court.

Bom. II of 1906. *Explanation*.—For the purposes of this section, a civil court shall include a Mamlatdar's Court under the Mamlatdar's Court Act, 1906.

16 of 1908. 73AD. (1) Notwithstanding anything contained in the Registration Act, 1908,— Restriction on registration of documents.

(a) no document relating to transfer (not being a mortgage or creation of charge falling under section 73AB) of an occupancy of a person belonging to any of the Scheduled Tribes shall be registered on or after the date of the commencement of the Bombay Land Revenue (Gujarat Second Amendment) Act, 1980 (hereinafter in this section referred to as "the said date"), by any registering officer appointed under the Registration Act, 1908 unless the person presenting the document furnishes a declaration by the transferor in the prescribed form which shall be subject to verification in the prescribed manner, that the transfer of occupancy is made with the previous sanction of the Collector under section 73-A or section 73-AA; (Guj. 37 of 1980.) (16 of 1908.)

(b) a document relating to the transfer of an occupancy belonging to any of the Scheduled Tribes, referred to in clause (a), which is registered on or after the said date shall take effect and operate only from the time of such registration.

(2) Nothing in sub-section (1) shall apply to the documents of transfers of occupancies of persons belonging to any of the Scheduled Tribes made before the said date, but presented for registration after the said date.

*Explanation*.—In this section, the expressions "prescribed" and "Scheduled Tribes" shall have the same meanings as the said expressions have in clauses (i) and (ii) respectively of the *Explanation* to section 73-AA.".

3. In section 79-A of the principal Act,— Amendment of section 79-A of Bom. V of 1879.

(i) in clause (b), for the words, figures and letter "section 73-A", the words, figures and letters "section 73-A or section 73-AA or section 73-AB" shall be substituted;

(ii) the following proviso shall be added at the end, namely:—

"Provided that this section shall not apply in the case where the tribal transferor does not make an application under clause (a) of sub-section (3) of section 73 AA within the time specified in that clause for restoration of possession.".

Amendment of section 214 of Bom. V of 1879.

4. In sub-section (*2*) of section 214 of the principal Act, clause (hh) shall be renumbered as clause (h-i) and after clause (h-i) as so renumbered, the following clauses shall be inserted, namely :—

"(h-ii) prescribing the form of notice to be issued to the transferee or his successor in interest by the Collector, making rules relating to the liability to pay arrears of land revenue in respect of an occupancy restored to the tribal transferor under sub-section (*3*) of section 73AA, and prescribing the period within which the tribal transferor shall accept the occupancy restored to him, under the proviso to the said sub-section (*3*);

(h-iii) prescribing the circumstances in which and the conditions subject to which the previous sanction of the Collector shall be given under sub-section (*2*), occupancy price on the payment of which occupancy shall be granted under sub-section (*5*) and the distance within which any other village shall be situated and the order of priority in which, the occupancy price at which, and the conditions subject to which, the occupancy shall be granted to other classes of persons under sub-section (*6*) of section 73-AA;

(h-iv) the form in which the declaration shall be made, and the manner in which such declaration shall be verified, by the transferor, under clause (a) of sub-section (*1*) of section 73-AD.".

Amendment of certain enactments.

5. The enactments specified in column 2 of the Schedule are hereby amended in the manner and to the extent specified in column 3 thereof.

THE SCHEDULE

(*See* section 5)

| Sr. No. | Enactments | Amendments |
|---|---|---|
| 1 | 2 | 3 |
| 1. | The Bombay Tenancy and Agricultural Lands Act, 1948 (Bom. LXVII of 1948). | (1) In section 4-B after the words "any land" the brackets, words, figures and letters "(other than tenancy created with the previous sanction of the Collector under section 73-AA of the Bombay Land Revenue Code, 1879)" shall be inserted. |
| | | (2) After section 88-C, the following section shall be inserted, namely:— |
| | | Rights of certain tenants to purchase land barred. "88-CC. Notwithstanding anything contained in this Act, a tenant who does not belong to any of the Scheduled Tribes |

| | 1 | 2 | 3 | |
|---|---|---|---|---|
| Guj. 37 of 1980. Bom. V of 1879. | | | shall not, after the commencement of the Bombay Land Revenue (Gujarat Second Amendment) Act, 1980 be entitled to purchase from the land lord under this Act any land leased to him with the previous sanction of the Collector under section 73-AA of the Bombay Land Revenue Code, 1879. | |
| | | | *Explanation.*—For the purpose of this section, "Scheduled Tribes" means such tribes or tribal communities or parts of or groups within such tribes or tribal communities as are deemed to be Scheduled Tribes in relation to the State of Gujarat under article 342 of the Constitution.". | |
| | 2. | The Bombay Tenancy and Agricultural Lands (Vidarbha Region and Kutch Area) Act, 1958 (Bom. XCIX of 1958). | (1) In section 9, after the words "any land", the brackets, words, figures and letters "(other than a tenancy created with the previous sanction of the Collector under section 73-AA of the Bombay Land Revenue Code, 1879)" shall be inserted. | |
| | | | (2) After section 130, the following section shall be inserted, namely:— | |
| Guj. 37 of 1980. Bom. V of 1879. | | | "130-A. Notwithstanding anything contained in this Act, a tenant who does not belong to any of the Scheduled Tribes shall not, after the Commencement of the Bombay Land Revenue (Gujarat Second Amendment) Act, 1980 be entitled to purchase from the landlord under this Act any land leased to him with the previous sanction of the Collector under section 73AA of the Bombay Land Revenue Code, 1879. | Rights of certain tenants to purchase land barred. |
| | | | *Explanation:*—For the purpose of this section, "Scheduled Tribes" means such tribes or tribal communities or parts of or groups within such tribes or tribal communities as are deemed to be Scheduled Tribes in relation to the State of Gujarat under article 342 of the Constitution.". | |

PRINTED AT THE GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

Extra No. 13 REGISTERED NO. G/GNR/2.

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXII] THURSDAY, JANUARY 29, 1981/MAGHA 9, 1902

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

# PART IV-B

**Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.**

## REVENUE DEPARTMENT

**Notification**

Sachivalaya, Gandhinagar, 29th January, 1981.

BOMBAY LAND REVENUE (GUJARAT SECOND AMENDMENT) ACT, 1980.

No. GHM-81-22-M-ADL-1080-3433-Z.—In exercise of the powers conferred by sub-section (2) of section 1 of the Bombay Land Revenue (Gujarat Second Amendment) Act, 1980 (Gujarat Act No. 37 of 1980), the Government of Gujarat hereby appoints the 1st February, 1981 to be the date on which the said Act shall come into force.

By order and in the name of the Governor of Gujarat,

R. M. SHAH,
Deputy Secretary to Government.

મહેસુલ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જાન્યુઆરી, ૧૯૮૧.

મુંબઈ જમીન મહેસુલ (ગુજરાત દ્વિતીય સુધારા), અધિનિયમ, ૧૯૮૦.

ક્રમાંક : ધમ-૮૧/૨૨/મ-અદજ-૧૦૮૦-૩૪૩૩-ઝ. સન ૧૯૮૦ના મુંબઈ જમીન મહેસુલ (ગુજરાત દ્વિતીય સુધારા), અધિનિયમ, (૧૯૮૦ના ગુજરાત અધિનિયમ ૩૭મા)ની કલમ-૧ની પેટા-કલમ (૨) થી આપવામાં આવેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી તા. ૧લી ફેબ્રુઆરી, ૧૯૮૧ને ઉક્ત અધિનિયમ અમલમાં આવવાની તારીખ તરીકે મુકરર કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ર. મ. શાહ,
સરકારના નાયબ સચિવ.

---

PRINTED AT THE GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

તબદીલી પર નિયંત્રણ -કલમ-૭૩-એની જોગવાઈઓ વધુ વ્યાપક બનાવતી નવી કલમો -૭૩-એએ-એબી -એસી -એડીના અમલીકરણ અંગે.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક-અદજ-૧૦૮૦-૩૪૩૩-જ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૮-૨-૧૯૮૧.

વંચાણમાં લીધા :-
૧. પરિપત્ર ક્રમાંક-અદજ-૧૦૭૭-એમઆર-૩૦૪૧-જ, તા. ૬-૧-૭૮.
૨. ખાનગી પરિપત્ર ક્રમાંક-અદજ-૧૦૭૭-એમઆર-૩૦૪૧-જ, તા. ૧૩-૧૧-૮૦.
૩. ગુજરાત અધિનિયમ ક્રમાંક-૩૭-ઓફ-૧૯૮૦.
૪. જાહેરનામું ક્રમાંક-ઘમ-૮૧-૨૨-મ-અદજ-૧૦૮૦-૩૪૩૩-જ, તા. ૨૯-૧-૮૧.

પરિપત્ર :-

-૦-૦-૦-૦-૦-

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ ની કલમ-૭૩-એ હેઠળ રાજ્યના અનુસુચિત વિસ્તારો પૈકી જે વિસ્તારોમાં તા. ૪-૪-૬૧ ના જાહેરનામાની તારીખે મૂળ સર્વે સેટલમેન્ટ થયેલ ન હોય તેવા વિસ્તારોમાં આદિજાતિના લોકોએ ધારણ કરેલ જમીનની તબદીલી કલેક્ટરશ્રીની પૂર્વ મંજુરી સિવાય કરવા પર નિયંત્રણ મુકાયેલ છે. આ જોગવાઈઓ વધુ વ્યાપક બનાવવા મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ હેઠળ કલમ-૭૩-એ પછી નવી કલમો ૭૩-એએ, ૭૩-એબી, ૭૩-એસી, ૭૩-એડી સન ૧૯૮૦ ના મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ-૧૯૮૦, - ગુજરાત અધિનિયમ-૩૭ ઓફ ૧૯૮૦ થી ઉમેરવામાં આવેલ છે. આ અધિનિયમની જોગવાઈઓ તા. ૧-૨-૮૧ થી અમલમાં લાવવા અંગે સરકારી જાહેરનામા ક્રમાંક-ઘમ-૮૧-૨૨-મ-અદજ-૧૦૮૦-૩૪૩૩-જ, તા. ૨૯-૧-૮૧ થી ઠરાવવામાં આવેલ છે. ઉક્ત અધિનિયમ (ક્રમાંક-૩૭-ઓફ ૧૯૮૦) ગુજરાત સરકારના અસાધારણ ગેઝેટમાં ભાગ-૪ માં તા. ૨૬-૧૨-૮૦ ના રોજ પ્રસિદ્ધ થયેલ છે. (નકલ સામેલ છે.) તેમજ સંબંધિત જાહેરનામું તા. ૨૯-૧-૮૧ ના

..૨..

અસાધારણ ગેઝેટમાં ભાગ-૪બી માં પ્રસિધ્ધ થયેલ છે. ( નકલ સામેલ છે. )

૨. સર્વે કલેકટરશ્રીઓનું લક્ષ ઉકત કાયદાની જોગવાઇઓ જે તા. ૧-૨-૮૧ થી અમલમાં આવેલ છે તે તરફ દોરવામાં આવે છે અને તેના અમલીકરણ અંગે જરુરી કાર્યવાહી કરવા તેમને સુચના આપવામાં આવે છે.

૩. ઉકત અધિનિયમ હેઠળ સમગ્ર રાજ્યમાં કોઇપણ સ્થળે આદિજાતિના લોકોએ ધારણ કરેલ જમીન કલેકટરશ્રીની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય તબદીલ કરવા પર નિયંત્રણ મુકવામાં આવેલ છે. આ અધિનિયમની કેટલીક મુખ્ય જોગવાઇઓ નીચે દર્શાવ્યા મુજબ છે :-

કલમ -૭૩-એએ પેટા કલમ-(૧)

-o-o-o-o-o-o-o-o-o-o-o-

આ પેટા કલમ-અનુસાર રાજ્યમાં કોઇ આદિવાસીની જમીન કલેકટરશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય બીજા કોઇને ફેર બદલ થઇ શકશે નહી.

કલમ-૭૩-એએ-પેટા કલમ-(૨)

-o-o-o-o-o-o-o-o-o-o-

કોઇ આદિવાસીએ પત્નેમાની જમીન બીજાને વેચાણ-તબદીલ કરવી હોય તો કેવા સંજોગોમાં તથા કઇ શરતોએ પૂર્વ મંજુરી આપવી તે અંગે નિયમો ઘડવાની જોગવાઇ છે.

નોંધઃ- આ અંગેના નિયમો નકકી થયે તેની જાણ કલેકટરશ્રી-ઓને હવે પછી કરવામાં આવશે.

કલમ-૭૩-એએ-પેટા કલમ-(૩)

-o-o-o-o-o-o-o-o-o-o-o-

કોઇ આદિજાતિની વ્યકિત બીજો આદિજાતીનો વ્યકિતને વિના પરવાનગીએ જમીન વેચાણ-તબદીલ કરે તો તેવી જમીન મુળ જમીન ધારણ કરનાર આદિજાતિની વ્યકિતને પરત કરવાની જોગવાઇ છે. આ માટે મુળ ધારણ કરનાર આદિજાતિની વ્યકિતએ વેચાણ તબદીલ કર્યા પછી બે વર્ષમાં અરજી કરવાની રહે છે. જો બે વર્ષમાં અરજી ન કરે તો તે

જમીન જે આદિજાતિના વ્યક્તિને તબદીલ કરવામાં આવી હોય તેની પાસે રહે.

તા. ૪-૪-૬૧ ના જાહેરનામાંથી મૂળ સર્વે સેટલમેન્ટ ન થયું હોય તેવા અનુસુચિત વિસ્તારોમાં આદિજાતિના લોકોએ ધારણ કરેલ જમીન કલેકટરશ્રીની પૂર્વમંજુરી સિવાય તબદીલ કરવા પર નિયંત્રણ મુકેલ છે. આ નિયંત્રણની અજ્ઞાનતાને કારણે આદિજાતીના વ્યક્તિએ બીજા આદિજાતિના વ્યક્તિને જમીનો તબદીલ કરેલ છે. અને કલમ-૭૩-એ-ની જોગવાઇઓનો ભંગ થયેલ છે. આવા ૭૩-એ ના ભંગના કેસો જે તા.૪-૪-૬૧ થી તા.૩૧-૧-૮૧ સુધીના ગાળામાં ઉભા થયેલ હોય તેવા કિસ્સાઓ આપોઆપ નિયમબધ્ધ ગણવાની જોગવાઇ કરાયેલ છે.

કલમ-૭૩-એએ પેટા કલમ-(૪)
-o-o-o-o-o-o-o-o-o-o-o-

આદિજાતિના વ્યક્તિએ બિનઆદિજાતિના વ્યક્તિને વિના પરવાનગીએ વેચાણ-તબદીલ કરેલ જમીન સરકારમાં સંપ્રાપ્ત કરવાની કાયદાકોય વિધિ નક્કી કરી છે. તે મુજબ જે બિન આદિજાતિના વ્યક્તિને જમીન તબદીલ કરવામાં આવી હોય તેને નોટીસ આપી તબદીલી ગેરકાયદેસર જાહેર થયે જમીન કોઇ પણ પ્રકારના બોજા રહિત સરકાર સંપ્રાપ્ત થાય છે.

કલમ-૭૩-એએ-પેટા કલમ-(૫)
-o-o-o-o-o-o-o-o-o-o-o-

ઉપર મુજબ જમીન સરકાર દાખલ થયે તે જમીન મૂળ આદિજાતિના વ્યક્તિને પરત કરવાની જોગવાઇ છે. પેટા કલમમાં કરેલ જોગવાઇ મુજબ મૂળ આદિજાતિના કબજેદારે તે જમીન પોતે ખેડવા તૈયાર છે તેવો લેખિત બાંયેધરી આપવાની છે.

કલમ-૭૩-એએ-પેટા કલમ-(૬)
-o-o-o-o-o-o-o-o-o-o-

જો મૂળ આદિજાતિ કબજેદાર તે જમીન પરત લેવા અને જાતે ખેડવા તૈયાર ન હોય તો તે જમીન તે જ ગામના બીજા આદિજાતિના વ્યક્તિને અથવા તો નજીકના ગામના બીજા આદિજાતિના વ્યક્તિને તે જમીન પરત આપવાની જોગવાઇ છે. જો તે મુજબ ગામનો કે નજીકના ગામનો આદિજાતિનો વ્યક્તિઓ આ જમીન લેવા તૈયાર ન હોય તો સરકારશ્રી

ઠરાવે તે અગ્રક્રમ મુજબ તે જમીન ગ્રાન્ટ કરવાની જોગવાઇ છે.

કલમ-૭૩-એએ પેટા કલમ -(૭)

-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-

આદિજાતિની વ્યકિતની જમીન બીન આદિજાતીની વ્યકિતને વિના પરવાનગીએ તબદીલ કરવામાં આવી હોય તેવા કિસ્સામાં બીન આદિજાતીની ખરીદ કરનાર વ્યકિતને બીજી જે કોઇ શિક્ષા થઇ શકે તે ઉપરાંત જમીનની કિંમતની ત્રણ ગણી રકમ સુધીનો દંડ કરવાની જોગવાઇ કરાયેલ છે.

કલમ-૭૩:-એએ-પેટા કલમ-(૮)

-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-

ઉપર જણાવેલ દંડની રકમ જે તે બિન-આદિજાતીની વ્યકિત પાસેથી જમીન મહેસુલ બાકી તરીકે વસુલ કરવાની જોગવાઇ છે.

કલમ-૭૩-એબી .

-૦-૦-૦-૦-૦-

આદિજાતિની વ્યકિતની તેની જમીન ગીરો માટે લોન લેવા માટે સરકારશ્રીને, સહકારી મંડળીને, "સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા" જેવી બીજી નાણાંકીય બેંકોને ગીરો મુકી શકે છે, અને તે માટે આ કાયદા નીચે પરવાનગી લેવાની જરુરત નથી. લોનની રકમ પરત ન થયે જે તે સંસ્થા તે જમીન ટાંચમાં લઇ વેચી શકે છે, અને વેચાણ કિંમત લોન પેટે ભરપાઇ કરી શકે છે. ગીરો મુકેલ જમીન કલેકટરશ્રીની પૂર્વ મંજૂરી સિવાય બિન-આદિજાતિની વ્યકિતને વેચી શકાશે નહીં.

કલમ-૭૩-એસી

-૦-૦-૦-૦-૦-

કલમ-૭૩-એ અને ૭૩-એએ અને ૭૩-એબી નીચે થયેલ કાર્યવાહી દિવાની અદાલતના કાર્યક્ષેત્રની બહાર રાખવાની જોગવાઇ કરાયેલ છે. ઉપરોકત કલમો નીચે કલેકટર જે હુકમ કરે તે કોઇ દીવાની કે ફોજદારી અદાલતમાં પડકારી શકાય નહીં. દીવાની અદાલત કામચલાઉ કે કાયમી મનાઇ હુકમ પણ આપી શકશે નહીં.

કલમ-૭૩-એડા.

-૦-૦-૦-૦-૦-

આ કલમ-રજીસ્ટ્રેશન એક્ટ-૧૯૦૮ ની જોગવાઇમાં સુધારો સુચવે છે. આદિજાતીની વ્યક્તિએ જમીન વેચાણનો કરેલ દસ્તાવેજ નિયમસરનો કલેકટરશ્રીની પુર્વ મંજુરી મેળવ્યાનો દાખલો રજુ કરાય ત્યાર પછી જ દસ્તાવેજ નોંધી શકાય તેવી જોગવાઇ આ કલમમાં છે.

આ ઉપરાંત આદિજાતિની વ્યક્તિની જમીન કોઇ બિન-આદિજાતીની વ્યક્તિ કેટલાક કેસોમાં ગણોતિયા તરીકે મેળવી શકે નહી. તેવી ગણોત ધારામાં સુધારો કરતી મહત્વની જોગવાઇ અધિનિયમના શીડ્યુલમાં કરાયેલ છે. મુંબઇ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ ની કલમ-૭૯ એ તથા ૨૧૪ માં કેટલાક આનુસંગિક સુધારા પણ કરવામાં આવેલ છે.

ઉપર કાયદાની જોગવાઇઓ ટુંકમાં જણાવેલ છે, પરંતુ અધિકૃત જોગવાઇઓ અંગે કલેકટરશ્રીઓનું લક્ષ સને-૧૯૮૦ના ગુજરાત અધિનિયમ ક્રમાંક-૩૭ માં કરાયેલ જોગવાઇઓ તરફ દોરવામાં આવે છે અને તે જોગવાઇઓ લક્ષમાં લઇ કાર્યવાહી કરવા સુચના આપવામાં આવે છે.

૪:- અમલમાં આવતી જોગવાઇઓ પૈકી કલમ-૭૩-એએ-૩ (બી) મુજબ તા.૪-૪-૬૧ થી આ કાયદો અમલમાં આવ્યાની તારીખ એટલે કે તા.૩૧-૧-૮૧ સુધીના આદિવાસી-આદિવાસી વચ્ચેના ૭૩-એ ના ભંગના કેસો નિયમબધ્ધ થઇ જાય છે. સરકારશ્રીના ખાનગી પરિપત્ર ક્રમાંક-અદજ-૧૦૭૭-એમઆર-૩૦૪૧-ઝ, તા.૧૩-૧૧-૮૦ અન્વયે આવી આવા જે કેસો સ્થગિત રાખવાની સુચના અપાયેલ છે તે રદ કરવામાં આવે છે અને આવા કેસો આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર નિયમસરની (જેવી કે રેકાર્ડ ઓફ રાઇટસના નિયમો નીચેની) કાર્યવાહી બાદ આ કાયદા નીચે નિયમબધ્ધ થઇ જતા ઉપરોકત કેસો નિયમબધ્ધ કરવા કલેકટરશ્રીઓને સુચના આપવામાં આવે છે.

૫:- સરકારી પરિપત્ર ક્રમાંક-અદજ-૧૦૭૭-એમઆર-૩૦૪૧-ઝ, તા.૬-૧-૭૮ અન્વયે કેટલાક પ્રકારના કેસો સ્થગિત રાખવા સુચના અપાયેલ છે. ઉકત પરિપત્રથી અપાયેલ સુચના આથી રદ કરવામાં આવે છે તથા તેવા મુલત્વી રખાયેલ કેસોમાં નિયમસરની

આગળની કાર્યવાહી કરવા કલેકટરશ્રીઓને સુચના આપવામાં આવે છે.

૬:- આ કાયદાની જોગવાઇઓનો અમલ કલેકટરશ્રીઓએ જીલ્લાના હાલના મહેસુલી તંત્ર મારફતે કરાવવાનો રહે છે. આથી આ અંગે કોઇ વધારાનું મહેકમ સરકાર તરફથી અપાશે નહી. કલેકટરશ્રીઓને તદનુસાર કાયદાના અમલીકરણની વ્યવસ્થા કરવા સુચના આપવામાં આવે છે.

૭:- આ કાયદાની જોગવાઇઓના અમલીકરણ અંગે પ્રથમ આવશ્યકતા આદિજાતીના લોકોએ ધારણ કરેલ જમીન આ નવા કાયદાની જોગવાઇઓથી નિયંત્રીત છે તેવી નોંધ ૭/૧૨ ના પાનીયામાં સત્વરે થઇ જાય તે છે. આથી આદિજાતિના ખાતેદારે ધારણ કરેલ જમીન પરત્વે ૭/૧૨ ના પાનીયામાં ડાબી બાજુ મથાળે લાલ શાહી (સિક્કા) થી "૭૩-એએથી નિયંત્રિત સત્તાપ્રકાર" એવી નોંધ ક્રમમાસમાં અચુક થઇ જાય તેવી વ્યવસ્થા કરવા સઘળા કલેકટરશ્રીઓને જણાવવામાં આવે છે.

૮:- આ અધિનિયમના અમલીકરણ અંગે રાજયકક્ષાએ સંકલનની કામગીરી જમીન સુધારણા કમીશ્નરશ્રીની કચેરીએ સંભાળવી.

૯:- આ કાયદાના અમલીકરણમાં અનુભવે જણાયેલ મુશ્કેલીઓ અંગે જરુરી સુચનો કલેકટરશ્રીઓ તરફથી રજુ કરવામાં આવ્યે તે સરકારશ્રી વિચારણામાં લેશે. આથી જરુર જણાયે તેવા સુચનો સરકારશ્રીમાં રજુ કરવા કલેકટરશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

૧૦:- સઘળા કલેકટરશ્રીઓને આ કાયદાની જોગવાઇઓ સંબંધિત સઘળા ક્ષેત્રીય અધિકારીઓના લક્ષ પર લાવવા અને જીલ્લામાં તેના અમલ અંગે જરુરી કાર્યવાહી/વ્યવસ્થા કરવા તથા અમલીકરણ પર દેખરેખ રાખવા સુચના આપવામાં આવે છે. કલેકટરશ્રીઓ, પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ અને બીજા મહેસુલી અધિકારીઓ આ કાયદાને તેમના જિલ્લામાં બહોળી પ્રસિધ્ધિ આપે અને ખાસ કરીને આદિજાતિના લોકોને તેની જોગવાઇઓથી માહિતગાર કરે તેવી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ર.મ.શાહ,
નાયબ સચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

આદિજાતિના લોકોએ ધારણ કરેલી જમીન અંગેની
કલમ ૭૩ અ ના ભંગના કેસો કલમ ૭૩ અ અ. ૩
(બી) મુજબ નિયમ બધ્ધ કરવા બાબત...

જમીન સુધારા કમિશ્નરશ્રીની કચેરી,
મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંકઃ અદજ-૬-કજસુ/૧૯૮૧,
તા. -૭-૮૧.

પ રિ પ ત્ર :-

જમીન મહેસૂલ સંહિતાની કલમ ૭૩ અ ના ભંગ અંગેના કેટલાક કેસો હજુ ચાલુ છે. આ પૈકી તા. ૪-૪-૧૯૬૧, તા. ૩૧-૧-૧૯૮૧ના સમયગાળા દરમ્યાન આદિવાસી-આદિવાસી વચ્ચે થયેલ તબદીલીના વ્યવહારો તારીખ ૯-૨-૮૧ થી અમલમાં આવેલા ગુજરાત અધિનિયમ ૩૭/૧૯૮૦ થી દાખલ કરવામાં આવેલા કલમ ૭૩ એ એ ૩(બી) મુજબ આપોઆપ નિયમબધ્ધ કરવાની જોગવાઇ થયેલ છે. આવા કેસમાં ફક્ત એટલી જ ખાત્રી કરવાની જરૂર રહે છે કે જે ઇસમના લાભમાં તબદીલી થઇ હોય તે ઇસમ આદિવાસી જ છે. આવી ખાત્રી કર્યા બાદ આવા કેસોની કાર્યવાહી બંધ કરવી જોઇએ.

સરકારશ્રીના તા. ૧૮-૨-૧૯૮૧ ના પરિપત્ર ક્રમાંકઃ અદજ-૧૦૮૦-૩૪૩૩-ઝ, ના ફકરા ૪ માં એવી સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે રેકર્ડ ઓફ રાઇટ ના નિયમોની કાર્યવાહી બાદ આવા કેસો નિયમબધ્ધ કરાવવા કલેકટરશ્રીએ પગલાં લેવા. આ અંગે ચોકકસ કઇ કાર્યવાહી અપનાવવી તે અંગે વિચારણા કરી હવે નીચે મુજબ સુચનાઓ આપવામાં આવે છે.

૧. જે જીલ્લાઓમાં લેન્ડ રેકર્ડમાં કામ કરી રહયા છે તે ટુકડીના નાયબ કલેકટરશ્રીએ કલમ ૭૩ એ એ ૩(બી) ની જોગવાઇ સંતોષાતી હોય તેવા કેસો બંધ કરવા સ્વયંસ્પષ્ટ હુકમ કરવો. આવા હુકમો કેસવાર કરવાથી કામગીરીમાં વધારો થવા સંભવ છે. હુકમો ગામવાર કરવામાં આવે તો કામગીરી [illegible]. આવા હુકમનો નમુનો આ સાથે જાણ માટે બીડયો છે.

અન્ય જીલ્લાઓમાં આવા કેસો પ્રાંત અધિકારીશ્રીઓની ફાઇલે બાકી હોવાનો સંભવ છે. આથી જે અધિકારીની ફાઇલે આ કેસો બાકી હોય તેમણે ઉપર મુજબ ચકાસણી કરી જો કેસો બંધ કરવાપાત્ર હોય તો તે બંધ કરવાની કામગીરી સત્વરે પૂરી કરવી. આ માટે આ સાથેના નમુનામાં જરૂરી ફેરફાર કરી ઉપયોગ કરવો.

૩ કાયદો ૨/૮૧ થી અમલમાં આવી ચુક્યો છે અને અત્યાર સુધીમાં પાંચ માસ કરતાં વધુ સમય વીતી ગયો છે આથી આવા પ્રકારના કેસો કે આપોઆપ નિયમબદ્ધ કરવાપાત્ર છે તેમાં આવા હુકમો કરવાની કામગીરી તા.૧૫-૮-૧૯૮૧ સુધીમાં અચૂક પુરી થાય તે મુજબ દરેક કલેકટરશ્રીએ જરૂરી પગલાં લેવા અને તા.૧-૨-૮૧ ના રોજ આવા કેટલા કેસો બાકી હતા અને તે પૈકી કેટલા કેસોનો આ મુજબ નિકાલ કરવામાં આવેલ છે તે અંગેની માહિતી તા. ૩૧-૮-૮૧ સુધીમાં મોકલવી.

૪ આવા દરેક કેસમાં ગામ દફતરે ફેરફાર નોંધ પડાવી તેની નકલ કેસના કાગળો સાથે રખાવવી અને પ્રોસીડીંગમાં પણ તે મુજબ ઉલ્લેખ કરવો. આ મુજબની સઘળી કાર્યવાહી પુરી કરી તે મતલબનું પ્રમાણપત્ર તા.૧૫-૧૦-૮૧ સુધીમાં મળી જાય તે રીતે મોકલવા સઘળા કલેકટરશ્રીઓને વિનંતી છે.

સહી/- × × ×
(બી. પ્રસાદ)
જમીન સુધારા કમિશ્નર અને
ખાસ સચિવ મહેસૂલ વિભાગ,
ગાંધીનગર.

બિડાણ :-

હુકમનો નમૂનો

પ્રતિ,

કલેકટરશ્રી [illegible]

પ્રાંત અધિકારીશ્રી.........

નાયબ કલેકટરશ્રી, એલ.એન.ડી.ક

મ.વિ. જા. શાખા (૫ નકલમાં)

નાયબ નિયામકશ્રી, આંકડા શાખા મ.વિ.

નાયબ કલેક્ટર એસ. એન. ડી. ક યુનીટ ............ તા. કચેરી,

જમીન મહેસુલ સંહિતાની કલમ ૭૩ અ ના ભંગના કેસો નિયમબદ્ધ કરવા બાબત.

નંબર -જમન/૭૩-અ...............૧૯૮૧

સ્થળ.............તારીખ............

૧.૧ આ સાથેના પત્રકમાં જણાવેલા ...............ગામના કેસોમાં જમીન મહેસુલ સંહિતાની કલમ ૭૩ અ નો ભંગ કરી તા. ૪-૪-૧૯૬૧થી ૩૧-૧-૧૯૮૧ની સમય ગાળા દરમ્યાન ખેતીની જમીનની તબદીલી આ સાથેના પત્રકમાં દર્શાવ્યા મુજબ કરવામાં આવી હતી. આ અંગેના કેસો, ગામ દફતરે પડેલ રેકર્ડ નોંધોના આધારે શોધવામાં આવ્યા હતા. અને ઉપરોક્ત કલમ ૭૩-અ ના ભંગ બદલ પગલાં લેવા માટે કાગળો તૈયાર કરવામાં આવ્યાં હતા. આ કેસોનો હજુ નિકાલ થયો નથી તે દરમ્યાન સુધારા અધિનિયમના ૩૭/૮૦ તા. ૧-૨-૮૧ થી અમલમાં આવેલ છે. તૈયાર થયેલ કાગળો જોતા આ તબદીલી વ્યવહારો આદિવાસી આદિવાસી વચ્ચેના છે.

૧.૨ હવે સને ૧૯૭૯ના મુંબઇના જમીન મહેસુલ અધિનિયમમાં મુંબઇ જમીન મહેસુલ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ ૧૯૮૦ ગુજરાત અધિનિયમ ૩૭/૧૯૮૦ થી કલમ ૭૩ એ એ ૭૩ એ. બી, ૭૩ એ.સી અને ૭૩ એ.ડી ઉમેરવામાં આવેલ છે. સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક: ઘમ-૮૧-૨૨-મ-અદજ-૧૦૮૦-૩૪૩૩-જ, તા. ૨૯-૧-૧૯૮૧ થી સદરહુ જોગવાઇ તા. ૧-૨-૧૯૮૧ થી અમલમાં લાવવામાં આવેલ છે. આ સુધારા અધિનિયમ મુજબ અમલમાં આવેલ કલમ ૭૩ એ એ ૩(બી) મુજબ મુળ સર્વે સેટલમેન્ટ ન થયું હોય તેવા અનુસૂચિત વિસ્તારોમાં, આદિજાતિના લોકોએ ધારણ કરેલી જમીન બીજી આદિજાતી વ્યક્તિને ઉપરોક્ત સુધારા અધિનિયમ અમલમાં આવ્યો તે પહેલા તબદીલ કરી હોય તેવા તબદીલીના કેસો આપોઆપ નિયમબદ્ધ કરવાની જોગવાઇ કરેલ છે.

૨ આ સાથેના પત્રકમાં જણાવેલા કેસોનું રેકર્ડ તપાસતાં ઉપરોક્ત જોગવાઇ મુજબ સદરહુ કેસો આપોઆપ નિયમબદ્ધ કરવાપાત્ર છે એમ આથી નક્કી કરવામાં આવે છે અને આ કેસોની કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવે છે.

૩ આ સાથેના પત્રકના ખાના નં ૩(૨) માં જણાવેલ આદિવાસીના નામે નવી જમીન મહેસુલ રાખવા અને તેમનો કબજો કાયદેસર છે એવું પણ નક્કી કરવામાં આવે છે. આ મુજબ ગામ દફતરે નોંધ રાખવી અને જો આવા વ્યવહાર રદ ગણ્યા અને ગેરકાયદેસર ગણી તે મુજબ બીજા હકના ... જો નોંધ થઇ હોય તો તે રદ કરી નવી રેકર્ડ નોંધ પાડી

રદ કરાવવા પણ આથી સુચના આપવામાં આવે છે. તલાટીને આ મુજબ રેકર્ડ ઓફ રાઇટસના નિયમો મુજબ આગળની તજવીજ કરી મંજુર થયેલ ફેરફાર નોંધની નકલ બે માસ અંદર આ કચેરીએ મોકલવી, જે નકલ મળેથી આ કેસના કાગળો સાથે રાખી દેવી.

આ ઓર્ડરની ફેરફાર નોંધ તાકીદે પ્રમાણિત થાય તે માટે સંબંધીત મામલતદારશ્રીએ તજવીજ કરવી.

તારીખ

નાયબ કલેકટર,

એલ. એન. ડી. -૬
એકમ.....

પ્રતિ,

૧. શ્રી...............તબદીલ કરનાર

૨. શ્રી...............તબદીલ રાખનાર

નકલ રવાના- તલાટી સહ મંત્રી....................તરફ.

ઉપર મુજબ અમલ કરી ફેરફાર નોંધની નકલ સત્વરે મોકલવા તજવીજ કરવા સારૂ.

નકલ રવાના -મામલતદારશ્રી....................તરફ

ઉપર મુજબ નોંધ પડાવી સત્વરે પ્રમાણિત કરી તેની નકલ આ કચેરીને સત્વરે મળે તે માટે ગોઠવણી કરવા વિનંતી સહ.

મુંબઈ જમીન મહેસુલ સંહિતાની કલમ ૭૩ કે અ (૩)(ડી) મુજબ નિયમબદ્ધ થયેલા કેસોની વિગત દર્શાવતું પત્રક........ગામ......... તાલુકો

| ક્રમાંક | કેસ નંબર | તબદીલ કરનારનું નામ અને સરનામું | તબદીલ થી રાખનારનું નામ અને સરનામું | તબદીલ થયેલ જમીનની વિગત | | | | તબદીલીનો પ્રકાર અને વિગત | | | | નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ગામ તાલુકો | સ. નં. | એ. ગુ. | આકાર | રજીસ્ટર દસ્તાવેજની તારીખ. | ઈકરાર નોંધ નંબર અને તારીખ તથા મંજૂર થયાની તારીખ. | તબદીલીનો પ્રકાર જેમ કે વેચાણ, ગીરો અદલાબદલી વિ. | જો વેચાણ હોય તો વેચાણ કિંમત. | |
| | ૨ | ૩-૧ | ૩-૨ | ૪-૧ | ૪-૨ | ૪-૩ | ૪-૪ | ૫-૧ | ૫-૨ | ૫-૩ | ૫-૪ | ૬ |

આદિજાતિના લોકોએ ધારણ કરેલ, જમીન અંગે
કલમ ૭૩ એ એ થી નિયંત્રીત સત્તા પ્રકારની
જમીન અંગે ગામ ન.નં.૭/૧૨ ના પાનીયાંમાં
ડાબી બાજુ મથાળે નોંધ કરાવવા બાબત..

જમીન સુધારા કમિશનરશ્રીની કચેરી,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: અદજ-૧/જમુક/૧૯૮૧.
સચિવાલય, ગાંધીનગર. તા. -૭-૮૧.

**પ રિ પ ત્ર**

આદિજાતિના ખાતેદારોએ ધારણ કરેલી જમીન રાજયના કોઇપણ વિસ્તારમાં આવી હોય છતાં એ જમીન આદિજાતિના કબજા પાસે રહે, તે હેતુથી સને ૧૮૭૯ નાં મુંબઇનાં જમીન મહેસુલ અધિનિયમમાં કલમ ૭૩-એ પછી નવી કલમો ૭૩ એ એ થી ૭૩ એ ડી ગુજરાત અધિનિયમ ૩૭/૧૯૮૦ થી ઉમેરવામાં આવેલ છે અને આ સુધારા અધિનિયમ, સરકારશ્રીના જાહેરનામાં ક્રમાંક: ઘમ-૮૧/૨૨-મ/અદજ-૧૦૮૦-૩૪૩૩-જ, તા.૨૯-૧-૮૧ થી તા.૧-૨-૧૯૮૧ થી અમલમાં લાવવામાં આવ્યો છે. આ જોગવાઇનાં અમલીકરણ અંગે વિગતવાર સુચના સરકારશ્રીના પરિપત્ર ક્રમાંક:અદજ-૧૦૮૦-૩૪૩૩-જ, તા. ૧૮-૨-૮૧ થી આપવામાં આવેલ છે. સદરહુ પરિપત્રનાં ફકરા ૭ માં આવી જમીન પરત્વે ગામ ન.નં.૭/૧૨ના પાનીયામાં ડાબી બાજુ મથાળે લાલશાહી (સીકકાથી) "લે.રે. કોડ કલમ ૭૩-એ એ થી નિયંત્રીત સત્તા પ્રકાર" એવી નોંધ કરાવવા પગલાં લેવા કલેકટરશ્રીઓને સુચના આપવામાં આવેલ છે. આવી ફેરફાર નોંધ પાડવા અંગેની કાર્યપધ્ધતિ વિચારણા માં હતી. હવે આ અંગે નીચે મુજબ પગલાં લેવા સઘળા કલેકટરશ્રીઓને વિનંતી કરવામાં આવે છે :-

(૧) આવો ફેરફાર નોંધ તલાટી તરફથી આ સાથેના પરિશિષ્ટ ૧ મુજબ પડાવવી.

(૨) આવી ફેરફાર નોંધ પ્રમાણિત કરવાની કામગીરી મામલતદારશ્રીએ તથા કૃષિપંચ મામલતદારશ્રીએ કરવી. ફેરફાર નોંધ પ્રમાણિત કરવાના અધિકાર સરકારી પરિપત્ર નં.આરટીએસ ૧૦૭૮/૧૩૪૦૭૦-જ, તા.૩-૨-૭૯ થી કૃષિપંચ મામલતદારશ્રીઓને પણ આપવામાં આવ્યા છે.

(૩) ઈરફાર નોંધ મંજુર કરતા અગાઉ સ.ઈ.મે. [illegible] ચકાસણી કરવી જેથી બીન આદિજાતિના ઇસમોએ ધારણ કરેલ જમીન અંગે આવી ઈરફાર નોંધ ન પડે અને આદિજાતિના ઇસમોએ તા.૧-૨-૧૯૮૧ ના રોજ ધારણ કરેલી જમીન પૈકી કોઇ જમીન આ ઈરફાર નોંધમાં ઉલ્લેખ કરવાની બાકી ન રહે.

(૪) તા.૧-૨-૧૯૮૧ થી ઉપરોકત જોગવાઈઓ અમલમાં આવેલ હોવાથી તે તારીખને અનુલક્ષીને ઈરફાર નોંધમાં તે તારીખે આદિજાતિના ઇસમોએ ધારણ કરેલ સઘળી જમીનનો ઉલ્લેખ કરવો.

(૫) કોઇ ઇસમ આદિજાતિના છે કે કેમ તે નકકી કરવા માટે કલમ ૭૩ એ એ ના સ્પષ્ટીકરણ ૨ માં જે વ્યાખ્યા આપી છે તે ધ્યાનમાં લેવી અને ગુજરાત રાજયના સંબંધમાં ભારતના બંધારણના આર્ટીકલ ૩૪૨ મુજબ જે જાતિ આદિજાતિ ગણવા પાત્ર હોય તે જ જાતિને આદિજાતિ ગણવી. ઇલેકશન મેન્યુઅલના પાના નં. ૫૨ થી ૫૫ ઉપર સને ૧૯૫૦ નો કોન્સ્ટીટયુશન (શીડયુલ ટ્રાઇબ) ઓર્ડર છે, જેની ગુજરાત પુરતી નકલ પરિશિષ્ટ ૨ માં આ સાથે બીડેલી છે.

(૬) જે જમીન તા.૧-૨-૮૧ ના રોજ બીન આદિજાતિના ખાતેદારના નામે હોય અને ત્યારબાદ કાયદેસરના થયેલા તબદીલીના વ્યવહાર અન્વયે જે જમીન તા.૧-૨-૮૧ બાદ આદિજાતિ ઇસમના નામે થાય તે જમીનની પણ આવી ઈરફાર નોંધમાં સમાવેશ કરી લેવો અને આવી ઈરફાર નોંધ પાડયા પછી જે જમીન આદિજાતિના નામે થાય તો જે તે વખતે આ મુજબની નોંધ પડાવવા પગલાં લેવા સઘળા કલેકટરશ્રીઓને વિનંતી છે. આવી જમીન અંગે ગામ નં.નં.૭/૧૨ ના કાબી બાજુના મથાળે "જમીન મહેસુલ અધિનિયમ ક.૭૩ એ એ થી નિયંત્રીત સત્તા પ્રકાર " એવો રબ્બરનો સીકકો લાલ શાહીથી લગાડવામાં આવે તે જોવા સઘળા મામલતદારશ્રીઓને સુચના આપવી.

(૭) રબ્બરનાં સીકકા ટુંક સમય માટે જરુરી રહેશે અને એકવાર કામ પુરું થયા પછી તેની વખતો વખત જરુર પડશે નહી, પરંતુ કોઇકજ વખત જરુર પડશે. આવો આવા દરેક સીકકા તાલુકા દીઠ તયાર કરાવી તલાટીઓને મામલતદારશ્રીએ પુરા પાડવા અને આ કામ પુરું થયેથી પાછા તાલુકા કચેરીમાં એકત્રીત કરી લેવા. જયારે હવે પછી જરુર પડે ત્યારે મીટીંગના દિવસે તલાટી તરફથી માંગણી રજુ થયેથી તે ઇસ્યુ કરવા અને કામ પુરું થયેથી પાછા મેળવી લેવા. આ માટે ઇસ્યુ અને સીકકા પાછા આપે તેની નોંધ કરવા માટેનું એક રજીસ્ટર દરેક મામલતદાર કચેરીમાં રખાવવું. કયા ગામે કયા નંબરની ઈરફાર નોંધ

આ અંગે પાડવામાં આવી છે તેવું એક સ્થાયી રજીસ્ટર દરેક મામલતદાર કચેરીમાં નિભાવવું અને તે અધતન રહે તે માટે સઘળા મામલતદારશ્રીઓએ કાળજી રાખવી. આ રજીસ્ટરમાં કુલ કેટલા ખાતેદારની કેટલી જમીન અંગે આ નોંધ પાડવામાં આવી છે તેની વિગત, ફેરફાર નોંધ વાર લખવી.

(૮) ઉપર મુજબ અમલ કરાવવા માટે પગલાં લઈ અત્યાર સુધી આદિજાતિના ઈસમોએ ધારણ કરેલ જમીન અંગે ઉપરોક્ત નોંધ પડાવવાની કામગીરી ૩૧-૮-૮૧ સુધીમાં પુરી કરાવી તા.૧૫-૯-૮૧ સુધીમાં અહેવાલ મોકલવા સઘળા કલેકટરશ્રીઓને વિનંતી છે.

સહી xxx
( જે.પ્રસાદ)
જમીન સુધારા કમિશ્નર
અને
ખાસ સચિવ, મ.વિ.

પ્રતિ,

કલેકટરશ્રી..........

પ્રાંત અધિકારીશ્રી.............

મામલતદારશ્રી / કૃષિપંચશ્રી

મ.વિ. 'જ' શાખા ( ૫ નકલ)

નાયબ નિયામકશ્રી , આંકડા શાખા મ.વિ.

પરિશિષ્ટ -૧

-૦-૦-૦-૦-

આદિજાતિના ખાતેદારોએ તા.૧-૨-૮૧ નાં રોજ ધારણ કરેલી જમીન જે તે ગુજરાત સુધારા અધિનિયમ-૩૭/૧૯૮૦ જે, તારીખ:૧-૨-૮૧ થી અમલમાં આવેલ છે તે મુજબ સને ૧૮૭૯નાં મુંબઈ જમીન મહેસુલ અધિનિયમમાં કલમ ૭૩ એ એ થી ક.૭૩ એ ડી જોગવાઈ લાગુ પાડવામાં આવી છે. તેવી જમીન સંબંધમાં ગામ દફતરે પાડવાની ફેરફાર નોંધનો નમુનો :-

-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-

| નોંધનો ક્રમાંક. | હકકનો પ્રકાર. | ફેરફાર થયેલ સ.નં./અને પેટા સ.નં. | તપાસણી અમલદાર નો શેરો. |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |

-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-૦-

તારીખ..............

જ.મ. ~~અધિકાર~~ અધિનિયમ/ક.૭૩ એએ
થી નિયંત્રીત સત્તા પ્રકાર :
નીચે જમીન તા.૧-૨-૮૧નાં
રોજ નીચે જણાવેલ આદિજાતિ
ના ખાતેદારો ધારણ કરતા
હતા. ગુજરાત સુધારા
અધિનિયમ ૩૭/૧૯૮૦ થી
સને ૧૮૭૯ નાં મુંબઈનાં જમીન
મહેસુલ અધિનિયમમાં કલમ ૭૩
એ પછી નવી કલમો ૭૩ એ એ,
ક.૭૩ એબી, ક.૭૩એસી.૭૩એડી,
દાખલ કરવામાં આવેલ છે અને
સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક:
ઘમબમ-૮૧/૨૨-મ,અદજ-૧૦૮૦-
૩૪૩૩-ઝ, તા.૨૯-૧-૮૧ થી
સદરહું સુધારા અધિનિયમ તા.
૧-૨-૮૧ થી અમલમાં લાવવામાં
આવેલ છે. આ અંગે સરકારશ્રીનાં
પરિપત્રક્રમાંક:અદજ-૧૦૮૦-૩૪૩૩-
ઝ, તા. ૧૮-૨-૮૧થી અમલીકરણ

અંગે સરકારશ્રી તરફથી સુચના આપવામાં
આવેલ છે તેના અનુસંધાને મામ.શ્રી...
..........ના પત્ર ક્રમાંક:....
.............તારીખ.......
મુજબ આવા આદિજાતિના ઇસમોએ તા.
૧-૨-૮૧ ના રોજ ધારણ કરેલી જમીન
ઉપરોક્ત જોગવાઇઓથી નિયંત્રીત છે તેવી
નોંધ ગામ નં.નં.૭/૧૨ના પાનીયામાં કરવા.
અને પાનીયાના ડાબી બાજુ મથાળે લાલશાહી
(સોડકાથી)૭૩ એ એથી નિયંત્રીત સત્તા પ્રકાર
એવી નોંધ કરવા સુચના આપવામાં આવેલ
છે આથી નીચે જણાવેલ જમીન આદિજાતિના
ઇસમોએ ધારણ કરેલ હોવાથી ઉપરોક્ત
જોગવાઇ લાગુ પડતી હોવાથી આ નોંધ જરુરી
ખાત્રી કર્યા બાદ પાડવામાં આવી છે અને સત્તા
પ્રકારની નોંધ ગા.ન.નં.૭/૧૨ના પાનીયામાં
કરવામાં આવે છે.

-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-

| ક્રમાંક. | આદિજાતિના ખાતેદારનું નામ. | જે આદિજાતિના સભ્ય હોય તેની વિગત. | જમીન ની વિગત. | | |
|---|---|---|---|---|---|
| | | | સ.નં. | એ.ગુ. | આકાર. |

સરપંચ

તલાટી

## APPENDIX- 2:

A copy of Constitution (Schedule Tribes) Order, 1950 as reproduced on pages 52 to 55 to the Manual of Election Law.

-.-.-.-.

### THE CONSTITUTION (SCHEDULED TRIBES) ORDER, 1950

(C.O. 22)

In exercise of the powers conferred by clause (1) of article 342 of the constitution of India the president, after consultation with the Governor and Rajpramukhs of the States concerned, is pleased to make the following order, namely:-

1. This order may be called the constitution (Scheduled Tribes) order, 1950.

2. The tribes or tribal communities, or parts of, or groups within, tribes or tribes or tribal communities, specified in (parts 1 to (XVI) of the schedule to this order shall in relation to the State to which those parts respectively relate be deemed to be scheduled Tribes so far as regards members there of resident in the localities specified in relation ~~them reletion~~ to them respectively in those parts of that Schedule.

3. Any reference in this order, except parts IV and VII-A of the schedule, to a State to a district or other territorial division thereof, shall be construed as a reference to the State, district or other territorial division, constituted as from the 1st day of November, 1956; (any reference in parts IV and VII-A of the Schedule to a State or to a district or other territorial division thereof shall be construed as a reference to the State, district or other territorial division constituted as from the 1st day of May, 1960; (any reference in part XIII) to a State or to a district or other territorial division constituted as from the day appointed under clause (b) of section 1 of the State of Himachal pradesh Act, 1970 (and any reference in parts XIV to XVI to a State shall be construed as a reference to the State constituted as from the day appointed under clause (b) of 2 of the North-Eastern Areas (Reorganisation ) Act, 1971.)

## THE SCHEDULE

## (Part IV- GUJARAT)

1. Throughout the State except the Rajkot Division and district of Kutch:-

1. Barda.

2. Bavacha or Bamcha.

નર્મદા યોજનાના અસરગ્રસ્તોની તરફેણમાં
આદિવાસીઓની જમીનો તબદીલ કરવા
જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩એએ
હેઠળ પરવાનગી આપવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: અદજ- ૧૦૮૬ -૧૨૮૯- જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: -૮-૧૯૮૬.
14 AUG 1986

પ રિ પ ત્ર ::-

આદિવાસીઓએ ધારણ કરેલ જમીનોની કોઇપણ પ્રકારની તબદીલી કરવી હોય તો પ્રથમ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩ એએ હેઠળની પૂર્વ પરવાનગી મેળવવાની રહે છે. આ અંગે નર્મદા વિકાસ વિભાગ તરફથી એવી રજુઆત થયેલ છે કે, નર્મદા યોજનાના અસરગ્રસ્તોને ખેતીની જમીનો આપીને પુનઃ વસવાટ કરાવવા માટેની જવાબદારી સરકારશ્રીએ સ્વીકારેલ છે. અને તેમને જમીનની પસંદગી માટે આપવામાં આવેલ વિકલ્પો સિવાય તેમની પસંદગી અનુસાર તેઓ ખાનગી જમીન ખરીદી શકે તે માટે તેમને સહાય કરવા માટે સરકારે ખરીદ સમિતિની રચના કરેલ છે. આ સમિતિ જમીન ખરીદવાથી માંડીને દસ્તાવેજ કરી આપવા સુધીની મદદ કરે છે પરંતુ અસરગ્રસ્તો માટે આદિવાસીઓ પાસેથી જમીન ખરીદી તે અંગેના દસ્તાવેજો કરવામાં મુશ્કેલી રહે છે. કારણ કે, આદિવાસીની જમીન તબદીલી માટે પ્રથમ જ.મ.અ.ની કલમ-૭૩ એએ હેઠળની પરવાનગી મેળવવાની રહેતી હોય છે અને તે માટે ઠીક ઠીક સમય જતો હોઇ, અસરગ્રસ્તોને સમયસર જમીન ફાળવી શકાતી નથી. અને તેથી આદિવાસીઓ પાસેથી રાખવામાં આવતી જમીનોની તબદીલી માટે મેળવવાની પરવાનગીમાં વિલંબ ના થાય અને સરળતાથી સમયસર જ.મ.અ.ની કલમ-૭૩એએ હેઠળની પરવાનગી કલેકટર / સરકાર કક્ષાએથી મળી જાય તે માટે જરુરી સૂચનાઓ બહાર પાડવા અંગેની નર્મદા વિકાસ વિભાગની દરખાસ્ત વિચારણા હેઠળ હતી. હવે સરકારશ્રીએ નક્કી કરેલ છે કે

નર્મદા યોજનાના અસરગ્રસ્તોને આદિવાસીઓની જમીનો તબદીલ કરવા માટે જ.મ.અ.અધિનિયમની કલમ-૭૩એએ અને તે અન્વયેના નિયમોમાં કરવામાં આવેલ જોગવાઇઓને આધિન રહી જ.મ.અ.ની કલમ-૭૩એએ હેઠળ પરવાનગી આપવા માટેની નીચેની સૂચનાઓને અનુસરી કાર્યવાહી હાથ ધરી જરુરી મંજુરી આપવી.

(૧) નર્મદા યોજનાના અસરગ્રસ્તો માટે સરકારશ્રીએ રચેલ જમીન ખરીદ સમિતિ મારફત જે ખેતીની જમીન ખરીદ કરે તે જમીનના આદિવાસી માલિક તરફથી પોતાની જમીન વેચવા માટેની જ.મ.અ.ની કલમ-૭૩ એએ હેઠળની પરવાનગી આપવા માટેની અરજી કરવામા આવે તો તેવા કિસ્સામાં જરુરી ચકાસણી અગ્રતાના ધોરણે હાથ ધરી જરુરી મંજુરી નિયમોનુસાર આપવાપાત્ર કિસ્સામાં અગ્રતાના ધોરણે આપવી.

(૨) જે કિસ્સામાં સરકારશ્રીની મંજુરીની આવશ્યકતા હોય તેવા કિસ્સામાં આદિવાસી અરજદાર તરફથી પોતાની જમીન વેચાણ કરવા માટેની જ.મ.અ.ની કલમ-૭૩ એએ હેઠળની પરવાનગી માગતી અરજી કરવામાં આવે ત્યારે તે કિસ્સામાં કલેકટરશ્રીએ વિના વિલંબે અગ્રતાના ધોરણે સરકારશ્રીમાં દરખાસ્ત કરવી.

(૩) નર્મદા અસરગ્રસ્તોની તરફેણમાં આદિવાસીઓની જમીન તબદીલી માટે જ.મ.અ.ની કલમ-૭૩ એએ હેઠળની પરવાનગી આપવા બાબતમાં વિલંબ ન થાય તે માટે જે જિલ્લામાં આ પ્રકારના કિસ્સાઓ ઉપસ્થિત થયા હોય તે જિલ્લાના

આદિવાસી જમીન માલીકોનું કોઈપણ પ્રકારનું શોષણ ન થાય તેની ખાસ કાળજી રાખવી.

૩. આ સૂચનાઓ નર્મદા વિકાસ વિભાગની ફા.નં.૨૭૭બ-૭૦૮૬-૨૧-ડ માં તા.૬-૬-૮૬ ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી.યુ.પટેલ
સેકશન અધિકારી,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

૧. બધા કલેકટરશ્રીઓ,
૨. નાયબ કલેકટરશ્રી, એલ.એન.ડી.૮
રાજપીપળા, જીલ્લો: ભરુચ, દાહોદ જીલ્લો: વડોદરા અને
હિંમતનગર જિલ્લો: સાબરકાંઠા.
૩. સર્વે પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટરશ્રીઓ, આદિવાસી પેટા યોજના.
૪. અધિક કલેકટરશ્રી ( નર્મદા ) વડોદરા.
૫. કમિશ્નરશ્રી, જમીન સુધારા, નવા સચિવાલય, બ્લોક નં.૧૧, ગાંધીનગર.
૬. આદિવાસી વિકાસ વિભાગ.
૭. નર્મદા વિકાસ વિભાગ, તે વિભાગની ફા.નં. ૨૭૭બ- ૭૦૮૬- ૨૧-ડ ના સંદર્ભમાં.
૮. મહેસૂલ વિભાગની , જ અને લ શાખાઓ.
૯. નાયબ સચિવશ્રી ( જ.સુ. )
૧૦. સિલેક્ટ ફાઈલ.

જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩-એએ.

૨૨૯-જમીન મહેસુલ અનધિકૃત સ્વાત્વાપણ સામે રક્ષણ માટેની યોજનાના સદરમાં વધારાની ગ્રાન્ટ આપવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
યાદી ક્રમાંક:- અદજ/૧૦૮૫/૨૭૮૫/ઝ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩/૧૨/૧૯૮૬.

<u>યાદી</u> :-

જમીન સુધારણા કમીશનરશ્રી, ગાંધીનગરને તેમના તારીખ ૨૦/૭/૮૬ ના પત્ર ક્રમાંક બજટ/૧૧૧૬/૮૬-૮૭/કજસુના સંદર્ભમાં આજ્ઞાનુસાર જણાવવાનું કે, જમીનના અનધિકૃત સ્વાત્વાપણ સામે રક્ષણ માટેની યોજના આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ સને ૧૯૮૬-૮૭ ના વરસ માટે રૂ. ૪ લાખની ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ પરંતુ આ જોગવાઇની સામે થનાર સુચિત વધારાના ખર્ચને ધ્યાનમાં લઇ વધારાની રૂપિયા ૩ લાખની રકમ ખર્ચ માટે ચાલુ સાલે આથી અધિકૃત કરવામાં આવે છે.

૨. ઉપરોકત હેતુ માટેનું આ અંગેનું ખર્ચ અંદાજપત્રના સદર માગણી ક્રમાંક:- ૯૮ ૨૨૯ જમીન મહેસુલ એલગેનડી-૮ જમીનના અનધિકૃત સ્વાત્વાપણ સામે રક્ષણ માટેની યોજના આદિજાતિ વિસ્તાર પેટા યોજના / આયોજન" હેઠળ ઉધારવું તેમજ તે અંગેનો ખર્ચ ચાલુ વર્ષે આદિજાતિ વિસ્તાર પેટા યોજના માગણી ક્રમાંક:-૯૮ ની સમગ્ર જોગવાઇની બચતમાંથી મેળવવાનો રહેશે.

૩. આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૨૯/૧૦/૮૬ ના રોજ મળેલ અનુમતીથી તથા આ.વિ. વિભાગ અને સા.વ. વિભાગના પરામર્શથી બહાર પાડવામાં

આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સેક્શન અધિકારી,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

**નકલ રવાના:-**

૧. કલેક્ટરશ્રી, પંચમહાલ, ભરૂચ, સાબરકાંઠા, બનાસકાંઠા.
૨. નાયબ કલેક્ટરશ્રી, એલઓનડી-૮-રાજપીપળા, જી.ભરૂચ. દાહોદ, જી.પંચમહાલ. સાબરકાંઠા-હિંમતનગર.
૩. એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
૪. જમીન સુધારા કમીશનરશ્રીની કચેરી, બ્લોક નં.૧૧, સચિવાલય, ગાંધીનગર.
૫. આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. નાણાં વિભાગ, સચિવાલય, બ્લોક નં.૪, ગાંધીનગર.
૭. આંકડા શાખા, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. મહેસૂલ વિભાગની ઠ, ઠ.૨ શાખાઓ,
૯. સીલેક્ટ ફાઇલ.

જળાશય યોજનાના અસરગ્રસ્તોની
તરફેણમાં આદિવાસીઓની જમીનો
તબદીલ કરવા જમીન મહેસૂલ અધિ-
નિયમની કલમ-૭૩એએ હેઠળ પરવા-
નગી આપવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: અદજ-૧૦૮૬-૩૧૬૧-જ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ:૨૩-૧૨-૧૯૮૬.

પરિપત્ર :-

આદિવાસીઓએ ધારણ કરેલ જમીનોની કોઈપણ પ્રકારની તબદીલી કરવી હોય તો પ્રથમ જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૭૩એએ, હેઠળની પૂર્વ પરવાનગી મેળવવાની રહે છે. આ અંગે, નર્મદા અસરગ્રસ્તો માટે આદિવાસીઓ પાસેથી જમીનો ખરીદવા માટે પડતી મુશ્કેલીઓની નર્મદા વિકાસ વિભાગ તરફથી રજુઆત કરવામાં આવતાં, આદિવાસીઓની જમીનો ખરીદવા માટેની જરૂરી મંજુરી આપવાના કેસોનો અગ્રતાના ધોરણે નિકાલ કરવા બાબતમાં સરકારના મહેસૂલ વિભાગના પરિપત્ર ક્રમાંક: અદજ-૧૦૮૬-૧૨૮૯-જ, તારીખ ૧૪-૮-૧૯૮૬ થી જરૂરી સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. પરંતુ આ સુચનાઓ ફક્ત નર્મદા યોજના અસરગ્રસ્તો પુરતી જ છે. અને ત્યારબાદ અન્ય જળાશય યોજના જેવી કે કડાણા જળાશય યોજનાના અસરગ્રસ્તોને પણ નર્મદા યોજનાના અસરગ્રસ્તોની જેમ આદિવાસીઓની જમીનો ખરીદવા તા મળે તે માટેની રજુઆતો થયેલ છે. બાબતમાં પૂર્ણ વિચારણાને અંતે સરકારશ્રીએ નક્કી કરેલ છે કે, આદિવાસીઓની જમીનો ખરીદવા માટે ફક્ત નર્મદા અસરગ્રસ્તોને મુશ્કેલી પડતી નથી. પરંતુ તે સિવાયની ગુજરાતની અન્ય જળાશય યોજનાના અસરગ્રસ્તોને પણ આવી મુશ્કેલી પડતી હોય છે અને તેથી અન્ય જળાશય યોજનાના અસરગ્રસ્તોને પણ આદિવાસીઓની જમીનો

ખરીદવા માટે આવતા હો તે માટે જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૭૩એએ, અને તે અન્વયેના નિયમોમાં કરવામાં આવેલ જોગવાઈઓને આધિન રહી, જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૭૩એએ હેઠળ પરવાનગી આપવા માટેની નીચેની સૂચનાઓને અનુસરી કાર્યવાહી હાથ ધરી જરૂરી મંજુરી આપવી.

(૧) ગુજરાતની કોઈપણ જળાશય યોજનાના અસરગ્રસ્તો કે જેમના તરફથી આદિવાસીઓ પાસેથી જમીન ખરીદવા અને આદિવાસી જમીન માલિકો તરફથી તેમની જમીન વેચવા જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૭૩એએ હેઠળની પરવાનગી આપવા અંગેની અરજી કરવામાં આવે તો તેવા કિસ્સામાં જરૂરી ચકાસણી અગ્રતાના ધોરણે હાથ ધરી જરૂરી મંજુરી નિયમોનુસાર આપવાપાત્ર કિસ્સામાં અગ્રતાના ધોરણે આપવી.

(૨) જે કિસ્સામાં સરકારશ્રીની મંજુરીની આવશ્યકતા હોય તેવા કિસ્સામાં આદિવાસી અરજદાર તરફથી પોતાની જમીન વેચાણ કરવા માટેની જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૭૩એએ હેઠળની પરવાનગી માગતી અરજી કરવામાં આવે ત્યારે તે કિસ્સામાં કલેક્ટરશ્રીએ વિના વિલંબે અગ્રતાના ધોરણે સરકારશ્રીમાં દરખાસ્ત કરવી.

(૩) જળાશય યોજનાના અસરગ્રસ્તોની તરફેણમાં આદિવાસીઓ જમીન તબદીલી માટે જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૭૩એએ, હેઠળની પરવાનગી આપવા બાબતમાં વિલંબ ન થાય તે માટે જે જિલ્લામાં આ પ્રકારના કિસ્સાઓ ઉપસ્થિત થતા હોય તે જિલ્લાના કલેક્ટરશ્રીએ દર મહિને રીવ્યુ મીટીંગ ગોઠવવી તેમજ અસરગ્રસ્તોની જમીન ખરીદવા તેમને સહાયરૂપ થવા સરકાર તરફથી કોઈ ખાસ અધિકારી કે સમિતિની નિમણુંક કરવામાં આવી હોય તો, મીટીંગમાં તેમને સમિતિના પ્રતિનિધિને

પણ તેમના તરફથી રજુઆત કરવા માટે હાજર રહેવા આમંત્રણ આપવું.

૨. આ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવો તેમજ જમીનોની તબદીલી બાબતમાં આદિવાસી જમીન માલિકોનું કોઇપણ પ્રકારનું શોષણ ન થાય તેની ખાસ કાળજી રાખવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બી.યુ.પટેલ
સેક્શન અધિકારી,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

૧. બધા કલેકટરશ્રીઓ,
૨. નાયબ કલેકટરશ્રી, એલ.એન.ડી.-૮, રાજપીપળા, જી. ભરૂચ, દાહોદ જી. પંચમહાલ અને હિંમતનગર જી: સાબરકાંઠા.
૩. સર્વે પ્રોજેક્ટ એડમીનીસ્ટ્રેટરશ્રીઓ, આદિવાસી પેટા-યોજના.
૪. કમિશ્નરશ્રી, જમીન સુધારા, નવા સચિવાલય, બ્લોક નં. ૧૬, ગાંધીનગર,
૫. અધિક કલેકટરશ્રી, (સિંચાઇ) ઉત્તર અને મધ્ય ગુજરાત, બ્લોક નં. ૫, ત્રીજે માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
૬. અધિક કલેકટરશ્રી, સૌરાષ્ટ્ર કચ્છ (સિંચાઇ) ડા ૧, બહુમાળી ભવન, રાજકોટ.
૭. અધિક કલેકટરશ્રી (સિંચાઇ), દક્ષિણ ગુજરાત, નાથીબા ભવન, ભારત કો.ઓ.બેન્કના મેડા ઉપર, ચાંપાનેર દરવાજા બહાર, ફતેપુરા રોડ, વડોદરા.
૮. આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. સિંચાઇ વિભાગ "ક-૫" શાખા, સચિવાલય, ગાંધીનગર (પાંચ નકલ)
૧૦. મહેસૂલ વિભાગની "જ" અને "લ" શાખાઓ, -સચિવાલય, ગાંધીનગર.
૧૧. નાયબ સચિવશ્રી, (જ.સુ.) -સચિવાલય, ગાંધીનગર.
૧૨. સિલેક્ટ ફાઇલ.

આદિજાતિ પેટા યોજના હેઠળની એમ. એન. ડી ૮
યોજના માટેના સુધારા હુકમ બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અછત-૧૦૮૬-૧૩૩૦૮૫-જ,
સચિવાલય, ગાંધીનગર
તા. /૬/૧૯૮૭ 15. JUL 1987

વંચાણે લીધા :

(૧) મહેસૂલ વિભાગની સરકારી ઠરાવ ક્રમાંક:અછત-૧૦૮૬-૧૩૩૦૮૫-જ તા. ૨૪/૩/૮૭ તથા તેજ ક્રમાંકની તા. ૨/૬/૮૭ની ઠરાવ.

સુધારા ઠરાવ :-

ઉપરોક્ત સંદર્ભોમાં જણાવ્યા મુજબના તા. ૨૪/૩/૮૭ તેમજ તા. ૨/૬/૮૭ના બંને ઠરાવોમાં અંદાજપત્રના જે સદરો જણાવવામાં આવેલ છે તે સુધારીને હવે નીચે પ્રમાણેનું સદર વંચાણે લેવું.

" માંગણી નં. ૯૮, મુખ્ય સદર-૨૫૦૬- જમીન સુધારા, ગૌણ સદર-૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર (૩), એમ.એન.ડી-૮ આદિજાતિના લોકોના જમીનના બનાવટી સ્વાર્પણ સામે રક્ષણ માટેની યોજના "

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સેક્શન અધિકારી
મહેસૂલ વિભાગ ગુજરાત સરકાર.

ખાનગી

જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૭૩ એ,૭૩એએ

આદિવાસીઓએ ધારણ કરેલ જમીનોની ઉધોગના હેતુ માટે તબદીલ કરવા પરવાનગી આપવાના અધિકારો બાબત...

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:અદજ-૧૦૮૭-૩૧૩-જ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૧૬-૬-૮૮

વંચાણમાં લીધાઃ-મહેસૂલ વિભાગના જાહેરનામા ક્રમાંક:જીએચએમ-૮૨-૧૪૯-એમ-એડીએલ-૧૦૮૦-૩૦૯૩-ઝેડ, તા.૨૧-૬-૮૨

૨. મહેસૂલ વિભાગનો પરિપત્ર ક્રમાંક:અદજ-૧૦૮૨-૩૧૩-જ, તા.૨૩-૩-૮૨

પ રિ પ ત્રઃ-

આદિવાસીઓએ ધારણ કરેલ જમીનો તેમની પાસેથી અનધિકૃત રીતે પડાવી ન લેવાય અને તેઓ જમીન વિહોણા થઇ ન જાય તેમજ તેઓના જીવન નિર્વાહના સાધન માટે તેમની પાસે જમીન રહે તે હેતુને ધ્યાનમાં લઇ, મુંબઇ જમીન મહેસુલ(ગુજરાત દ્વિતીય સુધારા)અધિનિયમ-૧૯૮૦ની કલમ-૭૩ એએ, ૭૩એબી, ૭૩એસી અને ૭૩ એડીથી આદિવાસીઓની જમીનોની તબદીલી પર નિયંત્રણ મુકવામાં આવેલ છે. રાજ્યના આદિવાસી વિસ્તારવાળા જિલ્લાઓ કે જ્યાં નવા ઉધોગો માટે જમીનની જરૂર પડતી હોય છે અને તે માટે એટલે કે ઉધોગના હેતુ માટે તે વિસ્તારમાં આદિવાસીઓની જમીન સિવાય બીજી જમીન મળી શકતી નથી અને આદિવાસીની જમીન મેળવવા માટે પ્રથમ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩ એએ હેઠળ કલેકટરશ્રીની પુર્વ પરવાનગી મેળવવાની રહે છે. ઉધોગના હેતુ માટે આદિવાસીની જમીનો મેળવવા માટે કોઇ મુશ્કેલી ન રહે તે હેતુસર નીચેના મુદ્દાઓની વિગતવાર ખાતરી કરી, તે મુદ્દાઓ સંતોષતા હોવાની ખાતરી થયે જરુરી પરવાનગી આપવા બધા કલેકટરશ્રીઓને તા.૨૩-૩-૮૨ના પરિપત્ર ક્રમાંક: અદજ-૧૦૮૨-૩૧૩-જ થી સુચનાઓ આપવામાં આવેલ છે.

૧. જમીન ખરીદનાર ઔધોગિક એકમો પાસેથી જમીન વેચનાર આદિવાસી ખાતેદારને તેમની જમીનની વ્યાજબી કિંમત મળતી હોવાની સંપુર્ણ ખાતરી કરવી.

૨. ઔધોગિક એકમો પાસેથી નીચે મુજબની માહિતી પણ મેળવવી.

ક. જમીન ખરીદનાર લઘુ ઉધોગ સ્થાપવા માંગતા હોય તો ઉધોગ કમિશ્નરશ્રી. જિલ્લા ઉધોગ કેન્દ્ર પાસેથી જમીન ખરીદનારે એસ.એસ.આઇ/લઘુ ઉધોગ/રજીસ્ટ્રેશન મેળવ્યું હોવાની ખાતરી કરવી.

ખ. જમીન ખરીદનાર મધ્યમ કક્ષાનો ઉધોગ સ્થાપનાર હોય તો ડાયરેક્ટર જનરલ ઓફ ટેકનીકલ ડેવલપમેન્ટ પાસેથી ડી.જી.ટી.ડી. રજીસ્ટ્રેશન જમીન ખરીદનારે મેળવ્યું હોવાની ખાતરી કરવી.

ગ. જમીન ખરીદનાર મોટો ઉધોગ સ્થાપનાર હોય તો ભારત સરકાર પાસેથી લેટર ઓફ ઇન્ટેન્ટ/ઇન્ડસ્ટ્રીયલ લાઇસન્સ જમીન ખરીદનારે મેળવ્યું હોવાની ખાતરી કરવી.

૩. લઘુ ઉધોગો માટે જમીનના ક્ષેત્રફળની જરુરીયાત અંગે જિલ્લા ઉધોગ કેન્દ્રો પાસેથી અને મધ્યમ કક્ષાના તેમજ મોટા ઉધોગો હોય તો તે માટે ડાયરેક્ટર જનરલ ઓફ ટેકનીકલ ડેવલપમેન્ટ/ઉધોગ કમિશ્નરશ્રી પાસેથી કલેક્ટરશ્રીએ ખાતરી કરી લેવી.

૨. આદિવાસીઓની જમીનો ઉધોગના હેતુ માટે તબદીલ કરવા પરવાનગી આપવાના અધિકારો કલેક્ટરશ્રીને આપવામાં આવેલ અને ઉપરોકત મુદ્દાઓને ધ્યાનમાં લઇ પરવાનગી આપવાની સુચનાઓ આપવામાં આવેલ પરંતુ તેના કારણે આદિવાસીઓની જમીનો ઉધોગના બહાને ઘણી જ સરળતાથી તબદીલ થતી હોય છે અને તે રીતે આદિવાસીઓ જમીન વિહોણા થઇ જવાની તેમજ જીવન નિર્વાહના સાધનો વિનાના થઇ જવાની શકયતાઓને ધ્યાનમાં લઇ હવે ઉધોગના હેતુ માટે આદિવાસીની જમીની ફકત નીચે જણાવેલ ઉધોગ માટે જ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩ એએ હેઠળની પરવાનગી આપવાના અધિકારો કલેક્ટરશ્રી પાસે રાખવા સરકારશ્રીએ સંપુર્ણ વિચારણાને અંતે નકકી કરેલ છે.

(૧) મોટા ઉધોગો કે જેમાં ભારત સરકાર પાસેથી લેટર ઓફ ઇન્ટેન્ટ/ઇન્ડસ્ટ્રીયલ લાઇસન્સ જમીન ખરીદનારે મેળવવું જરુરી છે.

૩. ઉપર જણાવેલ ઉધોગો સિવાય નીચે જણાવેલ ઉધોગો માટે આદિવાસીની જમીન તબદીલ કરવા જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩એએ હેઠળ કલેક્ટરશ્રીએ પરવાનગી આપતા પહેલાં સરકારશ્રીની પૂર્વ પરવાનગી મેળવવાની રહેશે.

(૧) લઘુ ઉદ્યોગો કે જેમાં ઉદ્યોગ કમિશ્નરશ્રી કે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસેથી જમીન ખરીદનારે એસ.એસ.આઇ./લઘુ ઉદ્યોગ રજીસ્ટ્રેશન મેળવવું જરૂરી છે.

(૨) મધ્યમ કક્ષાના ઉદ્યોગો કે જેમાં, જમીન ખરીદનારે ડાયરેક્ટર જનરલ ઓફ ટેકનીકલ ડેવલપમેન્ટ પાસેથી ડી.જી.ટી.ડી. રજીસ્ટ્રેશન મેળવવું જરૂરી છે.

૪. ઉપરોક્ત ફકરા ૩(૧) (૨)ના હેતુ માટે આદિવાસીની જમીન તબદીલ કરવા જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩ એએ તથા નિયમ ૫૭(એલ)(૩) હેઠળ તેમની સત્તાની રૂએ પરવાનગી આપતાં પહેલાં સરકારશ્રીની પૂર્વ પરવાનગી મેળવવી તેમજ ઉપરોક્ત ફકરા-૨ (૧)ના હેતુ માટે સરકારશ્રીની પૂર્વ પરવાનગી નહીં મેળવતા કલેકટરશ્રીએ તેમના અધિકારોની રૂએ પરવાનગી આપવી, પરંતુ તે અન્વયે કરવામાં આવેલ હુકમની એક નકલ સરકારશ્રીમાં પણ રજુ કરવી.

ઉપર ફકરા-૩(૧)તથા ૩(૨)ના સંદર્ભમાં સરકારશ્રીની મંજુરી માટે દરખાસ્ત વખતે સદરહુ ફકરામાં દર્શાવેલ અધિકારીશ્રીઓના/સત્તાઓના પ્રમાણપત્રો સરકારશ્રીને મોકલવા.

૫. બધા કલેકટરશ્રીઓએ ઉપરોક્ત સુચનાઓનો તાત્કાલિક અસરથી ચુસ્તપણે અમલ કરવો અને તે મુજબની ખાતરી થયા બાદ અને સરકારશ્રી પાસેથી પૂર્વ પરવાનગી મેળવવાની થતી હોય તેવા કિસ્સામાં સરકારશ્રીની પુર્વ પરવાનગી મળ્યાની ખાતરી કર્યા બાદ જ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩ એએ હેઠળની પરવાનગી આપવી.

૬. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગની તા. ૨૩-૧૨-૮૬ની મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અ.ઇ.અંજારીયા
નાયબ સચિવ,
મહેસુલ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

૧. બધા કલેકટરશ્રીઓ,

જમીન મહેસૂલ અધિનિયમની કલમ -૭૩ એએ

ભારત સરકાર દ્વારા પુરસ્કૃત નેશનલ રૂરલ ગ્રીડ ગોડાઉન યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં ગોડાઉન બાંધવા માટે પરવાનગી બાબત....

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: એદજ-૧૦૮૯-૯૬૧-જ,
(સરદારભવન) સચિવાલય,ગાંધીનગર.
તા: ૩-[illegible]-૮૯.

પરિપત્ર :-

ભારત સરકાર દ્વારા પુરસ્કૃત નેશનલ રૂરલ ગ્રીડ ગોડાઉન યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં ગોડાઉન બાંધવા માટે જમીન ખરીદવાના હેતુ માટે જમીન મહેસૂલ અધિનિયમની કલમ -૭૩ એએ હેઠળ સહકારી મંડળી દ્વારા પરવાનગી મેળવવા કરવામાં આવતી રજૂઆતોનો જ.મ.અ.ની કલમ -૭૩ એએ ની જોગવાઈઓને તથા તે અંગેના નિયમોને આધિન તાકીદે નિકાલ કરવા આથી સર્વે કલેકટરશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે જેથી આ યોજના અન્વયે બાંધવાના ગોડાઉનનો કાર્યક્રમને અવળી અસર ન પહોંચે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઉપસચિવ,
મહેસૂલ વિભાગ,ગુજરાત સરકાર.

પ્રતિ,
સર્વે કલેકટરશ્રી,
[illegible]
નકલ રવાના :
સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ તે વિભાગના તા.૨૮-[illegible]-૮૯ ના પત્ર ક્રમાંક:સીજીજી-૧૨૮૯-૫૧૩-ભ અન્વયે.

જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩
એએ હેઠળની સરકારશ્રીની પુર્વ પરવાનગી
અંગેના કેસોની દરખાસ્ત બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ.
પરિપત્ર ક્રમાંક :અદજ-૧૦૯૦-૧૩૪-જ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૮-૪-૯૦

પ_રિ_પ_ત્ર :-

(૧) જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩ એએ થી નિયંત્રિત સત્તાપ્રકારની જમીનની વેચાણ તબદીલીની સરકારશ્રીની પરવાનગી અંગે રજૂ કરવામા આવતી દરખાસ્ત તે અંગેના કાયદાને ધ્યાનમા રાખી તેના આધારે કેટલીક મૂળભૂત માહિતિની આવશ્યકતા રહે છે. આવી મૂળભૂત માહિતિના અભાવે સંબંધકર્તા કચેરીને અવાર નવાર પૂછાણ કરી ખૂટતી માહિતિ મેળવવી પડે છે. આથી આવી દરખાસ્ત રજૂ કરતી વખતે તેઅંગેની મૂળભૂત માહિતિ દરખાસ્ત સાથે જ રજૂ કરવામાં આવે તો ફરી પૂછાણ કરવામાં થતો વિલંબ નિવારી જેતે કેસમાં ત્વરિત આખરી નિર્ણય લઈ શકાય તે હેતુથી સરકારશ્રીની પરવાનગી માટે રજૂ કરવામા આવતી દરખાસ્ત સરકારશ્રીમાં રજૂ કરતાં પહેલા આ સાથે સામેલ નિયત પત્રક મુજબની વિગતો અંગેની સંપુર્ણ ચકાસણી બાદ તેમા જણાવેલ વિગતોની માહિતિ આધાર / પુરાવા સાથે પ્રવર્તમાન કાયદા અને તેને લગતા હુકમો/ નિયમોને આધારે કલેકટરશ્રીના સ્પષ્ટ અભિપ્રાય સાથે દરખાસ્ત રજૂ કરવા સર્વે કલેકટરશ્રીઓને આથી જણાવવામા આવે છે.

૨. કાયદા/ હુકમોથી જે પ્રકારની પૂર્વ પરવાનગી માટે કલેકટરશ્રીઓને સત્તા આપવામા આવેલ છે તેવા કેસો પણ કલેકટરશ્રી ધ્વારા પરવાનગી આપી શકાય તેમ નહીં હોવાનુ જણાવી સરકારશ્રીમા દરખાસ્ત રજૂ કરવામા આવતી હોવાનુ ધ્યાનમા આવેલ છે, તો આવી દરખાસ્તો સરકારશ્રીમા રજુ નહી કરતાં કલેકટરશ્રીઓની સત્તાની રુઈએ કેસનો નિકાલ કરવા જણાવવામા આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઈ.એ.ગજ્જર
સેકશન અધિકારી,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

બિડાણ : પત્રક.

પ્રતિ

- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે પ્રાન્ત અધિકારીશ્રીઓ
- અધિક મુખ્ય સચિવશ્રી(વિવાદ) મહેસુલ વિભાગ, બહુમાળી મકાન લાલદરવાજા, અમદાવાદ.
- કમિશ્નરશ્રી, જમીન સુધારાની કચેરી, સરદારભવન, ગાંધીનગર.
- ખાસ મામલતદારશ્રી, મહેસુલ વિભાગ, સરદાર ભવન, ગાંધીનગર.
- નાયબ કલેકટરશ્રી, એલએનડી-૮ યોજના, રાજપીપળા, ભરુચ, દાહોદ, પંચમહાલ, હિંમતનગર-સાબરકાંઠા, પાલનપુર-બનાસકાંઠા. સુરત,વલસાડ,વડોદરા.
- આદિજાતિ વિકાસ વિભાગ, સરદાર ભવન, ગાંધીનગર.
- વિસિ. શા. કિ.

જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩એએ
હેઠળની સરકારશ્રીની પૂર્વ પરવાનગી અંગેના
કેસોની દરખાસ્ત બાબત..

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રઃ અદજ/૨૧૯૦/૩૫/જ.૧,
સચિવાલય,ગાંધીનગર,
તા.[illegible]/૪/૧૯૯૧,

વંચાણમાં લીધાઃ- (૧) પરિપત્ર ક્રઃ અદજ/૧૦૯૦/૧૩૪/જ.૧, તા.૧૮/૪/૯૦,

<u>પરિપત્ર</u> :-

જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩ એએથી નિયંત્રિત સત્તાપ્રકારની જમીનની વેચાણ તબદીલીની સરકારશ્રીની પરવાનગી અંગે રજૂ કરવામાં આવતી દરખાસ્ત તે અંગેના કાયદાને ધ્યાનમાં રાખી તેના આધારે કેટલીક મૂળભૂત માહિતીની આવશ્યકતા રહે છે. જે માટે ઉપરોક્ત વંચાણે લીધેલ પરિપત્રની સાથે જે નિયત પત્રક સામેલ કરેલ છે. તેના કોલમ-૧૩ પછી તરતજ કોલમ-૧૩-અ નીચે મુજબનું ઉમેરવામાં આવે છે.

<u>કોલમ-૧૩-અ.</u>

ટાઉન પ્લાનીંગ અધિકારી મારફત વૈધાનિક ધોરણે મુલ્યાંકન કરવાનું આવશ્યક જણાય તો તે અંગે તાલુકા મથકથી દરખાસ્ત હેઠળની જમીનનું અંતર દર્શાવી કલેક્ટરશ્રીએ પોતાનો સ્પષ્ટ અભિપ્રાય દર્શાવવો.

૨. આ સાથે નિયત પત્રક મુજબની વિગતો અંગેની સંપૂર્ણ ચકાસણી બાદ તેમાં જણાવેલ વિગતોની માહિતી આધાર/પુરાવા સાથે પ્રવર્તમાન કાયદા અને તેને લગતા હુકમો/ઠરાવોને આધારે કલેક્ટરશ્રીના સ્પષ્ટ અભિપ્રાય સાથે દરખાસ્ત રજૂ કરવા સર્વે કલેક્ટરશ્રીઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( શામજી પટેલ )
ઉપસચિવ,
મહેસુલ વિભાગ,ગુજરાત સરકાર,

..૨..

ક્રમાંક: અદજ-૧૦૮૦-૩૪૩૩ (ગ)- જ.૧,

મહેસૂલ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
તા. ૨૦/૫/૯૨.

પ્રતિ,
કલેકટરશ્રી,
વલસાડ જિલ્લો,
વલસાડ.

વિષય:- સને ૧૮૭૯ ના મુંબઈના જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૭૩ એએ તથા નિયમ-૫૭(એલ) ની જોગવાઈના અમલ તથા અર્થઘટન બાબત.

ઉપરોક્ત વિષય પરત્વેના આપના તા.૧૦/૭/૯૧ના પત્ર નં. રીએસ-એલએનડી-૭૩એએ- વશી-૨૫૦૨-૯૧, તા.૧૮/૪/૯૧ ના પત્ર નં. જમશ-૭૩એએ-વશી-૧૦૭૭-૯૧ ના અનુસંધાને જણાવવાનું કે, આ અગાઉ આપના તારીખ : ૫/૩/૮૨ ના પત્ર ક્રમાંક:જમશ-આરટીએસ- ૭૩એએ-વશી-૩૨૪-૮૨ થી આ અંગે માગવામાં આવેલ જરુરી સ્પષ્ટતા આપને લખેલ આ વિભાગના તારીખ ૨૫/૩/૯૨ના સરખા ક્રમાંકના પત્રમાં કરવામાં આવેલ છે.

૨. આમ છતાં ફરીથી સ્પષ્ટતા કરવાની કે, જો કૌટુંબિક વહેંચણીથી જમીનની તબદીલી થતી હોય તો જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૭૩એએ હેઠળ કલેકટરશ્રીની પૂર્વ પરવાનગી મેળવવાની રહેતી નથી. અલબત્ત અન્ય કાયદા/ નિયમ( કે જેમાં કોઈ કાયદા તથા એકત્રીકરણ કાયદાનો અમલ સમાવેશ થાય) ની જોગવાઈઓ લક્ષમાં લેવાની રહે.

વધુમાં જણાવવાનું કે,સહભાગીદાર તરફથી નામ દાખલ કરતી વખતે કાયદાનુસાર વારસાઈ હકકથી સહભાગીદારનો હકક કોઈપણ વ્યક્તિ મેળવવા હકકદાર છે કે કેમ તથા વહેંચણી જ્યારે કરવામાં આવે ત્યારે તે વહેંચણી કાયદાનુસારના વારસો વચ્ચે અને તેમના હિસ્સાના સપ્રમાણમાં છે કે કેમ તે બાબત વિગતથી ચકાસણી કરવાની રહે.

૪. આપના તા.૬/૬/૯૧ના પત્રની સાથે સામેલ રાખેલ કામના કાગળો આ સાથે પરત કરેલ છે.

શામજી પટેલ
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ,ગુજરાત સરકાર.

નકલ રવાના:-
૧.આ વિભાગની ફા.નં.અદજ-૨૯૯૧-૭૮-જ.૧ સાથે રાખવા માટે.
૨. આ વિભાગની ફાઈલ નં.અદજ-૨૯૯૦-૪૦૬-જ.૧ સાથે રાખવા માટે
૩. સર્વે કલેકટરશ્રી, તરફ ઘટતી કાર્યવાહી અર્થે. પંચમહાલ-ગો
૪. સિલેક્ટ ફાઈલ- જ.૧ શાખા.

જમીન મહેસુલ કાયદાની કલમ-૭૩ એ
કલમ-૭૩ એએ હેઠળ નિયંત્રિત તથા ગણોતધારાની
કલમ-૪૩ અને નવી શરત હેઠળ નિયંત્રિત
જમીનોની તબદીલી/વેચાણ માટે સૌપ્રથમ
કલમ-૭૩ એ, કલમ-૭૩ એએ હેઠળની
મુક્તિની પરવાનગી આપવા અંગે.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:અદજ-૧૦૯૫-૫૪૧-જ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તા. -૧૧-૯૫.
-5 NOV 1995

પ રિ પ ત્ર :-

આદિવાસીઓએ ધારણ કરેલ જમીનોને જમીન મહેસુલ કાયદાની કલમ-૭૩ એ, કલમ-૭૩ એએ તો કલમ-૭૩ એડીના નિયંત્રણો મૂકવામાં આવેલ છે. આ જમીનોને ગણોત ધારાની કલમ-૪૩ તથા નવી શરતના નિયંત્રણો પણ લાગુ પડતા હોય તેવા સંજોગોમાં આવી જમીનોની તબદીલી થવાના પ્રસંગે પ્રથમ કયા કાયદા હેઠળની પરવાનગી લેવાની રહે તે બાબત ઉપસ્થિત થતાં, આ બાબતે સરકારે વિચારણા કરેલ છે અને તેના સંદર્ભમાં નીચે પ્રમાણેની માર્ગદર્શક સૂચનાઓ આથી બહાર પાડવામાં આવે છે.

૨. આદિવાસીઓની ખેતીની તથા બિન ખેતીની જમીનોને આદિવાસી અથવા બિન આદિવાસીને વેચાણ / તબદીલ કરવા ઉપર જમીન મહેસુલ કાયદાની કલમ-૭૩ એ, કલમ-૭૩ એએ થી કલમ-૭૩ એડીની જોગવાઈઓથી નિયંત્રણો મૂકવામાં આવેલ છે. આવી જમીનોને ગણોત ધારાની કલમ-૪૩ તથા નવી શરતનું નિયંત્રણ પણ લાગુ પડતું હોય તેવા કિસ્સાઓમાં <u>પ્રથમ જમીન મહેસુલ કાયદાની કલમ-૭૩ એ, કલમ-૭૩ એએ થી કલમ-૭૩ એડી હેઠળની પરવાનગી મેળવવાની રહે છે, અને ત્યાર બાદ ગણોત ધારાની કલમ-૪૩ અથવા નવી શરત હેઠળની પરવાનગી મેળવવાની રહેશે.</u>

૩. આ બાબત ધ્યાનમાં લઈને જરૂરી કાર્યવાહી કરવા અને સંબંધિત સર્વે અધિકારીશ્રીઓના ધ્યાન ઉપર લાવીને તેનો ચુસ્તરીતે અમલ થાય તે જોવા આથી તમામ જિલ્લા કલેકટરશ્રીઓને સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

[illegible]
ઉપ સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

- સર્વે કલેકટરશ્રીઓ,
- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ,
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- નાયબ કલેકટરશ્રી, એલએનડી-૮, રાજપીપળા, હિંમતનગર - જી. સાબરકાંઠા, જિ. પંચમહાલ-દાહોદ, વ્યારા - જી. સુરત.
- આદિજાતિ વિકાસ વિભાગ, સરદાર ભવન, ગાંધીનગર,
- સચિવશ્રી (વિવાદ) મહેસૂલ વિભાગ, લાલ દરવાજા, અમદાવાદ,
- સેટલમેન્ટ કમિશનરશ્રી અને ડાયરેકટર ઓફ લેન્ડ રેકર્ડ્ઝ, લાલદરવાજા, અમદાવાદ.
- નોંધણી સર નિરીક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, લાલદરવાજા, અમદાવાદ.
- વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- જમીન સુધારા કમિશનરશ્રીની કચેરી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- વિશિષ્ટ ફાઈલ.

વિષય: આદિવાસીઓની જમીનની નબદીલી
માટેની જમીન સુધારાની કલમ-૭૩એએ
હેઠળ કરવાની થતી કામગીરી પ્રાન્ત
અધિકારીઓને સોંપવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંક:અદજ-૧૦૯૮-૧૬૭-જ.૧,
સચિવાલય,ગાંધીનગર,
તા. ૨૦/૭/૯૮.

વંચાણમાં લીધા:-

(૧) ઠરાવનં.એડીએલ-૧૦૭૫-૧૧૩૦૮૫-ઞ, તા.૩/૭/૭૬
(૨) ઠરાવ ક્રમાંક: અદજ-૧૦૯૭-૬૮-જ.૧, તા.૧/૧૦/૯૭
(૩) ઠરાવ ક્રમાંક: ગણત-૧૦૯૮-૨૭૧-ઞ,તા. ૨૬/૩/૯૮.

પ રિ પ ત્ર-

આમુખમાં દર્શાવેલ ક્રમ(૧) આગળ દર્શાવેલ ઠરાવથી એલ.એન.ડી.પ( હવે એલ.એન.ડી.૮) હેઠળ ઉભી કરવામાં આવેલ જગ્યાઓ આદિવાસીઓની જમીનોની નબદીલી અને તેને લગતી આનુસાંગિક કામગીરી કરતી હતી, પરંતુ તા.૨૦/૧૨/૯૭ના નટહુકમનં. ૧૩ થી જમીન મહેસૂલ કાયદાની કલમ-૭૩-એએ, એબી,એસી, અને એડીને લગતી આદિજાતિ વિસ્તારો પૂરતી કામગીરી જિલ્લા પંચાયતોને સોંપવામાં આવી છે.

આમુખમાં ક્રમ(૨) આગળ દર્શાવેલ ઠરાવથી આ જગ્યાઓ તા.૨૮/૨/૯૮ સુધી ચાલુ રખાયેલ હતી. ત્યારબાદ આમુખમાં ક્રમ(૩) આગળ દર્શાવેલ ઠરાવથી એલ.એન.ડી.૮ની કુલ ૩૨ જગ્યાઓ જે તા.૨૮/૨/૯૮ સુધી ચાલુ રાખી હતી તે તા.૨૬/૩/૯૮ના ઠરાવથી એબેયન્સમાં મુકવામાં આવી છે.

આ સંજોગોમાં એલએન.ડી.૮ યોજના હેઠળના મહેકમ દ્વારા થતી

..૨..

કામગીરી કોના ધ્વારા કરવાનીરહે છે તે અંગે વિચારણા કર્યા પછી સરકારે નિર્ણય કરેલ છે કે એલ.એન.ડી.ટ્યોજના હેઠળના મદેકમ ધ્વારા થતી હતી તે તમામ કામગીરી હવે સબંધિત વિસ્તારના પ્રાન્તઅધિકારીઓએ કરવાની રહેશે. આ કામગીરી જે તે વિસ્તારના પ્રાન્ત અધિકારીઓ ધ્વારા હાથ ધરાય તેનું ધ્યાન સબંધિત કલેકટરશ્રીએ રાખવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સેકશન અધિકારી,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,
નકલ જરુરી કાર્યવાહી માટે રવાના:

(૧) પ્રાંતઅધિકારીશ્રી,
પંચમહાલ જીલ્લો,
જિલ્લો. ગોધરા

(૨) જમીન સુધારણા કમિશ્નરશ્રીનીકચેરી, બ્લોકનં.૧૧
સરદારભવન, ૯માં માળ, ગાંધીનગર

(૩) મહેસુલ વિભાગની ઠ, ઠ.૨, ઠ.૧, આંકડા શાખા,
યોગ્ય કાર્યવાહી અર્થે

(૪) નિશિષ્ટ ફાઇલ

જમીન મહેસુલ અધિનિયમની કલમ ૭૩ એએ

આદિવાસીઓના પ્રશ્નોના અભ્યાસ માટે રચવામાં આવેલ શ્રી હરુભાઈ મહેતા સમિતિની ભલામણો અંગે.

ભલામણ ક્રમાંક: ૨૪.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્રક:અદજ/૧૦૯૦/૬૧/જ૬૨
સચિવાલય,ગાંધીનગર.
તારીખ૭મી નવેમ્બર-૧૯૯૮

વંચાણમાં લીધા: ૧. પરિપત્રક:અદજ/૧૦૩૭/એમ.આર.૩૦૪૧/ઝ તા. ૬/૧/૭૮

૨. ખાનગી પરિપત્રક્રમાંક:અદજ/૧૦૭૭/એમ.આર.૩૦૪૧/ઝ તારીખ ૧૩/૧૧/૮૦

૩. ગુજરાત અધિનિયમ ક્રમાંક:૩૭/ઓફ ૧૯૮૦

૪. જાહેરનામું ક્રમાંક:ઘમ/૮૧/૨૨/મ અદજ/૧૦૮૦/૩૪૩૩/ઝ તા.૨૯/૧/૮૧.

૫. પરિપત્રક: અદજ/૧૦૮૦/૩૪૩૩/ઝ તા.૧૮/૨/૧૯૮૧.

પ રિ પ ત્ર :-

આદિવાસીઓએ ધારણ કરેલ જમીનનો ઉપર જમીન મહેસુલ કાયદાની કલમ ૭૩એ, એએ, કલમ ૭૩ એ બી, કલમ ૭૩ એસી અને કલમ-૭૩ એડી થી નિયંત્રણો મુકવામાં આવેલા છે.આ નિયંત્રણોનો અસરકારક અમલ થઈ શકે તે માટે તથા આદિવાસીઓની જમીનોના ઉભા થતા પ્રશ્નોના અભ્યાસ માટે સરકારશ્રી હરુભાઈ મહેતા સમિતિની રચના કરી હતી. આ સમિતિની ભલામણો પૈકી ભલામણ ક્રમાંક: ૨૪ નીચે મુજબ છે.

' જમીન મહેસુલ સંહિતાની કલમ ૭૩ એ તથા ૭૩એએ નીચે કાર્યવાહી સામેના કોર્ટના મનાઈ હુકમ સબંધમાં ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમુર્તિ સમક્ષ યોગ્ય રજુઆત કરવી.''

૨. સમિતિની ઉપરોકત ભલામણ અંગે સરકાર વિચારણા કરેલ છે અને તેનો અંશત: સ્વીકાર કરેલ છે એટલે કે મુંબઈ ગણોત તથા ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ ની કલમ ૮૫ અને ૮૫ એ જેવી જોગવાઈ જમીન મહેસુલ અધિનિયમમાં કરવાનીભલામણ

સરકારે સ્વીકારેલ છે. સમિતિની આ ભલામણનો આશય ગણોતધારા હેઠળના હુકમો દિવાની કોર્ટમાં પડકારી શકાતા નથી. તે જ રીતે આદિવાસીઓની જમીનને લગતી જમીન મહેસૂલ કાયદા હેઠળની જોગવાઈ હેઠળના હુકમો દિવાની કોર્ટમાં પડકારી શકાય નહિ તેવી જોગવાઈ જમીન મહેસૂલ કાયદામાં કરવાનો છે. જમીન મહેસૂલ કાયદાની કલમ ૭૩ એએ ઉપરાંત કલમ ૭૩એએ એ બી , ૭૩ એસી દાખલ કરી વધુ કડક નિયંત્રણો મુકવામાં આવ્યા છે. આ જોગવાઈ જોતાં સમિતિની ભલામણ મુજબની જોગવાઈ જમીન મહેસૂલ કાયદામાં છે જ. આ જોગવાઈઓ તરફ તા.૧૮/૨/૮૦ના પરિપત્રથી સૌ પ્રથમ કલેકટરશ્રીઓનું ધ્યાન પણ દોરવામાં આવ્યું છે. આમ છતાં સમિતિની ભલામણના હાર્દમાં રહેલ ભાવનાનું પુનરાવર્તન ન થાય તે હેતુસર સઘળા કલેકટરશ્રીઓનું ધ્યાન પુનઃ આ જોગવાઈઓ તરફ દોરતાં જણાવવાનું કે આદિવાસીઓની ખેતીની તથા બિનખેતીની જમીનોને આદિવાસી અથવા બિન આદિવાસીઓને વેચાણ/તબદીલી કરવા સબંધ જમીન મહેસૂલ કાયદાની કલમ ૭૩એ , કલમ ૭૩એએ અને કલમ ૭૩ એબી નીચે થયેલી કાર્યવાહી દિવાની તથા ફોજદારી અદાલત ના કાર્યક્ષેત્રની બહાર રાખવાની જોગવાઈ જમીન મહેસૂલ સંહિતાની કલમ '૭૩એસી' થી કરાયેલ છે. ઉપરોક્ત કલમો નીચે કલેકટર જે હુકમ કરે તે કોઈ દિવાની કે ફોજદારી અદાલતમાં પડકારી શકાય નહિ. દિવાની અદાલત કામચલાઉ કે કાયમી મનાઈહુકમ પણ આપી શકે નહિ. આથી સબંધિત સર્વે અધિકારીશ્રીઓનું પ્રવર્તમાન જોગવાઈઓ તરફ ધ્યાન દોરી તેનો ચુસ્ત રીતે અમલ થાય તે જોવા અને જરુર પડે દિવાની અને ફોજદારી અદાલતોનુ પ્રવર્તમાન કાયદાકીય જોગવાઈઓ તરફ ધ્યાન દોરવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સહી) પરમાર
(જે.જે.પરમાર)
સેકશન અધિકારી
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

૧. સર્વે કલેકટરશ્રીઓ

૨. સર્વે પ્રાંત અધિકારીઓ

ક્રમાંક:અદજ/૨૧૯૮/૩૦૫/જ.૧,

મહેસુલ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર,
તારીખ.૨૨ /૧૨/૧૯૯૮.

વિષય:- જમીન મહેસુલ કાયદાની કલમ-૭૩'એએ'ના નિયંત્રણ હેઠળની જમીનો પૂર્વ મંજુરી મેળવી વેચાણ કરવાની પરવાનગી આપવા અંગેના કેસોમા માર્ગદર્શન આપવા અંગે..

પ રિ પ ત્ર :-

ઉપરોકત વિષયના અનુસંધાને આજ્ઞાનુસાર જણાવવાનુ કે,''ગુજરાત અધિનિયમ નં.૫,૧૯૯૮ થી જમીન મહેસુલ સંહિતાની કલમ-૭૩'એએ'મા સુધારો કરી ફકત આદિજાતિ વિસ્તારો પુરતી આ કલમ હેઠળની સત્તાઓ જીલ્લા પંચાયતોને આપવામા આવી છે.

૨. જમીન મહેસુલ કાયદામા થયેલા આ સુધારા અન્વયે જમીન મહેસુલ નિયમ-૧૦૭(એલ) ની પેટા કલમમા જરુરી સુધારો કરવાનો થાય છે.આ સુધારો કરવાની કાર્યવાહી વૈધાનિક અને સંસદીય બાબતો વિભાગના પરામર્શમા ચાલુ છે.આ કાર્યવાહીમા સમય જાય તેમ છે.નિયમોમા સુધારો ન થાય ત્યા સુધી કાયદામા થયેલા સુધારા મુજબની કાર્યવાહી કરવાનુ શકય ન બનતા આદિજાતિ વિસ્તારોની જમીન મહેસુલ કાયદાની કલમ-૭૩'એએ' ના નિયંત્રણ હેઠળની જમીનોની તબદીલીને લગતી દરખાસ્તોની નિકાલની કાર્યવાહી સ્થગિત થઈ ગઈ છે.આવી દરખાસ્તોના નિકાલની કાર્યવાહી કઈ રીતે ચાલુ રાખવી તે અંગે વિચારણા કર્યા પછી સરકારે નીચે મુજબનો નિર્ણય લીધો છે.''

''જમીન મહેસુલ નિયમોના નિયમ-૧૦૭(એલ) હેઠળના પેટા નિયમમા જરુરી સુધારો કરવાની કાર્યવાહી ચાલુ હોઈ તે કાર્યવાહી પુરી થાય તે સમય દરમ્યાન આદિજાતિ વિસ્તારની જમીન મહેસુલ કાયદાની કલમ-૭૩'એએ' ના નિયંત્રણ હેઠળની જમીનોની પુર્વ મંજુરીની દરખાસ્તો પરત્વે નિયમોમા હાલ જે જોગવાઈ છે.તે ચાલુ રહેતી હોઈ તે જોગવાઈ મુજબ કાર્યવાહી કરવી.''

ઉપરોકત નિર્ણય મુજબ જમીન મહેસુલ સંહિતાની કલમ-૭૩'એએ' થી નિયંત્રિત

જમીનોની તબદીલી અંગેની આદિજાતી વિસ્તારની જે દરખાસ્તોનો નિકાલ કલેકટરશ્રીના અધિકાર ક્ષેત્રમાં આવતો હોય તેવી દરખાસ્તોનો કલેકટરશ્રીએ તાકીદે નિકાલ કરવો અને જે દરખાસ્તો પરત્વે સરકારના હુકમો મેળવવાના થતા હોય તેવી દરખાસ્તો તાકીદે સરકારમાં નિર્ણય માટે રજુ કરવાની રહે છે.આ મુજબની કાર્યવાહી સત્વરે થાય તે માટે લગતા વળગતા તમામને જરુરી સૂચના તાકીદે આપવા આથી સઘળા કલેકટરશ્રીઓને વિનતી કરવામા આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)
જે.જે.પરમાર,
સેકશન અધિકારી,
મહેસુલ વિભાગ,ગુજરાત સરકાર.

પ્રતિ,

(૧) સઘળા જીલ્લા કલેકટરશ્રી.
(૨) સઘળા જીલ્લા વિકાસ અધિકારીશ્રી.
(3) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ,જ શાખા.,સચિવાલય,ગાંધીનગર.
(૪) સિલેકટ ફાઈલ.

NOTIFICATION

Revenue Department,
Sachivalaya, Gandhinagar.
Dated the 16th March, 1999.

BOMBAY LAND REVENUE CODE, 1879.

NO:GHM-99/8/M/ADJ/2392/CM-3/J.1 :- WHEREAS certain draft rules further to amend the Gujarat Land Revenue Rules, 1972 were published as required by sub-section (3) of section 214 of the Bombay Land Revenue Code, 1879 (Bom.V of 1879) on pages 183 to 183-2 of the Gujarat Government Gazettee, extra ordinary, Part IV.B dated 17th August, 1998 under the Government Notification Revenue Department No. GHM-98/48/M/ADJ/2392/CM-3/J.1 ,dated 17th August, 1998 inviting objections and suggestions from all persons likely to be affected thereby within thirty days from the date of publication of the said notification in the official Gazette.

AND WHEREAS no objections and suggestions were received from the public on the said draft.

NOW, THEREFORE, in exercise of the powers conferred by sub-section (1) of section 214 of the Bombay Land Revenue Code, 1879 (Bom.V of 1879) and all other powers enabling it in this behalf, the Government of Gujarat hereby makes the following Rules further to amend the Gujarat Land Revenue Rules, 1972, namely :-

1). These rules may be called the Gujarat Land Revenue 8th Amendment. Rules, 1999.

2). In the Gujarat Land Revenue Rules, 1972 in rule 57-L after sub-rule (3). The following sub rule (4) shall be added, namely :-

" (4). The collector or as the case may be

District Panchayat so far as scheduled Areas are concerned, may sanction transfer of occupancy of any land of a tribal to any tribal or non-tribal, if the following conditions are satisfied :-

(i) The land is acquired by a Tribal from non- tribal through his own means,

(ii) The land is not granted to the tribal under any act or rules.

By order and in the name of the Governor of Gujarat,

(K.L.VANKAR)
Deputy Secretary to Government.

Extra No. 45 REGISTERED NO. G/GNR/

# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XLI] TUESDAY, FEBRUARY 22, 2000/PHALGUNA 3, 1921

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV—B**

**Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts.**

**REVENUE DEPARTMENT**

**Notification**

Sachivalaya, Gandhinagar, 22nd February, 2000.

BOMBAY LAND REVENUE CODE, 1879.

No. GHM 99/15/M/ADL-1098-128 J:—WHEREAS certain draft rules further to amend the Gujarat Land Revenue rules, 1972 were published as required by sub section (3) of section 214 of the Bombay Land revenue Code, 1879 (Bom. V of 1879) in the Gujarat Government Gazette extra ordinary, part IV-B, dated the 13th August, 1999 under the Government Notification Revenue Department No. GHM-99/52/M/ADL-1098-128-J, dated the 13th August, 1999, inviting objections and suggestions from all persons likely to be affected thereby within thrity days from the date of publication of the said notification in the Official Gazette.

AND WHEREAS, the objections and suggestions which were received in respect of the said draft notification, have been considered by the Government,

NOW THEREFORE, in exercise of the powers conferred by sub-section (1) of Section 214 of the Bombay Land Revenue Code, 1879 (Bom. V of 1879) and all other powers enabling it in this behalf, the Government of Gujarat hereby makes the following rules further to amend the Gujarat Land revenue Rules, 1972, in their application to the Scheduled Area, namely:—

1. These rules may be called the Bombay Land Revenue Rules, (in their application to the Scheduled Area (Amendment) Rules, 2000.

2. In the Bombay Land Revenue Rules, 1972, in their application to the Schedule Area, (hereinafter referred to as "the said Rules"), in rule 57 K, after clause (e), the following clause shall be inserted namely:—

"(ee)" "Scheduled Areas" means the Scheduled Areas of the State as referred to in clause (1) of article 244 of the Constitution of India.

3. In the said Rules, in rule 57-L, for the words "the Collector, "wherever they occur, the words "the District Panchayat" shall be substituted.

4. In the said Rules, in rule 57-M for the words "the Collector," the words "the District Panchayat" shall be substituted.

5. In the said Rules, in rule 57-N, for the words "the Collector," the words "the District Panchayat" shall be substituted.

6. In the said Rules, in rule 57-O, for the words "the Collector", occuring at two places, the words "the District Panchayat" shall be substituted.

7. In the said Rules, in Form K-1, for the words "the Collector," the words "the District Panchayat" shall be substituted

8. In the said Rules, in Form K-2, for the words "the Collector", the words "the District Panch shall be substituted.

By order and in the name of the Governor of Gujarat,

P. G. TRIVEDI,
Under Secretary to Government.

---

GOVERNMENT CENTRAL PRESS GANDHINAGAR

લેન્ડ રેવન્યુ કોડની કલમ – ૭૩ એએ.
આદિવાસી કબજેદારોની વારસાઈથી મળેલ
સ્વઉપાર્જિત જમીનોની તબદીલી અંગે.

**ગુજરાત સરકાર,**
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : અદજ–૩૩૯૯/૧૬૬૦–જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૦૫/૦૪/૨૦૦૦.

**<u>સરકારી પરિપત્ર</u>** : –

સરકારના આ વિભાગના તારીખ ૧૮–૦૩–૧૯૯૯ના જાહેરનામા નંબર ઘમ/૯૯/૮/એમ/અદજ/૨૩૯૨–સીએમ/૩–જ.૧ અન્વયે જમીન મહેસુલ નિયમોના નિયમ ૫૭ એલ (૩) પછી નવો નિયમ ૫૭ એલ (૪) ઉમેરવામાં આવેલ છે. પ્રસ્તુત નવા નિયમ મુજબ આદિવાસી કબજેદારે તેમની જમીન પોતાનાં નાણાંકીય સ્ત્રોતો ધ્વારા કોઈ બિનઆદિવાસી પાસેથી ખરીદી હોય તો તેવી જમીનોની તબદીલીની પરવાનગી આપવાના અધિકારો કલેકટરશ્રી અથવા શિડયુલ એરીયાની આવી જમીનો માટે જિલ્લા પંચાયતોને આપવામાં આવેલ છે, જો કે આદિવાસી કબજેદારને ગ્રાન્ટ કરેલ તબદીલી માટે આ જોગવાઈ લાગુ પડતી નથી. ઉપર મુજબની સ્વઉપાર્જિત જમીનના ધારણકર્તા આદિવાસી કબજેદારને આ જમીન તેમના પૂર્વજો ધ્વારા વારસામાં મળી હોય તો ઉપરોકત નવા નિયમની જોગવાઈનો લાભ મળે કે કેમ તે અંગેની બાબતે સ્પષ્ટતા જરૂરી જણાતાં આ અંગે સરકાર ધ્વારા કાળજીપૂર્વકની વિચારણા કરતાં સ્પષ્ટતા કરવાની કે આદિવાસીના પૂર્વજોએ જો જમીન કોઈ બીન આદિવાસી પાસેથી પાસેથી તેમના પોતાનાં નાણાંકીય સ્ત્રોતો ધ્વારા ઉપાર્જિત કરેલ હોય અને તેવી જમીન ક્રમશઃ સળંગ રીતે હાલના આદિવાસી કબજેદાર પાસે વારસાઈ હકકે તે જમીન મળેલ હોય તો પણ તે આદિવાસી કબજેદારને તે જમીનના સ્વઉપાર્જિત કબજેદાર ગણાય, કેમ કે તે જમીન સરકારે તેમને આપેલ નથી, અને તેથી તેવી જમીનોને તબદીલ કરવાની થાય તો ઉપરોકત તારીખ ૧૮–૦૩–૧૯૯૯ના જાહેરનામાથી નવા ઉમેરાયેલ નિયમની જોગવાઈઓ પ્રમાણે જણાવેલ સક્ષમ અધિકારીશ્રીઓની પૂર્વ મંજૂરી મેળવીને તબદીલ કરવાની રહે છે. આવા કિસ્સાઓમાં રેકર્ડમાં સચોટ અને ચોકસાઈપૂર્વક જરૂરી ચકાસણી કરીને ઉપર મુજબની કાર્યવાહી કરવા તમામ કલેકટરશ્રીઓ / જિલ્લા પંચાયતોને આથી જણાવવામાં આવે છે.

ઉપરોક્ત હુકમો આદિજાતિ વિકાસ વિભાગના પરામર્શમાં બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સુરેશ પરમાર,
સેક્શન અધિકારી,
મહેસુલ વિભાગ, ગુજરાત સ

જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૭૩ એએ

અનુસૂચિત વિસ્તારોમાં આદિવાસી કબજેદારોની જમીનોની તબદીલીની પરવાનગી આપવા અંગેની સત્તાઓ સંબંધિત જિલ્લા પંચાયતોને સોંપવા અંગે.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
સરકારી પરિપત્ર નં.અદજ/૧૦૯૮/૧૨૮/જ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૯/૫/૨૦૦૦.

સંદર્ભ :- (૧) વિભાગના સરકારી જાહેરનામા નં.જીએચએમ-૯૯/૧૫/એમ/અદજ/૧૦૯૮/૧૨૮/જ, તા.૨૨/૨/૨૦૦૦

(૨) વિભાગના સરકારી પરિપત્ર નં.અદજ/૧૦૮૭/૩૬૩/ઝ, તા.૧૬/૬/૮૮

(૩) વિભાગના સરકારી પરિપત્ર નં.અદજ/૨૧૯૮/૩૦૫/જ.૧ તા.૨૨/૧૨/૯૮

(૪) વિભાગના પત્ર નં.અદજ/૧૦૯૯/૧૪૯૧/જ, તા.૯/૮/૧૯૯૯

પ રિ પ ત્ર :-

ભારત સરકારે પંચાયત કાયદામાં કરેલ સુધારાને અનુલક્ષીને રાજ્ય સરકારના પંચાયત કાયદામાં તથા અન્ય કાયદાઓમાં જરૂરી સુધારા કરવા અંગે ગુજરાત એક્ટ નં.૫ ઓફ ૧૯૯૮ થી અમલી બનાવવામાં આવેલ છે. આ કાયદા અન્વયે મુંબઈ જમીન મહેસૂલ કાયદાની કલમ-૭૩ એએમાં સુધારો કરવામાં આવેલ છે. અને કલમ-૭૩ એએ હેઠળ કલેકટરશ્રીને એનાયત થયેલ સત્તાઓ માત્ર અનુસૂચિત વિસ્તારો (Scheduled Areas ) પુરતી સંબંધિત જિલ્લા પંચાયતોને આપવામાં આવેલ છે. જેના સંદર્ભમાં જમીન મહેસૂલ નિયમોમાં આનુસાંગિક સુધારો કરીને તે અંગેના નિયમોનું ઉપરોકત સંદર્ભ-૧ માં જણાવેલ સરકારી જાહેરનામું પણ તા.૨૨/૨/૨૦૦૦ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આથી પ્રસ્તુત નિયમોના સંદર્ભમાં અનુસૂચિત વિસ્તારોમાં આદિવાસી કબજેદારો ધ્વારા ધારણ કરાતી જમીનોની તબદીલીની પરવાનગી આપવાની સત્તાઓ સંબંધિત કલેકટરશ્રીઓને બદલે સંબંધિત જિલ્લા પંચાયતોને મળતી હોઈ આ અંગેની જરૂરી કાર્યવાહી હવેથી સંબંધિત જિલ્લા પંચાયતોએ કરવાની રહેશે તથા જ્યાં રાજ્ય સરકારની પૂર્વ પરવાનગી મેળવીને હુકમો કરવાના થતા હોય ત્યાં સંબંધિત જિલ્લા પંચાયતોએ આ વિભાગને ધોરણસરની દરખાસ્ત મોકલીને પૂર્વ

.....

પરવાનગી મેળવી લેવાની રહેશે. જેમ કે ઉપરોકત સંદર્ભ-૨ માં જણાવેલ પરિપત્રમાં ઔદ્યોગિક હેતુ માટે જમીનની તબદીલી થતી હોય ત્યાં તે પરિપત્રમાં જ્યાં કલેકટરશ્રીએ સરકારની પૂર્વ પરવાનગી મેળવવાનું જણાવેલ છે. ત્યાં આ વિસ્તારોની આવી જમીનો માટે કલેકટરશ્રીને બદલે જિલ્લા પંચાયતોએ ધોરણસરની દરખાસ્ત આ વિભાગને પૂર્વ મંજુરી અર્થે મોકલવાની રહેશે. ઉપરોકત સંદર્ભ-૪ માં આ વિભાગના પત્રથી રાજ્યના અનુસૂચિત વિસ્તારો ( Scheduled Areas ) જણાવેલા છે.

ઉપરોકત સંદર્ભ-૩ માં જણાવેલ પરિપત્રથી આપેલ સુચનાઓ હવેથી રદ થયેલ ગણવામાં આવે છે.

લે.રે.કોડની કલમ ૭૩ એએ અન્વયે સરકારે આ અગાઉ બહાર પાડેલ અગત્યના જરૂરી નિયમો ઠરાવો કે પરિપત્રોની ઝેરોક્ષ નકલો સંબંધિત જિલ્લા પંચાયતો એ તાકીદે સંબંધિત કલેકટર કચેરીએથી મેળવી લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સુરેશ પરમાર)
સેકશન અધિકારી,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

**<u>તાત્કાલિક</u>**
નં. અદજ / ૨૯૯૭/૬૩૯/જ.

મહેસુલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા-૨૮-૬-૨૦૦૦.

**પ્રતિ,**
સર્વે કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

**વિષય :–** લે.રે. કોડની કલમ–૭૩ એએ અન્વયે
વેચાણની માંગણીઓ અંગે.

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, આદિવાસી કબજેદારોએ ધારણ કરેલ જમીનોને બીન આદિવાસી ઈસમો કે સંપન્ન આદિવાસી ઈસમો લોભ, લાલચ કે દમદાટી આપી સહેલાઈથી જમીનો પડાવી ન લે તે હેતુસર લે.રે કોડની કલમ–૭૩ એ એ અન્વયે આવી જમીનોની તબદીલી પર કાયદાકીય નિયંત્રણ લાદવામાં આવેલ છે. આદિવાસી કબજેદારો કયા સંજોગોમાં કયા હેતુ માટે આવી જમીનો કોને તબદીલ કરી શકે તે માટે લે.રે રુલ્સના નિયમ ૫૭ (એલ) માં વૈધાનિક જોગવાઈ કરવામાં આવેલ છે. લે.રે રુલ્સના નિયમ–૫૭ એલ (૧) મુજબ આદિવાસી કબજેદાર પોતાની જમીન ખેતીના હેતુ માટે આદિવાસી કબજેદાર ને કલે. શ્રી (શિડયુઅલ એરીયામાં જી.પંચાયત ) ની પુર્વ પરવાનગી થી તેમાં જણાવેલ શરતો મુજબ તબદીલ કરી શકે છે. તથા લે.રે. રુલ્સના નિયમ–૫૭ એલ (૩) મુજબ આદિવાસી કબજેદાર પોતાની ખેતીની જમીન બીન આદિવાસીને બીન ખેતીના પ્રામાણિક હેતુઓ જેવાકે વાણિજ્યિક, શૈક્ષણિક, સખાવતી ટ્રસ્ટો, કો.ઓ. હા.સોસાયટીઓ તથા ઔધાગિક હેતુઓ માટે સરકારની પુર્વ પરવાનગીથી કલે.શ્રી(શિડયુઅલ એરીયામાં જી.પંચાયત ) ની પરવાનગીથી તેમાં જણાવેલ શરતો મુજબ આપી શકે છે. તદુપરાંત સરકારના આ વિભાગના તા– ૧૮–૩–૯૯ ના જાહેરનામાની જોગવાઈઓ મુજબ આદિવાસી કબજેદારે પોતાનાં નાણાંકીય સ્ત્રોતો ધ્વારા બીન આદિવાસી કબજેદાર પાસેથી કોઈ જમીન પ્રાપ્ત કરી હોય તો તેવી જમીન ગમે તેને તબદીલ કરવા દેવા કલે. અથવા અનુસુચિત વિસ્તારો (Scheduled areas) માં જિ.પંચાયત પરવાનગી આપી શકે છે. ઉપર મુજબ

મહત્વની જોગવાઈઓ સ્વયંસ્પષ્ટ હોવા છતાં તે જોગવાઈઓને સુસંગત ન હોય તેવી દરખાસ્તો " ખાસ કિસ્સામાં" સરકારને મોકલીને હુકમો માંગવામાં આવે છે. જે રીત બરાબર નથી. કારણ કે તેમ કરવાથી અન્નેના સમય અને શ્રમનો નિરર્થક બગાડ થાય છે. વળી ઉપર મુજબની જોગવાઈઓ વૈધાનિક જોગવાઈઓ છે. જેથી તેમાં અપવાદરુપ સંજોગોમાં પણ" ખાસ કિસ્સામાં" પરવાનગી આપી શકાય નહીં. જેથી હવે લે.રે. કોડની કલમ૭૩ **એએ નિયંત્રિત જમીનોની તબદીલીની દરખાસ્તો લે.રે.રુલ્સના નિયમ–૫૭** (એલ) માં કરેલ જોગવાઈઓમાં અપવાદ કરીને "ખાસ કિસ્સા" તરીકે મોકલવામાં આવશે તો તે બાબત ને ગંભીર ગણી સબંધિત અધિકારી/ કર્મચારી સામે પગલાં લેવામાં આવશે. જેની ખાસ નોધ લેવા વિનંતી છે.

( બી. કે. [illegible] )
સચિવ (જ.સુ)
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

<u>નકલ રવાના :–</u>

- તમામ પ્રાંત અધિકારીશ્રીઓ
- જમીન સુધારણા કમિશ્નરશ્રીની કચેરી,
  સચિવાલય ગાંધીનગર.
- વિશિષ્ટ ફાઈલ.

વિક્રિયાદીત નિયંત્રિત (નવી અને અવિભાજય શરતે ધારણ કરાતી જમીનોની તબદીલી/હેતુફેર માટે પ્રિમીયમની રકમ વસુલ કરવા તથા લે.રે. કોડની કલમ ૭૩ એએ અન્વયે નિયંત્રિત જમીનોની તબદીલીની માંગણી માટે જમીનની આકારણી વખતે જંત્રીના ભાવો પણ રજૂ કરવા અંગે.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ,
પરિપત્ર નં. નશજ/અદજ/૧૦૨૦૦૦/૭૭૭/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૩૦ / ૬ / ૨૦૦૦

સંદર્ભ :- સરકારી પરિપત્ર નં. નશજ/૧૦૯૮/૧૨૭/જ, તા.૫/૬/૯૮

## પ રિ પ ત્ર

ખેતીના હેતુ માટે નવી અને અવિભાજય શરતે ધારણ કરાતી જમીનો અંગે નવી શરતના નિયંત્રણમાંથી છૂટછાટ આપવા / તબદીલીની મંજુરી આપવા બાબતના કેસોમાં પ્રિમિયમની રકમ વસૂલ કરવા માટે પ્રવર્તમાન બજાર કિંમત નકકી કરવા બાબતે સંદર્ભમાં જણાવેલ પરિપત્રથી જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. ઉક્ત પરિપત્ર મુજબ આવી જમીનોનું મુલ્યાંકન જિલ્લા મુલ્યાંકન સમિતિ ધ્વારા કરાવવાનું હોય છે. નવી શરતની જમીનોની સરકારના સત્તા ક્ષેત્રમાં આવતી દરખાસ્તો જયારે આ વિભાગને મોકલવામાં આવે ત્યારે જિલ્લા મૂલ્યાંકન સમિતિના મૂલ્યાંકનની સાથે સાથે સ્ટેમ્પ ડયુટી માટે પ્રવર્તમાન જંત્રી પ્રમાણે જે તે જમીનનું મૂલ્યાંકન કેટલું નકકી કરવામાં આવેલ છે તેની માહિતી પણ દરખાસ્તમાં અવશ્ય જણાવવી. તદુપરાંત જીલ્લા મૂલ્યાંકન સમિતિએ કરેલ મૂલ્યાંકન કયા પબિળો, સંજોગો તથા માહિતીને આધારે કરવામાં આવેલ છે તે અંગેની એક અલગ સંક્ષિપ્ત નોંધ પણ આવી દરખાસ્ત સાથે અચૂક રાખવા તમામ કલેકટરશ્રીઓને આથી જણાવવામાં આવે છે.

વિશેષમાં જણાવવાનું કે, લેન્ડ રેવન્યુ કોડની કલમ ૭૩ એએ અન્વયે નિયંત્રિત જમીનોની તબદીલી અંગેની સરકારના સત્તાક્ષેત્રમાં આવતી જમીનોની દરખાસ્તો જયારે અત્રેને મોકલવામાં આવે ત્યારે આવી દરખાસ્તો પરત્વે મૂલ્યાંકન અંગેની ઉપર જણાવેલ સૂચનાઓ મુજબની જ કાર્યવાહી અચૂક કરવા આથી સૂચના આપવામાં આવે છે.

ઉપર જણાવ્યા મુજબ કાર્યવાહી કરેલ દરખાસ્તો જ સરકારમાં મોકલવા ખાસ નોંધ લેવા પણ જણાવવામાં આવે છે. આ નિર્ણય હુકમની તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સુરેશ પરમાર
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ,ગુજરાત સરકાર.

પ્રતિ,

૧. સઘળા કલેકટરશ્રીઓ
૨. સઘળા જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
૩. સઘળા પ્રાંત અધિકારીશ્રીઓ
૪. સઘળા મામલતદારશ્રીઓ
૫. સચિવશ્રી (વિ) મહેસૂલ વિભાગ,પોલીટેકનીક, અમદાવાદ.
૬. મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૭. રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગાંધીનગર.
૮. સેટલમેન્ટ કમિશ્નરશ્રી અને જમીન દફતર નિયામકશ્રી, લાલ દરવાજા, અમદાવાદ.
૯. જમીન સુધારા કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર.
૧૦. વિકાસ કમિશ્નરશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૧૧. ખેતી નિયામકશ્રી, અમદાવાદ.
૧૨. એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ.
૧૩. એડીશનલ એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, રાજકોટ.
૧૪. ખેતી, વન અને સહકાર વિભાગ.
૧૫. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૬. આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૭. તપાસણી શાખા, મહેસૂલ વિભાગ.
૧૮. મહેસૂલ વિભાગની અ, અ.૧, લ, ગ, ય, ઝ શાખાઓ
૧૯. હ.૧ શાખા, મહેસૂલ વિભાગ.
૨૦. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદ.
૨૧. સીલેકટ ફાઈલ. "નશજ"
૨૨. શાખા કલેકશન.

C:\My Documents\DRP\J\NSJ_127_1.doc6/30/00 11:20:54 AM

વિષય:- લે.રે.કોડની કલમ-૭૩એએ અન્વયે નિયંત્રિત જમીનોની તબદીલીની દરખાસ્તો સરકારમાં કરતી વખતે જમીન જો નવી અને અવિભાજ્ય શરતની પણ હોય તો બન્ને દરખાસ્તો સાથે કરવા અંગે.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ
સરકારી પરિપત્ર નં:નશજ-૧૦૨૦૦૦-૨૫૦૧-જ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૫/૧૦/૨૦૦૦

પરિપત્ર :-

સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે કે જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩એએ અન્વયે નિયંત્રિત જમીનની તબદીલી માટે રાજ્ય સરકારની પૂર્વ પરવાનગી મેળવીને હુકમો કરવાના થતા હોય તેવા કિસ્સાઓમાં સરકારશ્રીના આ વિભાગને મોકલવામાં આવતી દરખાસ્તોમાં કેટલીક જમીનો ૭૩એએ અન્વયે નિયંત્રિત ઉપરાંત વિક્રિયાદીત નિયંત્રિત (નવી અને અવિભાજ્ય શરતે ધારણ કરાતી) જમીનો પણ હોય છે. આના કારણે પ્રથમ ૭૩એએ અન્વયે પરવાનગી આપવાની દરખાસ્ત થાય છે. ત્યારબાદ કલેક્ટરશ્રીઓ તરફથી વિક્રિયાદીત નિયંત્રિત નવી અને અવિભાજ્ય શરતની જમીનો માટે પ્રિમિયમ અંગે દરખાસ્ત કરવામાં આવે છે. આને કારણે કલેક્ટરશ્રીઓની અને સરકારની કામગીરી બેવડાય છે. આથી જમીન મહેસુલ કાયદાની કલમ-૭૩એએ અન્વયે રાજ્ય સરકારની પૂર્વ પરવાનગી માટે દરખાસ્ત મોકલવામાં આવે ત્યારે જો તે જમીન વિક્રિયાદીત નિયંત્રિત એટલે કે નવી અને અવિભાજ્ય શરતની હોય તો બન્ને દરખાસ્તો એકસાથે મોકલવા માટે આથી સંબંધિતોને સુચના આપવામાં આવે છે કે જેથી કલેક્ટરશ્રીઓની અને સરકારની કામગીરી બેવડાય નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

સેકશન અધિકારી
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર

- સર્વે કલેક્ટરશ્રીઓ.
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

નવી શરતની જમીનો- કેસોના ત્વરીત નિકાલ તેમજ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩એએ હેઠળની સરકારશ્રીની પૂર્વ પરવાનગી અંગેના કેસોની દરખાસ્ત અંગેનું ચેકલીસ્ટ...

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:નશજ-અદજ-૧૦૨૦૦૦-૨૬૫૪-જ
સચિવાલય,ગાંધીનગર
તા ૪ -૧૧-૨૦૦૦

સંદર્ભ:-(૧) મહેસુલ વિભાગના તા:૩૦/૧/'૮૮ના પરિપત્ર ક્રમાંક:નશજ-૧૦૮૮-૧૧૭૦૬-જ

(૨) મહેસુલ વિભાગના તા:૧૮/૪/'૯૦ના પરિપત્ર ક્રમાંક:અદજ-૧૦૯૦-૧૩૪-જ.૧

-૦-૦-૦-૦-૦-

પ રિ પ ત્ર :-

જુદા જુદા સત્તા પ્રકાર નાબુદી ધારાઓ, નિયમો, હુકમો હેઠળ નવી અને અવિભાજય શરતે (ગ્રાન્ટ થયેલ) અપાયેલ જમીનોની તબદીલી અંગે સક્ષમ અધિ.શ્રી-ની પૂર્વ મંજુરી મેળવવાની રહે છે. આવી મહેસુલ વિભાગની પૂર્વ મંજુરી મેળવવા અંગેની દરખાસ્તો તેમજ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩એએ.થી નિયંત્રિત સત્તાપ્રકારની જમીનની વેચાણ તબદીલીની સરકારશ્રીની પૂર્વ પરવાનગી અંગે રજુ કરવામાં આવતી દરખાસ્તો તે અંગેના કાયદાને ધ્યાનમાં રાખી તેના આધારે કેટલીક મુળભુત માહિતી સાથે દરખાસ્ત કરવા ઉક્ત સંદર્ભ-૧ અને ૨ થી જરુરી ચેકલીસ્ટ નકકી કરવામાં આવેલ જે હવે રદ કરવામાં આવે છે. તેના બદલે આ સાથે સામેલ રાખેલ નવી શરતની જમીનોના કેસોના ત્વરીત નિકાલ માટેનું તેમજ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩ એએ. હેઠળ તબદીલી માટે પૂર્વ પરવાનગી અંગે ચેકલીસ્ટ આ સાથે સામેલ રાખેલ છે. આથી હવે પછી સરકારમાં આવી દરખાસ્ત રજુ કરતી વખતે નિયત કરેલ ચેકલીસ્ટમાં સંપૂર્ણ વિગતોની માહિતી આધાર-પુરાવા સાથે પ્રવર્તમાન કાયદા અને તેને લગતા હુકમો/નિયમોને આધારે કલેકટરશ્રી/જીલ્લા વિકાસ અધિકારીશ્રીના સ્પષ્ટ અભિપ્રાય

સાથે તેમજ ગુજરાત સરકારના મહેસુલ વિભાગના તા:૧૯/૧૦/૨૦૦૦ના પરિપત્ર ક્રમાંક:નશજ-૧૦૨૦૦૦-૨૫૦૧-જ માં સુચવ્યા મુજબ લે.રે.કોડની કલમ-૭૩એએ અન્વયે નિયંત્રિત જમીનોની તબદીલી માટે રાજ્ય સરકારની પૂર્વ પરવાનગી મેળવીને હુકમો કરવાના થતા હોય તેવા કિસ્સાઓમાં આ વિભાગ ને મોકલવામાં આવતી દરખાસ્તો સરકારમાં રજુ કરતી વખતે જમીન જો નવી અને અવિભાજય શરતની પણ હોય તો બન્ને દરખાસ્તો સાથે રજુ કરવા તથા બન્ને ચેકલીસ્ટમાં માહિતી મોકલવા સર્વે કલેકટરશ્રીઓ તેમજ જીલ્લા વિકાસ અધિ.શ્રીઓને જણાવવામાં આવે છે.

૩. કાયદા/નિયમો/હુકમોથી જે કેસો માટે કલેકટરશ્રીઓને/જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓને સત્તા આપવામાં આવેલ છે. તેવા કેસો પણ કલેકટરશ્રી/જીલ્લા વિકાસ અધિકારીશ્રી ધ્વારા પરવાનગી આપી શકાય તેમ નહીં હોવાનું જણાવી સરકારશ્રીમાં ખાસ કિસ્સા તરીકે દરખાસ્તો રજુ કરવામાં આવતી હોવાનું પણ ધ્યાનમાં આવેલ છે. તો આવી દરખાસ્તો સરકારશ્રીમાં રજુ નહીં કરતાં કલે.શ્રીઓની/જીલ્લા વિકાસ અધિ.શ્રીઓની સત્તાની રૂએ કેસના નિકાલ કરવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સુરેશ પરમાર )
સેકશન અધિકારી
મહેસુલ વિભાગ,ગુજરાત સરકાર

બિડાણ:ચેકલીસ્ટ

પ્રતિ,

- સર્વે કલેકટરશ્રીઓ,
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ,
- સર્વે મામલતદારશ્રીઓ,
- કમિશ્નરશ્રી, જમીન સુધારણાની કચેરી, બ્લોક નં:૧૧, સચિવાલય,ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- વિશિષ્ટ કાર્યાલય,

મ.વિ..'જ'

( સરકારી પરિપત્ર મહેસુલ વિભાગ ક્રમાંક:નશજ-અદજ-૧૦૨૦૦૦-૨૬૫૪-જ તા: ૪/૧૧/૨૦૦૦ સાથેની વિગત.)

નવી શરતની જમીનની બિનખેતીના હેતુ માટે વાપરવા દેવા/તબદીલ કરવા/ શરતભંગ માટે મંજુરી મેળવવાના કેસોમાં સરકારમાં મોકલવા અંગેનું ચેકલીસ્ટ.

-૦-૦-૦-૦-૦-

(ક) જમીનની વિગત: સ.નં. હેક્ટર એકર/ગુંઠા.

૧. ગામ, તાલુકા, જીલ્લાનું નામ:

૨. સવાલવાળી જમીન કયા કાયદા/નિયમો/સત્તાપ્રકાર હેઠળ મુળ ગ્રાન્ટીને આપવામાં આવી હતી.(હુકમની નકલસાથે):

૩. મુળ ગ્રાન્ટીનું નામ: :

૪. હાલના કબજેદાર/અરજદારનું : નામ:અને સરનામું.

૫. સવાલવાળી જમીન ઉપર કેટલા : વર્ષોથી પ્રત્યક્ષ કબજો/ભોગવટો: મુળ ગ્રાન્ટી/કબજેદારનો છે? :

(૨૦ વર્ષથી ઓછો કે વધુ સમયનો કબજો છે તેની સ્પષ્ટતા કરવી.૭/૧૨ ના ઉતારાની નકલ સાથે)

૬. સવાલવાળી જમીનનો કબજો : અરજદાર વારસાઈહકકે કરે છે : કે વેચાણથી રાખેલ?(ગામ નમુના નં:૬ ની નકલ સાથે) :

(ખ) અરજદાર/કબજેદારની વિગત:

૧. અરજદારનું નામ અને સરનામું:

૨. અરજદાર પછાત વર્ગના છે કે કેમ:

૩. અરજદાર કુલ કેટલી જમીન ધરાવે છે.(ગામ નમુના નં:૮-અ ના ઉતારાની નકલ સાથે) :

૪. અરજદારે ધારણ કરેલ જમીન
પૈકી કયા સ.નં.નો કેટલી જમીન
વેચવા અથવા પોતાના ઉપયોગ
સારુ હેતુફેર કરવા માંગે છે.

૫. જમીન નવી અને અવિભાજય :
શરતની હોવા ઉપરાંત ૭૩એએ :
અન્વયે નિયંત્રિત છે? હોય તો
તા:૧૯/૧૦/૨૦૦૦ના પરિપત્ર :
મુજબ બંને ચેકલીસ્ટમાં માહિતી
ભરી બન્ને દરખાસ્તો એક સાથે :
કરવી.

૬. હેતુફેર કરવાના/વેચવાના :
કારણો શું છે?

૭. કયા હેતુ માટે કોને વેચવા માંગે :
છે?(ચોકકસ હેતુ દર્શાવવો. તે
સિવાય દરખાસ્ત સરકારશ્રીને
મોકલવી નહી)

૮. અરજદારના કુટુંબનાં સભ્યોની :
સંખ્યા:(નામ, ઉંમર સાથે)

૯. અરજદારની તેમજ તેમના કુટુંબના :
કમાતા સભ્યોની કુલ વાર્ષિક :
આવક.

૧૦. અરજદારને હેતુફેર/વેચાણ :
કરવાની મંજુરી આપવામાં :
આવે તો પરવાનગી આપ્યાબાદ :
તેમના કુટુંબનો જીવન નિર્વાહ :
તેઓ કેવી રીતે કરી શકશે.

૧૧. અરજદાર, પ્રિમીયમ ભરવા ખુશી :
છે કે કેમ તથા અન્ય જરુરી :
લાગતી બાબતો આવરી લેતુ :
અરજદારનું નિવેદન અરજદારે :
આપેલ છે?

(ગ) વેચાણથી રાખવાની ઈચ્છા ધરાવનારની વિગતો :-

૧. વેચાણ રાખનારનું નામ, સરનામું, :
ધંધો અને હાલની વાર્ષિક આવક :

૨. સવાલવાળી જમીન કયા હેતુ માટે :
વેચાણ રાખવા માંગે છે તેના કારણો :
તથા કેટલી કિંમતે વેચાણથી રાખવા :
માંગે છે? વેચાણ માટે મૌખિક કરાર :
કે રજીસ્ટર્ડ દસ્તાવેજ થયેલ છે કે કેમ? :

૩. વેચાણ રાખનાર પછાતવર્ગના છે કે કેમ? :

૪. વેચાણ રાખનાર પાસે હાલમાં કેટલી :
જમીન છે.(ગા.ન.નં:૮/અ ના ઉતારા
ની નકલ સાથે)

૫. વેચાણ રાખનાર વ્યક્તિ ખેડૂત ખાતેદાર :
છે કે કેમ?

૬. વેચવાની પરવાનગી આપવામાં આવે :
તો ગણોતધારાની તેમજ ટુકડાધારાની :
કોઈ જોગવાઈનો ભંગ થાય છે કે કેમ? :

૭. વેચાણ રાખવાની ઈચ્છા ધરાવનાર :
વ્યક્તિ- બીનખેડૂત છે કે કેમ? જો :
બીનખેડૂત હોય તો સવાલવાળી જમીન :
ખરીદવા તેમણે પરવાનગી મેળવેલ છે :
કે કેમ?(જો આવી પરવાનગી ન
મેળવેલ હોય તો પ્રથમ આવી પરવાનગી :
અરજદાર મેળવે ત્યારબાદ નવી શરતની :
જમીનના નિયંત્રણમાંથી મુક્તિ મેળવવા/:
શરતફેર કરવા માટે અરજી કરવા :
અરજદારને જણાવવું. :

૮. શરતફેર/વેચાણની પરવાનગી આપવામાં :
આવે.તો ગુજરાત ખેત જમીન ટોચ- :
મર્યાદા અધિનિયમ-૧૯૬૦ના ભંગ થાય :
છે કે કેમ?

૯. સૂચિત હેતુ માટે શરતફેર/વેચાણની :
પરવાનગી આપવામાં આવે તો :
આજુબાજુની જમીનનામાલિકોને કોઇ :
વાંધો છે? (તેમના નિવેદનો સાથે :
દરખાસ્ત કરવી)

(૨૦) ૨. **સવાલવાળી જમીનની બજારકિંમત:** :

૧. પંચકયાસ મુજબ:

૨. પાંચસાલી વેચાણ આધારે :
સરાસરી કિંમત:

૩. જીલ્લા મૂલ્યાંકન સમિતિના :
મૂલ્યાંકનના આધારે.

૪. જંત્રી પ્રમાણેની કિંમત: :

૫. જીલ્લા મૂલ્યાંકન સમિતિએ જમીનની :
બજારકિંમત નક્કી કરવા માટે :
ધ્યાનમાં લીધેલાં પરિબળો દર્શાવવા. :

૬. જીલ્લા મૂલ્યાંકન સમિતિએ/નક્કી :
કરેલ બજારકિંમતના આધારે :
સવાલવાળી જમીનનું વસુલ કરવાપાત્ર :
પ્રીમીયમની રકમ. :

(૨૧) **દરખાસ્ત બાબતે કલેકટરશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય:**

**મ.વિ.'જ'**

( સરકારી પરિપત્ર, મહેસૂલ વિભાગ ક્રમાંક: નશજ-અદજ-૧૦૨૦૦૦-૨૬૫૪-જ
તારીખ: ૪-૧૧-૨૦૦૦ સાથેનું બિડાણ )

---

જમીન મહેસુલ અધિનિયમની કલમ-૭૩એએ. હેઠળ સરકારની પૂર્વ પરવાનગી અંગેના કેસોની દરખાસ્ત-કેશતી વખતે સરકારમાં મોકલવા અંગેનું ચેકલીસ્ટ

-o-o-o-o-o-o-

(૧) અરજદારનું પુરુ નામ અને સરનામું :

(૨) અરજદારની જ્ઞાતિ, પેટા જ્ઞાતિ :

(૩) અરજદાર ધ્વારા ધારણ કરવામાં આવેલ વ્યકિતગત/સંયુકત ખાતાની કુલ જમીનની વિગત.

(ગા.ન.નં:૬, ૭/૧૨ અને ૮-અ.ની નકલ સામેલ કરવી, જમીનનું ક્ષેત્રફળ હે.આર અને પ્રતિઆરમાંજ જણાવવું)

(૪) જમીન વેચાણ/તબદીલ માટેની પૂર્વ-પરવાનગી અંગેની સવાલવાળી જમીનની વિગત.

( ગામનું નામ, સર્વે નંબર,હે.આર અને પ્રતિઆરમાં ક્ષેત્રફળ જણાવવું)

ગામ નમુના નં:૬,૭/૧૨ અને ૮-અ ની નકલો સામેલ કરવી.જો બ્લોક નંબર હોય તો એકત્રીકરણ તખ્તાની નકલ સામેલ કરવી )

(૫) જમીન કલમ-૭૩એએ અન્વયે નિયંત્રિત હોવા ઉપરાંત નવી અને અવિભાજય શરતની પણ હોય તો તા:૧૯/૫/૨૦૦૦ ના પરિપત્ર મુજબ બન્ને ચેકલીસ્ટમાં માહિતી ભરી બન્ને દરખાસ્તો એકી સાથે કરવી.) :

(૬) સવાલવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો કોનો છે અને કેટલા સમયથી છે તે સ્પષ્ટ જણાવવું. :

(૭) સવાલવાળી જમીન કોને વેચવાની :
છે. તેમજ વેચવા માટેનું યોગ્ય કારણ:

(૮) સવાલવાળી જમીન ધાર્મિક કારણસર :
વેચવાની/બક્ષીસ આપવાની હોય :
તો તે જમીન પર કરેલ બાંધકામ :
તેમજ ખુલ્લી જગ્યાની વિગતો તેમજ :
તેનો સ્થળસ્થિતિ દર્શાવતો નકશો. :
રજુ કરવો.

(૯) સવાલવાળી જમીનની વેચાણ :
પરવાનગી બાદ બાકી રહેતી :
જમીનની વિગતો જરૂરી આધાર :
સાથે જણાવવી. :

(૧૦) સવાલવાળી જમીનનાં માલીકની :
આર્થિક/કૌટુંબિક પરિસ્થિતિ :
દર્શાવતું પત્રક જેમાં કુટુંબના સભ્યોની :
સંખ્યા, ઉંમર, અભ્યાસ, વ્યવસાય,
તેમાંથી થતી આવક :

(૧૧) સવાલવાળી જમીનના વેચાણ :
પરવાનગી બાદ બાકી રહેતી :
જમીનમાંથી થતી આવક તેમજ આ :
આવક તેના જીવનનિર્વાહ માટે :
પોષણક્ષમ છે કે કેમ તે અંગે જમીન :
માલીકનો જવાબ સામેલ કરવો. :

(૧૨) સવાલવાળી જમીન સંયુકત માલીકીની :
હોય તો સહભાગીદારો સવાલવાળી :
જમીન વેચવા સંમત છે કે કેમ તે અંગેની :
સંમતી મેળવી રજુ કરવી. :

(૧૩) સવાલવાળી જમીનનો સ્થળસ્થિતિ :
દર્શાવતો સક્ષમ અધિકારી ધ્વારા :
પ્રમાણિત નકશો સામેલ કરવો. :

(૧૪) સવાલવાળી જમીન ઉપરાંત જમીન :
માલીક પાસે અન્ય જમીન હોય તો :
તેનો સ્થળસ્થિતિ દર્શાવતો સક્ષમ :
અધિકારી ધ્વારા પ્રમાણિત નકશો :
સામેલ કરવો.

(૧૫) સવાલવાળી જમીન વેચાણ :
કરવામાં આવે તો લાગુ
કબજેદારોને આ જમીન વેચાણ :
કરવામાં આવે તો તેમને વાંધો છે :
કે કેમ તે અંગે તેમના સંમતીપત્રો :
સામેલ રાખવા.

(૧૬) સવાલવાળી જમીનની વેચાણ :
પરવાનગીથી ટુકડાધારાની કોઈ :
જોગવાઈનો ભંગ થાય છે કે કેમ ? :
નિયમોની જોગવાઈ સાથે જણાવવું. :

(૧૭) સવાલવાળી જમીનની વેચાણ કિંમત. :

(૧) પંચક્યાસ મુજબ.

(૨) પાંચસાલી વેચાણ આધારે.

(૩) જીલ્લા મૂલ્યાંકન સમિતિએ
નક્કી કર્યા મુજબ.

(૪) જંત્રી મુજબ.

(૧૮) જીલ્લા મૂલ્યાંકન સમિતિનો :
કાર્યનોંધ સામેલ રાખવી તથા :
જમીનની બજારકિંમત,નક્કી કરવા :
માટે કયા પરિબળો ધ્યાનમાં :
લીધાં છે. તેની વિગતો

(૧૯) સવાલવાળો જમીન વેચાણ રાખનારનું :
પુરૂં નામ, સરનામું, જ્ઞાતિ, પેટાજ્ઞાતિ:
વગેરે સ્પષ્ટ જણાવવું.

(૨૦) સવાલવાળી જમીન વેચાણ રાખવા :
માંગતી વ્યક્તિ ધ્વારા વ્યક્તિગત/:
સંયુકતરીતે ધારણ કરેલ કુલ જમીનની :
વિગતો.
(ગામના નમુના નં:૬,૭/૧૨ અને ૮-અ
ની નકલ સામેલ કરવી જમીનનું
ક્ષેત્રફળ હે.આર.પ્રતઆર માં ક્ષેત્રફળ
જણાવવું.)

(૨૧) સવાલવાળી જમીન ધાર્મિક હેતુ :
માટે આપવામાં આવતી હોય તો :
જીલ્લા પોલીસ વડાનો અભિપ્રાય :
સામેલ કરવો. :

(૨૨) સવાલવાળી જમીન ઔદ્યોગિક હેતુ :
માટે વેચાણ પરવાનગી માંગવામાં :
આવતી હોય તો ઉદ્યોગની નોંધણી :
અંગેનું પ્રમાણપત્ર/આધાર રજુ કરવો. :

(૨૩) સવાલવાળી જમીન ઉદ્યોગ માટેની :
જરૂરિયાત મુજબના ક્ષેત્રફળવાળી :
જમીન છે કે કેમ તે અંગેનું જિલ્લા ઉદ્યોગ :
કેન્દ્રનું પ્રમાણપત્ર રજુ કરવું. :

(૨૪) સવાલવાળી જમીનની ઔદ્યોગિક :
હેતુ માટે વેચાણ પરવાનગી :
માંગવામાં આવતી હોય તો આ :
ઉદ્યોગથી લોકોના આરોગ્યને :
નુકશાન કરતા છે કે કેમ તે અંગે :
આરોગ્ય અધિ.શ્રીનો અભિપ્રાય :
મેળવી રજુ કરવો. :

(૨૫) સવાલવાળી જમીન સહકારી મંડળીને :
વેચાણ પરવાનગી માંગવામાં આવી :
હોય તો તેની સુચિત નોંધણી અંગેનું :
પ્રમાણપત્ર આધાર-પુરાવા સાથે રજુ :
કરવું.

(૨૬) સવાલવાળી જમીનના માલીક અને :
વેચાણ રાખનાર કેટલી કિંમતમાં :
લે-વેચ કરવા માંગે છે તેના જવાબ :
સામેલ કરવો.જમીનોની ચુકવણી :
કઈરીતે કરવાની છે તેની વિગતો. :

(૨૭) સવાલવાળી જમીન સ્વઉપાર્જીત છે :
કે કેમ તેની આધાર સાથે સ્પષ્ટતા :
કરવી.મંજુરીનો કોને સત્તા છે તેની :
સ્પષ્ટતા.

(૪૪)

(૨૮) જમીન શિડ્યુલ એરીયામાં આવે :
છે કે કેમ તેની સ્પષ્ટતા કરી :
મંજુરીની સત્તા કોને છે તેની :
સ્પષ્ટતા.

(૨૯) સ્વયં સ્વઉપાર્જીત છે કે વારસાઈથી :
સ્વઉપાર્જીત છે તેની સ્પષ્ટતા :

(૩૦) પ્રવર્તમાન નિયમોની જોગવાઈ :
સાથે સુસંગત ન હોય તો ખાસ :
કિસ્સામાં'' દરખાસ્ત છે કે કેમ? :
''ખાસ કિસ્સા''નો દરખાસ્ત :
મોકલવી નહી.

(૩૧) સવાલવાળી જમીનની પરવાનગી :
આપવા બાબત કલેક્ટરશ્રીનો સ્પષ્ટ :
અભિપ્રાય જણાવવો.

ક્રમાંક : નગશ/અદજ/૧૦૨૦૦૦/૨૬૫૪/જ

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ  / ૧૧ / ૨૦૦૨

પ્રતિ,

- સર્વે કલેક્ટરશ્રીઓ,
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

વિષય :– ખેતી માટે ધારણ કરાતી નવી અને અવિભાજ્ય સત્તા પ્રકારની તબદીલી / હેતુફેરની દરખાસ્તો તથા લે.રે. કોડની કલમ–૭૩ એએ નિયંત્રિત સત્તા પ્રકારની જમીનોને તબદીલ કરવા અંગેની દરખાસ્તો મોકલવા અંગે.

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આજ્ઞાનુસાર જણાવવાનું કે, નવી અને અવિભાજ્ય શરતની જમીનોની હેતુફેર / તબદીલીની દરખાસ્તો તથા લેન્ડ રેવન્યુ કોડની કલમ–૭૩ એએ અન્વયે નિયંત્રિત જમીનોને તબદીલ કરવા અંગેની રાજ્ય સરકારની સત્તા ક્ષેત્રમાં આવતી દરખાસ્તો તેના આધનીક કાગળો સાથે કલેકટરશ્રીઓ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ મારફત આ વિભાગને મોકલવામાં આવે છે. વિભાગ ધ્વારા દરખાસ્તો પરત્વે યોગ્ય તે નિર્ણય લઈ જરૂરી નિર્ણય સાથે દરખાસ્ત સાથે મળેલા સાધનિક કાગળો પરત કરવામાં આવે છે. કેટલીક વખત વિશેષ માહિતી માટે પણ તે કાગળો પરત કરવામાં આવે છે. જિલ્લા વિકાસ ~~અધિકારીશ્રી / કલેક્ટરશ્રીઓને પરત~~ કરાયેલા આવા સાધનિક કાગળોમાં કેટલીક વખત ચેડાં થવાના પણ પ્રસંગો બન્યાનું ધ્યાનમાં આવેલું છે.

આથી ભવિષ્યમાં આવું ન બને તે માટે ~~જિલ્લા~~ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ / કલેકટરશ્રીઓ મારફત ઉપર મુજબ ને આપના તરફથી આવતી દરખાસ્તો જયારે પ્રથમ વખત વિભાગને મોકલવામાં આવે ત્યારે દરખાસ્ત સાથેના તમામ સાધનિક કાગળોની એક ઝેરોક્ષ નકલ પણ અચૂક રીતે દરખાસ્ત સાથે મોકલવા વિનંતી છે. અને જયારે વિભાગ તરફથી પૃચ્છા થાય ત્યારે તેવા પ્રસંગે પૂર્તતા અહેવાલના સંદર્ભમાં કામના કાગળો જે વધારાના દસ્તાવેજો જોડવામાં આવ્યા હોય તેની ઝેરોક્ષ નકલો મોકલવાની રહેશે.

( આત્મારામ પટેલ )
સેકશન અધિકારી,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

**નવી શરતની જમીનો કેસોના ત્વરીત નિકાલ**
**તેમજ જમીન મહેસુલ અધિનિયમની**
**કલમ ૭૩ એએહેઠળની સરકારશ્રીની પૂર્વ**
**પરવાનગી અંગેના કેસોની દરખાસ્ત અંગેનું ચેકલીસ્ટ**

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક- નશજ-અદજ-૧૦૨૦૦૦-૨૬૫૪-૧-જ
સચિવાલય, ગાંધીનગર
તારીખ. **૧૪. ૯. ૨૦૦૩**

સંદર્ભઃ- ૧.મહેસુલ વિભાગના તા. ૩૦-૭-૮૮ નાં પરિપત્ર ક્રમાંક- અદજ-૧૦૮૮-૧૭૦-ઝ
૨.મહેસુલ વિભાગ ના તા. ૧૮-૪-૯૦ ના પરિપત્ર ક્રમાંક- અદજ-૧૦૯૦-૧૩૪-જ.૧
૩.મહેસુલ વિભાગ,નાં તા. ૪-૧૧-૨૦૦૦ નાં પરિપત્ર ક્રમાંક-નશજ-અદજ-૧૦૨૦૦૦-૨૬૫૪-જ

પ રિ પ ત્ર :-

આદિવાસી કબજેદારોએ ધારણ કરેલ જમીનોને લેન્ડ રેવન્યુ કોડની કલમ ૭૩ એએની જોગવાઈ મુજબ તબદીલીની મંજુરી આપતા પહેલાં કલે.શ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ જે કેસોમાં સરકારની પૂર્વમંજુરી લેવાની હોય છે તેની દરખાસ્તો મોકલવા અંગે ઉપરોક્ત સંદર્ભ-૩ થી જરુરી ચેકલીસ્ટ નકકી કરવામાં આવેલ છે. પ્રસ્તુત ચેકલીસ્ટમાં ૩૧ મુદ્દાઓની માહીતી આપવાની હોય છે. પ્રસતુત ચેકલીસ્ટમાં નીચે જણાવેલ બે મુદ્દાઓની માહીતી જરુરી હોવાથી નિયત કરેલ આ ચેકલીસ્ટમાં નીચે જણાવેલ નંબર -૩૨ અને ૩૩ મુદ્દાઓ તરીકે આમેજ કરવામાં આવે છે. જેથી જરુર જણાય ત્યાં તે મુદ્દાઓ પરત્વે જરુરી ચકાસણી કરીને માહીતી મોકલવાં સંબંધીત અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

ચેકલીસ્ટમાં મુદ્દા નં. (૩૨) સવાલવાળી જમીનની શૈક્ષણિક હેતુ માટે બક્ષિસથી તબદીલી કરવાની હોય તો શૈક્ષણિક સંસ્થાએ સંબંધિત ખાતેદારને કોઈ લોભ,લાલચ કે ધાક ધમકી આપેલ છે કે કેમ તથા સંબંધિત આદિવાસી ખાતેદાર પાસે આ જમીન વેચ્યા બાદ જીવન નિર્વાહમાં પૂરતાં સાધનો રહે છે કે કેમ તે અંગે જરુરી ચકાસણી કરવામાં આવેલ છે કે કેમ તે બાબતે કલે.શ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સ્પષ્ટ અભિપ્રાય આપવો.

ચેકલીસ્ટમાં મુદ્દા નં. (૩૩) સવાલવાળી જમીન શૈક્ષણિક હેતુ માટે તબદીલી કરવાની હોય તો શૈક્ષણિક સંસ્થાએ માંગણી કરેલ જમીનનું ક્ષેત્રફળ જે તે હેતુ માટે પર્યાપ્ત છે કે કેમ તે અંગે સંબંધિત જિ.શિ.અ.શ્રીનું પ્રમાણપત્ર સામેલ રાખેલ છે કે કેમ ?

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આત્મારામ પટેલ)
સેકશન અધિકારી,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વેપ્રાંત અધિકારીશ્રીઓ
- સર્વે મામલતદારશ્રીઓ
- કમિશ્નરશ્રી જમીન સુધારણાની કચેરી, બ્લોક નં. ૧૧, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નર ગાંધીનગર
- વિશિષ્ટ ફાઈલ

**નવી અને અવિભાજય શરતની ખેતીની જમીનો ખેતીના / બિનખેતીના હેતુ માટે વેચાણ / શરતફેર કરવા તથા જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ હેઠળની જમીન વેચાણ / તબદીલ કરવા અંગેની અરજીનો નમૂનો નિયત કરવા બાબત.**

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
પરિપત્ર ક્રમાંક : નશજ – અદજ – ૧૦૨૦૦૩ – ૧૯૮૩ – જ
સચિવાલય,ગાંધીનગર.
તા. ૦૪–૧૨–૨૦૦૩

<u>સંદર્ભ</u>: (૧) મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : નશજ – ૧૦૮૨ – ૫૧૮– જ, તા.૧૬–૩–૮૨
(૨) મ.વિ.ના પરિપત્ર ક્ર. નશજ – અદજ–૧૦૨૦૦૦ –૨૬૫૪–જ,તા.૪ –૧૧–૨૦૦૦
(૩) જમીન મહેસુલ નિયમોના નિયમ–૫૭(એલ)

**<u>પ રિ પ ત્ર</u> :–**

જુદા જુદા સત્તા પ્રકાર નાબુદી ધારાઓ, નિયમો, હુકમો હેઠળ નવી અને અવિભાજય શરતે અપાયેલ ( ગ્રાન્ટ થયેલ ) ખેતીની જમીનો ખેતીના કે બિનખેતીના હેતુ માટે વેચાણ કરવા કે બિનખેતીના હેતુ માટે શરતફેર કરવા અંગે સક્ષમ અધિકારીશ્રીની પૂર્વમંજૂરી મેળવવાની રહે છે. તથા જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ હેઠળ નિયંત્રિત સત્તા પ્રકારવાળી જમીનોની વેચાણથી તબદીલી કરવા અંગે સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી મેળવવાની રહે છે. આ અંગે જરૂરી પરવાનગી મેળવવા અરજદારશ્રીએ અરજી કરવાની હોય છે. અત્યાર સુધી આવી અરજીનો કોઈ નિયત નમૂનો તૈયાર કરવામાં આવેલ નહતો તેથી રાજયના અમુક જિલ્લાઓમાં અમુક કલે.શ્રીઓ ધ્વારા સ્વમેળે આવા નમૂના તૈયાર કરીને ઉપયોગમાં લેવામાં આવે છે જયારે કેટલાક જિલ્લાઓમાં આવી અરજીઓના નમૂનાઓ નકકી કરવામાં આવેલ નથી.

આ અંગે સમગ્ર રાજયમાં એકસુત્રતા જળવાય તથા દરખાસ્ત તૈયાર કરવામાં સરળતા રહે તથા અરજદારોની માંગણીઓનો સત્વરે નિકાલ થાય તે હેતુથી નિયત નમૂનામાં અરજદારો ધ્વારા અરજી કરવામાં આવે તે માટે અરજીના નમૂના નિયત કરવામાં આવે છે. જે આ સાથે સામેલ રાખેલ છે. તો આવી માગણીઓ આવે ત્યારે અરજદારો પાસેથી નિયત કરેલ નમૂનામાં અરજીઓ મેળવી કાર્યવાહી કરવા સર્વે સંબંધિતોને આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણ : ઉપર મુજબ.

સી. એસ. ઉપાધ્યાય
સરકારના નાયબ સચિવ
મહેસુલ વિભાગ.

પ્રતિ,
– સર્વે કલેકટરશ્રીઓ,
– સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

# લેન્ડ રેવન્યુ કોડની કલમ–૭૩ એએ નિયંત્રિત જમીનોને વેચાણ / તબદીલી અંગેની અરજીનો નમૂનો.

અરજદારનું નામ :
ગામનું નામ :
તાલુકો :
તારીખ :

પ્રતિ,
કલે.શ્રી / જિ.વિ.અધિ.શ્રી,
......................
......................જિલ્લો.

વિષય : લે.રે.કોડની કલમ–૭૩એએ નિયંત્રિત જમીનોને વેચાણ / તબદીલ કરવા અંગે મોજે :................તા...................ના સ.નં........ ............ની હે.આરે.ચો.મી.......................જમીન અંગે.

મે.સાહેબ,

સવિનય ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, હું.................................... તાલુકા............ગામે નીચે જણાવેલ વિગતોએ લે.રે.કોડની કલમ–૭૩એએ નિયંત્રિત જમીન ધરાવું છું. આ જમીન હું.................................................. હેતુસર શ્રી.....................................ને વેચાણ / તબદીલ કરવા માગું છું. તો તે અંગે મને જરૂરી પરવાનગી આપવા વિનંતી છે. આ અંગે સરકાર તરફથી જે શરતો નકકી કરાશે તેનું હું પાલન કરવા ખાત્રી આપું છું.

**જમીનની વિગતઃ–**

| | | |
|---|---|---|
| ૧. | અરજદારશ્રીનું નામ,ઉમર તથા પુરુ સરનામું | |
| ૨. | અરજી કઈ હેસીયતથી કરેલ છે ? ( જમીન માલિકની રૂએ કે અન્ય રીતે ) | |
| ૩. | જે જમીન વેચાણ / તબદીલ કરવાની છે તેની વિગત.<br>(અ) ગામનું નામ :<br>(અ) સર્વે નંબર :<br>(ક) ક્ષેત્રફળ : | |

Apply Form--PM

| | | |
|---|---|---|
| | (આધાર માટે ૭/૧૨ અને નં.૬નીની નકલ જોડવી. | |
| ૪. | મહેસુલ દફતર પ્રમાણે ઉક્ત સર્વે નંબરના કબજેદારોના પૂરા નામ તથા તેમનું સરનામું. | |
| ૫. | (અ) આ જમીન વારસાઈ હકકે ધરાવો છો કે વેચાણથી કે અન્ય રીતે ? (ફેરફાર નોંધની નકલ બીડવી)<br>(બ) આ જમીન ગ.ધા. હેઠળની અથવા નવી શરતની જમીન છે કે કેમ ? જો તેવા સત્તા પ્રકારની જમીન હોય તો ઉપલબ્ધ આધાર રજુ કરવો. (એન્ટ્રીની નકલ કે સરકારના હુકમની નકલ બીડવી.)<br>(ક) વારસાઈ હકકે આ જમીન ધારણ કરતાં હોય તો તમારા પુર્વજોએ આ જમીન કોઈ બીન આદિવાસી પાસેથી પોતાના નાણાંકીય સ્ત્રોતમાંથી ખરીદી હોય તો તેની વિગતો આપવી ( આ અંગે એન્ટ્રીની નકલ પણ બીડવી) | |
| ૬. | ગ.ધા.કલમ હેઠળની કે નવી શરતી જમીન હોય તો ધોરણસરનું પ્રિમીયમ જાણ કર્યેથી દિવસ–૨૧ માં ભરવા સંમત છો કે કેમ ? | |
| ૭. | સંયુક્ત ખાતેદારો હોય તો તમામ ખાતેદારો આ જમીન તબદીલ કરવા સંમત છે ? જો હા તો તેમની લેખિત કબુલાત બીડવી. | |
| ૮. | કયા ખાસ કારણોસર આ જમીન વેચાણ / તબદીલી કરવા માગો છો ? ( સ્પષ્ટ કારણો જણાવવા ) | |
| ૯. | કયા હેતુ માટે કોને આ જમીન વેચવા માંગો છો ? હેતુ સ્પષ્ટ જણાવવો | |
| ૧૦. | આ જમીન વેચાણ બાદ કેટલી જમીન બાકી રહે છે ? (૮–અ ની નકલ બીડવી.) | |
| ૧૧. | આ જમીન વેચ્યાબાદ બીનખેડૂત થાવ છો કે કેમ ? આ જમીન વેચવાથી આજીવિકા વગરના થાઓ છો ? | |
| ૧૨. | આજીવિકાનું કયું સાધન ધરાવો છો ? વાર્ષિક આવક જણાવવી. | |
| ૧૩. | જમીનની સ્થળસ્થિતિ, ચતુઃદિશા દર્શાવતાં સ્કેલમાપ પ્રમાણે નકશાઓ ( ત્રણ નકલમાં રજુ કરવા) | |
| ૧૪. | જો આ જમીન આદિવાસી ખાતેદારને ખેતીના હેતુ માટે | |

| | | |
|---|---|---|
| | વેચવા માગતા હોય તો કોને વેચવા માગે છે તથા વેચાણથી લેનાર ખેડૂત ખાતેદાર છે કે કેમ ? તે અંગે આધાર સાથે (૮–અ ની નકલ બીડવી ) સ્પષ્ટતા કરવી. | |
| ૧૫. | આ જમીન ઉપર આશરે કબજો કયારથી છે ? | |
| ૧૬. | આ જમીન લોભ, લાલચ, પ્રલોભન કે ધાકધમકીથી તબદલી કરો છો કે કેમ ? જો હા તો વિગતો આપવી. | |

હું સોગંદપૂર્વક જણાવું છે કે, ઉપરના કોલમમાં જણાવેલી તમામ વિગતો મારી સંપૂર્ણ જાણ અને માન્યતા મુજબ સંપૂર્ણ પણે ખરી છે.

સ્થળ :

અરજદારની સહી.

તારીખ :

નવી શરતની જમીનો—કેસોના ત્વરીત નિકાલ તેમજ જમીન મહેસુલ અધિનિયમની કલમ—૭૩—એ—એના નિયંત્રણવાળી જમીનની તબદીલી અંગે સરકારશ્રીના પૂર્વપરવાનગી મેળવવા અંગેના કેસોની દરખાસ્ત અંગેનું ચેકલીસ્ટ.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ—નશજ/અદજ/૧૦૨૦૦૦/૨૬૫૪/૨/જ
સચિવાલય,ગાંધીનગર
તા.. ૨૫ – ૧૧ –૨૦૦૪

<u>સંદર્ભઃ—</u>

(૧) મહેસુલ વિભાગના તા.૩૦—૭—૮૮ ના પરિપત્ર ક્રમાંકઃ—નશજ/૧૦૮૮/૧૭૦૬/ઝ

(૨) મહેસુલ વિભાગના તા.૧૮—૪—૯૦ ના પરિપત્ર ક્રમાંકઃ—અદજ/૧૦૯૦/૧૩૪/જ—૧

(૩) મહેસુલ વિભાગના તા.૧૯—૧૦—૨૦૦૦ ના પરિપત્ર ક્રમાંકઃ— નશજ/અદજ/ ૧૦૨૦૦૦ / ૨૫૦૧ /જ

(૪) મહેસુલ વિભાગના તા.૪—૧૧—૨૦૦૦ ના પરિપત્ર ક્રમાંકઃ—નશજ/૧૦૨૦૦૦/૨૬૫૪/જ

(૫) મહેસુલ વિભાગના તા.૩૦—૯—૨૦૦૨ ના પરિપત્ર ક્રમાંકઃ— જમન/૩૯૦૨/૨૩૯૦/અ

(૬) મહેસુલ વિભાગના તા.૧૧—૧૧—૨૦૦૨ તથા તા.૪—૪—૨૦૦૩ ના પત્ર ક્રમાંકઃ— નશજ /અદજ/ ૧૦૨૦૦૦ / ૨૬૫૪ /જ

(૭) મહેસુલ વિભાગના તા.૧૪—૨—૨૦૦૩ ના પરિપત્ર ક્રમાંકઃ— નશજ/અદજ/ ૧૦૨૦૦૦ / ૨૬૫૪(૧) /જ

(૮) મહેસુલ વિભાગના તા.૧૧—૨—૨૦૦૪ ના ઠરાવ ક્રમાંકઃ— જમન/૩૯૦૩/૧૦૪૦/અ

<u>પ રિ પ ત્ર :—</u>

જુદા જુદા સત્તા પ્રકાર નાબુદી ધારાઓ, નિયમો, હુકમો હેઠળ નવી અને અવિભાજ્ય શરતે ગ્રાન્ટ થયેલ / અપાયેલ જમીનોની તબદીલી અંગે સક્ષમ અધિકારીશ્રીની પૂર્વમંજુરી મેળવવાની રહે છે. મહેસુલ વિભાગની આવી પૂર્વમંજૂરી મેળવવા અંગેની દરખાસ્તો / કેસોનો ત્વરીત નિકાલ થાય તે માટે આવી દરખાસ્તો મોકલવા અંગે ઉપરોકત સંદર્ભ (૪) માં દર્શાવેલ મ.વિ.ના તા.૪—૧૧—૨૦૦૦ ના પરિપત્રથી જરુરી ચેકલીસ્ટ નકકી કરવામાં આવેલ છે. ઉકત ચેકલીસ્ટમાં મૂળ ગ્રાન્ટીની વિગતો, તેમનો કબજો, હાલના કબજેદાર / અરજદારશ્રીના કબજાની વિગતો, શરતભંગ વિગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવેલ ન હોઈ આવા કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે જરુરી બાબતો ઉમેરીને સુધારેલ નવુ ચેકલીસ્ટ આ સાથે સામેલ રાખેલ છે.

લે.રે.કોડની કલમ—૭૩—એ—એ નિયંત્રિત જમીનોને વેચાણ / તબદીલી અંગેની વિભાગને મોકલાતી દરખાસ્તોના ઉપરોકત સંદર્ભ—(૪) માં દર્શાવેલ પરિપત્ર અન્વયે નિયત થયેલ ચેકલીસ્ટમા પણ થોડાક ફેરફાર સહ સુધારેલ ચેકલીસ્ટ આ સાથે સામેલ રાખેલ છે.

આથી હવે પછી સરકારશ્રીમાં આવી દરખાસ્તો રજુ કરતી વખતે નિયત કરેલ આ ચેકલીસ્ટમાં સંપૂર્ણ વિગતો કાળજીપૂર્વક અને અચૂકપણે ભરી, જયાં જ;ર જણાય ત્યાં આધાર પુરાવા સાથે જે તે દરખાસ્તો મોકલવાની કાળજી રાખવા આથી સર્વે સબંધિતોને સુચના આપવામાં આવે છે.

૨. મ.વિ.ના તા.૧૧–૧૧–૨૦૦૨ તથા તા.૪–૪–૨૦૦૩ ના સરખા ક્રમાંકના પત્રોથી સૂચના આપ્યા મુજબ આવી દરખાસ્તો સરકારની મંજૂરી માટે મોકલવામાં આવે ત્યારે દરખાસ્તની સાથેના સાધનિક કાગળોની એક ઝેરોક્ષ નકલ / સેટ અચૂક મોકલવાનું ધોરણ રાખવું.

૩. વધુમાં અત્રે મોકલવામાં આવતી મોટાભાગની દરખાસ્તોમાં દરખાસ્ત પરત્વે કલેકટરશ્રીનો / જિલ્લા વિકાસ અધિકારીશ્રીનો કોઈ સ્પષ્ટ અભિપ્રાય આપવામાં આવતો નથી તે પણ બરાબર નથી. તો બંને ચેકલીસ્ટના નિયત ભાગમાં કલેકટરશ્રીએ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપવા પણ આથી સર્વે કલેકટરશ્રીઓને / જિલ્લા વિકાસ રાધિકારીશ્રીઓને આથી સુચના આપવામાં આવે છે. અને જો આવો અભિપ્રાય આપવામાં આવેલ નહી હોય તો આવી દરખાસ્તો પરત કરવામાં આવશે જે અંગેની ખાસ નોંધ લેવા પણ જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એસ.ઉપાધ્યાય)
સરકારના નાયબ સચિવ,
મહેસૂલ વિભાગ.

બીડાણ :–ચેકલીસ્ટ (બે)

પ્રતિ,

- સર્વે કલેકટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ
- સર્વે મામલતદારશ્રીઓ
- કમિશ્નરશ્રી, જમીન સુધારણાની કચેરી, મહેસુલ વિભાગ,ગાંધીનગર
- મહેસુલ તપાસણી કમિશ્નરશ્રી, મહેસુલ વિભાગ, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર
- મ.વિ.ની "ઝ" શાખા
- સિલેકટ ફાઈલ

(સરકારી પરિપત્ર મહેસુલ વિભાગ ક્રમાંકઃ-નશજ/અદજ/૧૦૨૦૦૦/૨૬૫૪/૨/જ તા.૨૫ -૧૧ -૨૦૦૪ નું બિડાણ :-)

---

નવી શરતની જમીનને ખેતીના / બિનખેતીના હેતુ માટે (જે લાગુ પડતુ ન હોય તે છેકી નાખવું.) વાપરવા દેવા / તબદીલ કરવા માટે (જે લાગુ પડતુ ન હોય તે છેકી નાખવુ ) મંજૂરી મેળવવાના કેસોમાં સરકારમાં મોકલવા અંગેનું ચેકલીસ્ટ :-

---

(ક) જમીનની વિગત :-

| | | |
|---|---|---|
| ૧. | ગામ,તાલુકા,જીલ્લાનું નામ | : ગામ તાલુકો જિલ્લો |
| ૨. | સર્વે નંબર-ક્ષેત્રફળ (હે.આ.ચો.મી.માં) | : |
| ૩. | સવાલવાળી જમીન કયા કાયદા / નિયમો / સત્તા પ્રકાર હેઠળ અરજદાર ભોગવે છે. તે હુકમ / એન્ટ્રીની વિગતો (હુકમ/ એન્ટ્રીની નકલ સાથે) | : |
| ૪. | સવાલવાળી જમીન ઉપર ભોગવટા અંગેની વિગત | |

(ક) મૂળ ગ્રાન્ટીનું નામ

(ખ) જમીન ઉપર મૂળ ગ્રાન્ટીના કબજાની તારીખ / વર્ષ (ફેરફાર નોંધ મંજૂર થયાની તારીખ ધ્યાને લઈ વિગત આપવી)

(ગ) હાલના કબજેદારનું નામ અને સરનામું

(ઘ) હાલના કબજેદારનો જમીન ઉપરના કબજાની તારીખ / વર્ષ (ફેરફાર નોંધ મંજૂર થઈ હોય તે તારીખ ધ્યાને લઈને વિગત આપવી )

(ચ) હાલના કબજેદારનો મૂળ ગ્રાન્ટી સાથેનો સંબંધ

(છ) હાલના કબજેદારે આ જમીન કઈ રીતે પ્રાપ્ત કરી (વારસાઈથી / વેચાણથી /અન્ય રીતે)
(ફેરફાર નોંધના નંબર સહિતની વિગત આપવી.)

(જ) હાલના કબજેદારે ધારણ કરેલ જમીનના સમયગાળાની વિગત (૭/૧૨ ના ઉતારાની નકલ સાથે)

૫. સવાલવાળી જમીન યુએલસી / એએલસી શરતભંગ / કે અન્ય કોઈ કારણે ફાજલ જાહેર થયેલ છે ? / સરકારી હેડે દાખલ થયી છે ?

૬. સવાલવાળી જમીન પરત્વે કોઈ અદાલત (રેવન્યુ કોર્ટ સહિત) માં કોઈ વિવાદ હાલ ચાલુ છે કે કેમ ? તેની વિગતો આપવી.

૭. સવાલવાળી જમીન ખેતીના હેતુ માટે અગાઉ જૂની શરતમાં (૬૦ પટની રકમ લઈને ) ફેરવવામાં આવી છે ? જો હા, તો હુકમ નંબર / તારીખ

૮. સવાલવાળી જમીન પરત્વે કોઈપણ પ્રકારનો શરતભંગ થયેલ છે કે કેમ ? જો હા, તો તેની વિગત આપવી.

## (ખ) <u>અરજદાર / કબજેદારની વિગત :–</u>

૧. અરજદાર અને જમીનના કબજેદાર કુલ કેટલી જમીન ધરાવે છે.
(ગામ નમુના નં.૮–અ ના ઉતારાની નકલ સાથે)

૨. અરજદારે ધારણ કરેલ જમીન પૈકી કયા સ.નં.ની કેટલી જમીન વેચવા અથવાં પોતાના ઉપયોગ સારૂ હેતુફેર કરવા માંગે છે.

૩. જમીન નવી અને અવિભાજ્ય શરતની હોવા ઉપરાંત ૭૩–એએ અન્વયે નિયંત્રિત છે ? હોય તો તા.૧૯–૧૦–૨૦૦૦ ના પરિપત્ર મુજબ આ અંગેના ચેકલીસ્ટમાં પણ માહિતી ભરી બંન્ને દરખાસ્તો એક સાથે કરવી.

૪. હેતુફેર કરવાના / વેચવાના કારણો શું છે ?

| ૪. | જીલ્લા મૂલ્યાંકન સમિતિ ધ્વારાં છેલ્લા ૩ વર્ષમાં આ ગામની જમીનોના થયેલ મૂલ્યાંકનની વિગત આપવી. | : |

| સ.નં | ક્ષેત્રફળ | જમીનનો પ્રકાર (ખાનગી/ સરકારી) | મુલ્યાંકન રૂા./ચો.મી. | જીલ્લા મુલ્યાંકન સમિતીની તારીખ. |
|---|---|---|---|---|
| | | | | |

૫. જીલ્લા નગરનિયોજકશ્રીના અભિપ્રાય મુજબ કિંમત.

૬. જીલ્લા મૂલ્યાંકન સમિતિના મૂલ્યાંકન આધારે કિંમત અને બેઠકની તારીખ.

૭. જીલ્લા મુલ્યાંકન સમિતિના મુલ્યાંકન પ્રમાણે જમીનની કુલ કિંમત રૂપિયા :-

નોધ :- જિલ્લા મુલ્યાંકન સમિતિની બેઠકની કાર્યનોધ તથા જીલ્લા નગર નિયોજકશ્રી ધ્વારા કરાયેલ મૂલ્યાંકન અંગેનું પત્રક તથા જીલ્લા ન.નિ.શ્રીએ ધ્યાનમાં લીધેલ વેચાણોનું પત્રક તથા તે વેચાણોની સ્થળસ્થિતિ દર્શાવતો નકશો સામેલ કરવો )

૮. જિ.મૂ.સમિતિએ જીલ્લા નગર નિયોજકશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ મૂલ્યાંકન ધ્યાને લીધેલ છે કે કેમ , અને જો ના તો તે અંગેના ખાસ કારણો શું છે ?

૯. જીલ્લા મૂલ્યાંકન સમિતિએ નકકી કરેલ બજાર કિંમતના આધારે સવાલવાળી જમીનનું વસુલ કરવાપાત્ર પ્રિમીયમની ટકાવારીનો દર અને રકમ. :

૮૦ ટકા પ્રમાણે રકમ રુપિયા

<u>અથવા</u>

૭૦ ટકા પ્રમાણે રકમ રુપિયા

(જે લાગુ પડતું હોય તે દર્શાવવું)

૫. કયા હેતુ માટે કોને વેચવા માંગે છે ?
(ચોકકસ હેતુ દર્શાવવો. તે સિવાય દરખાસ્ત સરકારશ્રીને મોકલવી નહી.)

૬. અરજદાર પ્રિમીયમ ભરવા સંમત છે કે કેમ તથા અન્ય જરુરી લાગતી બાબતો આવરી લેતું અરજદારનું નિવેદન અરજદારે આપેલ છે ?

## (૪) <u>વેચાણથી રાખવાની ઈચ્છા ધરાવનારની વિગતો :–</u>

૧. વેચાણ રાખનારનું નામ, સરનામું, ધંધો અને હાલની વાર્ષિક આવક

૨. સવાલવાળી જમીન કયા હેતુ માટે વેચાણ રાખવા માંગે છે તથા કેટલી કિંમતે વેચાણથી રાખવા માંગે છે ?

૩. વેચાણ રાખનાર પછાતવર્ગના છે કે કેમ ?

૪. વેચાણ રાખનાર પાસે હાલમાં કેટલી જમીન છે. (ગા.ન.નં.૮–અ ના ઉતારાની નકલ સાથે)

૫. વેચવાની પરવાનગી આપવામાં આવે તો ગણોતધારાની તેમજ ટુકડાધારાની કોઈ જોગવાઈનો ભંગ થાય છે કે કેમ ?

૬. વેચાણ રાખવાની ઈચ્છા ધરાવનાર વ્યકિત ખેડૂત છે કે કેમ ? જો ખેડૂત હોય તો સવાલવાળી જમીન ખરીદવા તેમણે પરવાનગી મેળવેલ છે કે કેમ ?

૭. શરતફેર / વેચાણની પરવાનગી આપવામાં આવે તો ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ–૧૯૬૦ નો ભંગ થાય છે કે કેમ ?

## (૫) <u>સવાલવાળી જમીનની બજાર કિંમત :–</u>

૧. પંચકયાસ મુજબ

૨. પાંચ સાલી વેચાણ આધારે સરાસરી કિંમત

૩. જંત્રી પ્રમાણેની કિંમત

(ચ) દરખાસ્ત સાથેના કામના કાગળોની ઝેરોક્ષ નકલ સામેલ છે ? :

(છ) દરખાસ્ત બાબતે કલેકટરશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય :– :

(આ અભિપ્રાય વગરની દરખાસ્ત સરકારમાં મોકલવી નહી)

કલેકટરની સહી અને તારીખ

(સરકારી પરિપત્ર મહેસુલ વિભાગ ક્રમાંકઃ–નશજ/અદજ/૧૦૨૦૦૦/૨૬૫૪/૨/જ તા. ૨૫ –૧૬–૨૦૦૪ નું બિડાણ :–)

---

## જમીન મહેસુલ અધિનિયમની કલમ–૭૩–એ.એ હેઠળ સરકારની પૂર્વ પરવાનગી મેળવવા અંગેના કેસોની દરખાસ્ત કરતી વખતે સરકારમાં મોકલવા અંગેનું ચેકલીસ્ટ :–

(૧) અરજદારનું પુરુ નામ અને સરનામું

(૨) અરજદારની જ્ઞાતિ, પેટા જ્ઞાતિ

(૩) અરજદાર દ્વારા ધારણ કરવામાં આવેલ વ્યકિતગત / સંયુકત : ખાતાની કુલ જમીનની વિગત
(ગા.ન.નં.૬,૭/૧૨ અને ૮–અ ની નકલ સામેલ કરવી. જમીનનું ક્ષેત્રફળ હે.આરે અને ચો.મી. માં જ જણાવવું.)

(૪) જમીન વેચાણ / તબદીલી માટેની પૂર્વ પરવાનગી અંગેની : ગામ , તાલુકો જિલ્લો
સવાલવાળી જમીનની વિગત.(સ.નં. ક્ષેત્રફળ)

નોંધ :– જમીન કલમ–૭૩–એ–એ અન્વયે નિયંત્રિત હોવા : ઉપરાંત નવી અને અવિભાજય શરતની/પ્ર.સ.પ.ની જો હોય તો તા.૧૯–૧૦–૨૦૦૦ ના પરિપત્ર મુજબ આ અંગેના ચેકલીસ્ટમાં પણ માહિતી ભરી બંન્ને દરખાસ્તો એકી સાથે કરવી.

(૬) અ. સવાલવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો કોનો છે : અને કેટલા સમયથી છે તે સ્પષ્ટ જણાવવું.

બ. સવાલવાળી જમીનમાં હાલનો કબજેદાર કયા : હકકથી કબજો ધારણ કરે છે ?
(વેચાણ /વારસાઈ કે અન્ય રીતે – આધારમાં ગા. નં. ૬ ની નકલ રજૂ કરવી.)

(૭) સવાલાળી જમીન કોને વેચવાની છે. તેમજ વેચવા માટેનું યોગ્ય : કારણ જણાવવું.

(૮) સવાલવાળી જમીન ધાર્મિક કારણસર વેચવાની / બક્ષીસ : આપવાની હોય તો તે જમીન પર કરેલ બાંધકામ તેમજ ખુલ્લી જગ્યાની વિગતો તેમજ તેનો સ્થળસ્થિતિ દર્શાવતો નકશો રજુ કરવો.

(૯) અ. સવાલવાળી જમીનની વેચાણ પરવાનગી બાદ બાકી રહેતી જમીનની વિગતો જરૂરી આધાર સાથે જણાવવી.

બ. સવાલવાળી જમીન વેચ્યા બાદ અરજદાર બીનખેડૂત થાય છે કે કેમ તે જણાવવું.

(૧૦) સવાલવાળી જમીનનાં માલિકની આર્થિક / કૌટુંબિક પરિસ્થિતિ દર્શાવતું પત્રક જેમાં કુટુંબના સભ્યોની સંખ્યા, ઉંમર, અભ્યાસ, વ્યવસાય, તેમાંથી થતી આવક, સામેલ છે કે કેમ ?

(૧૧) સવાલવાળી જમીનના વેચાણ પરવાનગી બાદ બાકી રહેતી જમીનમાંથી થતી આવક, તેના જીવનનિર્વાહ માટે પોષણક્ષમ છે કે કેમ તે અંગે જમીન માલિકનો જવાબ સામેલ કરવો.

(૧૨) સવાલવાળી જમીન સંયુકત માલિકીની હોય તો સહભાગીદારો સવાલવાળી જમીન વેચવા સંમત છે કે કેમ તે અંગેની સંમતી મેળવી રજુ કરવી.

(૧૩) સવાલવાળી જમીન વેચાણ કરવામાં આવે તો લાગુ કબજેદારોને વાંધો છે કે કેમ તે અંગે તેમના સંમતી પત્રકો સામેલ રાખવા.

(૧૪) સવાલવાળી જમીનની વેચાણ પરવાનગીથી ટુકડાધારાની કોઈ જોગવાઈનો ભંગ થાય છે કે કેમ ? નિયમોની જોગવાઈ સાથે જણાવવુ.

(૧૫) સવાલવાળી જમીનની વેચાણ કિંમત

૧. પંચકયાસ મુજબ.

૨. પાંચ સાલી વેચાણ આધારે.

૩. જીલ્લા મૂલ્યાંકન સમિતિએ નકકી કર્યા મુજબ (બેઠકની તારીખ પણ જણાવવી.)

૪. જંત્રી મુજબ.

(૧૬) જીલ્લા મૂલ્યાંકન સમિતિની બેઠકની કાર્યનોંધ તથા જીલ્લા નગર નિયોજકશ્રી દ્વારા કરાયેલ મૂલ્યાંકન અંગેનું પત્રક, જી.ન.નિ.શ્રીએ ધ્યાનમાં લીધેલ વેચાણોનું પત્રક તથા તે વેચાણોની સ્થળસ્થિતિ દર્શાવતા નકશા સામેલ રાખવો તથા જમીનની બજાર કિંમત નકકી કરવા માટે કયા પરિબળો ધ્યાનમાં લીધાં છે. તેની વિગતો આપવી.

(૧૭) સવાલવાળી જમીન વેચાણ રાખનારનું પુરું નામ, સરનામું, :
જ્ઞાતિ, પેટા જ્ઞાતિ વગેરે સ્પષ્ટ જણાવવું.

(૧૮) સવાલવાળી જમીન વેચાણ રાખવા માંગતી વ્યકિત દ્વારા :
વ્યકિતગત / સંયુકત રીતે ધારણ કરેલ કુલ જમીનની વિગતો.
(ગામના નમુના નં.૬, ૭/૧૨, અને ૮–અ ની નકલ સામેલ
કરવી જમીનનું ક્ષેત્રફળ હે.આર. પ્રતિ આરમાં ક્ષેત્રફળ
જણાવવુ.)

(૧૯) સવાલવાળી જમીન ધાર્મિક હેતુ માટે આપવામાં આવતી હોય :
તો જીલ્લા પોલીસ વડાનો અભિપ્રાય સામેલ કરવો.

(૨૦) સવાલવાળી જમીન ઔદ્યોગિક હેતુ માટે વેચાણ પરવાનગી :
માંગવામાં આવતી હોય તો ઉદ્યોગની નોંધણી અંગેનું
પ્રમાણપત્ર / આધાર રજુ કરવો.

(૨૦)અ. કામચલાઉ નોંધણી હોય તો તેની મુદત કયારે પુરી થાય છે.

(૨૧) સવાલવાળી જમીન ઉદ્યોગ માટેની જરુરીયાત મુજબના :
ક્ષેત્રફળવાળી જમીન છે કે કેમ તે અંગેનું જીલ્લા ઉદ્યોગ કેન્દ્રનું
પ્રમાણપત્ર રજુ કરવું.

(૨૨) સવાલવાળી જમીન સહકારી ગૃહ મંડળીને વેચાણ પરવાનગી
માંગવામાં આવી હોય તો તેની સુચિત નોંધણી અંગેનું
પ્રમાણપત્ર આધાર–પુરાવા સાથે રજુ કરવું.

(૨૩) સવાલવાળી જમીનના માલિક અને વેચાણ રાખનાર કેટલી
કિંમતમાં લે–વેચ કરવા માંગે છે તેના જવાબ સામેલ કરવો.

(૨૪) અ. સવાલવાળી જમીન સ્વ–ઉપાર્જીત છે કે કેમ તેની
આધાર સાથે સ્પષ્ટતા કરવી.મંજુરીની કોને સત્તા છે
તેની સ્પષ્ટતા કરવી.

બ. સવાલવાળી જમીનના હાલના કબજેદારના પૂર્વજોએ
આ જમીન બીનઆદિવાસીના સભ્ય પાસેથી વેચાણથી
ખરીદી હતી કે કેમ ?
(હકકપત્રકની નોંધની નકલ બીડવી.)

(૨૫) જમીન શિડયુલ એરીયામાં આવે છે કે કેમ તેની સ્પષ્ટતા કરી
મંજુરીની સત્તા કોને છે તેની સ્પષ્ટતા કરવી.

(૨૬) પ્રવર્તમાન કયા નિયમો / પરિપત્રો / ઠરાવો ની જોગવાઈ
અન્વયે પ્રસ્તુત દરખાસ્ત મોકલવામાં આવી છે તે અંગેની
સ્પષ્ટતા કરવી.
( વિભાગના તા.૨૮–૬–૨૦૦૦ ના પત્ર નં.અદજ/ ૨૯૯૭ /
૬૩૯/જ અન્વયે કોઈ દરખાસ્ત " ખાસ કિસ્સા " માં મંજુરી
માટે મોકલવી નહી. આવી માંગણીઓ કલેકટર / જિલ્લા
વિકાસ અધિકારી કક્ષાએ જ નામંજૂર કરવી.)

(૨૭) સવાલવાળી જમીનની શૈક્ષણિક હેતુ માટે બક્ષિસથી તબદીલી કરવાની હોય તો શૈક્ષણિક સંસ્થાએ સંબંધિત ખાતેદારને કોઈ લોભ, લાલચ, કે ધાક ધમકી આપેલ છે કે કેમ તથા સંબંધિત આદિવાસી ખાતેદાર પાસે જમીન વેચ્યા બાદ જીવન નિર્વાહમાં પૂરતાં સાધનો રહે છે કે કેમ તે અંગે જરુરી ચકાસણી કરવામાં આવેલ છે કે કેમ તે બાબતે કલેકટરશ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સ્પષ્ટ અભિપ્રાય આપવો. :

(૨૮) સવાલવાળી જમીન શૈક્ષણિક હેતુ માટે તબદીલીકરવાની હોય તો શૈક્ષણિક સંસ્થાએ માંગણી કરેલ જમીનનું ક્ષેત્રફળ જે તે હેતુ માટે પર્યાપ્ત છે કે કેમ તે અંગે સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર સામેલ રાખેલ છે કે કેમ ? :

(૨૯) સવાલવાળી જમીન પરત્વે કોઈ શરતભંગ થયેલ છે કે કેમ તે અંગે વિગતો સાથે સ્પષ્ટતા કરવી. :

(૩૦) દરખાસ્ત સાથેના કામના કાગળોની ઝેરોક્ષ નકલ સામેલ છે ?

(૩૧) સવાલવાળી જમીનની પરવાનગી આપવા બાબત કલેકટરશ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય જણાવવો. (આ અભિપ્રાય સિવાયની કોઈ જ દરખાસ્ત સરકારમાં મોકલવી નહીં. )

કલેકટરશ્રી / જીલ્લા વિકાસ અધિકારીશ્રીની સહી અને તારીખ

જમીન મહેસુલ અધિનિયમની કલમ–૭૩ એએ
અન્વયે નિયંત્રિત જમીનોની તબદીલીની તથા નવી
અને અવિભાજય શરતની જમીનોની તબદીલીની
દરખાસ્તો કરવા અંગે.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ અદજ/૩૧૨૦૦૨/૧૮૮૦/જ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૧૧/૭/૨૦૦૫.

**પરિપત્રઃ–**

ખેતી માટે અપાયેલી નવી અને અવિભાજય શરતની જમીનોની શરતફેર/ તબદીલી તથા જમીન મહેસુલ અધિનિયમની કલમ–૭૩ એએ અન્વયે નિયંત્રિત જમીનની તબદીલીની દરખાસ્તો સરકારની પૂર્વ મંજુરી જયાં જરુરી હોય તેવી દરખાસ્તો વિભાગને મોકલવામાં આવે છે. અરજદારોએ આવી મંજુરી મેળવવા માટે કેવા પ્રકારની અરજી કરવી અને તેની સાથે કયા બિડાણો જોડવા તે બાબતે વિભાગે અરજીનો નમુનો નિયત કરેલ છે એટલું જ નહી પણ કલેકટરશ્રીએ આવી દરખાસ્તો કેવી રીતે, કયા દસ્તાવેજો સહિત તથા કઈ વિગતો સાથે વિભાગને રજુ કરવી તે માટે જરુરી ચેકલીસ્ટ પણ નિયત કરવામાં આવેલ છે, જેથી અરજદારની માંગણીના નિકાલ પરત્વે બિનજરુરી વિલંબ ટાળી શકાય. આમ છતાં વિભાગને મોકલવામાં આવતી દરખાસ્તો અધુરી વિગતવાળી તથા અધુરા દસ્તાવેજોવાળી મોકલવામાં આવે છે. પરિણામે તેની પૂર્તતાઓ કરાવવામાં દરખાસ્ત તરફેના નિર્ણયમાં ઘણી વખત વિલંબ થાય છે. પરિણામે વહીવટી વિલંબનો ભોગ અરજદાર બનતો હોય છે. જે બાબત યોગ્ય ગણી શકાય નહી. આથી સરકારમાં ઉપર સૂચવેલી દરખાસ્તો જયારે વિભાગને મોકલવામાં આવે ત્યારે અરજદારની માંગણીના સંદર્ભમાં સંબંધિત કાયદા, નિયમો, તે અંગેના સરકારના ઠરાવો/ પરિપત્રો તથા અન્ય આનુસંગિક સૂચનાઓ ધ્યાને લઈ જરુરી ચકાસણી કરીને નિયત ચેકલીસ્ટમાં પુરેપુરી વિગતો તથા આનુસંગિક આધારો સહિતની સંપૂર્ણ દરખાસ્ત કલેકટરશ્રી/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સ્પષ્ટ અભિપ્રાય સહિત વિભાગને મોકલવા જરુરી કાળજી રખાય તે જોવા સંબંધિત સર્વે અધિકારીશ્રીઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આત્મારામ પટેલ
સેકશન અધિકારી,
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર,

નકલ રવાનાઃ–
- સર્વે કલેકટરશ્રીઓ,
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- સર્વે પ્રાન્ત અધિકારીશ્રીઓ,
- સર્વે મામલતદારશ્રીઓ,
- માન.મંત્રીશ્રી, મહેસુલના અંગત સચિવશ્રી,
- કમિશ્નરશ્રી જમીન સુધારણાની કચેરી, બ્લોક.નં.૧૧, સચિવાલય, ગાંધીનગર,
- વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર,
- વિશિષ્ટ ફાઈલ

**જમીન મહેસુલ સંહિતાની કલમ-૭૩-ક તથા ૭૩-કક બાબત**

**આદિજાતિના લોકોએ ધારણ કરેલી જમીનની તબદીલી અંગેના વિભાગના તા.૧૯/૧૦/૭૯ ના સંકલિત પરિપત્ર રદ કરવા તથા આ અંગેના સરકારી હુકમો અંગે સંકલિત પરિપત્ર બહાર પાડવા બાબત.**

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: અદજ/૧૦૨૦૦૩/૨૬૩૨/જ.
તારીખઃ-૧૮/૩/૨૦૦૬

**વંચાણમાં લીધાઃ-**

૧. પરિપત્ર ક્રમાંક: અદજ-૧૦૭૯-૨૬૪૫-ઝ, તા.૧૯-૧૦-૭૯.
૨. સરકારી જાહેરનામું, તા. ૨૬-૧૨-૧૯૮૦.
૩. પરિપત્ર ક્રમાંક: અદજ-૧૦૮૦-૩૪૩૩-ઝ, તા.૧૮-૧-૧૯૮૧.
૪. સરકારી જાહેરનામું, તા.૨૩-૪-૧૯૮૨.
૫. સરકારી જાહેરનામું, તા.૨૮-૫-૧૯૮૨.
૬. પરિપત્ર ક્રમાંક: અદજ-૧૧૭૨-૪૭૮૧૧-ઝ, તા.૩૦-૭-૮૨.
૭. પત્ર ક્રમાંક: અદજ-૧૧૭૨-૪૭૮૧૧-ઝ, તા. ૧૯-૧-૮૪.
૮. ઠરાવ ક્રમાંક:અદજ-૧૧૮૪-સી.એમ.આર-૨-ઝ, તા.૧૧-૫-૧૯૮૪.
૯. સરકારી જાહેરનામું, તા.૨૦-૬-૧૯૮૪.
૧૦. પરિપત્ર ક્રમાંક: અદજ-૧૧૮૬-૩૧૬૧-ઝ, તા.૨૩-૧૨-૮૬.
૧૧. પરિપત્ર ક્રમાંક: અદજ-૧૦૮૬-૧૨૮૯-ઝ, તા.૨૧-૯-૮૭.
૧૨. પરિપત્ર ક્રમાંક: અદજ-૧૦૮૭-૩૧૩-ઝ, તા.૧૬-૬-૮૮.
૧૩. પત્ર ક્રમાંક: અદજ-૧૦૮૦-૩૪૩૩(ઝ)-જ-૧, તા. -૧-૯૨.
૧૪. પરિપત્ર ક્રમાંક: અદજ-૧૦૯૫-૫૪૨-જ-૧, તા.૫-૧૧-૯૫.
૧૫. પરિપત્ર ક્રમાંક: અદજ-૧૦૯૮-૧૬૭-જ-૧, તા. -૭-૯૮.
૧૬. પરિપત્ર ક્રમાંક: અદજ-૧૦૯૫-૬૧-જ-૧, તા. -૧૧-૯૮.
૧૭. સરકારી જાહેરનામું, તા. ૩૧-૩-૧૯૯૯.
૧૮. પત્ર ક્રમાંક: અદજ-૧૦૯૯-૧૪૯૧-જ, તા.૯-૮-૯૯.
૧૯. પરિપત્ર ક્રમાંક: અદજ-૩૩૯૯-૧૬૬૦-જ, તા.૫-૪-૨૦૦૦.
૨૦. પરિપત્ર ક્રમાંક: અદજ-૧૦૯૮-૧૨૮-જ, તા.૮-૫-૨૦૦૦.
૨૧. પત્ર ક્રમાંક: અદજ-૨૯૯૭-૬૩૯-જ, તા.૨૮-૬-૨૦૦૦.
૨૨. પરિપત્ર ક્રમાંક: અદજ-નશજ-૧૦૨૦૦૦-૭૭૭-જ, તા.૩૦-૬-૨૦૦૦.
૨૩. પરિપત્ર ક્રમાંક: નશજ-અદજ-૧૦૨૦૦૦-૨૫૦૧-જ, તા.૧૯-૧૦-૨૦૦૦.
૨૪. પરિપત્ર ક્રમાંક: નશજ-અદજ-૧૦૨૦૦૦-૨૬૫૪-જ, તા.૪-૧૧-૨૦૦૦.
૨૫. પત્ર ક્રમાંક: અદજ-૧૦૯૮-૧૨૮-જ, તા.૨૭-૧૨-૨૦૦૦.
૨૬. પત્ર ક્રમાંક: અદજ-૧૧૨૦૦૩-૧૯૩૧-જ, તા.૨૯-૭-૨૦૦૩.
૨૭. પરિપત્ર ક્રમાંક: નશજ-અદજ-૧૦૨૦૦૩-૧૯૮૩-જ, તા.૪-૧૨-૨૦૦૩

૨૮. પરિપત્ર ક્રમાંકઃનશજ/અદજ–૧૦૨૦૦૦–૨૬૫૪–જ, તા.૨૫–૧૧–૨૦૦૪

૨૯. પત્ર ક્રમાંકઃ અદજ–૧૧૨૦૦૩–૧૯૩૧––જ, તા.૨૪–૩–૨૦૦૫

**પ રિ પ ત્ર :–**

આદિજાતિના ખાતેદારોએ ધારણ કરેલ જમીનો લોભ, લાલચ, ધાકધમકી કે અન્ય રીતે સહેલાઈથી તબદીલ ન થઈ જાય તે હેતુથી રાજય સરકારે મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ–૧૮૭૯ ની કલમ–૭૩ ક અન્વયે તા.૪–૪–૬૧ ના રોજ જાહેરનામું પ્રસિધ્ધ કરીને રાજયના અનુસૂચિત વિસ્તારને (Scheldduled areas) પૈકી જે વિસ્તારોમાં તા.૪/૪/૬૧ના રોજ મૂળ સર્વે સેટલમેન્ટ થયેલ ન હોય તેવા વિસ્તારોમાં આદિજાતિના લોકોની જમીનોને કલેકટરશ્રીની પૂર્વમંજુરી સિવાય તબદીલ કરી શકાય નહીં તેવું રાજયના મર્યાદિત વિસ્તારો પુરતું નિયંત્રણ મુકેલ હતું. તે જોગવાઈઓના સંદર્ભમાં સરકાર ધ્વારા તા. ૧૯–૧૦–૭૯ ના સંકલિત પરિપત્રથી વહીવટી સૂચનાઓ આપવામાં આવેલ હતી.

ત્યારબાદ તા.૧–૨–૮૧ થી લેન્ડ રેવન્યુ કોડમાં કલમ–૭૩ એએ થી ૭૩ એડી નવી કલમો દાખલ કરવામાં આવતાં તેની જોગવાઈઓ તેમજ તદ અનુરૂપ તા.૨૧–૬–૮૨ ના જાહેરનામાથી અમલમાં મૂકેલા જમીન મહેસુલ નિયમો અન્વયે વૈધાનિક નિયમો હાલમાં અસ્તિત્વમાં છે.

જમીન મહેસુલ કાયદાની કલમ ૭૩ ક ના અનુસંધાને બહાર પાડેલ તારીખ ૪–૪–૬૧ ના જાહેરનામાની જોગવાઈઓના સંદર્ભમાં આદિજાતિના લોકોએ ધારણ કરેલ જમીનોની તબદીલી બાબતે વિભાગના તા.૧૯–૧૦––૭૯ ના પરિપત્રથી આપેલ સૂચનાઓ અસ્તિત્વમાં હતી અને તે જોગવાઈઓ મુજબ જરૂરી કાર્યવાહી કરવામાં આવતી હતી. હવે ઉપર જણાવેલા વૈધાનિક મહેસુલી નિયમો અસ્તિત્વમાં હોવાથી હાલમાં આ નિયમોની જોગવાઈઓ મુજબ આદિવાસી ખાતેદારોની જમીનોની તબદીલી વિગેરે બાબતે જરુરી કાર્યવાહી કરવામાં આવે છે. તા.૧૯–૧૦–૭૯ નો પરિપત્ર વિભાગના તા. ૪–૪–૬૧ ના જાહેરનામા સંદર્ભમાં બહાર પાડેલ હોવાથી સદર પરિપત્રની કેટલીક જોગવાઈઓ તો હાલના વૈધાનિક નિયમોથી તદ્દન જુદી પડે છે. કેટલીક જોગવાઈઓ સમાનરીતે મળતી પણ આવે છે. પરીણામે આ પરિપત્રની જોગવાઈઓથી ઘણી વખત ગેરસમજ થવાની સંભાવનાઓ રહે છે. તદ્ઉપરાંત જિલ્લા કક્ષાએ તેનો અમલ ખોટી રીતે થઈ જવાની શકયતાઓ પણ રહે છે. આવી જોગવાઈઓના કારણે ઘણી વખત લીટીગેશનો ઉભા થવાની શકયતાઓ પણ રહેલી છે. આથી આ તમામ મુશ્કેલીઓના નિવારણ અર્થે હવે જયારે લે.રે.કોડની કલમ–૭૩ એએ તથા તેના આનુસાંગિક વૈધાનિક નિયમો (મુખ્યત્વે નિયમ–૫૭.કે થી નિયમ–૫૭.એસ સુધી) હાલમાં અમલમાં છે ત્યારે તે જોગવાઈઓ ધ્યાનમાં લઈને તા.૧૯–૧૦–૭૯ ના પરિપત્રની કેટલીક જોગવાઈઓ હવે ચાલુ રાખવી વહીવટી રીતે યોગ્ય જણાતી ન હોઈ વિભાગના તા.૧૯/૧૦/૭૯ ના પરિપત્રને રદ થયેલ ગણવામાં આવે છે.

આમ ઉપરોકત હકીકતોના સંદર્ભમાં વિભાગના તા. ૧૯–૧૦–૭૯ ના સંકલિત પરિપત્ર બાદ તેમજ સરકાર ધ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલ ઠરાવો, પરિપત્રો તથા જાહેરનામા વિગેરેનું સંકલન કરીને સંબંધિત સંકલિત અદ્યતન સૂચનાઓ નીચે મુજબ આથી આપવામાં આવે છે.

**{૧} લેન્ડ રેવન્યુ કોડની કલમ–૭૩ એએની સંક્ષિપ્ત જોગવાઈઓ :–**

(૧) મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ–૭૩–એ હેઠળ રાજયના અનુસુચિત વિસ્તારો પૈકી જે વિસ્તારોમાં તા.૪થી એપ્રિલ ૧૯૬૧ના જાહેરનામાની તારીખે મૂળ સર્વે સેટલમેન્ટ થયેલ ન હોય તેવા વિસ્તારોમાં આદિજાતિના લોકોએ ધારણ કરેલ જમીનની તબદીલી કલેકટરશ્રીની પૂર્વ મંજુરી સિવાય કરવા પર નિયંત્રણ મુકાયેલ હતું. આ જોગવાઈઓ વધુ વ્યાપક બનાવવા મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ–૧૮૭૯ હેઠળ કલમ–૭૩એ પછી નવી કલમો ૭૩–એએ, ૭૩–એબી, ૭૩–એસી, ૭૩–એડી સને ૧૯૮૦ના મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ, ૧૯૮૦, ગુજરાત અધિનિયમ ૩૭ ઓફ ૧૯૮૦ થી ઉમેરવામાં આવેલ છે, આ અધિનિયમની જોગવાઈઓ

તા.૧–૨–૮૧થી અમલમાં લાવવા અંગે સરકારી જોહરનામું તા. ૨૯મી જાન્યુ. ૧૯૮૧ના અસાધારણ ગેઝેટમાં ભાગ–૪–બીમાં પ્રસિધ્ધ થયેલ હતું.

(૨) ઉક્ત અધિનિયમ હેઠળ સમગ્ર રાજયમાં કોઈપણ સ્થળે આદિજાતિના લોકોએ ધારણ કરેલ જમીન કલેકટરશ્રીની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય તબદીલ કરવા પર નિયંત્રણ મુકવામાં આવેલ છે. આ અધિનિયમની કેટલીક મુખ્ય જોગવાઈઓ ટૂંકમાં નીચે દર્શાવ્યા મુજબ છેઃ–

**કલમ–૭૩–એએ પેટા કલમ –(૧)**

આ પેટા કલમ–અનુસાર રાજયમાં કોઈ આદિવાસીની જમીન કલેકટરશ્રીની અગાઉથી મંજૂરી મેળવ્યા સિવાય બીજા કોઈને ફેરબદલ થઈ શકશે નહીં.

**કલમ–૭૩–એએ પેટા કલમ –(૨)**

કોઈ આદિવાસીએ પોતાની જમીન બીજાને વેચાણ તબદીલ કરવી હોય તો કેવા સંજોગોમાં તથા કઈ શરતોએ પૂર્વમંજુરી આપવી તે અંગેના નિયમો ઘડવાની જોગવાઈ છે.

**કલમ–૭૩–એએ પેટા કલમ –(૩)**

કોઈ આદિજાતિની વ્યકિત બીજી આદિજાતિની વ્યકિતને વિના પરવાનગીએ જમીન વેચાણ તબદીલ કરે તો તેવી જમીન મૂળ જમીન ધારણ કરનાર આદિજાતિની વ્યકિતને પરત કરવાની જોગવાઈ છે. આ માટે મૂળ જમીન ધારણ કરનાર આદિજાતિની વ્યકિતએ વેચાણ તબદીલ કર્યા પછી બે વર્ષમાં અરજી કરવાની રહે છે. જો બે વર્ષમાં અરજી ન કરે તો તે જમીન જે આદિજાતિની વ્યકિતને તબદીલ કરવામાં આવી હોય તેની પાસે રહે.

તા.૪ થી એપ્રિલ, ૧૯૬૧ના જાહેરનામાથી મૂળ સર્વે સેટલમેન્ટ ન થયું હોય તેવા અનુસૂચિત વિસ્તારોમાં આદિજાતિના લોકોએ ધારણ કરેલ જમીન કલેકટરશ્રીની પૂર્વમંજૂરી સિવાય તબદીલ કરવા પર નિયંત્રણ મૂકેલ છે.આ નિયંત્રણની અજ્ઞાનતાના કારણે આદિજાતિની વ્યકિતએ બીજી આદિજાતિની વ્યકિતને જમીનો તબદીલ કરેલ છે. અને કલમ–૭૩–એ ની જોગવાઈઓનો ભંગ થયેલ છે. આવા ૭૩–એ ના ભંગના કેસો જે તા.૪થી એપ્રિલ,૧૯૬૧ થી તા.૩૧મી જાન્યુઆરી,૧૯૮૧ સુધીના ગાળામાં ઉભા થયેલ હોય તેવા કિસ્સાઓ આપોઆપ નિયમબધ્ધ ગણવાની જોગવાઈ કરાયેલ છે.

**કલમ–૭૩–એએ પેટા કલમ–(૪)**

આદિજાતિની વ્યકિતએ બિનઆદિજાતી વ્યકિતને વિના પરવાનગીએ વેચાણ–તબદીલ કરેલ જમીન સરકારમાં સંપ્રાપ્ત કરવાની કાયદાકીય વિધિ નકકી કરી છે. તે મુજબ બિનઆદિજાતિ વ્યકિતને જમીન તબદીલ કરવામાં આવી હોય તેને નોટીસ આપી તબદીલી ગેરકાયદેસર જાહેર થયે જમીન કોઈપણ પ્રકારના બોજા રહિત સરકાર સંપ્રાપ્ત થાય છે.

**કલમ–૭૩–એએ પેટા કલમ–(૫)**

ઉપર મુજબ જમીન સરકાર દાખલ થયે તે જમીન મૂળ આદિજાતિ વ્યકિતને પરત કરવાની જોગવાઈ છે.પેટા કલમમાં કરેલ જોગવાઈ મુજબ મૂળ આદિજાતિના કબજેદારે તે જમીન પોતે ખેડવા તૈયાર છે તેવી લેખિત બાંયધરી આપવાની છે.

**કલમ–૭૩–એએ પેટા કલમ–(૬)**

જો મૂળ આદિજાતિ કબજેદાર તે જમીન પરત લેવા અને જાતે ખેડવા તૈયાર ન હોય તો તે જમીન તે જ ગામની બીજી આદિજાતિની વ્યકિતને અથવા તો નજીકના ગામની બીજી આદિજાતિની વ્યકિતને તે જમીન પરત આપવાની

જોગવાઈ છે.જો તે મુજબ ગામની કે નજીકના ગામની આદિજાતિ વ્યકિતઓ આ જમીન લેવા તૈયાર ન હોય તો સરકારશ્રી ઠરાવે તે અગ્રતાક્રમ મુજબ તે જમીન ગ્રાન્ટ કરવાની જોગવાઈ છે.

**કલમ–૭૩–એએ પેટા કલમ–(૭)**

આદિજાતિ વ્યકિતની જમીન બીન આદિજાતિ વ્યકિતને વિના પરવાનગીએ તબદીલ કરવામાં આવી હોય તેવા કિસ્સામાં બીન આદિજાતિની ખરીદ કરનાર વ્યકિતને બીજી જે કોઈ શિક્ષા થઈ શકે તે ઉપરાંત જમીનની કિંમતની ત્રણ ગણી રકમ સુધીનો દંડ કરવાની જોગવાઈ કરાયેલ છે.

**કલમ–૭૩–એએ પેટા કલમ–(૮)**

ઉપર જણાવેલ દંડની રકમ જે તે બિન આદિજાતિની વ્યકિત પાસેથી જમીન મહેસુલ બાકી તરીકે વસુલ કરવાની જોગવાઈ છે.

**કલમ–૭૩–એબી.**

આદિજાતિની વ્યકિતની તેની જમીન ખેતી માટે લોન લેવા માટે સરકારશ્રીને, સહકારી મંડળીને, ''સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા'' જેવી બીજી નાણાકીય બેંકોને ગીરો મુકી શકે છે, અને તે માટે આ કાયદા નીચે પરવાનગી લેવાની જરૂરત નથી.લોનની રકમ પરત ન થયે જે તે સંસ્થા તે જમીન ટાંચમાં લઈ વેચી શકે છે,અને વેચાણ કિંમત લોન પેટે ભરપાઈ કરી શકે છે. ગીરો મૂકેલ જમીન કલેકટરશ્રીની પૂર્વ મંજુરી સિવાય બિન આદિજાતિની વ્યકિતને વેચી શકાશે નહી.

**કલમ–૭૩–એસી.**

કલમ–૭૩–એ અને ૭૩–એએ અને ૭૩–એબી નીચે થયેલ કાર્યવાહી દિવાની અદાલતના કાર્યક્ષેત્રની બહાર રાખવાની જોગવાઈ કરાયેલ છે. ઉપરોક્ત કલમો નીચે કલેકટર જે હુકમ કરે તે કોઈ દિવાની કે ફોજદારી અદાલતમાં પડકારી શકાય નહીં.દિવાની અદાલત કામચલાઉ કે કાયમી મનાઈ હુકમ પણ આપી શકશે નહી.

**કલમ–૭૩–એડી.**

આ કલમ રજીસ્ટ્રેશન એકટ–૧૯૦૮ની જોગવાઈમાં સુધારો સૂચવે છે.આદિજાતિની વ્યકિતએ જમીન વેચાણનો કરેલ દસ્તાવેજ નિયમસરની કલેકટરશ્રીની પુર્વ મંજૂરી મેળવ્યાનો દાખલો રજુ કરાય ત્યાર પછી જ દસ્તાવેજ નોંધી શકાય તેવી જોગવાઈ આ કલમમાં છે.

આ ઉપરાંત આદિજાતિની વ્યકિતની જમીન કોઈ બિન આદિજાતિની વ્યકિત કેટલાક કેસોમાં ગણોતિયા તરીકે મેળવી શકે નહીં તેવી ગણોતધારામાં સુધારો કરતી મહત્વની જોગવાઈ અધિનિયમના શીડયુલમાં કરાયેલ છે. મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ ની કલમ–૭૯ એ તથા ૨૧૪ માં કેટલાક આનુષાંગિક સુધારા પણ કરવામાં આવેલ છે.

ઉપર કાયદાની જોગવાઈઓ ટૂંકમાં જણાવેલ છે, પરંતુ અધિકૃત જોગવાઈઓ અંગે સને–૧૯૮૦ના ગુજરાત અધિનિયમ ક્રમાંક–૩૭ માં કરાયેલ જોગવાઈઓ તરફ લક્ષ દોરવામાં આવે છે અને તે જોગવાઈઓ લક્ષમાં લઈ કાર્યવાહી કરવા સુચના આપવામાં આવે છે.

(૩) અમલમાં આવતી જોગવાઈઓ પૈકી કલમ–૭૩–એએ–૩(બી) મુજબ તા.૪–૪–૬૧થી આ કાયદો અમલમાં આવ્યાની તારીખ એટલે કે તા.૩૧–૧–૮૧ સુધીના આદિવાસી–આદિવાસી વચ્ચેના ૭૩–એ ના ભંગના કેસો નિયમબધ્ધ થઈ જાય છે. અને આવા કેસો આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર નિયમસરની( જેવી કે રેકોર્ડ ઓફ રાઈટસના નિયમો નીચેની) કાર્યવાહી બાદ આ કાયદા નીચે નિયમબધ્ધ થઈ જતા ઉપરોકત કેસો નિયમબધ્ધ કરવા કલેકટરશ્રીઓને સુચના આપવામાં આવેલ છે.

(૪) આ કાયદાની જોગવાઈઓનો અમલ કલેકટરશ્રીઓએ જિલ્લાના હાલના મહેસુલી તંત્ર મારફતે કરાવવાનો રહે છે. આથી આ અંગે કોઈ વધારાનું મહેકમ સરકાર તરફથી અપાશે નહીં. કલેકટરશ્રીઓને તદૃઅનુસાર કાયદાના અમલીકરણની વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવેલ છે.

(૫) આ કાયદાની જોગવાઈઓના અમલીકરણ અંગે પ્રથમ આવશ્યકતા આદિજાતિના લોકોએ ધારણ કરેલ જમીન આ નવા કાયદાની જોગવાઈઓથી નિયંત્રીત છે તેવી નોંધ ૭/૧૨ ના પાનીયામાં સત્વરે થઈ જાય તે છે. આથી આદિજાતિના ખાતેદારે ધારણ કરેલ જમીન પરત્વે ૭/૧૨ ના પાનીયાંમાં ડાબી બાજુ મથાળે લાલ શાહી (સિક્કા) થી ૭૩–એએથી નિયંત્રિત સત્તાપ્રકાર એવી નોંધ અચુક થઈ જાય તેવી વ્યવસ્થા કરવા સઘળા કલેકટરશ્રીઓને જણાવવામાં આવેલ છે.

(૬) આ અધિનિયમના અમલીકરણ અંગે રાજયકક્ષાએ સંકલનની કામગીરી જમીન સુધારણા કમિશનરશ્રીની કચેરી સંભાળે છે.

**{૨} ગુજરાત જમીન મહેસૂલ(સુધારા) નિયમોની કલમ–૫૭(ઢ/ એલ)ની જોગવાઈઓ :–**

**૫૭.ઢ :– કલમ–૭૩–કક(૧) હેઠળ, કલેકટરે જમીન નામફેર કરવા માટેની શરતો અને સંજોગો:–**

(૧) જો બજાર કિંમતે વેચાણ થયું હોય અને નીચેની શરતો પૈકી કોઈ શરતનું પાલન કરવામાં આવ્યું હોય, તો કલેકટર કોઈ આદિવાસીનું ખાતું અન્ય કોઈ આદિવાસીના નામે કરવાની મંજૂરી આપી શકશેઃ–

૧. જીવન નિર્વાહના સારા સાધનો માટે અન્ય સ્થળે સ્થાયી થવા નામે કરી આપનાર કાયમ માટે ગામ છોડી જાય, અથવા

૨. નામે કરી આપનાર ભૂમિહીન અથવા જીવન નિર્વાહના સાધનો વિનાનો થયો નથી,

૩. નામે કરી આપનાર વૃધ્ધાવસ્થાને અથવા શારીરિક અથવા માનસિક અશકતતાને કારણે જમીનની જાતે ખેતી કરી શકે એમ નથી અને જમીનની ખેતી કરવા પોતાના કુટુંબમાં કોઈ વ્યકિત નથી, અથવા

૪. કલમ–૭૩–કખ માં નિર્દિષ્ટ લેણાંની અથવા જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાય તેવાં અન્ય લેણાંની વસુલાત માટે જમીન વેચવામાં આવે, અથવા

૫. આવી જમીન ટ્રસ્ટ ધ્વારા અથવા અન્યથા બક્ષીસ તરીકે આપવામાં આવે અને માલિકે, જે પોતાનાં કુટુંબના સભ્યની તરફેણમાં અથવા આદિવાસી–લોકોની રુઢિ અનુસાર, આવી બક્ષિસ શુધ્ધબુધ્ધિપૂર્વક કરી હોય,

(૨) આ નિયમના પેટા–નિયમ (૧) ના ખંડો (૧) થી (૫) માં અથવા પેટા–નિયમ (૩) માં નિર્દિષ્ટ શરતો પૈકી કોઈપણ શરત હેઠળ પરવાનગી આપવામાં આવી હોય, ત્યારે આવી પરવાનગી, જે વ્યકિતની તરફેણમાં જમીન નામફેર કરવામાં આવી હોય તે વ્યકિતએ જમીનની જાતે ખેતી કરવી જોઈએ એવી વધુ શરતને આધીન રહેશે. જે તારીખે ખરીદનારે કબજો લીધો હોય તે તારીખથી એક વર્ષની અંદર જમીનની જાતે ખેતી ન કરે અથવા કલેકટરની પરવાનગી વિના, જે તારીખે તેણે કબજો લીધો હોય તે તારીખથી ૫ વર્ષની અંદર જમીનની જાતે ખેતી કરવાનું તે બંધ કરે તો આપેલી પરવાનગી રદ થયેલી છે એમ ગણાશે અને કલેકટરની પૂર્વ મંજૂરી વિના, જમીન નામફેર કરવામાં આવી છે એમ ગણાશે. આદિવાસી ખરીદનાર પોષણક્ષમ જમીન કરતાં ઓછી જમીન ધરાવતો હોય તો જ અને પોષણક્ષમ જમીન કરતાં વધુ જમીન તે ધરાવી ન શકે તેટલા વિસ્તાર માટે જ આવી પરવાનગી આપવી જોઈશે.

(૩) નીચેની શરતો પૈકી કોઈ શરતનું પાલન કરવામાં આવ્યું હોય, તો અને ઔદ્યોગિક અન્ડરટેકીંગ માટેની જરુરી જમીન માટે હોય તે સિવાય, રાજય સરકારની પર્વ મંજૂરી મેળવ્યા પછી જ, કોઈ આદિવાસી વ્યકિતનું ખાતું અન્ય બિન–આદિવાસી વ્યકિતના નામે કરી આપવાનું કલેકટર મંજૂર કરી શકશે.

૧. જમીન બિન–ખેતી વિષયક હોવાની શકયતા હોય અને વાણિજિયક અન્ડરટેકીંગ, શૈક્ષણિક અથવા સખાવતી સંસ્થા, સહકારી ગૃહનિર્માણ મંડળી માટે અથવા ખરેખરા ઉપયોગ માટે એવા જાહેર હેતુ સારુ તેની જરૂર હોય, અથવા

૨. કોઈપણ જાહેર હેતુ માટે, પોતાની જમીન ફરજિયાત સંપાદન કરવાને કારણે જે વ્યકિત ભૂમિહીન થઈ હોય અથવા ભૂમિહીન થવાનો સંભવ હોય તે વ્યકિતની તરફેણમાં તે નામફેર કરવામાં આવી હોય, અથવા

૩. કલમ–૭૩ કખ માં નિર્દિષ્ટ લેણાંની અથવા જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવા યોગ્ય અન્ય લેણાંની વસૂલાત માટે જમીન વેચવામાં આવી હોય,

૪. ખેતમજૂરો, નાના અને સીમાન્ત ખેડૂતોના રહેઠાણના મકાનોના બાંધકામ માટે જમીનો વેચવામાં આવતી હોય.

(૪) કલેકટર અથવા અનુસૂચિત વિસ્તારોમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી કોઈ પણ આદિવાસી ખાતેદારની કોઈપણ જમીન કોઈ પણ આદિવાસી અથવા બિનઆદિવાસીને જો નીચેની શરતો સંતોષાતી હોય તો તબદીલીની મંજૂરી આપી શકશે.

૧. આદિવાસી ખાતેદારે જમીન પોતાના સ્ત્રોતો ધ્વારા મેળવેલી હોવી જોઈએ.

૨. આદિવાસી ખાતેદારને જમીન કોઈ કાયદા અથવા નિયમો હેઠળ ફાળવેલ/મંજુર કરેલ ન હોવી જોઈએ.

**૫૭.ત. કલમ–૭૩ કક ની પેટાકલમ(૩) ના ખંડ (ક) હેઠળ નામફેરથી લેનારને નોટીસ:–**

કલમ–૭૩કકની પેટાકલમ(૩) ના ખંડ (ક) હેઠળ કલેકટરે નામફેરથી લેનારને આપવાની નોટીસ,નમુના ડ–૧ પ્રમાણે હોવી જોઈએ.***(એનેક્ષર–૧)***

**૫૭.થ. કલમ–૭૩ કક ની પેટાકલમ(૩) ના ખંડ (ક) હેઠળ,નામે કરી આપનાર આદિવાસીને આદિવાસી ખાતું પાછું સોંપી દેવામાં આવે,ત્યારે તે સંબંધી જમીન મહેસુલની બાકી ચૂકવવા માટેની જવાબદારી:–**

જેને કલમ–૭૩કકની પેટાકલમ(૩) ના ખંડ (ક) હેઠળ ખાતુ પાછું સોંપી દેવામાં આવ્યું હોય તે નામે કરી આપનાર આદિવાસી,જે વર્ષમાં આવી રીતે તે નામે કરી આપવામાં આવ્યું હોય તે વર્ષથી જે મહેસુલી વર્ષમાં તેને ખાતું પાછુ સોંપી દેવામાં આવ્યું હોય તે મહેસુલી વર્ષ સુધીની આવા ખાતા સંબંધીની જમીન મહેસુલની બાકી,કલેકટર નકકી કરે તે પ્રમાણે,૩ વાર્ષિક હપ્તાથી વધુ ન હોય તેટલા વાર્ષિક હપ્તાઓમાં આપવાને જવાબદાર રહેશે.

**૫૭.દ. અધિનિયમની કલમ–૭૩ કક ની પેટાકલમ(૩) ના ખંડ (ક) હેઠળ, ખાતુ પાછું સોંપી દેવાનો હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે તેનો કબજો પાછો સોંપી દેવાના સ્વીકારની જાણ કરવાની મુદત :–**

નામે કરી આપનાર આદિવાસીએ, કલમ–૭૩કકની પેટાકલમ(૩) ના ખંડ (ક) હેઠળ કલેકટરે ખાતુ પાછું સોંપી દેવાના હુકમની જાણ થયાની તારીખથી ૯૦ દિવસની મુદતની અંદર,તે પાછું સોંપી દેવાના પોતાના સ્વીકાર અંગે કલેકટરને જાણ કરવી જોઈશે.

**૫૭.ધ. કલમ ૭૩ કક ની પેટા કલમ(૫) હેઠળ નામે કરી આપનાર આદિવાસીએ ખાતાની કિંમત આપવા બાબત:–**

(ક) નામે કરી આપનાર આદિવાસીને,પ્રથમ પ્રસંગે રૂા. એકની નામની ખાતા કિંમત અને બીજા અને ત્યારપછીના પ્રસંગોએ,જમીન મહેસુલની ત્રણ ગણી સવલતી ખાતા કિંમત ભરવામાં આવ્યે, કલમ–૭૩કકની પેટા કલમ(૫) હેઠળ

ખાતું આપવું જોઈશે અને સદરહુ કિંમત, કલેકટર પાસેથી નોટીસ મળ્યાની તારીખથી, કલેકટર નિર્દિષ્ટ કરે તે મુદતની અંદર ભરવી જોઈએ.

(ખ) કલમ–૭૩કકની પેટા કલમ(૫) હેઠળ નામે કરી આપનાર આદિવાસી સિવાયના કોઈ આદિવાસીને ખાતું આપવાનું હોય, ત્યારે જમીનના સંબંધમાં આપવાપાત્ર જમીન મહેસુલની બાર ગણી ખાતા કિંમત ભરવામાં આવ્યે,તે આપવામાં આવશે. અને આદિવાસી સિવાયની કોઈ વ્યકિતને ખાતું આપવાનું હોય, ત્યારે જમીનની બજાર કિંમત ભરવામાં આવ્યે,તે આપવામાં આવશે.

<u>૫૭.ન. કલમ–૭૩ કક ની પેટા કલમ(૬) હેઠળ ખાતું આપવા માટેના અંતર:–</u>

જે ગામમાં ખાતું આવેલુ હોય તે ગામથી આઠ કિલોમીટરના અંતરની અંદર રહેતા આદિવાસી, અધિનિયમની કલમ–૭૩–કક ની પેટા કલમ(૬) હેઠળ ખાતું મેળવવા માટે લાયક ગણાશે. અને આવો કોઈ આદિવાસી, ખાતું ખરીદવાની તેની ખુશી ન જણાવે, ત્યારે અગ્રતાક્રમ અનુસાર અને સરકારી પડતર જમીનના નિકાલ માટે જણાવેલ શરતો અનુસાર અન્ય વર્ગની વ્યકિતઓને તે આપવામાં આવશે.

<u>૫૭.પ. કલમ–૭૩–કધ ની પેટાકલમ(૧) ના ખંડ (ક) હેઠળ એકરારનો નમુનો અને તેનું રજીસ્ટ્રેશન:–</u>

કલમ–૭૩–કધની ખંડ(૧) ના પેટા ખંડ (ક) હેઠળનો જરૂરી એકરાર,નમુના ડ–૨***(એનેક્ષર–૨)*** મુજબ હોવો જોઈશે અને સદરહુ નમુનામાં નિર્દિષ્ટ રીતે તેની ખરાઈ કરવી જોઈશે.

<u>૫૭.ફ. કલમ–૭૩–કધ ના ખંડ(૧) ના પેટા ખંડ (ક) હેઠળ પુરા પાડેલ એકરારની ખરાઈ કરવાની રીત:–</u>

કલમ–૭૩–કધના ખંડ(૧) ના પેટા ખંડ (ક) હેઠળ પુરા પાડેલ એકરારની ખરાઈ, મામલતદાર કોર્ટ અધિનિયમ,૧૯૦૬ ની કલમ–૭ હેઠળ રજુ કરેલ દાવા અરજીની જે રીતે ખરાઈ કરવામાં આવે છે તે જ રીતે કરવી જોઈશે.

<u>{૩} આદિવાસીઓએ ધારણ કરેલ જમીનોની ઉદ્યોગનાં હેતુ માટે તબદીલ કરવા પરવાનગી આપવાના અધિકારો બાબત.</u>

૧. રાજયના આદિવાસી વિસ્તારો વાળા જિલ્લાઓ કે જયાં નવા ઉદ્યોગો માટે જમીનની જરૂર પડતી હોય છે અને તે માટે એટલે કે ઉદ્યોગના હેતુ માટે તે વિસ્તારના આદિવાસીઓની જમીન સિવાય બીજી જમીન મળી શકતી નથી અને આદિવાસીઓની જમીન મેળવવા માટે પ્રથમ જમીન મહેસુલ અધિનિયમની કલમ–૭૩ એએ હેઠળ કલેકટરશ્રીની પૂર્વ પરવાનગી મેળવવાની રહે છે. ઉદ્યોગના હેતુ માટે આદિવાસીની જમીનો મેળવવા માટે કોઈ મુશ્કેલી ન રહે તે હેતુસર નીચેના મુદ્દાઓની વિગતવાર ખાતરી કરી તે મુદ્દાઓ સંતોષાતા હોવાની ખાતરી થયે જરૂરી પરવાનગી આપવા આ અગાઉ સરકાર દ્વારા બધા કલેકટરશ્રીઓને સુચનાઓ આપવામાં આવેલ છે.

(૧) જમીન ખરીદનાર ઔદ્યોગિક એકમો પાસેથી જમીન વેચનાર આદિવાસી ખાતેદારને તેમની જમીનની વ્યાજબી કિંમત મળતી હોવાની સંપૂર્ણ ખાતરી કરવી.

(૨) ઔદ્યોગિક એકમો પાસેથી નીચે મુજબની માહીતી પણ મેળવવી.

- ક. જમીન ખરીદનાર લઘુ ઉદ્યોગ સ્થાપવા માગતા હોય તો ઉદ્યોગ કમિશ્નરશ્રી/જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસેથી જમીન ખરીદનારે એસ.એસ.આઈ/લઘુ ઉદ્યોગ રજીસ્ટ્રેશન મેળવ્યુ હોવાની ખાતરી કરવી.
- ખ. જમીન ખરીદનાર મધ્યમ કક્ષાનો ઉદ્યોગ સ્થાપનાર હોય તો ડાયરેકટર જનરલ ઓફ ટેકનીકલ ડેવલેપમેન્ટ પાસેથી ડી.જી.ટી.ડી. રજીસ્ટ્રેશન જમીન ખરીદનારે મેળવ્યુ હોવાની ખાતરી કરવી.

ગ. જમીન ખરીદનાર મોટો ઉદ્યોગ સ્થાપનાર હોય તો ભારત સરકાર પાસેથી લેટર ઓફ ઈન્ટેન્ટ/ઈન્ડસ્ટ્રીયલ લાઈસન્સ જમીન ખરીદનારે મેળવ્યુ હોવાની ખાતરી કરવી.

(૩) લઘુ ઉદ્યોગો માટે જમીનના ક્ષેત્રફળની જરૂરીયાત અંગે જીલ્લા ઉદ્યોગ કેન્દ્રો પાસેથી અને મધ્યમ કક્ષાના તેમજ મોટા ઉદ્યોગો હોય તો તે માટે ડાયરેકટર જનરલ ઓફ ટેકનીકલ ડેવલેપમેન્ટ/ઉદ્યોગ કમિશ્નરશ્રી પાસેથી કલેકટરશ્રીએ ખાતરી કરી લેવી.

૨. આદિવાસીઓની જમીન ઉદ્યોગના હેતુ માટે તબદીલ કરવા પરવાનગી આપવાના અધિકારો કલેકટરશ્રીને આપવામાં આવેલ અને ઉપરોકત મુદ્દાઓને ધ્યાનમાં લઈ પરવાનગી આપવાની સુચનાઓ આપવામાં આવેલ પરંતુ તેના કારણે આદિવાસીઓની જમીનો ઉદ્યોગના બહાને ઘણી સરળતાથી તબદીલ થતી હોય છે અને તે રીતે આદિવાસીઓ જમીન વિહોણા થઈ જવાની તેમજ જીવન નિર્વાહના સાધનો વિનાના થઈ જવાની શકયતાઓને ધ્યાનમાં લઈ હવે ઉદ્યોગના હેતુ માટે આદિવાસીઓની જમીનો ફકત નીચે જણાવેલ ઉદ્યોગો માટે જ જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩ એએ હેઠળની પરવાનગી આપવાના અધિકારો કલેકટરશ્રી પાસે રાખવાનું સરકારશ્રીએ સંપુર્ણ વિચારણાને અંતે નકકી કરેલ છે.

(૧) મોટા ઉદ્યોગો કે જેમાં ભારત સરકાર પાસેથી લેટર ઓફ ઈન્ટેન્ટ/ઈન્ડસ્ટ્રીયલ લાઈસન્સ જમીન ખરીદનારે મેળવવું જરૂરી છે.

૩. ઉપર જણાવેલ ઉદ્યોગો સિવાય નીચે જણાવેલ ઉદ્યોગો માટે આદિવાસીની જમીન તબદીલ કરવા જમીન મહેસુલ અધિનિયમની કલમ–૭૩ એએ હેઠળ કલેકટરશ્રીએ પરવાનગી આપતાં પહેલાં સરકારશ્રીની પૂર્વ પરવાનગી મેળવવાની રહેશે.

(૧) લઘુ ઉદ્યોગ કે જેમાં ઉદ્યોગ કમિશ્નરશ્રી/જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસેથી જમીન ખરીદનારે એસ.એસ.આઈ/લઘુ ઉદ્યોગ રજીસ્ટ્રેશન મેળવવુ જરૂરી છે.

(૨) મધ્યમ કક્ષાના ઉદ્યોગો કે જેમાં જમીન ખરીદનારે ડાયરેકટર જનરલ ઓફ ટેકનીકલ ડેવલેપમેન્ટ પાસેથી ડી.જી.ટી.ડી. રજીસ્ટ્રેશન મેળવવું જરૂરી છે.

૪. ઉપરોકત ફકરા ૩(૧)(૨)ના હેતુ માટે આદિવાસીની જમીન તબદીલ કરવા જમીન મહેસુલ અધિનિયમની કલમ–૭૩એએ તથા નિયમ–૫૭(એલ)(૩)હેઠળ તેમની સત્તાની રૂએ પરવાનગી આપતાં પહેલાં સરકારશ્રીની પૂર્વ પરવાનગી મેળવવી તેમજ ઉપરોકત ફકરા–૨(૧) ના હેતુ માટે સરકારશ્રીની પૂર્વ પરવાનગી નહીં મેળવતાં કલેકટરશ્રીએ તેમના અધિકારોની રૂએ પરવાનગી આપવી,પરંતુ તે અન્વયે કરવામાં આવેલ હુકમની એક નકલ સરકારશ્રીમાં પણ રજુ કરવી.

ઉપર ફકરા–૩(૧) તથા ૩(૨) ના સંદર્ભમાં સરકારશ્રીની મંજુરી માટે દરખાસ્ત મોકલતી વખતે સદરહુ ફકરાનાં દર્શાવેલ અધિકારીશ્રીઓના/સત્તાઓના પ્રમાણપત્રો સરકારશ્રીને મોકલવા.

૫. બધા કલેકટરશ્રીઓએ ઉપરોકત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવો અને તે મુજબની ખાતરી થયા બાદ અને સરકારશ્રી પાસેથી પૂર્વ પરવાનગી મેળવવાની થતી હોય તેવા કિસ્સામાં સરકારશ્રીની પૂર્વ પરવાનગી મળ્યાની ખાતરી કર્યા બાદ જ જમીન અધિનિયમની કલમ–૭૩ એએ હેઠળની પરવાનગી તેમણે આપવાની રહેશે.

**(૪) <u>જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ નિયંત્રિત જમીનને વેચાણ/તબદીલ કરવા અંગે અરજદારે કરવાની અરજીનો નમૂનો:–</u>**

જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ હેઠળ નિયંત્રિત સત્તા પ્રકારવાળી જમીનોની વેચાણથી તબદીલી કરવા અંગે સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહે છે. આ અંગે જરૂરી પરવાનગી મેળવવા અરજદારશ્રીએ અરજી

કરવાની હોય છે. અત્યાર સુધી આવી અરજીનો કોઈ નિયત નમુનો તૈયાર કરવામાં આવેલ ન હતો તેથી રાજયના અમુક જીલ્લાઓમાં અમુક કલેકટરશ્રીઓ ધ્વારા સ્વમેળે આવા નમુના તૈયાર કરીને ઉપયોગમાં લેવામાં આવે છે. જયારે કેટલાક જીલ્લાઓમાં આવી અરજીઓના નમુનાઓ નકકી કરવામાં આવેલ નથી.

આ અંગે સમગ્ર રાજયમાં એકસુત્રતા જળવાય તથા દરખાસ્ત તૈયાર કરવામાં સરળતા રહે તથા અરજદારોની માગણીઓનો સત્વરે નિકાલ થાય તે હેતુથી નિયત નમુનામાં અરજદારો ધ્વારા અરજી કરવામાં આવે તે માટે અરજીનો નમુનો નિયત કરવામાં આવેલ છે. જે ***અનેક્ષર–૩*** ઉપર છે. તો આવી માગણીઓ આવે ત્યારે અરજદારો પાસેથી નિયત કરેલ નમુનામાં જ અરજીઓ મેળવી કાર્યવાહી કરવાની રહે છે. જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩ એએ ના નિયંત્રણની સાથોસાથ નવી અને અવિભાજય શરતનું નિયંત્રણ પણ જમીન ઉપર હોય ત્યારે ***એનેક્ષર–૩*** ની સાથે જ ***એનેક્ષર–૪*** માં જણાવેલ અરજીના નમુનામાં અરજદારે અરજી કરવાની રહે છે.

**{૫} <u>કલમ–૭૩એએ હેઠળની સરકારની પૂર્વ પરવાનગી અંગેના કેસોની દરખાસ્ત અંગેનું ચેકલીસ્ટઃ–</u>**

જમીન મહેસુલ અધિનિયમની કલમ–૭૩એએ થી નિયંત્રિત સત્તા પ્રકારની જમીનની વેચાણ/ તબદીલીની સરકારશ્રીની પૂર્વ પરવાનગી અંગે રજુ કરવામાં આવતી દરખાસ્તો તે અંગેના કાયદાને ધ્યાનમાં રાખી તેના આધારે કેટલીક મુળભુત માહીતી સાથે દરખાસ્ત કરવા અગાઉ નિયત કરેલ જરૂરી ચેકલીસ્ટ નકકી કરવામાં આવેલ જે હવે રદ કરવામાં આવેલ છે. તેના બદલે નવુ ચેકલીસ્ટ આ સાથે સામેલ રાખેલ છે.***(એનેક્ષર–૫ )*** આથી હવે પછી સરકારમાં આવી દરખાસ્ત કરતી વખતે નિયત કરેલ ચેકલીસ્ટમાં સંપૂર્ણ વિગતોની માહીતી આધાર–પુરાવા સાથે પ્રવર્તમાન કાયદા અને તેને લગતા હુકમો/નિયમોને આધારે કલેકટરશ્રી/જીલ્લા વિકાસ અધિકારીશ્રીના સ્પષ્ટ અભિપ્રાય સાથે તેમજ લે.રે.કોડની **કલમ–૭૩એએ** અન્વયે નિયંત્રિત જમીનોની તબદીલી માટે રાજય સરકારની પૂર્વ પરવાનગી મેળવી હુકમો કરવાના થતા **હોય તેવા કિસ્સા**ઓમાં આ વિભાગને મોકલવામાં આવતી દરખાસ્તો સરકારમાં રજુ કરતી વખતે જમીન જો નવી અને **અવિભાજય શરતની હોય** તો બંને દરખાસ્તો એકસાથે રજુ કરવા તથા બંને ચેકલીસ્ટમાં માહીતી મોકલવા સર્વે **કલેકટરશ્રીઓ તેમજ જીલ્લા વિકાસ અધિકારીશ્રી**ઓને જણાવવામાં આવેલ છે.

**કાયદા/નિયમો/હુકમોથી જે** કેસો માટે કલેકટરશ્રીઓ તેમજ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓને સત્તા આપવામાં આવેલ છે તેવા કેસો પણ કલેકટરશ્રી/ જીલ્લા વિકાસ અધિકારીશ્રી ધ્વારા પરવાનગી આપી શકાય તેમ નહીં હોવાનું જણાવી સરકારમાં **<u>ખાસ કિસ્સા</u>** તરીકે દરખાસ્તો રજુ કરવામાં આવતી હોવાનું પણ ધ્યાનમાં આવેલ છે.તો આવી દરખાસ્તો સરકારશ્રીમાં **<u>રજુ નહીં</u>** કરતાં કલેકટરશ્રી/ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓની સત્તાની રૂએ કેસનો નિકાલ કરવા જણાવવામાં આવેલ છે.

**{૬} <u>જમીનની તબદીલી અંગે મુલ્યાંકનઃ–</u>**

જમીન મહેસુલ અધિનિયમની કલમ–૭૩ એએ અન્વયે નિયંત્રિત જમીનોની તબદીલી અંગેની સરકારના સત્તાક્ષેત્રમાં આવતી જમીનોની દરખાસ્તો જયારે પુર્વ પરવાનગી અર્થે સરકારમાં મોકલવામાં આવે ત્યારે નવી અને અવિભાજય શરતની જમીનોની તબદીલી વખતે મુલ્યાંકન કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવતાં ધોરણો ધ્યાનમાં લઈને આવી દરખાસ્તો પરત્વે મુલ્યાંકન કરાવી લેવાનું રહે છે.

**{૭} <u>લે.રે.કોડની કલમ–૭૩ એએ તથા ગણોત ધારા નિયંત્રિત અથવા નવી શરત નિયંત્રિત જમીનોના કિસ્સાઓમાં પ્રથમ કઈ મંજુરી લેવી?:–</u>**

આદિવાસીઓની ખેતીની તથા બીનખેતીની જમીનોને આદિવાસી અથવા બીન આદિવાસીને વેચાણ/તબદીલ કરવા ઉપર લે.રે.કોડની કલમ–૭૩ એ, કલમ–૭૩ એએ થી કલમ–૭૩ એડીની જોગવાઈઓથી નિયંત્રણો મૂકવામાં આવેલ છે. આવી જમીનોને ગણોતધારાની કલમ–૪૩ અથવા નવી શરતનું નિયંત્રણ પણ લાગુ પડતું હોય તેવા

વાચ-૨૦૦૦-૩

કિસ્સાઓમાં પ્રથમ લે.રે.કોડની કલમ–૭૩ એ, કલમ–૭૩ એએ થી કલમ–૭૩ એડી હેઠળની પરવાનગી મેળવવાની રહે છે,અને ત્યારબાદ ગણોતધારાની કલમ–૪૩ અથવા નવી શરત હેઠળની પરવાનગી મેળવવાની રહે છે.

**{૮} લે.રે.કોડની કલમ–૭૩ એએ તથા નવી શરતની દરખાસ્તો સરકારને એક સાથે કરવા અંગે:–**

સરકારના ધ્યાન ઉપર આવેલ છે કે જમીન મહેસુલ અધિનિયમની કલમ–૭૩ એએ અન્વયે નિયંત્રિત જમીનની તબદીલી માટે રાજય સરકારની પૂર્વ પરવાનગી મેળવીને હુકમો કરવાના થતા હોય તેવા કિસ્સાઓમાં સરકારશ્રીના આ વિભાગને મોકલવામાં આવતી દરખાસ્તોમાં કેટલીક જમીનો ૭૩ એએ અન્વયે નિયંત્રિત ઉપરાંત વિક્રિયાદીત નિયંત્રિત (નવી અને અવિભાજય શરતે ધારણ કરાતી) જમીનો પણ હોય છે. આના કારણે પ્રથમ ૭૩ એએ અન્વયે પરવાનગી આપવાની દરખાસ્ત થાય છે. ત્યારબાદ કલેકટરશ્રીઓ તરફથી વિક્રિયાદીત નિયંત્રિત નવી અને અવિભાજય શરતની જમીનો માટે પ્રીમીયમ અંગે દરખાસ્ત કરવામાં આવે છે. આને કારણે કલેકટરશ્રીઓ અને સરકારની કામગીરી બેવડાય છે. આથી જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ અન્વયે રાજય સરકારની પૂર્વ પરવાનગી માટે દરખાસ્ત મોકલવામાં આવે ત્યારે જો તે જમીન વિક્રિયાદીત નિયંત્રિત એટલે કે નવી અને અવિભાજય શરતની હોય તો બંને દરખાસ્તો એક સાથે મોકલવા માટે જરૂરી સુચના આપવામાં આવે છે. કે જેથી કલેકટરશ્રીઓની તથા સરકારની કામગીરી બેવડાય નહીં. આ અંગે જરૂરી દરખાસ્ત ***એનેક્ષર–૫ અને ૬*** માં રજુ કરેલ ચેકલીસ્ટમાં જરૂરી માહીતી સાથે કરવાની રહે છે.

**{૯} તબદીલીની દરખાસ્તો ખાસ કિસ્સામાં ન મોકલવા અંગે:–**

આદિવાસી કબજેદારોએ ધારણ કરેલ જમીનોને બીન આદિવાસી ઈસમો કે સંપન્ન આદિવાસી ઈસમો લોભ,લાલચ કે દમદાટી આપી સહેલાઈથી જમીનો પડાવી ન લે તે હેતુસર જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ અન્વયે આવી જમીનોની તબદીલી પર કાયદાકીય નિયંત્રણ લાદવામાં આવેલ છે. **આદિવાસી કબજેદારો કયા સંજોગોમાં કયા હેતુ માટે આવી જમીનો કોને તબદીલ કરી શકે તે માટે જમીન મહેસુલ નિયમોના નિયમ–૫૭(એલ)માં વૈધાનિક જોગવાઈ કરવામાં આવેલ છે.** નિયમોમાં આ મહત્વની જોગવાઈઓ સ્વંસ્પષ્ટ હોવા છતાં તે જોગવાઈઓને સુસંગત ન હોય તેવી દરખાસ્તો ખાસ કિસ્સામાં સરકારને મોકલીને હુકમો માગવામાં આવે છે જે રીત બરાબર નથી કારણકે તેમ કરવાથી સરકારના સમય અને શ્રમનો નિરર્થક બગાડ થાય છે. વળી આ જોગવાઈઓ વૈધાનિક જોગવાઈઓ છે જેથી તેમાં અપવાદરૂપ સંજોગોમાં પણ ખાસ કિસ્સામાં પરવાનગી આપી શકાય નહીં. જેથી હવે જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ નિયંત્રિત જમીનોની તબદીલીની દરખાસ્તો જમીન મહેસુલ નિયમોના નિયમ–૫૭(એલ)માં કરેલ જોગવાઈઓમાં આપવાદ કરીને**ખાસ કિસ્સા તરીકે** નહી મોકલવા જણાવવામાં આવે છે અને જો તેમ કરવામાં આવશે તો તે બાબતને ગંભીર ગણી સંબંધિત અધિકારી/કર્મચારી સામે પગલાં લેવામાં આવશે તેવી પણ સુચનાઓ આપવામાં આવેલ છે.

**{૧૦} ખેત મજુરો,નાના અને સીમાંત ખેડુતોના રહેઠાણના મકાનો બાંધવા તથા ગીરો મુકેલ જમીનોની તબદીલી અંગે:–**

કોઈ આદિવાસીની જમીન આદિવાસી કે બીન આદિવાસી ખેતમજુરો તથા નાના અને સીમાંત ખેડુતોને રહેઠાણના મકાનો બાંધવા માટે વેચવા દેવાની જમીન મહેસુલ અધિનિયમની કલમ–૭૩એ અને ૭૩એએ નીચે પરવાનગી આપવાનું અને તે માટે કલેકટરશ્રીએ અગાઉ સરકારશ્રીની પરવાનગી લેવાની જરૂરત ના હોવાનું સરકારશ્રીએ ઠરાવ્યું છે.

સરકારશ્રીએ વધુમાં જમીન મહેસુલ નિયમ–૫૭ એલ ના ફકરા–૩ ના પેટા ફકરા–૩ માં જમીન મહેસુલ બાકી તરીકે વસુલ કરાતા લેણાના કિસ્સામાં બીન આદિવાસીને જમીન વેચવાનો કિસ્સો હોય તેમાં સરકારની પૂર્વ મંજુરી જરૂરી ના હોવા અંગે અને કલેકટરશ્રીને સત્તા આપવા ઠરાવ્યુ છે.

**{૧૧} <u>સ્વપાર્જીત જમીનોની તબદીલી અંગે:-</u>**

જમીન મહેસુલ નિયમોના નિયમ-૫૭ એલ(૩) પછી નવો નિયમ -૫૭ એલ(૪) ઉમેરવામાં આવેલ છે. પ્રસ્તુત નવા નિયમ મુજબ આદિવાસી કબજેદારે તેમની જમીન પોતાના નાણાંકીય સ્ત્રોતો દ્વારા કોઈ બીન આદિવાસી પાસેથી ખરીદી હોય તો તેવી જમીનોની તબદીલીની પરવાનગી આપવાના અધિકારો કલેકટરશ્રી અથવા શીડયુલ એરીયાની આવી જમીનો માટે જીલ્લા પંચાયતોને આપવામાં આવેલ છે, જો કે આદિવાસી કબજેદારને કોઈ કાયદા/નિયમો હેઠળ ગ્રાન્ટ કરેલ જમીનની તબદીલી માટે આ જોગવાઈ લાગુ પડતી નથી. ઉપર મુજબની સ્વપાર્જીત જમીનના ધારણકર્તા આદિવાસી કબજેદારને આ જમીન તેમના પૂર્વજો દ્વારા વારસામાં મળી હોય તો ઉપરોકત નવા નિયમની જોગવાઈનો લાભ મળે કે કેમ તે અંગેની બાબતે સ્પષ્ટતા જરૂરી જણાતાં આ અંગે સરકાર દ્વારા કાળજીપુર્વકની વિચારણા કરતાં સ્પષ્ટતા કરવાની કે આદિવાસીના પુર્વજોએ જો જમીન બીન આદિવાસી પાસેથી તેમના પોતાના નાણાકીય સ્ત્રોતો દ્વારા ઉપાર્જીત કરેલ હોય અને તેવી જમીન ક્રમશઃ સળંગ રીતે હાલના આદિવાસી કબજેદાર પાસે વારસાઈ હકકે તે જમીન મળેલ હોય તો પણ તે આદિવાસી કબજેદાર તે જમીનના સ્વઉપાર્જીત કબજેદાર ગણાય, કેમ કે તે જમીન સરકારે તેમને આપેલ નથી, અને તેથી તેવી જમીનોને તબદીલ કરવાની થાય તો આ વિભાગના તારીખ ૧૮/૦૩/૧૯૯૯ ના જાહેરનામાથી નવા ઉમેરાયેલ નિયમની જોગવાઈઓ પ્રમાણે જણાવેલ સક્ષમ અધિકારીશ્રીઓની પૂર્વ મંજુરી મેળવીને તબદીલ કરવાની રહે છે. આવા કિસ્સાઓમાં રેકર્ડમાં સચોટ અને ચોકસાઈપૂર્વક જરૂરી ચકાસણી કરીને ઉપર મુજબની કાર્યવાહી કરવા તમામ કલેકટરશ્રીઓ/જિલ્લા પંચાયતોને જણાવવામાં આવેલ છે.

**{૧૨} <u>જમીનની તબદીલીની સત્તાઓ જિલ્લા પંચાયતને આપવા અંગે:-</u>**

ગુજરાત અધિનિયમ-૫,૧૯૯૮ થી જમીન મહેસુલ સંહિતાની કલમ-૭૩એએ માં સુધારો કરીને ફકત અનુસૂચિત વિસ્તારો પુરતી આ કલમ હેઠળની સત્તાઓ રાજયની જિલ્લા પંચાયતોને સોંપવામાં આવી છે. રાજયના રોજગાર,સમાજ કલ્યાણ આદિજાતિ વિકાસ વિભાગના તા.૮/૫/૭૮ ના અંગ્રેજી જાહેરનામાથી કેન્દ્ર સરકારનું તા.૩૧/૧૨/૭૭ નું જાહેરનામું પુનઃ પ્રકાશિત કરાયું છે. જે અન્વયે અનુસૂચિત વિસ્તાર (SCHEDULED AREA) નકકી કરેલ છે. જેમાં અન્ય રાજયોની સાથે ગુજરાત રાજયના વિસ્તારનો ***(એનેક્ષર-૭ )*** પણ સમાવેશ કરાયેલ છે.

**{૧૩} <u>જમીન તબદીલીની પરવાનગી આપવા અંગેની સત્તાઓ સંબંધિત જીલ્લા પંચાયતોને સોંપવા અંગે:-</u>**

ભારત સરકારે પંચાયત કાયદામાં કરેલ સુધારાને અનુલક્ષીને રાજય સરકારના પંચાયત કાયદામાં તથા અન્ય કાયદાઓમાં જરૂરી સુધારા કરવા અંગે ગુજરાત એકટ નં.૫ ઓફ ૧૯૯૮ થી અમલી બનાવવામાં આવેલ છે. આ કાયદા અન્વયે મુંબઈ જમીન મહેસુલ કાયદાની કલમ-૭૩એએ માં સુધારો કરવામાં આવેલ છે.અને કલમ ૭૩ એએ હેઠળ કલેકટરશ્રીને એનાયત થયેલ સત્તાઓ માત્ર અનુસૂચિત વિસ્તારો **(Scheduled Areas)** પુરતી સંબંધિત જીલ્લા પંચાયતોને આપવામાં આવેલ છે. જેના સંદર્ભમાં જમીન મહેસુલ નિયમોમાં આનુસાંગિક સુધારો કરીને તે અંગેના નિયમો પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.આથી પ્રસ્તુત નિયમો ના સંદર્ભમાં અનુસૂચિત વિસ્તારોમાં આદિવાસી કબજેદારો દ્વારા ધારણ કરાતી જમીનોની તબદીલી ની પરવાનગી આપવાની સત્તા સંબંધિત કલેકટરશ્રીઓને બદલે સંબંધિત જીલ્લા પંચાયતોને મળતી હોઈ આ અંગેની જરૂરી કાર્યવાહી હવેથી સંબંધિત જીલ્લા પંચાયતોએ કરવાની રહેશે તથા જયાં રાજય સરકારની પૂર્વ પરવાનગી મેળવીને હુકમો કરવાના થતા હોય ત્યાં સંબંધિત જીલ્લા પંચાયતોએ આ વિભાગને ધોરણસરની દરખાસ્ત મોકલીને પૂર્વ પરવાનગી મેળવી લેવાની રહેશે.જેમ કે ઔદ્યોગિક હેતુ માટે જમીનની તબદીલી થતી હોય ત્યાં કલેકટરશ્રીએ સરકારની પૂર્વ પરવાનગી મેળવવાની રહે છે, ત્યાં આ વિસ્તારોની (અનુસૂચિત વિસ્તારો) આવી જમીનો માટે કલેકટરશ્રીને બદલે જીલ્લા પંચાયતોએ ધોરણસરની દરખાસ્ત મહેસુલ વિભાગને પુર્વ મંજુરી અર્થે મોકલવાની રહે છે.

**{૧૪} જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએની દરખાસ્તો જીલ્લા પંચાયત દ્વારા સરકારને કરવા અંગેઃ–**

અનુસૂચિત વિસ્તારોમાં **(Scheduled Areas)** આદિવાસી કબજેદારો દ્વારા ધારણ કરાતી જમીનોની તબદીલીની પરવાનગી આપવાની કલમ–૭૩ એએ હેઠળની કલેકટરશ્રીઓને આપવામાં આવેલી સત્તાઓ માત્ર અનુસૂચિત વિસ્તારો પુરતી સંબંધિત કલેકટરશ્રીઓને બદલે સંબંધિત જીલ્લા પંચાયતોને આપવામાં આવેલી છે. તથા જયાં રાજય સરકારની પૂર્વ પરવાનગી મેળવીને હુકમો કરવાના થતા હોય ત્યાં સંબંધિત જીલ્લા પંચાયતોએ મહેસુલ વિભાગને ધોરણસરની દરખાસ્ત મોકલીને પૂર્વ પરવાનગી મેળવી લેવાની સુચના આપવામાં આવેલ છે.તદ્અનુસાર જયાં જીલ્લા પંચાયતોને રાજય સરકારની પૂર્વ પરવાનગી લેવાની થતી હોય ત્યાં ધોરણસરની દરખાસ્તો કરી મહેસુલ વિભાગની પરવાનગી મેળવ્યા બાદ જ જરૂરી હુકમો જીલ્લા પંચાયતોએ કરવાના થશે તેવી સુચનાઓ સર્વે જીલ્લા પંચાયતોને આપવામાં આવેલ છે.

**{૧૫} જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એ,૭૩એએ બિનખેતીની જમીનને લાગુ પડે તે બાબતઃ–**

૧. આ અંગે કાયદાકીય રીતે ચકાસણી કરતાં જણાયેલ છે કે, જમીન મહેસુલ અધિનિયમ–૧૮૭૯ ની કલમ–૭૩એ,૭૩એએ,૭૩એબી(એસી),૭૩એડી ખેતીની જમીન તેમજ બીનખેતીની જમીન એમ બંને પ્રકારની જમીનોને લાગુ પડે છે. જેથી આદિવાસીઓએ ધારણ કરેલ ખેતી તેમજ બીનખેતીની જમીનની તબદીલી માટે પ્રથમ કલેકટરશ્રીની પૂર્વ મંજૂરી મેળવવાની રહે છે.

૨. આદિવાસીની બીનખેતીની જમીનની તબદીલી માટે પણ કલમ–૭૩એ,૭૩એએ વગેરે હેઠળની જોગવાઈઓને ધ્યાનમાં લઈ જરૂરી કાર્યવાહી કરવા કલેકટરશ્રીઓને સુચના આપવામાં આવેલ છે.

**{૧૬} લે.રે.કોડની કલમ–૭૩ એએ નિયંત્રિત જમીનો બીનખેતી કરાવ્યા બાદ પૂર્વ પરવાનગી મેળવ્યા વિના થતી તબદીલી અંગેઃ–**

**આદિવાસીઓની કલમ–૭૩એ/૭૩એએ** ના નિયંત્રણ વાળી ખેતીની જમીનોને બીનખેતીમાં ફેરવ્યા બાદ **તબદીલી કરવામાં આવે છે.પંચાયત** વિસ્તારોમાં બીનખેતીની પરવાનગી આપવાની સત્તા જીલ્લા/તાલુકા પંચાયતો(વિકાસ અધિકારીઓ) પાસે હોઈ જે તે ખેતીની જમીન બીનખેતીમાં ફેરવ્યા અંગેની માહીતી કલેકટરશ્રીઓ પાસે હોય નહીં. આવી બીનખેતીની જમીનોને પણ કલમ–૭૩એ/૭૩એએ નું નિયંત્રણ લાગુ પડે છે. તો આદિવાસીઓની જમીનો બીનખેતીમાં ફેરવી કલમ–૭૩એ/૭૩એએ હેઠળની પૂર્વ પરવાનગી મેળવ્યા વિના વેચાણ/તબદીલી થઈ જતી હોય તેવા કિસ્સાઓ શોધીને તે અંગે કાયદા મુજબની જરૂરી કાર્યવાહી કરવા નાયબ કલેકટરશ્રીઓ (એલ.એન.ડી.૬) તેમજ હકકપત્રક ટુકડીઓએ કરવાની રહે છે.

**{૧૭} જળાશય યોજનાના અસરગ્રસ્તોની તરફેણમાં આદિવાસીઓની જમીનો તબદીલ કરવા બાબતઃ–**

આદિવાસીઓની જમીનો ખરીદવા માટે ફકત નર્મદા યોજનાના અસરગ્રસ્તોને મુશ્કેલી પડતી નથી. પરંતુ તે સિવાયની ગુજરાતની અન્ય જળાશય યોજનાના અસરગ્રસ્તોને પણ આવી મુશ્કેલી પડતી હોય છે અને તેથી જળાશય યોજનાના અસરગ્રસ્તોને પણ આદિવાસીઓની જમીનો ખરીદવા માટે અગ્રતા મળે તે માટે જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ, અને તે અન્વયેના નિયમોમાં કરવામાં આવેલ જોગવાઈઓને આધિન રહી, જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ હેઠળની પરવાનગી આપવા માટેની નીચેની સુચનાઓને અનુસરી કાર્યવાહી હાથ ધરી જરૂરી મંજૂરી આપવી.

(૧) ગુજરાતની કોઈપણ જળાશય યોજનાના અસરગ્રસ્તો કે જેમના તરફથી આદિવાસીઓ પાસેથી જમીન ખરીદવા અને આદિવાસી જમીન માલિકો તરફથી તેમની જમીન વેચવા જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ હેઠળની પરવાનગી આપવા અંગેની અરજી કરવામાં આવે તો તેવા કિસ્સામાં જરૂરી ચકાસણી અગ્રતાના ધોરણે હાથ ધરી જરૂરી મંજૂરી નિયમોનુસાર આપવાપાત્ર કિસ્સામાં અગ્રતાના ધોરણે આપવી.

(૨) જે કિસ્સામાં સરકારશ્રીની મંજુરીની આવશ્યકતા હોય તેવા કિસ્સામાં આદિવાસી અરજદાર તરફથી પોતાની જમીન વેચાણ કરવા માટેની જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએહેઠળની પરવાનગી માગતી અરજી કરવામાં આવે ત્યારે તે કિસ્સામાં કલેકટરશ્રીએ વિના વિલંબે અગ્રતાના ધોરણે સરકારશ્રીમાં દરખાસ્ત કરવી.

(૩) જળાશય યોજનાના અસરગ્રસ્તોની તરફેણમાં આદિવાસીઓની જમીન તબદીલી માટે જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ હેઠળની પરવાનગી આપવા બાબતમાં વિલંબ ન થાય તે માટે જે જિલ્લામાં આ પ્રકારના કિસ્સાઓ ઉપસ્થિત થયા હોય તે જિલ્લાના કલેકટરશ્રીએ દર મહીને રીવ્યુ મીટીંગ ગોઠવવી તેમજ અસરગ્રસ્તોની જમીન ખરીદવા તેમને સહાયરૂપ થવા સરકાર તરફથી કોઈ ખાસ અધિકારી કે સમિતિની નિમણૂંક કરવામાં આવી હોય તો,મીટીંગમાં તેમની સમિતિના પ્રતિનિધિને પણ તેમના તરફથી રજુઆત કરવા માટે હાજર રહે તે આમંત્રણ આપવું.

આ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવો તેમજ જમીનોની તબદીલી બાબતમાં આદિવાસી જમીન માલિકોનું કોઈપણ પ્રકારનું શોષણ ન થાય તેની ખાસ કાળજી રાખવી.

**{૧૮} <u>નર્મદા યોજનાના અસરગ્રસ્તોની તરફેણમાં આદિવાસીઓએ ધારણ કરેલ જમીનો તબદીલ કરવાના અધિકારો આપવા બાબતઃ–</u>**

(૧) સમગ્ર ગુજરાત રાજયના આદિવાસી ઈસમોએ ધારણ કરેલ જમીનોની થતી આડેધડ તબદીલીઓ અટકાવવાના હેતુને ધ્યાનમાં લઈ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ–૧૮૭૯ની કલમ–૭૩એ અને ત્યારબાદ મુંબઈ જમીન મહેસુલ (ગુજરાત ધ્વીતીય સુધારા) અધિનિયમ–૧૯૮૦ ની કલમ–૭૩ એએ,૭૩ એબી, ૭૩ એસી અને ૭૩ એડી થી આદિવાસીઓની જમીનની તબદીલી પર નિયંત્રણ મુકવામાં આવેલ છે. આદિવાસીઓની જમીનની તબદીલી માટેના નિયમોની જોગવાઈ અનુસારની પરવાનગી આપવાના અધિકારો જીલ્લા કલેકટરશ્રીઓને છે. આદિવાસી– આદિવાસી વચ્ચેની જમીનની તબદીલી માટે કલેકટરશ્રી કલમ–૭૩એ, ૭૩એએ હેઠળની સીધી પરવાનગી આપી શકે છે. જયારે આદિવાસી– બીનઆદિવાસી વચ્ચેની જમીનની તબદીલી માટે ઉદ્યોગના હેતુ સિવાયના હેતુઓ માટે (ફકરા {૩} ૨ (૧) અન્વયે) કલમ–૭૩એએ ની સરકારશ્રીની પુર્વ પરવાનગી મેળવ્યા બાદ કલેકટરશ્રી પરવાનગી આપી શકે છે.

(૨) આદિવાસીઓની જમીનના વેચાણ બાબતમાં જળાશય યોજનાના અસરગ્રસ્તીઓના સંદર્ભમાં મુદો ઉપસ્થિત થતાં આદિવાસીઓની જમીનો અસરગ્રસ્તીઓની તરફેણમાં તબદીલ કરવાના સમયે કલમ–૭૩એ,૭૩એએ હેઠળની કાર્યવાહી અગ્રતાના ધોરણે હાથ ધરવા અંગેની જરૂરી સુચનાઓ આ અગાઉ સરકારે વિવિધ પરીપત્રોથી આપેલ છે.

(૩) અધિક કલેકટરશ્રી (નર્મદા) વડોદરા ફક્ત નર્મદા અસરગ્રસ્તો માટેની ખેતીની જમીનો આદિવાસી પાસેથી ખરીદવા જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ હેઠળના નિયમોની જોગવાઈઓ ધ્યાનમાં લઈ જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ હેઠળની પરવાનગી આપી શકશે.

અધિક કલેકટરશ્રી (નર્મદા) વડોદરા ફક્ત જે તે જીલ્લા કલેકટરને મળેલ અધિકારોનો જ ઉપયોગ કરી શકશે એટલે કે જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ હેઠળની સીધેસીધી પરવાનગી ફકત આદિવાસી–આદિવાસી વચ્ચે થતી જમીનની તબદીલી માટે જ નિયમો મુજબ પરવાનગી આપી શકશે. આવી પરવાનગી માત્ર જે કિસ્સાઓમાં પુનઃવસવાટની કાર્યવાહીના ભાગરૂપે જમીન એક આદિવાસી પાસેથી બીજા આદિવાસીને તબદીલ કરવાની હોય તે કિસ્સામાં પરવાનગી અધિક કલેકટરશ્રી (નર્મદા) વડોદરા આપી શકશે તે સિવાયના કિસ્સામાં કલેકટરશ્રીએ કાર્યવાહી કરવાની રહેશે.

(૪) જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ હેઠળની પરવાનગી આપ્યાના હુકમની એક નકલ સરકારશ્રીને પણ મોકલવાની રહેશે. જેથી અસરગ્રસ્તોની તરફેણમાં આદિવાસીઓની જમીનની થયેલ તબદીલીની નોંધ રાખી શકાય.

વાચ-૨૦૦૦-૪

**{૧૯} જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ નિયંત્રિત જમીનોની કૌટુંબિક વહેંચણી અંગેઃ–**

જો કૌટુંબિક વહેંચણીથી જમીનની તબદીલી થતી હોય તો જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩એએ હેઠળ કલેકટરશ્રીની પૂર્વ પરવાનગી મેળવવાની રહેતી નથી અલબત અન્ય કાયદા/નિયમ (કે જેમાં કોઈ કાયદા તથા એકત્રિકરણ કાયદાનો સમાવેશ થાય )ની જોગવાઈઓ લક્ષમાં લેવાની રહે.

વધુમાં જણાવવાનું કે, સહભાગીદાર તરફથી નામ દાખલ કરતી વખતે કાયદાનુસાર વારસાઈ હકકથી સહભાગીદારનો હકક કોઈપણ વ્યકિત મેળવવા હકકદાર છે કે કેમ? તથા વહેંચણી જયારે કરવામાં આવે ત્યારે તે વહેંચણી કાયદાનુસારના વારસો વચ્ચે અને તેમના હિસ્સાના સપ્રમાણમાં છે કે કેમ? તે બાબત વિગતથી ચકાસણી કરવાની રહે છે.

**{૨૦} હરૂભાઈ મહેતા સમિતિની કોર્ટના કાર્યક્ષેત્ર અંગે ભલામણઃ–**

આદિવાસીઓએ ધારણ કરેલ જમીનો ઉપર જમીન મહેસુલ કાયદામાં મૂકાયેલ નિયંત્રણોનો અસરકારક અમલ થઈ શકે તે માટે તથા આદિવાસીઓની જમીનના ઉભા થતા પ્રશ્નોના અભ્યાસ માટે સરકારશ્રીએ હરૂભાઈ મહેતા સમિતિની રચના કરી હતી. આ સમિતિની ભલામણ ક્રમાંકઃ૨૪ નીચે મુજબ છે.

જમીન મહેસુલ સંહિતાની કલમ–૭૩એ તથા ૭૩એએ નીચે કાર્યવાહી સામેના કોર્ટોના મનાઈ હુકમ સબંધમાં ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ યોગ્ય રજુઆત કરવી.

સમિતિની ઉપરોકત ભલામણ અંગે સરકારે વિચારણા કરેલ છે અને તેનો અંશતઃ સ્વીકાર કરેલ છે એટલે કે મુંબઈ ગણોત તથા ખેતીની જમીન અધિનિયમ–૧૯૪૮ ની કલમ–૮૫ અને ૮૫એ જેવી જોગવાઈ જમીન મહેસુલ અધિનિયમમાં કરવાની ભલામણ સરકારે સ્વીકારેલ છે. સમિતિની આ ભલામણનો આશય ગણોતધારા હેઠળના હુકમો દિવાની કોર્ટમાં પડકારી શકાતા નથી. તે જ રીતે આદિવાસીઓની જમીનને લગતી જમીન મહેસુલ કાયદા હેઠળની જોગવાઈ હેઠળના હુકમો દિવાની કોર્ટમાં પડકારી શકાય નહિ તેવી જોગવાઈ જમીન મહેસુલ કાયદામાં કરવાનો છે. જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩ એ ઉપરાંત કલમ–૭૩ એએ, ૭૩ એબી, ૭૩ એસી દાખલ કરી વધુ કડક નિયંત્રણો મૂકવામાં આવ્યા છે. આ જોગવાઈ જોતાં સમિતિની ભલામણ મુજબની જોગવાઈ જમીન મહેસુલ કાયદામાં છે જ. આ જોગવાઈ તરફ તા.૧૮/૨/૮૧ ના પરીપત્રથી સર્વે કલેકટરશ્રીઓનું ધ્યાન દોરવામાં આવ્યું છે. આમ છતાં સમિતિની ભલામણના હાર્દમાં રહેલ ભાવનાનું પુનરાવર્તન થાય તે હેતુસર સઘળા કલેકટરશ્રીઓનું ધ્યાન પુનઃ આ જોગવાઈ તરફ દોરતાં જણાવવાનું કે આદિવાસીઓની ખેતીની તથા બીનખેતીની જમીનોને આદિવાસી અથવા બીન આદિવાસીઓને વેચાણ/તબદીલી કરવા સબંધ જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩ એ, ૭૩ એએ અને ૭૩ એબી નીચે થયેલ કાર્યવાહી દિવાની તથા ફોજદારી અદાલતના કાર્યક્ષેત્રની બહાર રાખવાની જોગવાઈ જમીન મહેસુલ સંહિતાની કલમ– ૭૩ એસી થી કરાયેલી છે. ઉપરોક્ત કલમો નીચે કલેકટર જે હુકમ કરે તે કોઈ દિવાની કે ફોજદારી અદાલતમાં પડકારી શકાય નહિ.દિવાની અદાલત કામચલાઉ કે કાયમી મનાઈહુકમ પણ આપી શકે નહિ. આથી સંબંધિત સર્વે અધિકારીશ્રીઓનું પ્રવર્તમાન જોગવાઈઓ તરફ ધ્યાન દોરી તેનો ચુસ્તપણે અમલ થાય તે જોવા અને જરૂર પડે દિવાની અને ફોજદારી અદાલતોનું પ્રવર્તમાન કાયદાકીય જોગવાઈ તરફ ધ્યાન દોરવા જણાવવામાં આવેલ છે.

**{૨૧} એલ.એન.ડી.૮ ની કામગીરીઃ–**

આદિવાસીઓની જમીનોને અને તેને લગતી આનુષાંગિક કામગીરી કરતી એલ.એન.ડી.૮ ની કુલ ૩૨ જગ્યાઓ જે તા.૨૮/૨/૯૮ સુધી ચાલુ રાખવામાં આવી હતી તે તા.૨૬/૩/૯૮ ના ઠરાવથી એબેયન્સમાં મૂકવામાં આવી છે. આ સંજોગોમાં એલ.એન.ડી.૮ યોજના હેઠળના મહેકમ ધ્વારા થતી હતી તે તમામ કામગીરી હવે સબંધિત વિસ્તારના પ્રાંત અધિકારીઓએ કરવાની રહેશે. આ કામગીરી જે તે વિસ્તારના પ્રાંત અધિકારીઓ ધ્વારા હાથ ધરાય તેનું ધ્યાન સબંધિત કલેકટરશ્રીએ રાખવાનું રહેશે.

**{૨૨} જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩ એએ હેઠળ શરતભંગની કાર્યવાહી અંગે:–** જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩ એએ હેઠળ આદિવાસી–આદિવાસી તથા આદિવાસી–બીનઆદિવાસી વચ્ચેના વેચાણ/તબદીલી અંગે થયેલ શરતભંગની કાર્યવાહી કલેકટરશ્રીએ કરવાની થાય છે. આવી કાર્યવાહી જિલ્લા પંચાયતે કરવાની નથી.

**{૨૩} ૭૩ એએ હેઠળની નિયંત્રિત સત્તા પ્રકારની જમીન લીઝ કે ભાડા પટ્ટાથી આપવા બાબતઃ–** જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩ એએ નિયંત્રિત જમીનોને પટ્ટા કે લીઝથી તબદીલ કરાતી હોય તો પૂર્વ મંજુરી આવશ્યક છે કે કેમ? તેવી પૃચ્છાના સંદર્ભમાં જણાવવાનું કે, પટ્ટા કે લીઝથી થતી તબદીલી એ તબદીલી જ ગણી શકાય તેથી તે અંગે સક્ષમ અધિકારીની પરવાનગી કાયદાનુસાર જરૂરી છે. તેવું માર્ગદર્શન સંબંધિત અધિકારીઓને આપવામાં આવેલ છે.

**{૨૪} જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩ એએ અન્વયે વેચાણ થયેલ જમીનો હેતુફેર કરવા અંગે:–**

લે.રે.રુલ્સના નિયમ–૫૭(એલ)(૩) અન્વયે આદિવાસી ખાતેદારની જમીનો બિનઆદિવાસીને તે નિયમોમાં જણાવ્યા મુજબના પ્રામાણિક હેતુઓ માટે સરકારની પૂર્વપરવાનગી મેળવીને કલેકટરશ્રી/જિલ્લા વિકાસ આધિકારીશ્રી (શીડયુલ્ડ એરીયામાં) આપે છે. આવી મંજુરી મેળવ્યા બાદ જે તે હેતુ માટે આ મંજુરી મળી હોય તે માટે આ જમીનનો ઉપયોગ કરવો જોઈએ. દા.ત. શૈક્ષણિક હેતુ માટે પરવાનગી આપી હોય અને કોઈ ખેતીનો ઉપયોગ કરે તો યોગ્ય ગણી શકાય નહીં. અથવા સખાવતી ટ્રસ્ટ માટે આપી હોય અને તેનો તે માટે ઉપયોગ નહીં કરતા અન્ય નફાકારક હેતુ માટે ઉપયોગ કરે તો તે કાયદાના હાર્દ સાથે સુસંગત ગણી શકાય નહીં. આમ , જે હેતુ માટે પરવાનગી આપી હોય તે હેતુનોજ લેનાર ઈસમ ઉપયોગ કરે તો તે કાયદાના હાર્દ સાથે સુસંગત છે. તેવું માર્ગદર્શન સંબંધિત અધિકારીઓને આપવામાં આવેલ છે.

**{૨૫}** આ હુકમો આ વિષયના ઉપર દર્શાવેલ તમામ હુકમોનું સંકલન કરીને બહાર પાડવામાં આવેલ છે. આથી હવે ઉપરના મથાળે દર્શાવેલ તમામ હુકમોને બદલે આ હુકમ મુજબ રાજયમાં અમલ કરવાનો રહેશે.પરંતુ જયારે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે મૂળ ઠરાવનાં જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બિડાણ:– ઉપર મુજબ.

એન. ડી. ભટ્ટ
નાયબસચિવ
મહેસુલ વિભાગ,ગુજરાત સરકાર

પ્રતિ,

૧. સર્વે કલેકટરશ્રીઓ.
૨. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
૩. સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ.
૪. સર્વે મામલતદારશ્રીઓ.
૫. માન. મંત્રીશ્રી (મહેસુલ)ના અંગત સચિવશ્રી,સચિવાલય ગાંધીનગર.
૬. માન.મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી,સચિવાલય ગાંધીનગર.
૭. માન. રા.ક.મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી,સચિવાલય ગાંધીનગર.
૮. અગ્ર સચિવશ્રી(મહેસુલ)ના અંગત સચિવશ્રી,મહેસુલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
૯. સચિવશ્રી(જ.સુ.)ના અંગત સચિવશ્રી,મહેસુલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
૧૦. સચિવશ્રી (વિવાદ)મહેસુલ વિભાગ,એલ.ડી.એન્જીનીયરીંગ કોલેજ કંપાઉન્ડ,અમદાવાદ.૧૫.

**એનેક્ષર-૧**

**( નમૂનો–ડ–૧ )**

મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ,૧૮૭૯ (સન ૧૮૭૯ના મુંબઈના ૫ મા) ની કલમ ૭૩–કક ની પેટા કલમ (૩) ના ખંડ (ક) અને મુંબઈ જમીન મહેસુલ (ગુજરાત સુધારા) નિયમોના નિયમ ૪ હેઠળ નામફેરથી લેનારને અથવા તેના હિત–ઉત્તરાધિકારીને નોટિસ.

---

પ્રતિ,

શ્રી.........................................................................................ના પુત્ર..................................................

રહેવાસી...............................ગામ..............................તાલુકો........................જિલ્લો.......................

વિષયઃ– આદિવાસી જમીનના નામફેર થી લેનારને અથવા તેના હિત–ઉત્તરાધિકારીને નોટિસ.

આદિવાસી,

(૧) શ્રી........................................................................ રહેવાસી...................................................

(૨) શ્રી.......................................................................રહેવાસી.......................................................

એ મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ,૧૮૭૯ ની કલમ–૭૩–કક ની પેટા કલમ (૧) હેઠળ કલેકટરની પૂર્વ મંજુરી મેળવ્યા વિના, આ સાથેની અનુસુચિમાં જણાવેલી જમીન તમારે નામે કરી છે.

અને નામે કરી આપનાર આદિવાસીએ, તે નામે કરી આપ્યાના બે વર્ષની અંદર કલેકટરને એવી અરજી કરી છે કે આવા ખાતાનો કબજો તેને/ તેમને પાછો સોંપી દેવો.

તેથી, હવે, ખાતાનો કબજો રાખવા માટે તમને શા માટે બિન–હકકદાર ઠરાવવા ન જોઈએ અને શા માટે નામે કરી આપનાર આદિવાસીને તેનો કબજો પાછો સોંપી દેવો ન જોઈએ તેનું કારણ દર્શાવવા ....................(તારીખે) ................................ વાગે................................ (સ્થળે) નીચે સહી કરનાર સમક્ષ હાજર થવાનું તમને ફરમાવવામાં આવે છે.

૨. તમે નિયત દિવસે અને સમયે, જાતે અથવા યોગ્ય રીતે અધિકૃત પ્રતિનિધિ મારફત હાજર નહિ રહો, તો એવું માની લેવામાં આવશે કે તમારે આ બાબતે કશું કહેવાનું નથી અને તમારી ગેરહાજરીમાં તપાસ અંગે આગળ કાર્યવાહી કરીને નિર્ણય લેવામાં આવશે.

<u>અનુસૂચિ</u>

| ગામ | સર્વે નંબર | પોટ–હિસ્સા નંબર | ક્ષેત્રફળ | નામફેર કર્યા ની તારીખ | નામફેર કરવાની રીત | ફેરફાર નોંધ નંબર અને તારીખ હોય તો તે |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

સ્થળ:

તારીખ : ......................જિલ્લા કલેકટર.

વાચ-૨૦૦૦-૫

## એનેક્ષર-૨

## ( નમૂનો-૩-૨ )

## એકરાર

હું નીચે સહી કરનાર............................નો પુત્ર......................................................જિલ્લા..................................તાલુકા........................ ગામ...................................નો રહેવાસી આથી, એકરાર કરૂ છું કે હું જોડેલી અનુસુચિમાં દર્શાવ્યા પ્રમાણે આદિવાસી ખાતુ ધરાવું છું અને શ્રી.............................................. રહેવાસી......................................ના નામે તે કરવા ધારૂ છું અને આ નામફેરને લગતો દસ્તાવેજ રજીસ્ટ્રેશન અધિનિયમ,૧૯૦૮ હેઠળ રજીસ્ટર કરાવવા ધારૂ છું અને વધુમાં, એકરાર કરૂ છું કે આવા નામફેર માટે.................................... કલેકટર પાસેથી મેં મંજુરી મેળવી છે અને અધિનિયમની કલમ-૭૩-ક અથવા ૭૩-કક હેઠળ ફરમાવ્યા પ્રમાણે તારીખ..........................................ના તેમના હુકમ ક્રમાંક...................................... હેઠળ આવી મંજુરી આપવામાં આવી છે. આ મંજુરી હુકમની એક નકલ, આ એકરાર સાથે જોડેલી છે.

સન ૨૦૦ ના..........................મહિનાની..................તારીખે......................સ્થળે આ એકરાર કર્યો.

અનુસૂચિ

| ગામ | સર્વે નંબર | પોટ-હિસ્સા નંબર | ક્ષેત્રફળ |
| --- | --- | --- | --- |
| | | | |

સ્થળ:

તારીખ: એકરાર કરનારની સહી

ખરાઈ:

હું............................................... આથી, એકરાર કરૂ છું કે આ એકરારમાં જે કંઈ જણાવ્યું છે તે મારી ઉત્તમોત્તમ જાણ અને માન્યતા મુજબ ખરૂ છે.

સ્થળ:

તારીખ: એકરાર કરનારની સહી

સને ૨૦૦ ના.....................મહિનાની....................તારીખે.....................સ્થળે મારી સમક્ષ રજુ કર્યો અને યોગ્ય રીતે સહી કરીને તેની ખરાઈ કરેલ છે.

સબ રજીસ્ટ્રાર.

**એનેક્ષર-૩**

**<u>લેન્ડ રેવન્યુ કોડની કલમ–૭૩ એએ નિયંત્રિત જમીનોને વેચાણ / તબદીલી અંગેની અરજીનો નમૂનો.</u>**

અરજદારનું નામ :
ગામનું નામ :
તાલુકો :
તારીખ :

પ્રતિ,
કલે.શ્રી / જિ.વિ.અધિ.શ્રી,
.........................................
.........................................જિલ્લો.

વિષય : લે.રે.કોડની કલમ–૭૩એએ નિયંત્રિત જમીનોને વેચાણ / તબદીલ કરવા
અંગે મોજે :..............................તા..........................ના સ.નં..................
..........................ની હે.આર.ચો.મી.................................જમીન અંગે.

મે.સાહેબ,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, હું..................................................... તાલુકા......................................ગામે નીચે જણાવેલ વિગતોએ લે.રે.કોડની કલમ–૭૩એએ નિયંત્રિત જમીન ધરાવું છું. આ જમીન હું.......................................................................................................................... હેતુસર શ્રી.............................................................................ને વેચાણ / તબદીલ કરવા માગું છું. તો તે અંગે મને જરૂરી પરવાનગી આપવા વિનંતી છે. આ અંગે સરકાર તરફથી જે શરતો નકકી કરાશે તેનું હું પાલન કરવા ખાત્રી આપું છું.

**<u>જમીનની વિગત:–</u>**

| | | |
|---|---|---|
| ૧. | અરજદારશ્રીનું નામ,ઉંમર તથા પુરૂં સરનામું | |
| ૨. | અરજી કઈ હેસીયતથી કરેલ છે ? ( જમીન માલિકની રૂએ કે અન્ય રીતે ) | |
| ૩. | જે જમીન વેચાણ / તબદીલ કરવાની છે તેની વિગત.<br>(અ) ગામનું નામ :<br>(બ) સર્વે નંબર :<br>(ક) ક્ષેત્રફળ :<br>(આધાર માટે ૭/૧૨ અને નં.૬ની નકલ જોડવી. | |

- -

| | | |
|---|---|---|
| ૪. | મહેસુલ દફતર પ્રમાણે ઉકત સર્વે નંબરના કબજેદારોના પૂરા નામ તથા તેમનું સરનામું. | |
| ૫. | (અ) આ જમીન વારસાઈ હકકે ધરાવો છો કે વેચાણથી કે અન્ય રીતે ?<br>(બ) જમીન ગ.ધા.( ફેરફારનોંધની નકલ બીડવી) હેઠળની અથવા નવી શરતની જમીન છે કે કેમ ? જો તેવા સત્તા પ્રકારની જમીન હોય તો ઉપલબ્ધ આધાર રજૂ કરવો. (એન્ટ્રીની નકલ કે સરકારના હુકમની નકલ બિડવી.)<br>(ક) વારસાઈ હકકે આ જમીન ધારણ કરતાં હોય તો તમારા પુર્વજોએ આ જમીન કોઈ બીન આદિવાસી પાસેથી પોતાના નાણાંકીય સ્ત્રોતમાંથી ખરીદી હોય તો તેની વિગતો આપવી (આ અંગે એન્ટ્રીની નકલ પણ બીડવી) | |
| ૬. | ગ.ધા.કલમ હેઠળની કે નવી શરતની જમીન હોય તો ધોરણસરનું પ્રિમીયમ જાણ કર્યેથી દિવસ–૨૧ માં ભરવા સંમત છો કે કેમ ? | |
| ૭. | સંયુકત ખાતેદારો હોય તો તમામ ખાતેદારો આ જમીન તબદીલ કરવા સંમત છે ? જો હા તો તેમની લેખિત કબુલાત બીડવી. | |
| ૮. | કયા ખાસ કારણોસર આ જમીન વેચાણ / તબદીલી કરવા માગો છો ? ( સ્પષ્ટ કારણો જણાવવા ) | |
| ૯. | કયા હેતુ માટે કોને આ જમીન વેચવા માંગો છો ? હેતુ સ્પષ્ટ જણાવવો | |
| ૧૦. | આ જમીન વેચાણ બાદ કેટલી જમીન બાકી રહે છે ? (૮–અ ની નકલ બીડવી.) | |
| ૧૧. | આ જમીન વેચ્યાબાદ બીનખેડૂત થાવ છો કે કેમ ? આ જમીન વેચવાથી આજીવિકા વગરના થાઓ છો ? | |
| ૧૨. | આજીવિકાનું કયું સાધન ધરાવો છો ? વાર્ષિક આવક જણાવવી. | |
| ૧૩. | જમીનની સ્થળસ્થિતિ, ચતુ:દિશા દર્શાવતાં સ્કેલમાપ પ્રમાણે નકશાઓ ( ત્રણ નકલમાં રજૂ કરવા) | |
| ૧૪. | જો આ જમીન આદિવાસી ખાતેદારને ખેતીના હેતુ માટે વેચવા માગતા હોય તો કોને વેચવા માગે છે તથા વેચાણથી લેનાર ખેડૂત ખાતેદાર છે કે કેમ ? તે અંગે આધાર સાથે (૮–અ ની નકલ બીડવી ) સ્પષ્ટતા કરવી. | |
| ૧૫. | આ જમીન ઉપર આશરે કબજો કયારથી છે ? | |
| ૧૬. | આ જમીન લોભ, લાલચ, પ્રલોભન કે ધાકધમકીથી તબદિલી કરો છો કે કેમ ? જો હા તો વિગતો આપવી. | |

હું સોગંદપૂર્વક જણાવું છે કે, ઉપરના કોલમમાં જણાવેલી તમામ વિગતો મારી સંપુર્ણ જાણ અને માન્યતા મુજબ સંપૂર્ણ પણે ખરી છે.

સ્થળ : અરજદારની સહી.

તારીખ :

## એનેક્ષર-૪

**નવી અને અવિભાજય શરતની જમીન ખેતી કે બીનખેતીના હેતુ માટે વેચાણ કે બીનખેતીના હેતુ માટે હેતુફેર કરી આપવા બાબતની અરજીનો નમુનો.**

અરજદારનું નામ :
ગામ :
તાલુકો :
જિલ્લો :
તારીખ :

પ્રતિ,

કલેકટરશ્રી,

.............................................

.............................................જિલ્લો.

મુ.......................................

વિષય : નવી શરતની જમીન ખેતી / બીનખેતીના હેતુ માટે વેચાણ કે બીનખેતી હેતુ માટે શરતફેર કરી આપવા બાબત.

મોજે :..........................તા.............................ના સ.નં......................

...........................ની હે.આર.ચો.મી................................જમીન અંગે.

મે.સાહેબ,

સવિનય ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, હું............................................................... તાલુકાના............................ગામે નીચે જણાવેલ વિગતોએ નવી શરતની ખેતીની જમીન ધરાવું છું.

આ જમીન મારે ખેતી / બીનખેતીના હેતુમાટે વેચાણ / પોતે બીનખેતીના હેતુ માટે ઉપયોગ કરવાની હોઈ તે અંગેની જરૂરી મંજુરી આપવા વિનંતી છે. આ અંગે સરકાર તરફથી જે શરતો નકકી કરાશે તેનું હું પાલન કરવા ખાત્રી આપું છું.

**વિગત:-**

| | | |
|---|---|---|
| ૧. | અરજદારશ્રીનું નામ,ઉંમર તથા પુરૂં સરનામું | |
| ૨. | અરજી કઈ હેસીયતથી કરેલ છે ? ( જમીન માલિકની રૂએ કે અન્ય રીતે ) | |

- -

| | | |
|---|---|---|
| ૩. | અરજદાર અનુ.જાતિ/અનુ.જનજાતિ/બક્ષીપંચ ના છે કે કેમ તેની વિગત. | |
| ૪. | જે જમીન વેચાણ / તબદીલ કરવાની છે તેની વિગત.<br>(અ) ગામનું નામ :<br>(બ) સર્વે નંબર :<br>(ક) ક્ષેત્રફળ :<br>(આધાર માટે ૭/૧૨ અને નં.૬ની નકલ જોડવી. | |
| ૫. | મહેસુલ દફતર પ્રમાણે ઉકત સર્વે નંબરના કબજેદારોના પૂરા નામ તથા તેમનું સરનામું. | |
| ૬. | સંયુકત ખાતેદારો હોય તો તમામ ખાતેદારો આ જમીન તબદીલ કરવા / હેતુફેર કરવા સંમત છે કે કેમ ? | |
| ૭. | આ જમીન જે હુકમથી અરજદારે મેળવેલી છે તે હુકમની વિગતો. | |
| ૮. | કયા ખાસ કારણોસર આ જમીન ખેતી / બીનખેતી માટે વેચવા માંગો છો / ઉપયોગ કરવા માગો છો ? | |
| ૯. | આ જમીનની સ્થળ સ્થિતિ ચતુ:દિશા દર્શાવતા સ્કેલ માપ પ્રમાણેના નકશાઓ ( ત્રણ નકલમાં રજૂ કરવા.) | |
| ૧૦. | આ જમીન જો વેચાણથી તબદીલ કરવાની હોય તો તે જમીન વેચ્યાબાદ બીનખેડૂત થાવ છો ? | |
| ૧૧. | આજીવિકાનું કયું સાધન ધરાવો છો ? વાર્ષિક આવક કેટલી? | |
| ૧૨. | અરજદારના ખાતાની કુલ જમીન કેટલી છે ? તેની વિગત.<br>( નં. ૮ અ ના ખાતાની નકલ જોડવી) | |
| ૧૩. | જો ખેતીના / બીનખેતીની હેતુ માટે વેચાણ કરવાની હોય તો તે કોને વેચવાની છે ? તેઓ ખેડૂત ખાતેદાર છે ? જો હા તો તેઓ કયાં કેટલી જમીન ધરાવે છે તે અંગે આધાર રજૂ કરવા. | |
| ૧૪. | આ જમીનના વેચાણની / શરતફેર / હેતુફેરની મંજૂરી આપવામાં આવે તો નિયમાનુસાર થતી પ્રિમીયમની રકમ જાણ કર્યેથી ૨૧ ( એકવીસ ) દિવસમાં ભરવા સંમત છો ? | |
| ૧૫. | સદરહુ જમીન પરત્વે શરતભંગની કોઈ કાર્યવાહી થયેલ છે કે કેમ ? હોય તો તેનું શું પરિણામ આવેલ છે તે જણાવવું. | |
| ૧૬ | સદરહુ જમીન ઉપર તમારો સતત અને અખંડિત અને અબાધિત કબજો કેટલા વર્ષોનો છે તે દર્શાવવું. | |
| ૧૭. | અન્ય કોઈ વિશેષ વિગતો રજૂ કરવા ઈચ્છતા હોય તો દર્શાવવી. | |

હું સોગંદપૂર્વક જણાવું છે કે, ઉપરના કોલમમાં જણાવેલી તમામ વિગતો મારી સંપૂર્ણ જાણ અને માન્યતા મુજબ સંપૂર્ણ પણે ખરી છે.

સ્થળ : અરજદારની સહી.

તારીખ :

## એનેક્ષર :૫

**જમીન મહેસુલ અધિનિયમની કલમ–૭૩–એ.એ હેઠળ સરકારની પૂર્વ પરવાનગી મેળવવા અંગેના કેસોની દરખાસ્ત કરતી વખતે સરકારમાં મોકલવા અંગેનું ચેકલીસ્ટ :–**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | અરજદારનું પુરુ નામ અને સરનામું | : | | | |
| (૨) | અરજદારની જ્ઞાતિ, પેટા જ્ઞાતિ | : | | | |
| (૩) | અરજદાર દ્વારા ધારણ કરવામાં આવેલ વ્યકિતગત / સંયુકત ખાતાની કુલ જમીનની વિગત<br>(ગા.ન.નં.૬,૭/૧૨ અને ૮–અ ની નકલ સામેલ કરવી. જમીનનું ક્ષેત્રફળ હે.આરે અને ચો.મી. માં જ જણાવવું.) | : | | | |
| (૪) | જમીન વેચાણ / તબદીલી માટેની પૂર્વ પરવાનગી અંગેની સવાલવાળી જમીનની વિગત.(સ.નં. ક્ષેત્રફળ) | : | ગામ | તાલુકો | જિલ્લો |
| | નોંધ :– જમીન કલમ–૭૩–એએ અન્વયે નિયંત્રિત હોવા ઉપરાંત નવી અને અવિભાજય શરતની/પ્ર.સ.પ.ની જો હોય તો તા.૧૯–૧૦–૨૦૦૦ ના પરિપત્ર મુજબ આ અંગેના (બન્ને ) ચેકલીસ્ટમાં પણ માહિતી ભરી બન્ને દરખાસ્તો એકી સાથે કરવી. | : | | | |
| (૬) | અ. સવાલવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો કોનો છે અને કેટલા સમયથી છે તે સ્પષ્ટ જણાવવું. | : | | | |
| | બ. સવાલવાળી જમીનમાં હાલનો કબજેદાર કયા હકકથી કબજો ધારણ કરે છે ?<br>(વેચાણ /વારસાઈ કે અન્ય રીતે – આધારમાં ગા. નં. ૬ ની નકલ રજૂ કરવી.) | : | | | |
| (૭) | સવાલવાળી જમીન કોને વેચવાની છે. તેમજ વેચવા માટેનું યોગ્ય કારણ જણાવવું. | : | | | |
| (૮) | સવાલવાળી જમીન ધાર્મિક કારણસર વેચવાની / બક્ષીસ આપવાની હોય તો તે જમીન પર કરેલ બાંધકામ તેમજ ખુલ્લી જગ્યાની વિગતો તેમજ તેનો સ્થળસ્થિતિ દર્શાવતો નકશો રજૂ કરવો. | : | | | |
| (૯) | અ. સવાલવાળી જમીનની વેચાણ પરવાનગી બાદ બાકી રહેતી જમીનની વિગતો જરુરી આધાર સાથે જણાવવી. | : | | | |

બ. સવાલવાળી જમીન વેચ્યા બાદ અરજદાર બીનખેડૂત થાય છે કે કેમ તે જણાવવું. :

(૧૦) સવાલવાળી જમીનનાં માલિકની આર્થિક / કૌટુંબિક પરિસ્થિતિ દર્શાવતું પત્રક જેમાં કુટુંબના સભ્યોની સંખ્યા, ઉંમર, અભ્યાસ, વ્યવસાય, તેમાંથી થતી આવક, સામેલ છે કે કેમ ? :

(૧૧) સવાલવાળી જમીનના વેચાણ પરવાનગી બાદ બાકી રહેતી જમીનમાંથી થતી આવક, તેના જીવનનિર્વાહ માટે પોષણક્ષમ છે કે કેમ તે અંગે જમીન માલિકનો જવાબ સામેલ કરવો. :

(૧૨) સવાલવાળી જમીન સંયુકત માલિકીની હોય તો સહભાગીદારો સવાલવાળી જમીન વેચવા સંમત છે કે કેમ તે અંગેની સંમતી મેળવી રજૂ કરવી. :

(૧૩) સવાલવાળી જમીન વેચાણ કરવામાં આવે તો લાગુ કબજેદારોને વાંધો છે કે કેમ તે અંગે તેમના સંમતી પત્રકો સામેલ રાખવા. :

(૧૪) સવાલવાળી જમીનની વેચાણ પરવાનગીથી ટુકડાધારાની કોઈ જોગવાઈનો ભંગ થાય છે કે કેમ ? નિયમોની જોગવાઈ સાથે જણાવવુ. :

(૧૫) સવાલવાળી જમીનની વેચાણ કિંમત :

૧. પંચકયાસ મુજબ. :

૨. પાંચ સાલી વેચાણ આધારે. :

૩. જીલ્લા મૂલ્યાંકન સમિતિએ નકકી કર્યા મુજબ (બેઠકની તારીખ પણ જણાવવી.) :

૪. જંત્રી મુજબ. :

(૧૬) જીલ્લા મૂલ્યાંકન સમિતિની બેઠકની કાર્યનોંધ તથા જીલ્લા નગર નિયોજકશ્રી દ્વારા કરાયેલ મૂલ્યાંકન અંગેનું પત્રક, જી.ન.નિ.શ્રીએ ધ્યાનમાં લીધેલ વેચાણોનું પત્રક તથા તે વેચાણોની સ્થળસ્થિતિ દર્શાવતા નકશા સામેલ રાખવો તથા જમીનની બજાર કિંમત નકકી કરવા માટે કયા પરિબળો ધ્યાનમાં લીધાં છે. તેની વિગતો આપવી. :

(૧૭) સવાલવાળી જમીન વેચાણ રાખનારનું પુરું નામ, સરનામું, જ્ઞાતિ, પેટા જ્ઞાતિ વગેરે સ્પષ્ટ જણાવવું. :

(૧૮) સવાલવાળી જમીન વેચાણ રાખવા માંગતી વ્યકિત દ્વારા વ્યકિતગત / સંયુકત રીતે ધારણ કરેલ કુલ જમીનની વિગતો. :

(ગામના નમુના નં.૬, ૭/૧૨, અને ૮–અ ની નકલ સામેલ કરવી જમીનનું ક્ષેત્રફળ હે.આર. પ્રતિ આરમાં ક્ષેત્રફળ જણાવવુ.)

(૧૯) સવાલવાળી જમીન ધાર્મિક હેતુ માટે આપવામાં આવતી હોય તો જીલ્લા પોલીસ વડાનો અભિપ્રાય સામેલ કરવો. :

(૨૦) સવાલવાળી જમીન ઔદ્યોગિક હેતુ માટે વેચાણ પરવાનગી માંગવામાં આવતી હોય તો ઉદ્યોગની નોંધણી અંગેનું પ્રમાણપત્ર / આધાર રજુ કરવો. :

(૨૦) અ. કામચલાઉ નોંધણી હોય તો તેની મુદત કયારે પુરી થાય છે.

(૨૧) સવાલવાળી જમીન ઉદ્યોગ માટેની જરુરીયાત મુજબના ક્ષેત્રફળવાળી જમીન છે કે કેમ તે અંગેનું જીલ્લા ઉદ્યોગ કેન્દ્રનું પ્રમાણપત્ર રજુ કરવું. :

(૨૨) સવાલવાળી જમીન સહકારી ગૃહ મંડળીને વેચાણ પરવાનગી માંગવામાં આવી હોય તો તેની સુચિત નોંધણી અંગેનું પ્રમાણપત્ર આધાર–પુરાવા સાથે રજુ કરવું. :

(૨૩) સવાલવાળી જમીનના માલિક અને વેચાણ રાખનાર કેટલી કિંમતમાં લે–વેચ કરવા માંગે છે તેના જવાબ સામેલ કરવો. :

(૨૪) અ. સવાલવાળી જમીન સ્વ–ઉપાર્જીત છે કે કેમ તેની આધાર સાથે સ્પષ્ટતા કરવી.મંજુરીની કોને સત્તા છે તેની સ્પષ્ટતા કરવી. :

બ. સવાલવાળી જમીનના હાલના કબજેદારના પૂર્વજોએ આ જમીન બીનઆદિવાસીના સભ્ય પાસેથી વેચાણથી ખરીદી હતી કે કેમ ? :

(હકકપત્રકની નોંધની નકલ બીડવી.)

(૨૫) જમીન શિડયુલ એરીયામાં આવે છે કે કેમ તેની સ્પષ્ટતા કરી મંજુરીની સત્તા કોને છે તેની સ્પષ્ટતા કરવી. :

(૨૬) પ્રવર્તમાન કયા નિયમો / પરિપત્રો / ઠરાવો ની જોગવાઈ અન્વયે પ્રસ્તુત દરખાસ્ત મોકલવામાં આવી છે તે અંગેની સ્પષ્ટતા કરવી. :

( વિભાગના તા.૨૮–૬–૨૦૦૦ ના પત્ર નં.અદજ/ ૨૯૯૭ / ૬૩૯/જ અન્વયે કોઈ દરખાસ્ત ખાસ કિસ્સા માં મંજુરી માટે મોકલવી નહી. આવી માંગણીઓ કલેકટર / જિલ્લા વિકાસ અધિકારી કક્ષાએ જ નામંજૂર કરવી.)

(૨૭) સવાલવાળી જમીનની શૈક્ષણિક હેતુ માટે બક્ષિસથી તબદીલી કરવાની હોય તો શૈક્ષણિક સંસ્થાએ સંબંધિત ખાતેદારને કોઈ લોભ, લાલચ, કે ધાક ધમકી આપેલ છે કે કેમ તથા સંબંધિત આદિવાસી ખાતેદાર પાસે જમીન વેચ્યા બાદ જીવન નિર્વાહમાં :

| | |
|---|---|
| પૂરતાં સાધનો રહે છે કે કેમ તે અંગે જરુરી ચકાસણી કરવામાં આવેલ છે કે કેમ તે બાબતે કલેકટરશ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સ્પષ્ટ અભિપ્રાય આપવો. | |
| સવાલવાળી જમીન શૈક્ષણિક હેતુ માટે તબદીલીકરવાની હોય તો શૈક્ષણિક સંસ્થાએ માંગણી કરેલ જમીનનું ક્ષેત્રફળ જે તે હેતુ માટે પર્યાપ્ત છે કે કેમ તે અંગે સંબંધિત જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર સામેલ રાખેલ છે કે કેમ ? | : |
| સવાલવાળી જમીન પરત્વે કોઈ શરતભંગ થયેલ છે કે કેમ તે અંગે વિગતો સાથે સ્પષ્ટતા કરવી. | : |
| દરખાસ્ત સાથેના કામના કાગળોની ઝેરોક્ષ નકલ સામેલ છે ? | : |
| સવાલવાળી જમીનની પરવાનગી આપવા બાબત કલેકટરશ્રી / જિલ્લા વિકાસ અધિકારીશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય જણાવવો. | : |

(આ અભિપ્રાય સિવાયની કોઈ જ દરખાસ્ત સરકારમાં મોકલવી નહી. )

**કલેકટરશ્રી / જીલ્લા વિકાસ અધિકારીશ્રીની સહી અને તારીખ**

## <u>એનેક્ષર : ૬</u>

**નવી શરતની જમીનને ખેતીના / બિનખેતીના હેતુ માટે (જે લાગુ પડતુ ન હોય તે છેકી નાખવું.) વાપરવા દેવા / તબદીલ કરવા માટે (જે લાગુ પડતુ ન હોય તે છેકી નાખવુ ) મંજૂરી મેળવવાના કેસોમાં સરકારમાં મોકલવા અંગેનું ચેકલીસ્ટ :–**

**<u>(ક)</u> <u>જમીનની વિગત :–</u>**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ગામ,તાલુકા,જીલ્લાનું નામ | : | <u>ગામ</u> | <u>તાલુકો</u> | <u>જિલ્લો</u> |
| ૨. | સર્વે નંબર–ક્ષેત્રફળ (હે.આ.ચો.મી.માં) | : | | | |
| ૩. | સવાલવાળી જમીન કયા કાયદા / નિયમો /સત્તા પ્રકાર હેઠળ અરજદાર ભોગવે છે. તે હુકમ / એન્ટ્રીની વિગતો (હુકમ/ એન્ટ્રીની નકલ સાથે) | : | | | |
| ૪. | સવાલવાળી જમીન ઉપર ભોગવટા અંગેની વિગત | : | | | |
| | (ક) મૂળ ગ્રાન્ટીનું નામ | : | | | |
| | (ખ) જમીન ઉપર મૂળ ગ્રાન્ટીના કબજાની તારીખ / વર્ષ (ફેરફાર નોંધ મંજૂર થયાની તારીખ ધ્યાને લઈ વિગત આપવી) | : | | | |
| | (ગ) હાલના કબજેદારનું નામ અને સરનામું | : | | | |
| | (ઘ) હાલના કબજેદારની જમીન ઉપરના કબજાની તારીખ / વર્ષ (ફેરફાર નોંધ મંજૂર થઈ હોય તે તારીખ ધ્યાને લઈને વિગત આપવી ) | : | | | |
| | (ચ) હાલના કબજેદારનો મૂળ ગ્રાન્ટી સાથેનો સંબંધ | : | | | |
| | (છ) હાલના કબજેદારે આ જમીન કઈ રીતે પ્રાપ્ત કરી (વારસાઈથી / વેચાણથી /અન્ય રીતે ) (ફેરફાર નોંધના નંબર સહિતની વિગત આપવી.) | : | | | |
| | (જ) હાલના કબજેદારે ધારણ કરેલ જમીનના સમયગાળાની વિગત (૭/૧૨ ના ઉતારાની નકલ સાથે) | : | | | |

[illegible]-૨૦૦૦-૮

૫. સવાલવાળી જમીન યુએલસી / એએલસી / શરતભંગ / કે અન્ય કોઈ કારણે ફાજલ જાહેર થયેલ છે ? / સરકારી હેડે દાખલ થયી છે ? :

૬. સવાલવાળી જમીન પરત્વે કોઈ અદાલત (રેવન્યુ કોર્ટ સહિત) માં કોઈ વિવાદ હાલ ચાલુ છે કે કેમ ? તેની વિગતો આપવી. :

૭. સવાલવાળી જમીન ખેતીના હેતુ માટે અગાઉ જૂની શરતમાં (૬૦ પટની રકમ લઈને ) ફેરવવામાં આવી છે ? જો હા, તો હુકમ નંબર / તારીખ :

૮. સવાલવાળી જમીન પરત્વે કોઈપણ પ્રકારનો શરતભંગ થયેલ છે કે કેમ ? જો હા, તો તેની વિગત આપવી.

(ખ) **અરજદાર / કબજેદારની વિગત :-**

૧. અરજદાર અને જમીનના કબજેદાર કુલ કેટલી જમીન ધરાવેછે.(ગામ નમુના નં.૮-અ ના ઉતારાની નકલ સાથે) :

૨. અરજદારે ધારણ કરેલ જમીન પૈકી કયા સ.નં.ની કેટલી જમીન વેચવા અથવા પોતાના ઉપયોગ સારુ હેતુફેર કરવા માંગે છે. :

૩. જમીન નવી અને અવિભાજય શરતની હોવા ઉપરાંત ૭૩-એએ અન્વયે નિયંત્રિત છે ? હોય તો તા.૧૯-૧૦-૨૦૦૦ ના પરિપત્ર મુજબ આ અંગેના ચેકલીસ્ટમાં પણ માહિતી ભરી બંન્ને દરખાસ્તો એક સાથે કરવી. :

૪. હેતુફેર કરવાના / વેચવાના કારણો શું છે ? :

૫. કયા હેતુ માટે કોને વેચવા માંગે છે ? (ચોકકસ હેતુ દર્શાવવો. તે સિવાય દરખાસ્ત સરકારશ્રીને મોકલવી નહી.) :

૬. અરજદાર પ્રિમીયમ ભરવા સંમત છે કે કેમ તથા અન્ય જરૂરી લાગતી બાબતો આવરી લેતુંઅરજદારનું નિવેદન અરજદારે આપેલ છે ? :

**(ગ) <u>વેચાણથી રાખવાની ઈચ્છા ધરાવનારની</u>**
**<u>વિગતો :–</u>**

| | | |
|---|---|---|
| ૧. | વેચાણ રાખનારનું નામ, સરનામું, ધંધો અને હાલની વાર્ષિક આવક | : |
| ૨. | સવાલવાળી જમીન કયા હેતુ માટે વેચાણ રાખવા માંગે છે તથા કેટલી કિંમતે વેચાણથી રાખવા માંગે છે ? | : |
| ૩. | વેચાણ રાખનાર પછાતવર્ગના છે કે કેમ ? | : |
| ૪. | વેચાણ રાખનાર પાસે હાલમાં કેટલી જમીન છે. (ગા.ન.નં.૮–અ ના ઉતારાની નકલ સાથે) | : |
| ૫. | વેચવાની પરવાનગી આપવામાં આવે તો ગણોતધારાની તેમજ ટુકડાધારાની કોઈ જોગવાઈનો ભંગ થાય છે કે કેમ ? | : |
| ૬. | વેચાણ રાખવાની ઈચ્છા ધરાવનાર વ્યકિત ખેડૂત છે કે કેમ ? જો ખેડૂત હોય તો સવાલવાળી જમીન ખરીદવા તેમણે પરવાનગી મેળવેલ છે કે કેમ ? | : |
| ૭. | શરતફેર / વેચાણની પરવાનગી આપવામાં આવે તો ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા <u>અધિનિયમ–</u> ૧૯૬૦ નો ભંગ થાય છે કે કેમ ? | : |

**(ઘ) <u>સવાલવાળી જમીનની બજાર કિંમત :–</u>**

| | | |
|---|---|---|
| ૧. | પંચકયાસ મુજબ | : |
| ૨. | પાંચ સાલી વેચાણ આધારે સરાસરી કિંમત | : |
| ૩. | જંત્રી પ્રમાણેની કિંમત | : |
| ૪. | જીલ્લા મૂલ્યાંકન સમિતિ ધ્વારાં છેલ્લા ૩ વર્ષમાં આ ગામની જમીનોના થયેલ મૂલ્યાંકનની વિગત આપવી. | : |

| <u>સ.નં</u> | <u>ક્ષેત્રફળ</u> | <u>જમીનનો પ્રકાર (ખાનગી/ સરકારી)</u> | <u>મુલ્યાંકન રૂા./ચો.મી</u> | <u>જીલ્લા મુલ્યાંકન સમિતીની તારીખ</u> |
|---|---|---|---|---|
| | | | | |

૫. <u>જીલ્લાનગર</u> <u>નિયોજકશ્રીના</u> <u>અભિપ્રાય</u> મુજબ કિંમત.

૬. જીલ્લા મૂલ્યાંકન સમિતિના મૂલ્યાંકન આધારે કિંમત અને બેઠકની તારીખ. :

૭. જીલ્લા મુલ્યાંકન સમિતિના મુલ્યાંકન પ્રમાણે જમીનની કુલ કિંમત રૂપિયા :–
( નોંધ :– જિલ્લા મુલ્યાંકન સમિતિની બેઠકની કાર્યનોંધ તથા જીલ્લા નગર નિયોજકશ્રી ધ્વારા કરાયેલ મૂલ્યાંકન અંગેનું પત્રક તથા જીલ્લા ન.નિ.શ્રીએ ધ્યાનમાં લીધેલ વેચાણોનું પત્રક તથા તે વેચાણોની સ્થળસ્થિતિ દર્શાવતો નકશો સામેલ કરવો )

૮. જિ.મૂ.સમિતિએ જીલ્લા નગર નિયોજકશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ મૂલ્યાંકન ધ્યાને લીધેલ છે કે કેમ , અને જો ના તો તે અંગેના ખાસ કારણો શું છે ?

૯. જીલ્લા મૂલ્યાંકન સમિતિએ નકકી કરેલ બજાર કિંમતના આધારે સવાલવાળી જમીનનું વસુલ કરવાપાત્ર પ્રિમીયમની ટકાવારીનો દર અને રકમ. :
૮૦ ટકા પ્રમાણે રકમ રુપિયા <u>અથવા</u> :
૭૦ ટકા પ્રમાણે રકમ રુપિયા :
(જે લાગુ પડતું હોય તે દર્શાવવું )

(ચ) <u>**દરખાસ્ત સાથેના કામના કાગળોની ઝેરોક્ષ નકલ સામેલ છે ?**</u> :

(છ) <u>**દરખાસ્ત બાબતે કલેકટરશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય :–**</u> :
**(આ અભિપ્રાય વગરની દરખાસ્ત સરકારમાં મોકલવી નહીં)**

**કલેકટરની સહી અને તારીખ**

એનેક્ષર-૭

## LABOUR SOCIAL WELFARE AND TRIBAL DEVELOPMENT DEPARTMENT

Notification
Sachivalaya, Gandhinagar.
8th May, 1978.

No : KH-SH-473-TAP-1076-833-R-1 : The following Notification of the Government of India, Minister of Law, Justice and Company Affairs, Legislative Department, New Delhi No. GSR-797 (E), dated the 31st December, 1977 is hereby republished :

## MINISTRY OF LAW, JUSTICE AND COMPANY AFFAIRS

(Legislative Department)
Notification
New Delhi, the 31st December, 1977.

G.S.R. 797 (E) : The following order made by the President is published for general information : G.O. 109

## THE SCHEDULED AREAS 9 STATES OF BIHAR, GUJARAT, MADHYA PRADESH AND ORISSA ORDER, 1977.

In exercise of the powers conferred by sub-paragraph (2) of paragraph 6 of the Fifth Schedule to the Constitution of India, the President hereby rescinds the Scheduled Areas ( Part A States) Order, 1950, in so far as it relates to the areas now comprised in the State of Bihar, Gujarat, Madhya Pradesh and Orissa, and the Scheduled Areas ( Part B States ) Order, 1950, in so far as it relates to the areas now comprised in the State of Madhya Pradesh and in consultation with the Governors of the States concerned, is pleased to make the following order, namely :-

1. (1) This Order may be called the Scheduled Area ( States of Bihar, Gujarat, Madhya Pradesh and Orissa ) Order, 1977.

   (2) It shall come into force at once.

2. The areas specified below are hereby redefined to be the Schedule Areas within the States of Bihar, Gujarat, Madhya Pradesh and Orissa :-

**GUJARAT**

1. **Uchchhal, Vyara, Mahuwa, Mandvi, Nizar, Songadh, Valod, Mangrol and Bardoli Talukas in Surat District.**
2. **Dediapada, Sagbara, Valia, Nandod and Jhagadia Talukas in Bharuch District.**
3. **Dangs District and Talukas.**
4. **Bansda, Dharampur, Chikhali, Pardi and Umbergaon Talukas in Valsad District.**
5. **Jhalod, Dahod, Santrampur, Limkheda and Deogarh Baria Talukas in Panchamahals District.**
6. **Chhotaudepur and Naswadi Talukas and Tilakwada Mahal in Vadodara District.**
7. **Khedbrahma, Bhiloda and Meghraj talukas and Vijaynagar Mahal in Sabarkantha District.**

ચપમ-૨૦૦૦-૯

## એનેક્ષર –૮

**જમીન મહેસુલ અધિનિયમની કલમ–૭૩ (કક) હેઠળના નિયંત્રણોવાળી જમીનોની તબદીલી માટે પરવાનગી આપવાના અધિકારો.**

| અ.નં. | કેસોનો પ્રકાર | નિકાલ કરવાની સત્તા |
|---|---|---|
| ૧. | આદિવાસી ખાતેદારની જમીન ખેતીના હેતુ માટે આદિવાસીને તબદીલ કરવાના કેસો. | કલેકટરશ્રીઓ પરંતુ અનુસૂચિત વિસ્તારોમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. (પરિપત્રનો ફકરો–૨૭) |
| ૨. | આદિવાસી ખાતેદારોની જમીન બિનઆદિવાસીને બીનખેતીના પ્રામાણિક હેતુઓ જેવાકે વાણિજ્યક અંડરટેકીંગ, સહકારી ગૃહમંડળી, શૈક્ષણિક કે સખાવતી સંસ્થા વિગેરેના હેતુઓ માટે તથા જમીન સંપાદન થવાથી જે વ્યકિત ભૂમિહિન થઈ હોય તેવી વ્યકિતની તરફેણમાં આવી જમીન નામફેર કરવાની હોય ત્યારે. | રાજય સરકારના મહેસુલ વિભાગની પૂર્વમંજુરી મેળવ્યા બાદ કલેકટરશ્રીઓ.<br>પરંતુ અનુસુચિત વિસ્તારોમાં મહેસુલ વિભાગની પૂર્વપરવાનગી મેળવ્યા બાદ<br>જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. |
| ૩. | જમીન મહેસુલ કાયદાની કલમ–૭૩ ક ખ ની જોગવાઈ મુજબ લેણાંની વસુલાત માટે જમીન વેચવામાં આવતી હોય અથવા ખેતમજૂરો, નાના અને સિમાંત ખેડૂતોના રહેઠાણના મકાનોના બાંધકામ માટે જમીનો વેચવામાં આવતી હોય ત્યારે | કલેકટરશ્રીઓ પરંતુ<br>અનુસૂચિત વિસ્તારોમાં<br>જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.<br>(પરિપત્રનો ફકરો–૨૭) |
| ૪. | આ પરિપત્રના ૨૭(૪) મુજબ સ્વઉપાર્જિત જમીનને તબદીલ કરવાના કેસો. | કલેકટરશ્રીઓ પરંતુ<br>અનુસૂચિત વિસ્તારોમાં<br>જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.<br>(પરિપત્રનો ફકરો–૨૭) |

---

સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત